# બેહદી લાશ



[illegible] નીચે એક સ્ત્રીની લાશ
પડેલી [illegible]

**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૭૯૫૮ वर्गांक

पुस्तकनुं नाम લાટી ગાદી

विषय ६९५२:३

# ભેદી લાશ.


લખનાર.

મયારામ પ્રાણજીવન જોશી.

ફેરાળા.

વાયા કુંકાવાવ—કાઠિયાવાડ.



પ્રકાશક.

પઠાણ નીજામખાન નુરખાન વકીલ.

લાલ દરવાજા—અમદાવાદ.

સંવત ૧૯૭૫ સન ૧૯૧૯

કીંમત રૂ. ૧-૨-૦

પ્રથમા વૃત્તિ પ્રત. ૫૦૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૧૮૫૮

ધી અમરસિંહજી પ્રિન્ટિંગ પ્રેસમાં પઠાણ તુરખાન અમીરખાન
વકીલે છાપી.
લાલ દરવાજા—અમદાવાદ.

પુસ્તક પ્રકાશનના સર્વ અધિકાર પ્રકાશકે પોતાને
સ્વાધિન રાખ્યા છે.

# અર્પણ પત્રિકા.

ભાઇશ્રી

## ટપુભા કાળુજી.

તમો જાતે રજપુત ( હિંદુ ) હોવા છતાં બચપણથી વફાદારી સહિત આજ સાત સાત વરસથી અમારા સાથે રહીને અમારા સુખ દુઃખમાં અંતઃકરણ પુર્વક ભાગ લીધો છે અને લ્યો છો તેનો બદલો વાળવાને અમો કોઇ રીતે સશક્ત નથી. છતાં તમારી તે લાગણી અને વફાદારીની યાદગીરી કાયમના માટે જાળવી રાખવાના હેતુસર આ ભેટ્ટી લાથનું પુસ્તક તમોને અર્પણ કરી હું મને પોતાને કૃત કૃત્ય થયો સમજું છું.

પઠાણ નીજામખાન નુરખાન

વકીલ

ઇસ્લામ બંધુઓના ગૌરવરૂપ અતિ અપૂર્વ
અને અદ્વિતીય ગ્રન્થ

# રસૂલે અરબી

આશકે રસૂલ માટે આ ધાર્મિક પુસ્તક ઘણુંજ ઉમદા છે, દરેક મુસલમાન ભાઇએ આ ધાર્મિક, નીતિમય અને બોધ ભરેલો ગ્રંથ પોતાના ઘરમાં જરૂર ને જરૂર રાખવોજ જોઇએ.

આ ગ્રંથમાં રસૂલ સાહેબના જીવનના અવનવા અનુભવો, અપૂર્વ ઉપદેશો, અનેક જાતના નીતિભરેલા બોધવચનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

જે મહાપુરૂષના હાથથી આ ગ્રંથ રચાયલો છે, તેઓ પણ એક મહા કુશળ વિદ્વાન છે, એટલે સોનામાં સુગંધ મળવા જેવી ઉત્તમતાનો આ ગ્રંથમાં સમાવેશ થયો છે. મોટી સાઇઝનાં પૃષ્ટ ૩૭૦, પાકું સોનેરી પૂઠું. છતાં કિમ્મત રૂ. ૨-૮-૦

મળવાનું ઠેકાણું,
નિઝામખાન નુરખાન વકીલ
લાલ દરવાજા—અમદાવાદ.

# પ્રસ્તાવના.

આવા ન્હાનકડા પુસ્તકને પ્રસ્તાવનાની શી જરૂર છે? એ પ્રશ્ન ઉદ્દભવતાની સાથે તુરતજ આજકાલની ચાલતી પ્રથા યાદ આવી જાય છે. પુસ્તક ગમે તેવું હોય, ગમે તે વિષય ઉપર લખાયું હોય, ગમે તેવું મહત્વતાવાળું હોય યા ના હોય, ગમે તેવું મોટું યા નાનું હોય, તો પણ તેના માટે પ્રસ્તાવનારૂપ બે ચાર પાના લખવાજ જોઇએ, અને જો તેમ લખવામાં ના આવે તો વાંચકો અને લેખકો તેને મોટી ખામી ગણે છે. જ્યારે એમ છે ત્યારે તે ચાલુ રૂઢીને માન આપીને તેના આધિન થવું એ વિશેષ ડહાપણ ભર્યું છે, અને તેથી હું પણ તે રૂઢીને માન આપીને પ્રસ્તાવના રૂપ બે બોલ બોલવાને પ્રેરાઉં છું.

જુદા જુદા વખતે દુનિયા જુદા જુદા રંગમાં રંગાતી હતી, જુદા જુદા હિંચોળે હિંચોળાતી હતી, અને જુદા જુદા પ્રવાહમાં તણાતી હતી; એક વખત એવો હતો કે, બધા પુસ્તકો પધની અંદર ધર્મને લગતાજ લખાતા અને વંચાતા હતા; એક વખત એવો હતો કે, બધા પુસ્તક પધની અંદર શ્રંગારિક રસથી રંગાતા અને વંચાતા હતા; એક વખત એવો હતો કે, જ્યારે ઇતિહાસિક અવલોકન થતા હતા, અને આજે એવો વખત આવ્યો છે કે, દુનિયાને હેરત પમાડે તેવા ભેદભરમોથી ભરેલા, શ્રંગાર રસથી તરબોલ કરેલા, અને વર્તમાન પ્રજાને અનુકુળ જણાય તેવા રંગથી રંગેલા, મન ભાવતા પુસ્તકો લખાય છે.

એક વખત એવો હતો કે, લોકોની રૂચીની દરકાર વિના લેખકો તેમને પોતાના વલણ તરફ ખેંચવાને પુસ્તકો લખતા, યાતો

લોકોની વૃત્તિ ગમે તેવી હોય છતાં તેમને ધર્મ અને નીતિ પ્રતિ પ્રેરવાને પુસ્તકો લખતા, ભક્તિના મહાન માર્ગ પ્રતિ દોરનારા સદ્બોધ રૂપ પુસ્તકો લખતા અને વાંચકો તે વાંચીને વંચાવીને તે માર્ગ પ્રતિ પ્રેરાતા; આજ એવો વખત આવ્યો છે કે, લેખકો વાંચકોની ઇચ્છા પ્રવાહમાં તણાવા લાગ્યા છે, વાંચકોને શું રૂચે છે? વાંચકો કઇ શૈલીને પસંદ કરે છે? કયા પ્રકારના પુસ્તકો લખવાથી વાંચકો તેનો સત્કાર કરે છે? એ જુએ છે.

એક વખત એવો હતો કે, જ્યારે ધર્મના અને નીતિના બોધનીજ જરૂર હતી; એક વખત એવો હતો કે, જયારે વીરરસ પ્રેરક પુસ્તકો લખવાનીજ જરૂર હતી; આજે એવો વખત આવ્યો છે કે, લોકો અ-જાયબ થાય અને ભેદ ભરમોના કોકડા ઉકેલે તેવા પુસ્તકો લખવાની જરૂર છે અને આગળ એક એવો વખત આવશે કે, ભેદ ભરમોના પુસ્તકો લખાંવા બંધ થઇને હુન્નર કારિગરી અને ખેતીવાડીના પુસ્તકો લખાશે, તેવા પુસ્તકો વાંચવા પ્રતિ પ્રજા પ્રેરાશે, તેનાજ પુસ્તકોનો ખપ વધશે અને તેજ પુસ્તકો સર્વમાન્ય થશે.

એ બધી સમયની બલીહારી છે, સમયજ બધું કરે છે, દેવ, દાનવ, માનવ, પશુ, પક્ષી, કીડી, કુંજર અને જડ, ચૈતન્યને આદિ લઇને આ દુનિયામાં જે આંખે જોઇ શકાતી અને નહિ જોઇ શકાતી તે સર્વ વસ્તુ સમયને આધિન છે, તે સમયના કહેવા પ્રમાણે પ્રેરાય છે, તો પછી હું સમયને માન આપીને આધિન થાઉં તેમાં નવાઇ પામવા જેવું શું છે!

સમયને આધિન થઇને ચાલતા સમયના મનુષ્યસમાજને રૂચે તેવા પુસ્તકો લખવા પ્રતિ હું પ્રેરાયો છું અને તેની પ્રથમ પ્રસાદી

રૂપ આ પુસ્તક ભેદી લાશ હું વાંચકો સમક્ષ રજુ કરૂં છું. આ મારો પહેલો પ્રયાસ છે અને તેથી તેમાં અનેક હસ્ત દોષ અને બુદ્ધિ દોષ રહેવા પામ્યો હોય. હું વાંચકોને અરજ કરૂં છું કે, જો તેવા દોષ જણાય તો તેઓ મને ક્ષમા કરશે અને સુધારીને વાંચશે.

આ વાર્તા **સાવિત્રી કે સુંદરી!** એ નામથી ફયજેઆમ માસિકમાં કકડે કકડે પ્રસિદ્ધ થઇ છે અને તે વાંચકોને રૂચી છે, તેમને અતિ પ્રિય થવાથી તેઓની માગણી ઉપરથી ઘણા સુધારા વધારા સાથે આજે તે પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવી છે.

આ પુસ્તકની અંદર ભેદ ભરમો ચીતરવામાં આવ્યા છે, ડીટે- કટીવોની ચાલાકીઓ અને બદમાસોની બદમાસીઓ બતાવવામાં આવી છે, બંધુ પ્રેમ અને શુદ્ધ પ્રેમની સુંદરતા ચિતરવામાં આવી છે, ચાલાકી ઉપર ચાલાકી બતાવવામાં આવી છે.

રામરાયનો શુદ્ધ બંધુ પ્રેમ, ભાગેરથીનો શુદ્ધ પ્રેમ, કૃષ્ણરાયની છોકરવાદીપણું, બહાવદીનખાનની બહાદુરી ભર્યું ડીટેકટીવપણું, બદ- માશોની હેરત:પમાડે તેવી બદમાસીઓ, આ બધું વાંચવાથીજ સમજાય છે.

આ પુસ્તક એક હિંદી પુસ્તકના આધારે કેટલાક ફેરફાર સાથે લખ- વામાં આવ્યું છે તેથી તે મહાશય લેખકનો પણ હું આભાર માનું છું.

હું આશા રાખું છું કે, ચાલતા જમાનાના યુવકોને અને ભેદ ભરમોથી ભરેલા બનાવો વાંચવાને આતુર છે તેઓને જરૂર મારો આ પ્રયાસ પસંદ પડશે અને જો એમ બનશે, તો હું ખરેખર ખુશી થઇશ. મારા આ પુસ્તકનો જન સમુહમાં સત્કાર થશે તો હું તેવાજ બીજા પુસ્તકો લખવાને પ્રેરાઇશ. અસ્તુ.

લેખક.

ઇસ્લામ જાતિના ભુત ગૌરવનો સાચો પરિચય કરાવનાર મહા નામાંકિત પુસ્તક.

# અરબનો ઇતિહાસ.

ઑ. જસ્ટિસ અમીરઅલિ સાહેબના 'હિસ્ટરી ઓફ સેરેસિન' નામના પુસ્તકનો તરજુમો. આ પુસ્તકમાં અરબ જાતિ અમુક જમાનામાં કેવી બહાદુર અને દિલાવર હતી, એ જાતિએ દેશ વિદેશમાં પોતાના પરાક્રમના પડઘા સંભળાવી સર્વ પ્રજાને પોતાને આધીન કેવી રીતે કરી હતી, સ્પેન, આદિ યુરોપના દેશોમાં પણ ઇસલામ મજહબનો પ્રભાવ કેટલે અંશે જામી ગયો હતો. ઇસ્લામ પ્રજામાં શૌર્ય,–જુસ્સો, ધર્માભિમાન અને જાતિ અભિમાન કેવું દૃઢ હતું, એ બધી બાબતોનો આ પુસ્તકમાં આબેહુબ ચિતાર આપેલો છે. દરેક મુસલમાન ભાઇને અમો આ પુસ્તક વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ.


મૂલ્ય રૂ. ૨–૦–૦.

મળવાનું ઠેકાણું.
મેનેજર
પોલિટિકલ ભોમિયો.
લાલ દરવાજા–અમદાવાદ.

# અનુક્રમણિકા.


| પ્રકરણ | | વિષય | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ,, | ૧ લું | ખૂન કોનું થયું? | ૧ |
| ,, | ૨ જું. | રામરાય અને કૃષ્ણરાય. | ૯ |
| ,, | ૩ જું. | ભાગેરથીનો પ્રયત્ન. | ૧૮ |
| ,, | ૪ થું. | ન્યાય મંદિરમાં. | ૨૮ |
| ,, | ૫ મું. | નિમકહલાલ મૂંગીઓ. | ૩૦ |
| ,, | ૬ ઠું. | ભૂતના ભણકારા. | ૪૩ |
| ,, | ૭ મું. | કૃષ્ણરાય અને બહાવદીનખાન. | ૪૭ |
| ,, | ૮ મું. | ન્યાયમંદિરમાં જીવતી જાગતી સાવિત્રી. | ૫૧ |
| ,, | ૯ મું. | કૃષ્ણરાયની પુછપરછ. | ૬૪ |
| ,, | ૧૦ મું. | સાવિત્રીના બદલે સાવિત્રી. | ૭૦ |
| ,, | ૧૧ મું. | રામરાયને મુક્તિ. | ૮૦ |
| ,, | ૧૨ મું. | રામરાય છુટી આવ્યા. | ૮૪ |
| ,, | ૧૩ મું. | કૃષ્ણરાય અલોપ. | ૮૮ |
| ,, | ૧૪ મું. | બદમાસોના અડ્ડાનો લાગેલો પત્તો. | ૧૦૧ |
| ,, | ૧૫ મું. | કૃષ્ણરાયના ઓરડાની વિઝિટ. | ૧૦૯ |
| ,, | ૧૬ મું. | ભાગેરથી પ્રત્યે ભાવ. | ૧૨૨ |
| ,, | ૧૭ મું. | ગાણેકચંદ શેઠની મુલાકાત. | ૧૨૬ |
| ,, | ૧૮ મું. | બદમાસોનો લાગેલો પત્તો. | ૧૩૩ |

| | | | |
|---|---|---|---|
| ,, | ૧૯ મું. | ડીટેક્ટીવો સપડાયા. | ૧૪૫ |
| ,, | ૨૦ મું. | ખુનના ભોગનો લાગેલો પત્તો. | ૧૫૨ |
| ,, | ૨૧ મું. | બહાવદીનખાન સપડાયો. | ૧૬૪ |
| ,, | ૨૨ મું. | પકડાયલા પત્રો. | ૧૭૧ |
| ,, | ૨૩ મું. | ગોવિંદ અને ભાણીની મા. | ૧૭૯ |
| ,, | ૨૪ મું. | ભોંયરામાં ડીટેક્ટીવો. | ૧૮૬ |
| ,, | ૨૫ મું. | ડીટેક્ટીવ મહીપતસિંહ. | ૧૯૬ |
| ,, | ૨૬ મું. | બહાવદીનખાન બદમાસોની શોધમાં | ૨૦૩ |
| ,, | ૨૭ મું. | ભોંયરામાં ભુત. | ૨૧૨ |
| ,, | ૨૮ મું. | વીઠુબાનો લાગેલો પત્તો. | ૨૧૭ |
| ,, | ૨૯ મું. | બદમાસોને ફાંસી. | ૨૨૦ |

# કાબુલનો કોહીનુર.

અમીર અબ્દુલ રહેમાનખાને અફગાનીસ્તાન જેવા પ્રદેશને કેવી હથા દીપાવી વિજય પતાકા ફરકાવી પોતાની વ્હાલી પ્રજાનો એક દમ ઉદય કર્યો છે તે આ પુસ્તકના વાંચનાર યથાર્થ રીતે જાણી શકશે. દેશ પ્રદેશમાં પરિશ્રમ વેઠી પોતાનો દેશ સુધારવા અમીરે કેટલી કોશીશો કરી છે, તે પોતે સ્થાપેલા પોતાના રાજ્યના હુન્નર ઉદ્યોગો અને કળા કૌશલ્યનું બયાન કરતાં સ્પષ્ટ સમજાયા સિવાય રહેતું નથી. અમીરી જેવા એક ઉમદા દરજ્જાની કુદરત તરફથી બક્ષીસ થયેલ છતાં પોતાના દેશની ખાતર, અને પોતાના પ્રાણ સમાન પ્રીય પ્રજાના હીતની ખાતર તેઓ અહોનીશ પ્રયત્નશીલ રહે છે. પોતાની નમુનેદાર રાજ્યનીતિ બનાવવામાં કેવી કુશળતાની જરૂર છે. તથા રાજા અને પ્રજા બંનેની સુખશાન્તી અને આબાદી અર્થે રાજાએ પોતાનું વર્તન કેવા પ્રકારનું રાખવું જોઇએ છે તેનો નમુનો તો માત્ર વાર્તા અને વીચારથી નહિ પરંતુ સ્વાનુભવ અને સ્વાશ્રયથી અમીરે અન્ય દેશોમાં અનુકરણ માટે મુક્યો છે. ટુંકામાં અમીરના જીવનની એક પણ ક્ષણ એવી નથી કે, જેમાં પોતાની પ્રજાના કલ્યાણનો વિચાર કરવામાં આવ્યો નહિ હોય તે ઉપરાંત પરદેશી રાજા પ્રજાઓની સાથે પોતાનો અને પોતાની પ્રજાનો એવો ગાઢ સંબંધ બાંધ્યો છે કે, અફઘાનીસ્તાનને અન્ય દેશનાં રાજા પ્રજાઓ એકી અવાજે વખાણે છે. એક અતિ ઉપયોગી જીવન ગુજાર્યા બાદ અફઘાનીસ્તાનની આબાદી જાળવી રાખવાને પણ પોતાના પુત્રોને

ઉમદા કેળવણી આપી તથા અનુભવમાં એક ઉમદા રાજ કુશળ રાજકર્તા નીવડે તેવા પોતાનીજ હૈયાતીમા પૂર્ણ રીતે યોગ્ય બનાવ્યા છે. એકંદર રીતે જોતાં અમીર અબદુલ રહેમાનખાન તેના ઉત્તમ રાજ્યચરીત્રથી તેઓ એક કામુલના કાહીનુર થઇ ગયા છે. એમાં જરા પણ ખોટું નથી. આ પુસ્તક વાંકાનેરના કબ્રસ્તાનને વક્ફ કરેલ છે અને તેથી ખરીદવાથી એક પંથને બે કામ થાય છે. પુસ્તક સુપર રોયલ ૧૬ પેજી ૨૭૫ પાનાનું છે છતાં કીમત ફકત ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

# મહેબુબે કુરેશ.

આ નોવેલ મીસરના મહાન ખ્રીસ્તી વિદ્વાન અને 'અલહિલાલ' નામના બહોળો ફેલાવો પામેલા અરબી માસિકના અધિપતિ મી. જોર્જ ઝયદાનની કલમથી લખાયેલી છે. તેમાં એવા એવા ધાર્મિક જુરસાદાર વિષયો ભરપુર રસથી લખાયેલા છે કે, તેને એક વખત વાંચવી શરૂ કરે તો તે મુકને પુરી વાંચ્યા વગર છોડવાનું મન થશેજ નહિ. નોવેલની શરૂઆતમાં આ વાર્તાની મુખ્ય પાત્ર અસ્મા નામની યુવાન બાળાનું બયાન આપેલું છે તે બાળા ઉપર પોતાની બાળ વયમાં કેવા કેવા અસહ્ય સંકટો આવી પડયા છે, અને તે દુઃખો તેણીએ કેવી હીંમતથી સહન કર્યા છે. તથા હજરત ઉસ્માન (રદી.) ઉપર કેવા પ્રકારના આરોપો મુકવામાં આવ્યા અને તેઓની

કતલ શા કારણથી અને કેવી રીતે થઇ તથા હજરત અલી (ર દી.)ની બયઅત માટે ત્યાંના લોકોમાં કેટલા અને કેવા પ્રકારના ફાંટા પડી ગયા. અસ્માનો મોહંમદ પ્રત્યે કેવી રીતે પ્રેમ થયો અને તે પ્રેમના અંગે તેણી ઉપર કેવી કેવી આફતો આવી પડી અને તે પણ તેણીએ કેવી બહાદુરીથી સહન કરી. તેણીએ એક અબળા હોવા છતાં પણ મરદની માફક લડાઇમાં કેવી બહાદુરીથી હીંમત બતાવી છે. મોહંમદનાં પ્યાર સિવાય કોઇની વાત કબુલ નહિ રાખતાં વાર્તાના અંત સુધી પણ આસ્માએ મોહંમદનો પ્રેમ કેવી રીતે જાળવી રાખ્યો. અને મોહંમદે પણ અસ્માની મોહબ્બત પોતાના દીલમાં કેવી રીતે ટકાવી રાખી. મોહંમદની લડાયક બહાદુરી અને પછીથી કેદ થયા બાદ તેની કેવી દુઃખદાયક સ્થિતિ થઇ અને તેના પ્યારની ખાતર તેનીજ શોધમાં અસ્માએ કેવી રીતે જીંદગી ગુજારી અને અંતે પણ તેના શા હાલ થયા વીગેરે ઘણુંજ અસરકારક વર્ણન તેમાં અપાયેલું છે. ટુંકમાં આ નોવેલ વાંચવા માટે હાથમાં લીધા બાદ પુરી કર્યા સીવાય છોડવાનું દીલ થશેજ નહિ. કીંમત રૂ. ૧—૮—૦ પોસ્ટેજ ૦-૨-૦; જુદું.

# કુદરતની કારીગરી અને મનુષ્યજીવન.

નામ પ્રમાણેજ ટામ અને જ્ઞાન—ગુણના ભંડારનો ભરપુર ખજાનો છે. તેનાં લગભગ બધાં પુસ્તકો વેચાઇ ગયા છે હવે તો ફકત થોડાકજ સીલીકમાં છે. એ ઉપરથી જણાઇ આવશે કે, આ પુસ્તક કેટલું કીંમતી અથવા તો ખુબીથી ભરેલું છે? પોતાના પુસ્તકના સંબંધમાં કેટલાક ગ્રંથકર્તા કે પ્રગટ કર્તાઓ વખાણ કરવામાં કચાસ રાખતા નથી. પણ તેવાઓના પુસ્તકો વાંચ્યા પછી ખરીદનારને પોતાના નાણાંના માટે તથા ગુમાવેલા વખતના માટે પસ્તાવાનો પાર રહેતો નથી. અમારો પ્રયાસ તેવો નથી. આ પુસ્તકના માટે ઉપર મુજબ જે ખાસ ધ્યાન ખેંચેલ છે, તેની સચાઇની તુલના અગર કસોટી, દરેક જ્ઞાની અને સમજુ વર્ગ સીવાય સાધારણ સમજનો વાંચક વર્ગ કરી શકે તેમ નથી. આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર, જુનાગઢ મહોબત મદ્રેસાના માજી પ્રીન્સીપાલ મર્હુમ મી. અબદુલ ગની આરબી મોટલાની બી. એ. એલ. એલ. બી. એ પોતાના રંગુન ખાતેના ઘણા દોસ્તોની સલાહથી કરેલું છે. તે પુસ્તક વાંચક વર્ગને કેટલું ઉપયોગી થઇ પડશે તેની કસોટી કરવાના કામનો આધાર દરેક વાંચક વર્ગની સમજશક્તિના ઉપર રહેલો છે. પુસ્તક ડેમી આઠ પેજી, લગભગ ૪૦ ફર્માનું, ગ્લેઝ કાગળ, સોનેરી પાકા પુંઠાથી દેખાવમાં સુશોભિત બનાવેલ છે. તેની કીંમત રૂ. ૧—૮—૦ રાખેલ છે. પોષ્ટેજ માફ.

ઇસ્લામી ધાર્મિક જુસ્સાનો આબેહુબ ચીતાર બનાવનાર

# આઇને ઉલફત અથવા પ્રેમીઓનું પરાક્રમ.

( સચીત્ર )

આ નોવેલ કોઇ જોડી કાઢેલ કે બનાવટી નથી. બલ્કે તુર્કી સલતનત અને યુરોપના ઇસાઇ રાજ્યો સાથેની લડાઇઓ પૈકીની આ એક ધાર્મિક લડાઇ કે જે સને ૫૮૭ હીજરીની સાલમાં થયેલી તે માંહેની ખરેખરી બનેલી ઇતિહાસીક વાર્તા છે. ઇસ્લામીક સરદારોનો ધાર્મિક જોશ અને લડાઇક જુસ્સો તેઓની બહાદુરી અને યુદ્ધકળા, તેઓની ખંત અને તેઓના મુખમાંથી નીકળતા "અલ્લાહો અકબર" ના ઝનુની ઉદ્‌ગારો ઘણાજ શુરાતન ઉપજાવે તેવા છે. સુલતાન તથા તેના શાહજાદા અઝીઝની બહાદુરી અને હીંમત ભર્યો જોસ કંઇ જેવો તેવો નથી. સામી તરફથી ઇસાઇઓનો સ્વધર્મ જોશ અને લડાયક કુશળતા પણ જાણવા જોગ છે. તે સીવાય સુલતાનના શાહજાદાએ મોતના પંજામાંથી બચાવેલા એક ખ્રીસ્તિ રાજયકન્યાનો શાહજાદાની મહેરદાર બીબી બનવાનો જીગરનો જોશ ઇસ્લામ પ્રત્યેની વફાદારી ભરી ઉમેદવારી અને મહોબત ભર્યા પ્રેમનો નમુનો ઘણોજ પ્રશંશા પાત્ર છે. અંતે ઇસ્લામીઓનો જય થાય છે અને શાહજાદો અઝીઝ તે ક્રિશ્ચિયન શાહજાદીને પોતાની ધણીઆણી બનાવવામાં ફતેહમંદી મેળવે છે: પ્રસંગને અનુસરતાં સુંદર ફોટા આર્ટીસ્ટ ચિત્રો પણ આપવામાં આવેલ છે અને તે એવા સરસ છે કે, ચિત્રોમાંજ પૈસા વસુલ થાય છે. મજકુર નોવેલ ડેમી આઠ પેજી ૨૪ ફારમની અને સારા લીસા ગ્લેઝ કાગળ પર છપાવેલી સોનેરી બાઇંડીંગની કીંમત રૂ. ૧-૮-૦ પોષ્ટેજ જુદું.

# મીરાતે એહમદી અથવા ગુજરાતનો ઇતિહાસ.

ગુજરાતમાં ઇસ્લામી સત્તાથી આરંભીને ઇસ્લામી સત્તાનો અંત આવ્યો ત્યાં સુધીનો ગુજરાતનો સાચો અને બીલકુલ અતિશ્યોક્તિ વિના પૂર્ણ વિસ્તાર પૂર્વક લખાયલો જો કોઇ પણ ગ્રંથ હોય તો તે આ મીરાતે એહમદી છે. મીરાતે એહમદીના મુળ કર્તા અમદાવાદમાં રહેતા અને બાદશાહી દીવાનના વકુવા હતા. તે અલી મહમદના પુત્ર હતા અને કેટલાક દિવસ સુધી ખંભાતમાં બાદશાહી અધિકાર ભોગવતા હતા. તે ધર્મે શીઆ હતા. કર્તા ઉંચી કેળવણીની યોગ્યતા ધરાવતા પ્રવીણ મહા મુન્સી હતા તેમણે આ ગ્રંથ ફારસીમાં લખ્યો હતો. તે ઉપરથી અમોએ ગુજરાતીમાં ભાષાંતર કરાવી છપાવ્યો છે. જે ગ્રંથના લેખક એવી મોટી સત્તા ધરાવનાર અને વિદ્વાન હોય તે ગ્રંથમાં પછી કહેવાનું શું બાકી હોય ? આવા ગ્રંથને માટે જે બોલવું તે સોનાને ઢોળ ચઢાવવા જેવું થાય એ જરાપણ યોગ્ય નથી. કેમકે એ ગ્રંથજ સોનાથી ચઢતી કીંમતનો છે. આ ગ્રંથની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે અને તેથી તે હમો સર્વને એક વખત વાંચવા વિનંતિ કરીએ છીએ. પુસ્તક ડેમી આઠ પેજી સાઇઝ, લગભગ ૪૭૦ પ્રષ્ટો, પાકી સોનેરી બાઇન્ડીંગ છતાં કીંમત ફકત રૂ. ૫–૦–૦ પોષ્ટેજ જુદું.

# ભેદી લાશ.

## પ્રકરણ ૧ લું.

### ખુન કોનું થયું ?

જેમણે તુળસીશ્યામના ઉના પાણીના કુંડ જોયા હશે, તે લોક જાણતા હશે કે, ખીજડીઆ અમરેલી રેલ્વેનો એન્જીનીયર ઝરની પાસે ડુંગર કાપીને કેવી રીતે રેલ્વે લઇ ગયો છે, ત્યાં જ્યારે પેસેન્જર ટ્રેન પહોંચે છે ત્યારે બધા માણસો જાણે મહાન અંધારા કુવામાં જઇ પડયા હોય તેવો દેખાવ થઇ રહે છે; એટલુંજ નહિ પણ ખરા મધ્યાન્હે પોતાનો હાથ લાંબો કરવાથી તે પોતાને પણ સૂઝતો નથી. થોડા એક વર્ષ ઉપરની વાત છે. એક દિવસે સવારમાં વહેલા લાઇન જોવાને માટે રેલ્વેનો મીસ્ત્રી ફરતો ફરતો ઝરના એક જંગી પૂલ આગળ આવી પહોંચ્યો. લાઇન જોતાં જોતાં પૂલની નીચે એક સ્ત્રીની લાશ પડેલી તેના જોવામાં આવી. ઘણી સારી રીતે જોઇને તેણે પોતાના સોબતીઓને કહ્યું;–" આ લાશ આ પૂલની નીચે શી રીતે આવી હશે ? જણાય છેકે, કોઇ સારા ઘરની વહુ દીકરી છે. રાત્રે કોઇ ગાડીમાંથી પડી ગઇ હશે. નહિંતર આ પૂલ નીચે આવી રીતે સ્ત્રીનું આવવું બની શકતું નથી. સ્ત્રી ખૂબસુરત અને ભરાવદાર ચહેરાવાળી જણાય

છે. તેના હાથમાં સોનાના બે કંકણુ છે. મૃત્યુ ગમે તે રીતે થયું હોય ! કાં તો કોઇએ તેનું ખૂન કર્યું છે અગર તો તે ગાડીમાંથી પડી ગઇછે. તથાપિ ખોપરીના ચૂરેચૂરા થઇ ગયાછે. ચ્હેરો એટલો બધો બગડી ગયો છે કે, કોઇ તેને ઓળખી શકે તેમ નથી.” પૂલના પહેરેગીરોએ લાશ જોઇને ખાડામાંથી બહાર કાઢી અને એક માણુસે સ્ટેશન ઉપર આવીને ખબર આપી. તે પછી લાશને ઝટ સ્ટેશને પહોંચાડી દીધી. ચારે તરફ ખબર ફેલાઇ ગઇ અને ટોળાબંધ માણુસો તે લાશને જોવાને માટે અને ઓળખવાને માટે આવવા લાગ્યાં. પોલીસે લાશ જોઇને તપાસ શરૂ કરી. આગલી રાત્રે કેટલી ગાડીઓ એ લાઇન ઉપર થઇને ગઇ આવી છે અને કોઇ ગાડીમાં આ સ્ત્રી જેવી સ્ત્રી કોઇએ કોઇ સ્ટેશન ઉપર જોઇ હતી કે નહિ! તેનો પતો મેળવતા મેળવતા એવી ખબર મળી કે, એવી એક સ્ત્રી કાલે રાતની ગાડીમાં ખીજડીઆ સ્ટેશનેથી ધારી જવા માટે બેઠી હતી, તેનો ધણી ખીજડીઆમાં ટીકીટ કલાર્ક છે. તેનો વૃદ્ધ સાસરો પ્રસન્નરાય ધારીમાં રહે છે પિતાને મળવાના માટે ગુણુવંતરાયની સ્ત્રી એક રેલ્વે મજુરની સાથે રાતની ગાડીમાં રવાના થઇ હતી. તે સ્ત્રીઓના સેકન્ડ કલાસના ડબામાં બેઠી હતી. સાથે સ્ટેશનનો એક મજુર પણુ દેખરેખ માટે મોકલ્યો હતો, તે પાસેના એક થર્ડ કલાસ ડબામાં બેઠો હતો, ધારી સ્ટેશનમાં કન્યાના પિતા પ્રસન્નરાયને આવવાના ચોક્સ ખબર મલ્યા હતા. ગુણુવંતરાયે પત્ર લખી પ્રસન્નરાયને જણાવ્યું હતું કે, તમો જાતે ન આવી શકો તો સ્ટેશન ઉપર કોઇ માણુસને મોકલશો. તેથી આવવાની બાબતમાં ચોકસપણું હતું. આવી રીતે એકલી ગુણુવંતરાયની સ્ત્રી ઘણી વખત બાપને ઘેર જઇ આવી હતી. જે ડબામાં તે રાતના ગુણુવંતરાયની સ્ત્રી સાવીત્રી બેઠી હતી તેમાં બીજી કોઇ સ્ત્રી નહિ

હતી. તેથી તે વાત નક્કી થઈ કે લાશ ગુણવંતરાયની સ્ત્રી સાવિત્રીની હતી. આ તરફ જ્યારે ગાડી ધારી પહોંચી ત્યારે ગુણવંતરાયના મોકલેલા રેલ્વે મજુરે સ્ત્રીઓના ડબાનાં બારણાં આગળ પહોંચીને જોયું તો ગાડી ખાલી દીઠી, તેમાં સાવીત્રી નહોતી, તે એકદમ હેરત પામી ગયો; શું કરવું, શું ન કરવું, તે કાંઇ નિશ્ચય કરી શક્યો નહિ. ધડો ધડ ડબા ઉઘડયા, બંધ થયા અને સીટી વગાડતી ગાડી રવાના થઇ ગઇ. સાવિત્રીનો મામો સાવિત્રીને લેવાને માટે સ્ટેશન ઉપર આવ્યો હતો, તેણે ગાડીના દરેક ડબામાં ઝુકી ઝુકીને તપાસ કરી તથાપિ એન્જીનથી ગાર્ડના ડબા સુધીમાં તેનો કાંઇ પણ પતો મળ્યો નહિ; તેની બધી દોડધામ નકામી નીવડી. ગાડી ઉપડી જવાથી તે નિરાશ થઇને ઉભો, અને મનમાં શોચવા લાગ્યો. માલુમ પડે છે કે ગમે તે કારણ નડયું હોય પણ તે આ ગાડીમાં આવી શકી નથી. સાવિત્રીના મામાએ એક રેલ્વે મજુરને ત્યાં ગભરામણ ભરી સ્થિતિમાં જોઇને પૂછ્યું:—" તું આ સ્ટેશનમાં કામ કરે છે ?"

મજુર—" ના જી,હું ખીજડીઆનો રેલ્વે મજુર છું.

મામા—" ખીજડીઆ ! અરે ખીજડીઆના ટિકિટ માસ્તરની વહુ આ ગાડીમાં આવવાની હતી ને ?"

મજુર—" હાજી, હું પણ તેની સાથે આવ્યો છું. "

મામા—" સાથે આવ્યો છે તો તે છે ક્યાં ? "

મજુર—" શી માલુમ સાહેબ ! ગાડીમાં તો બહુ શોધ ખોળ કરી "

મામા—" અરે ! ત્યારે એ શું બની ગયું ? "

મજુર—" જી, સાહેબ ! ટિકિટ માસ્તર સાહેબે બાસાહેબને સ્ત્રીઓના ડબામાં બેસાડી દીધા હતા. હું તેના માટે ત્રીજા વર્ગના

ડબ્બામાં બેઠો હતો. અહીં ખબર મોકલી હતી કે, એક માણુસે લેવાને માટે સામા આવવું. મને પણ માસ્તર સાહેબે કહ્યું હતું કે, એક માણુસ સ્ટેશન ઉપર સામો આવશે."

મામા—"જી, તે વાત ખરી તથાપિ આગળ બોલો, કેમ આંહીં ઉતર્યા નહિ ?"

મજુર—"હું શું જાણું સાહેબ ! આહીં ઉતરીને મેં ગાડીમાં જોયું તો કોઈ ના મળે ! ડબ્બો ખાલી છે."

સાવિત્રીનો મામો આ ભયંકર ખબર સાંભળીને દિગમૂઢ બની ગયો, તે બહુજ વખત સુધી ચૂપ થઇને ઉભોજ રહ્યો, ફરી સાવચેત થઇને મજુરને પૂછવા લાગ્યો, તથાપિ તે મજુર કાંઇ વધુ બતાવી શક્યો નહિ, ફક્ત તે મજુરથી એટલુંજ માલુમ પડયું કે, ખીજડીઆથી ગાડીમાં બેઠા પછી તે કોઇ સ્ટેશને ઉતર્યો નહોતો, ધારી આવ્યા પછી જ તે ઉતર્યો હતો. એ કારણુથી તેને ખબર નહોતી કે, સાવિત્રી ગાડીમાં હતી યા નહિ કે કોઇ સ્ટેશનમાં ઉતરી ગઇ અગર તેનું શું બન્યું ? તે ક્યાં ગઇ, તેની તે કાંઇ ખબર આપી શક્યો નહિ. હવે જ્યારે સાવિત્રીના મામાને બીજો કાંઈ ઉપાય નહિ સુઝયો ત્યારે તેણે આ બધી વાત સ્ટેશન માસ્તરને કહી, પોલીસને ખબર આપી અને એકદમ ગુણવંતરાયને પણ તાર માર્ફત ખબર આપી દીધા. સાવિત્રી ગાડીમાં બેઠી હતી તે વાત નક્કી થઇ તથાપિ તે પછી તેની શું ગતિ થઇ તેની કાંઇ ખબર મળી નહિ. સવારે જ્યારે પૂલ નીચેથી સ્ત્રીની લાશ મળી અને તે ઝરના સ્ટેશને લાવવામાં આવી. ત્યારે બધા સમજ્યા કે, તે લાશ ગુણવંતરાયની સ્ત્રી સાવિત્રીની છે. વાતને પાકી માનીને પોલીસે લાશને સળગાવી દેવાનો હુકમ આપી દીધો. એક આદમી તે મજુરની

તપાસમાં ધારી અને બીજો ટિકિટ માસ્તરના માટે ખીજડીઆ રવાના કરવામાં આવ્યો. બીજે દિવસે સવારમાં ગુણવંતરાયને અને મજુરને તેડીને બન્ને માણસો આવી પહોંચ્યા. ગુણવંતરાયને તે લાશના દાગીના બતાવવામાં આવ્યા. લાશના ગળાનો હાર બહુ યુક્તિથી કાઢી લેવામાં આવ્યો હતો. કોણે કાઢ્યો હતો. તેનો કાંઇ પણ પત્તો લાગ્યો નહિ. ગુણવંતરાયે લાશના ઘરેણાં તથા લુગડાં જોઇને કહ્યું કે,તે બધાં પોતાની સ્ત્રી સાવિત્રીના છે. સાવિત્રીએ ગાડી ઉપર સ્વાર થતી વખત તે બધાં ઘરેણાં તથા લુગડાં પહેર્યાં હતાં. આવી રીતે એક બાજુથી આ વાત ખાત્રીપૂર્વક થઇ ગઇ કે, તે લાશ ગુણવંતરાયની સ્ત્રી સાવિત્રીની છે. તથાપિ સ્વાલ એ રહ્યો કે, તેનું કોણે ખૂન કર્યું ? અથવા તેણે આત્મઘાત કીધો છે ? અથવા દૈવી ઘટનાથી તેનો જીવ ગયો છે ?

પોલીસ ઇન્સ્પેક્ટરે પૂછ્યું—" આપની સ્ત્રીની છબી છે ? "

ગુણવંતરાય—" હાજી, છે."

પોલીસ ઇન્સ્પેક્ટર—" મહેરબાની કરીને આપો, આ મામલાની વિચિત્ર ઘટનામાં તે જરૂર તપાસવી પડશે. સબ ઇન્સ્પેક્ટરે લાશ બાળી નાખવાની ઉતાવળે પરવાનગી આપી તે બદલ તેને જવાબ આપવો પડશે. જો કે લાશના ચહેરાથી તેને ઓળખવાની મુશ્કેલી થઇ પડી હતી, તો પણ આપના આવવા સુધી તે લાશને ન રાખવા બદલ તેને જવાબ આપતા જીવ સાટે થઇ પડશે."

ગુણવંતરાય—" શું કહું, હું તો કાંઇ કહી શકતો નથી, સ્ત્રીનું આવી રીતે મોત થયું અને મને કાંઇ પણ આ ઘટનાનો પતો મળ્યો નહિ ! "

પો૦ ઇન્સ્પેક્ટર—" જરૂર પત્તો મળશે, તમે ગભરાઓ નહિ."

એમ કહીને તેને શાન્તિ આપી. ગુણવંતરાય આંસુ લુછતો લુછતો પાછો ખીજડીઆ તરફ રવાના થયો.

બીજે દિવસે સાંજના એક કોન્સ્ટેબલ સાવિત્રીના વૃદ્ધ પિતા પ્રસન્નરાયને ધારીના થાણામાં તેડી ગયો, પ્રસન્નરાય પોતાની એકની એક પુત્રીના ભયંકર સમાચાર સાંભળીને બહુજ વ્યાકુળ થઇ ગયા હતા. તે દિવસથી તે માંદગીના બીછાને પડી ગયા હતા. છતાં થાણામાંથી માણુસ બોલાવવા આવેલું હોવાથી તેને કેવી રીતે ના પાડી શકે ? ઘણા દિવસ પહેલા તેની સ્ત્રીનો દેહાન્ત થઇ ગયો હતો. તેને કોઇ બીજું બાળક નહિ હતું. પહેલાં તે પોણોસો રૂપિયાથી નોકર હતા. અત્યારે તેને ૨૫ રૂપિયા પેન્શન મળે છે. તેમાંથી તે પોતાના દિવસો ગુજારે છે. તેનો એક નોકર હતો, તેને પણ પોલીસવાળા થાણામાં તેડી ગયા. ઝરના ઇન્સ્પેકટર પણ તપાસના માટે ધારી આવ્યા હતા. બંને ઇન્સ્પેકટરો થાણામાં બેઠા હતા. વૃદ્ધ પ્રસન્નરાયને આવતા જોઇને તેને આસન આપી બેસાડયા. વૃદ્ધ પ્રસન્નરાય આસન ઉપર બેસીને ગભરાયલી દ્રષ્ટિથી બંને ઇન્સ્પેકટરોની તરફ જોવા લાગ્યા.

એક ઇન્સ્પેકટર સાહેબ બોલ્યા—" દેખો પ્રસન્નરાય ! તમારી દીકરીનું ત્રણ રીતે મોત થયું હોય એમ કલ્પના છે. પહેલા આત્મઘાત–"

વચમાંજ પ્રસન્નરાય બોલી ઉઠયા—" નહિ, નહિ, મારી દીકરી એવું કામ કદિ કરી શકે નહિ."

ઇન્સ્પેકટર—" કેમ, આપ કેવી રીતે સમજો છો ?"

પ્રસન્નરાય—" તેને કોઇ વાતની કાંઇ તકલીફ અથવા દિલગીરી નહિ હતી. પોતાના ઘરમાં પોતાના ધણીની સાથે સુખથી દિવસ ગુજારતી હતી."

ઇન્સ્પેક્ટર—" તો એમ બની શકે છે કે, કોઈ પણ પ્રકારનો તેમાં ગોટાળો થઇ ગયો છે. "

પ્રસન્નરાય—" ગોટાળો કેવો ? "

ઇન્સ્પેક્ટર—" માની લો કે, આપની પુત્રી કોઇના પ્રેમમાં ફસાઇ પડી હોય. "

પ્રસન્નરાય—"નહિ, નહિ, તે ઘણો ભલો માણસ છે બહુ સીધો–"

ઇન્સ્પેક્ટર—" તે તો હશે. તથાપિ એમ બની શકે છે કે, આપની પુત્રી કોઇને ચાહે–"

પ્રસન્નરાય કાંપતા કાંપતા ઉઠીને ઉભા થઇને બોલ્યાઃ—" છટ, આપ એવી વાત મોઢામાં લાવો નહિ. "

ઇન્સ્પેક્ટર—"અમોને તપાસ કરવાથી માલુમ પડયું છે કે, એક અજાણ્યો–પીછાણ વગરનો આદમી ગુણવંતરાયના મકાનની આજુબાજુ ચારે તરફ ઘુમતો હતો. જો આપની કન્યાએ આત્મઘાત નહિ કર્યો હોય તો જરૂર તેનું કોઇએ ખૂન કર્યું હશે. બીજું એ ખૂનનું કામ ગુણવંતરાય પણ કરી શકે છે, "

પ્રસન્નરાય—" હું, એ આપ શું કહી રહ્યા છો ? "

ઇન્સ્પેક્ટર—"હાજી, હું જે કહી રહ્યો છું તે બધું બની શકેછે. ગુણવંતરાયે પોતાની સ્ત્રીને ખરાબ આચરણ આચરતી જોઇને તેનું ખૂન કરવાનો ઇરાદો કીધો હોય. તે રેલ્વેનો નોકર છે, રેલ્વેમાં સ્ત્રીનું ખુન કરવાનું સુલભ વિચારીને તે ગુપ્ત વેશથી ગાડીમાં સ્વાર થયો હોવો જોઇએ અને સ્ત્રીને મારીને પૂલ નીચે ફેંકી દઇ, પાછી ફરતી કોઇ બીજી ગાડીમાં બેસીને ખીજડીઆ તરફ ઉપડી ગયો હોય. "

પ્રસન્નરાય—" નહિ, નહિ, એ બીલકુલ અસંભવિત વાત છે. એવું કદિ બની શકતું નથી. "

ઇન્સ્પેક્ટર—" અગર તેણે તેવું કામ ન કીધું હોય તો કોઇ બીજાએ કીધું હોવું જોઇએ, જે માણસ ગુણવંતરાયના મકાનની આજુ બાજુ ઘુમતો હતો, તે પણ ખૂની હોઇ શકે. "

પ્રસન્નરાય—" મારી સાવિત્રીનું જરૂર કોઇએ ખૂન કીધું છે."

ઇન્સ્પેક્ટર—" બીજું એવું પણ બની શકે છે કે, આત્મ હત્યા ન હોય તેમ ખૂન પણ ન હોય. "

પ્રસન્નરાય—" ત્યારે કેવી રીતે મૃત્યુ થયું હોય ? "

ઇન્સ્પેક્ટર—" બનવું સંભવીત છે કે, ગાડીનો દરવાજો ભૂલથી બંધ કરવો રહી ગયો હોય અને તમારી દીકરીએ પૂલ જોવાને માટે બહાર માથું કાઢ્યું હોય અને બહાર ઉછળી પડી હોય." એટલું સાંભળીને પ્રસન્નરાયનાં મોઢેથી વાત નીકળી નહિ. તેની જીભ બોલતી બંધ થઇ ગઇ.

ઇન્સ્પેક્ટર—" શું આપ નથી જાણતા કે, કોઇની સાથે આપની દીકરીને જાણ પીછાણ હતી ? "

પ્રસન્નરાય—" નહિ, તેની સાથે કોઇને જાણે પીછાણ કાંઇ નહિ હતી. "

ઇન્સ્પેક્ટર—" આપ એ પણ નથી જાણતા કે, ગુણવંતરાયના મકાનની આજુ બાજુ કોણ ઘુમતું હતું ? "

પ્રસન્નરાય—" નહિ. "

ઇન્સ્પેક્ટર—" ત્યારે આપ જાઓ, આપને બીજું કાંઇ વધુ પૂછવું નથી. "

અધમુવા થઇને વૃદ્ધ પ્રસન્નરાય ઘર તરફ પાછા ફર્યા. ઘેર

પહોંચીને તે સુઇ રહ્યા. તેને સુતેલા જોઇને નોકર તેમના ઓરડામાં નહિ જતાં પોતે પણ સુઇ રહ્યો."

બીજે દિવસે જયારે પ્રસન્નરાય બહુ વખત થવા છતાં નહિ જાગ્યા ત્યારે નોકર તેના ઓરડામાં ગયો. જોયું તો તેઓ નિર્જીવ સુતા હતા. તેમના માથા ઉપર રૂપિયા અને પૈસાની પેટી હતી, કે જેમાં જરૂરી કાગળો પણ રહેતા હતા. તે નહોતી. ઓરડાની બધી વસ્તુઓ જે તે તરફ વીખરાયલી પડી હતી. નોકર પ્રસન્નરાયની પાસે જઇને બુમ પાડી ઉઠયો. તેની અકડાયલી દેહ જોઇને સમજી ગયો કે, અત્યારે તે જીવતા નથી. તેની બુમ સાંભળીને ઘણાં માણસો દોડી આવ્યા. સાવિત્રીના મામા પણ દોડી આવ્યા. સાવિત્રીના મામાએ જોયું કે, પ્રસન્નરાયની પાસે દોત કલમ પડી હતી. ડોસાએ કાંપતા હાથે કાગળ ઉપર એક લાઇન કાંઇક લખી હતી. તથાપિ તે પુરૂ લખી શક્યા નથી ઝટપટ એ કાગળને ઉઠાવીને વાંચ્યો. તેમાં લખ્યું હતું કેઃ—

"મેં પાછા આવીને મારી દીકરીને જોઇ"

## પ્રકરણ ૨ જું

### રામરાય અને કૃષ્ણરાય

પ્રસન્નરાયના મકાનથી થોડે છેટે રામરાય ને કૃષ્ણુરાય એ બે ભાઇઓનું મકાન હતું. તેના પિતા પુરશોત્તમરાય અગણિત ધન મુકીને મરી ગયા હતા. ધારીના શ્રીમંતોમાં પુરશોત્તમરાય સૌથી આગેવાની ભર્યો ભાગ લેતા હતા. રામરાય અને કૃષ્ણુરાય બંને ભાઇઓ પોતાની માતા સાથે

પોતાના નાગર વિલાસમાં રહેતા હતા. બન્ને ભાઇઓ હજુ કુંવારા હતા. તેના ઘરમાં માબાપ વગરની એક કુમારિકા રહેતી હતી, તેને રામરાય અને કૃષ્ણુરાયની માતાએ પાળી પોશીને મોટી કરી હતી. માતાના મનમાં પોતાના નાના દીકરા કૃષ્ણુરાયની સાથે તેના લગ્ન કરવાનો વિચાર હતો. તે છોકરીનું નામ ભાગેરથી હતું. પ્રસન્નરાયની દીકરી સાવિત્રી અને ભાગેરથી બંને ધારીની કન્યાશાળામાં એકી સાથે ભણુતી હતી. બન્નેમાં ઘાડી મિત્રાચારી હતી. તથાપિ પાંચ છ વરસ થયાં સાવિત્રીના લગ્ન થઇ ગયાં છે ત્યારથી ભાગેરથીને સાવિ. ત્રીની મુલાકાત થઇ નથી. સાવિત્રી ગરીબ માબાપની દીકરી હતી અને તેને ગરીબની સાથે પરણાવી હતી. કુબેર ભંડારી જેવા રામરા. યની બહેન બરોબર ભાગેરથીની સાથે તેને મેળજોળ વધુ વખત રહ્યો નહિ. ઘણા દિવસોથી ભેટ નહિ થવા છતાં પણ ભાગેરથી સાવિત્રીને ભૂલી ગઈ નહીં હતી. તેના મરણુના ખબર સાંભળીને તે મહાન દુઃખી થઇ પડી. ગાડીથી ગબડીને મરી જવાની વાત ધારીમાં સર્વ સ્થળે ફેલાઇ ગઇ હતી. બધાના મોઢામાંથી તેના મોતનીજ વાત થઇ રહી હતી. ભાગેરથીએ પણ સાંભળ્યું હતું, તેના સામેજ રામરાય અને કૃષ્ણુરાય બંને ભાઇઓએ સાવિત્રીના મરણુ ઉપર તર્કવિતર્ક કર્યા હતા.

એક દિવસે ભાગેરથી કૃષ્ણુરાયના ઓરડામાં તેના ટેબલના કાગળ પત્ર સમા કરવા લાગી. તેનું તે હંમેશાનું કામ હતું. તથાપિ આજ કાગળ સમા કરતાં કરતાં તેમાંથી તેને એક ફોટો મળી આવ્યો; તેને એક વાર જોઇને ભાગેરથી સમજી ગઇ, તે મનમાં વિચાર કરવા લાગી કે, આ ફોટો કૃષ્ણુરાયના ટેબલ ઉપર કેવી રીતે આવ્યો ! આ ફોટો તો સાવિત્રીનો છે. અને સાવિત્રી તો અત્યારે જીવતી નથી. કેટલાક

લોક કહે છે કે, તેનું ખૂન થયું છે. સાંભળવામાં આવ્યું છે કે, કોઇ અજાણ્યો માણસ તેના માટે તેના ઘરની આજુબાજુ ફર્યા કરતો હતો. તો શું કૃષ્ણરાયની સાથે સાવિત્રીને ગુપ્ત સ્નેહ હતો ? ભાગેરથીને કાંઇ પણ માલુમ પડયું નહિ કે રામરાય કે કૃષ્ણરાયની સાથે સાવિત્રીને પ્રેમ હતો. સાવિત્રી કદિ પણ આ મોટા માણસો રામરાય અને કૃષ્ણરાયના ઘેર આવી નહોતી અને જરૂર રામરાય અને કૃષ્ણરાય પણ તે ગરીબ પ્રસન્નરાયના ઘેર ગયા નથી, તથાપિ સાવિત્રીનો ફોટો અહીં કેવી રીતે આવ્યો ? ભાગેરથી આ બધું મનમાં વિચારી રહી હતી, તેટલામાં બહારથી કોઇ આવતું હોય તેવો પગનો ધબકારો થયો. તેણે ફોટો પોતાના સાડલામાં સંતાડી લીધો. કૃષ્ણરાયે ઘરમાં આવીને હસતા હસતા પુછયું-" અરે ભાગેરથી તું મારા ટેબલના બધા કાગળો ઉલટ પાલટ કરી રહી છે ? "

માથું નીચું રાખીને ભાગેરથી બોલી—" ના, સમા ગોઠવું છું. "

કૃષ્ણરાય—" નહિ, નહિ, રહેવા દે, હમણા સમા કર નહિ. " એટલું કહેતાની સાથે તેના મુખમંડળ ઉપરનું હસવું અલોપ થઇ ગયું. તેનો ચહેરો ગંભીર થઇ ગયો. તેણે આવી રીતે ઉદ્ધતાઇથી પહેલા કદિ પણ ભાગેરથીની સાથે વાત કરી નહિ હતી. ભાગેરથીનું મોઢું પણ દિલગીરીયુક્ત થઈ ગયું. તે મનમાં કહેવા લાગી. શું વાત છે ? શું આ ફોટાને લીધે આટલું નારાજ થવું પડે છે ? શું તેની એ મતલબ હશે કે, આ ફોટો કોઇ જોવા ન પામે ? નહીંતર એટલા બધા શા માટે નારાજ થાય ચહેરાથી માલુમ પડે છે કે, તેના મનમાં ભય છે ! વાત શું છે તે કાંઇ સમજાતી નથી.

ભાગેરથી ધીરે ધીરે બોલી—" કાગળ સમા કરતી વખત એક ફોટો પડી ગયો હતો. "

આટલું સાંભળતાની સાથે કૃષ્ણરાય ચોંકી ઉઠયો, તેનો ચેહેરો સુકાઇ ગયો, કાંપતા કાંપતા બોલ્યો–" ફોટો ! કોનો ફોટો ! "

ભાગેરથી—" એક સ્ત્રીનો. "

કૃષ્ણરાય—" સ્ત્રીનો ! "

ભાગેરથી—" આ કોનો ફોટો ? કોણ છે તે ? "

હૃદયની ગભરામણ મહા મુશ્કેલીથી દબાવીને કૃષ્ણરાય બોલ્યો– " મારી પાસે કેટલાક ફોટા છે, તે જોયા વિના કેવી રીતે કહી શકું ? "

દેખાડીને ભાગેરથી બોલી—" આ છે, આનો ફોટો તમારી પાસે કેવી રીતે આવ્યો ? "

એ વખતે જલદી જલદી પગ ઉપાડતો રામરાય એ ઓરડામાં આવ્યો, આવતાની સાથે બોલ્યો–" કેમ કૃષ્ણ !" બંનેને ઉભેલા અને ભાગેરથીના હાથમાં ફોટો જોઇને બોલ્યો–" કેમ ! શું છે ભાગેરથી ! આ ફોટો તને ક્યાંથી મળ્યો ? તે તો મારો છે ! "

ભાગેરથી અચકાતા અવાજથી કેવળ એટલુંજ બોલી–" આપનો ! આપનો છે ? "

રામરાય બીજું કાંઇ નહિ કહેતા ઓરડામાંથી ધીમે ધીમે ચાલ્યા ગયા. કૃષ્ણરાય પણ ગભરાણો, મોઢામાંથી કાંઇ બોલી શકયો નહિ. ભાગેરથી તેના તરફ આશ્ચર્યની નજરથી જોતી જોતી ત્યાંથી ચાલી ગઈ. આજ ભાગેરથીના હૃદયમાં મોટું દુઃખ પેદા થયું, આ ફોટો જેનો છે તેને ભાગેરથી ઓળખે છે તેને કૃષ્ણરાયના ઘરમાં જોઇને મનમાં ભાગેરથીએ વિચાર્યું કે, તેની સાથે કૃષ્ણરાયને કાંઇ સંબંધ છે, નહિતર તેનો ફોટો એટલો કાળજીથી શું કરવા રાખે ? તથાપિ જ્યારે તેણે જોયું કે ફોટો કૃષ્ણરાયનો નહિ પણ રામરાયે પોતાનો કહીને લઇ લીધો ત્યારે તેના મનમાં બીજાજ વિચારો આવ્યા, તે

રામરાયને પવિત્ર પુરૂષ સમજતી હતી. તે એક સ્ત્રી ઉપર પ્રેમ કરે છે તે વાતથી તેને મહા વેદના થઇ, તે ચુપચાપ પોતાની કોટડીમાં જઇને સુઇ રહી પોતાની હૃદયના થએ પડેલી સ્થિત કોઇને કહેવાની તેની ઇચ્છા થઇ નહિ. રામરાય પણ ઘર બહાર ચાલ્યો ગયો. તે પાછો છેક સાંજનાં ઘેર આવ્યો અને બાગમાં ટહેલવા લાગ્યો. અંધારામાં ટહેલતાં ટહેલતાં રામરાયે જોયું કે એક આદમી ફુલવાડીમાં સંતાઇને ધીમે ધીમે ચાલ્યો આવે છે, કોણ છે, કેમ આવે છે, તે જાણવાની જીજ્ઞાસાથી રામરાય એક ઝાડની ઓથમાં સંતાઇ ગયો, તેણે જોયું કે, હાથમાં કાંઇ સફેદ ચીજ લીધેલી છે. જે ઝાડની ઓથમાં રામરાય સંતાઇ રહ્યો હતો તેની ઓથમાં તે આદમીએ બહુ દુઃખથી નિસાસો નાખ્યો. તે કોણ છે તે જોવાને રામરાય આગળ વધ્યો ત્યારે તે આદમી તેને જોઇને પાછો હટી ગયો, તથાપિ રામરાયે તેને આગળ વધીને ઓળખ્યો અને કહ્યું—"અરે કૃષ્ણ તું છે?"

કૃષ્ણરાય—"અરે ભાઇ, તમે અહીં અંધારામાં છો?"

રામરાય—"હાજી, હું અહીં ટહેલી રહ્યો હતો. સારૂં થયું કે તારી મુલાકાત થઈ ગઇ."

કૃષ્ણ—"કેમ?"

રામ૦—"હું તેના લીધે ભારે દિલગીરીમાં છું."

કૃષ્ણ—"કોના લીધે?"

રામ૦—"ફોટાને લીધે"

કૃષ્ણ૦—"હાજી, ભાઈ, તમે તેને પોતાનો કહીને કેમ લઇ લીધો તે કયાં છે?"

રામ૦—"તને હવે તે નહિ મળે, હું તેને સળગાવી ચુકયો છું."

કૃષ્ણ૦—સારૂં થયું ત્યારે તો."

રામ૦—"ઘણી સારી વાત થઇ કે તું તેને હવે ચહાતો નથી."

કૃષ્ણ૦—"સારી વાત શું થઇ?"

રામ૦—"હવે તે સ્ત્રીની વાત ભુલી જવી."

કૃષ્ણ—"હં, હં, ઠીક છે, ઠીક,"

રામ૦—"તેની બીજી કોપી કયાંઇ છે કે!"

કૃષ્ણ૦—"ના, ના, તેને રાખવી ઠીક નથી."

રામ૦—"હા, જરૂર નહિ રાખવી જોઇએ. કેમકે તેને જોવાથી સંદેહ ઉત્પન્ન થાય."

કૃષ્ણ૦—"સંદેહ! કોણ કરે! શાનો સંદેહ!"

રામ૦—"બાગેરથી સંદેહ કરે."

કૃષ્ણ—"હાં, બાગેરથી કરે, ઠીક, ભાઇ સાચું બોલો તમે તેને સળગાવી દીધી. ?"

રામ૦—"હાજી, હવે તે છે નહિ"

કૃષ્ણ૦—"તમે જાણો છો કોની સાથે તેના લગ્ન થયાં હતા?"

રામ૦—"કેમ? તેને તો બધા જાણે છે! તે તો ગુણવંતરાયવાળી સાવિત્રી છે ને!"

કૃષ્ણ—"સાવિત્રી!"

કૃષ્ણરાયનો કંઠ બંધ થતો ચાલ્યો, અત્યારે ત્યાં અંધકાર નહિ હોત તો તેનો ચહેરો જોઇને રામરાય ડરી જાત. રામરાયે કૃષ્ણરાયને પુછ્યું—"તું આંટલો બધો ચોંકી જાય છે કેમ? તારે શું તેની સાથે કાંઇ સંબંધ—"

કૃષ્ણ—"ના, ના, કાંઇ નહિ, મારે કાંઇ—"

રામ૦—વાત કાપીને બોલ્યો "તો પછી તું આટલો બધો શા માટે ગભરાય છે?"

કૃષ્ણ—"કેમ ભાઇ, તમે સાંભળ્યું નથી કે, એક સ્ત્રીની લાશ ઝરના પુલ નીચેથી મળી છે ! બધા માણસો પતો મેળવતા ફરે છે કે, કોણે તેનું ખુન કર્યું હશે ? તે લાશ સાવિત્રીની છે."

બંને ભાઇઓ વાત કરતા કરતા મકાન તરફ ચાલ્યા જતા હતા. રામરાય આગળ અને કૃષ્ણરાય કાંઇક તેની પાછળ હતો. નાના ભાઇના મોઢેથી સાવિત્રીના મરવાની વાત સાંભળીને ચોંકીને તાજુબ થઇ ગયો. પાછો ફરીને જુએ છે તો કૃષ્ણરાય નથી. માલુમ ન પડયું કે, અંધારામાં કોણ જાણે ક્યાં ગેબ થઇ ગયો. રામરાય ઘણા વખત સુધી ત્યાંજ વિચાર કરતો ઉભો રહ્યો. શું કરવું, શું ન કરવું ! તે કાંઇ સૂઝયું નહિ, તે પછી તે ફુલવાડીમાંથી બહાર નીકળ્યો.

ઝરના ઝંગી પૂલ પાસેની જમીન રામરાયની હતી. રામરાય ત્યાં કેટલાક બંગલા તૈયાર કરાવી રહ્યો હતો. તેનું કામકાજ મણીરાય ઢેબર કરતો હતો. અને કોઈ કોઇ વખત ખુદ માલીક રામરાય પોતે પણ જા આવ કરતો હતો.

ફુલવાડીમાંથી નીકળીને રામરાય એ વખતે તેમના ક્લાર્ક મણી-રાય ઢેબરના ઘર તરફ ચાલ્યો. જ્યારે મકાનની નજીક પહોંચ્યો. ત્યારે જોયું કે, એક આદમી ઉતાવળથી પગ ઉપાડતો ચાલી રહ્યો હતો. પાસે જતાંની સાથે ઓળખી લઇને રામરાયે કહ્યું—"કોણ છે મણીરાય !"

મણીરાય—"હાજી, આપ આટલી રાત્રે આ તરફ ક્યાંથી ?"

રામરાય—"હું તમારી પાસે આવતો હતો, બંગલાની વાત પૂછવા—"

માથું ખંજવાળતા ખંજવાળતા મણીરાય બોલ્યો—"બંગલાની વાત તો-ઝરવાળા-બંગલા-"

રામરાય વાત કાપીને બોલ્યો—"હા, હા, તમે આટલી ઉતા-

વળે ક્યાં જાઇ રહ્યા છો ? કાંઇક વાત તો કરો, કાંઇ નવીન છે ?"

મણીરાય—"જરા જાઉં છું."

રામરાય—"ક્યાં જાઓ છો ?"

મણીરાય"—જરા થાણાં ઉપર જાઉં છું."

રામરાય ચોંકીને બોલ્યો—"થાણા ઉપર શું ?"

મણીરાય—" હમણાં થોડોજ વખત થયા એક ચીજ મને મળી છે. "

રામરાય—"શું ચીજ ?"

મણીરાય—"સોનાનો હાર છે."

રામરાય—"આપને ક્યાંથી મળ્યો ?"

મણીરાય—"મારા એક માણસને આપના ઝરવાળા બંગલાની પાસેથી મળ્યો છે. તેને થાણામાં આપવા જાઉં છું. આપે સાંભળ્યું નથી શું ? "

રામરાય—"હા, સાંભળ્યું છે. જાઓ." એટલું કહીને રામરાય પાછો વળ્યો. ઘર પહોંચીને તેણે જોયું કે, માતા ઉદાસ બેઠી છે. મોઢેથી કાંઇ વાત કરતી નથી. ભાગેરથીના પણ તેવાજ હાલ થયા છે, તેનો હંમેશાંનો હસ્તો ચહેરો ચિન્તાથી ખીન્ન થઇ ગયેલો છે. કૃષ્ણરાય પણ પોતાના ઓરડામાં બેઠો છે. ઘરમાંથી બહાર જતો નથી. રહી રહીને ચોંકી ઉઠે છે. એ સાફ જણાય છે કે, હરકોઇ કારણથી તે બહુ ઉદ્‌વેગમાં આવી ગયા છે. રામરાયના આવવા વખતે કોઇએ તેની સાથે વાત નહિ કરી. નોકરો પણ એમ સમજી ગયા કે, ઘરમાં કાંઇ નવીન બનાવ બની ગયો છે. તે બધા ચુપચાપ બહુજ શાન્ત ભાવથી સંભાળી સંભાળીને પગ મૂકે છે. ઘરમાં પહોંચ્યા પછી થોડી વારે એક નોકરે આવીને કહ્યું—" બે સારા માણસો આપની મુલાકાત

લેવાને આવ્યા છે." રામરાયની તબિયત આ વખતે ઠીક નહિ હતી. કોઇની મુલાકાત લેવાનું વ્યાજબી ધારતા નહોતા; તેથી તે રાશેભરાઇને બોલ્યા કે "કોણ છે તે બધા?"

નોકર--"માલુમ નથી, કહે છે કે, સાહેબને ખબર આપો."

રામ૦--"તે લોક મારી પાસે આવ્યા છે કે, નાના ભાઇની પાસે?"

નોકર--"નહિ, બોલે છે કે, આપની પાસે કામ છે."

રામ૦--"સારૂ, જા, પૂછ કે કયાંથી આવ્યા છો?"

આટલી રાત્રે કોણ માણસો મળવા માટે આવ્યા હશે. જાણવા માટે ભાગેરથીએ બારીથી ડોક઼ ઝુકાવીને જોયું. કૃષ્ણરાયે પણ બારીમાંથી માથું બહાર કહાડયું.

નોકરે આવીને કહ્યું--"તે લોકો કહે છે કે, જરૂરી કામ છે. નામથી નહિ ઓળખી શકો. જોવાથી ઓળખી શકશો."

રામરાયે રાશે ભરાઇને કહ્યું--"ઠીક સારું, જા બોલાવી લાવ."

નોકરના ચાલ્યા જવા પછી બે ભલાં માણસો અંદર આવ્યા એકે ખીસામાંથી કાગળ કાઢતાં કહ્યું--"રામરાય સાહેબ!"

રામ૦—"જી, શું હુકમ છે?"

તેમણે કહ્યું—"હું ઝરનો પોલીસ ઇન્સ્પેકટર છું; અને આ અમરેલીનો પોલીસ ઇન્સ્પેકટર છે."

રામરાય—"મારી પાસે શું કામ છે?"

ઇન્સ્પેકટર--"આપના નામનું એક વારંટ છે."

રામરાય—"મારા નામનું!"

ઇન્સ્પેકટર—"હાજી, આપના નામનું, સાવિત્રીનું ખુન કરવાના ગુન્હા બદલ."

---

# પ્રકરણ ૩ જું.

## ભાગેરથીનો પ્રયત્ન.

બહાવદીનખાને જીંદગીમાં મોટા મોટા ચોર, ડાકુઓને કેદ કરીને ડીટેક્ટીવના કામમાં ભારે યશ મેળવ્યો હતો. તે કદિ પોલીસમાં નોકર નહિ રહ્યો હતો, તેનો બાપ તેના ગુજરાન માટે પુરતી સંપત્તિ મૂકી ગયો હતો. બચપણમાંથી એક પ્રસિદ્ધ ડીટેક્ટીવ ઓફીસર સાથે મેળ મુલાકાત થઇ ગઇ હતી, તેની સાથે અધિક જીવ મળવાથી અને સાથે રહેવાથી ડીટેક્ટીવનાં કામમાં ભારે ઉત્સાહ પ્રગટી નીકળ્યો. હતોતે ઉત્સાહનું એ ફળ નીકળ્યું કે, તેઓએ શોખની ખાતર ડીટેક્ટીવનું કામ સ્વિકાર્યું હતું. કેવળ બીજાનું ભલું કરવાની ઇચ્છાથી તે ડીટેક-ટીવપણું કરતો હતો. અને સાચું પૂછો તો એ કામમાં જે આનંદ છે તે લખ્યા શકાતો નથી, તેને ડીટેક્ટીવ થવાથી બહુજ આનંદ થયો. તેનું નામ સૌરાષ્ટ્રમાં જાહેર થયું હતું, ઘેરે ઘેર બધા માણસો તેના કામના ભારે વખાણ કરતાં હતાં તથાપિ કોઇ ઓળખતું નહિ. રામરાવને કેદ કરવા પછી કેટલાક દિવસો વિત્યા બાદ એક દિવસ પોતાના ઓરડામાં બેઠો બેઠો બહાવદીનખાન ન્યુસપેપર વાંચી રહ્યો હતો. તે વખતે સડક ઉપર એક ગાડી તેના આંગણાં આગળ આવીને ઉભી રહી અને તેમાંથી એક સ્ત્રી ઉતરીને અંદર આવી. ગાડીનો ખડખડાટ સાંભળીને બહાવદીનખાને આસન ઉપરથી ઉઠીને બારીએ આવીને જોયું. તે પછી પાછો ફરીને આસન ઉપર બેસતો હતો તેટલા વખતમાં એક નોકરે આવીને ખબર આપી કેઃ—"એક સ્ત્રી આપની મુલાકાત લેવા આવી છે."

બહાવદીનખાને કહ્યું—" અહીં મોકલી દો. "

નોકરના બોલાવવાથી સ્ત્રી અંદર આવી. તેને જોતાની સાથે બહાવદીનખાને કહ્યું—" બેસો ભાગેરથી ! બેસી જાઓ આ ખુરસીઉપર. "

ભાગેરથી વિસ્મય થઇને બોલી—" આપ મને ઓળખો છો ? "

બહાવદીનખાને કમાડ બંધ કરતાં કરતાં કહ્યું—"ઓળખવું શું કઠણ છે ? આજકાલ સાવિત્રીના ખૂનના લીધે આખા સૌરાષ્ટ્રમાં હો હા મચી રહી છે ! સાવિત્રીના ખૂનના કામમાં રામરાય સાહેબ પણ સપડાયા છે. મેં સાંભળ્યું છે કે, રામરાય સાહેબના ઘરમાં ભાગેરથી નામની એક પવિત્રસ્ત્રી રહે છે. પછી એ અટકળ કરવી તો સહેલ છે કે, આપ ભાગેરથી દેવી છો."

ભાગેરથી—" હું આપની મદદ મેળવવા આવી છું."

બહાવદીનખાન—" બહુ સારૂં, ફરમાવો. "

ભાગેરથી—" આપે રામરાય સાહેબને બચાવવા પડશે. આપે તો સાંભળ્યું પણ હશે. "

બહાવદીનખાન—" હાજી, જ્યાં સુધી સાંભળી શકાયું છે ત્યાં સુધી તો સાંભળ્યું છે. "

ભાગેરથી—" હું કોઇને કાંઇ પણ કીધા સિવાય આપની પાસે સીધી આવી છું. મોટા મોટા વકીલ, બેરિષ્ટરો તેના માટે રોકવામાં આવ્યા છે. તથાપિ.- "

બહાવદીનખાન—" તથાપિ શું ? "

ભાગેરથી—" તેનો મુકદમો તો અમરેલીમાં ચાલશેને ? "

બહાવદીનખાન—" હાજી, ખૂન ઝરમાં થયું છે ને !"

ભાગેરથી—" સારૂં પછી ?."

બહાવદીનખાન—"પછી બીજું કાંઇ નહિ. હું ઇચ્છું છું કે, જે એ ચાર વાત આપને પૂછવી છે તે પૂછી લઉં."

ભાગેરથી—"ખુશીથી, પુછી લો."

બહાવદીનખાન—" આપના કૃષ્ણરાયની સાથે લગ્ન થવાના છે એ વાત ખરી છે?" એટલું સાંભળતાની સાથે ભાગેરથીનું મોહું લાલ બની ગયું. તેણે માથું ઝુકાવીને કહ્યું—"હાજી વાત તો એવી થઇ હતી."

બહાવદીનખાન—"આપને કૃષ્ણરાય ઉપર પૂરતો વિશ્વાસ છે!" ભાગેરથીએ વાતનો કાંઇ જવાબ આપ્યો નહિ ત્યારે બહાવદીનખાન બોલ્યો—"જો તમો મારી પાસે મદદ માગતા હોવ તો એક પણ વાત છુપાવો નહિ. આપ સાવિત્રીને ઓળખો છો?"

ભાગેરથી—"હાજી, અમે એક નિશાળમાં સાથે ભણતા હતા."

બહાવદીનખાન—"કેટલા દિવસથી તેની મુલાકાત તમારે થઇ નથી?"

ભાગેરથી—"તેના લગ્ન થયા ત્યારથી."

બહાવદીનખાન—"રામરાય તથા કૃષ્ણરાયની સાથે સાવિત્રીને પહેલા કાંઇ સંબંધ હતો?"

ભાગેરથી—"તે હું નથી જાણુતી. જ્યારે નાની હતી ત્યારે અમે સાથે ભણુતાં હતાં."

બહાવદીનખાન—"તો એ લોકોને ત્યાં સાવિત્રી જરૂર આવતી રહેતી હોવી જોઇએ?"

ભાગેરથી—"ના, તે બિચારી ગરીબ માબાપની દીકરી મોટા માણુસનું ઘર સમજીને કદિ આવી નહિ હતી."

બહાવદીનખાન--"સારૂ, તેને ઘેર રામરાય યા કૃષ્ણુરાય કદિ ગયા હતા ?"

બાગેરથી--"તે તો મને માલુમ નથી."

બહાવદીનખાન--"તેના મકાનથી તેનું ઘર કેટલું દુર છે ?

બાગેરથી--"દુર તો બહુ છે નહિ."

બહાવદીનખાન--"તો લગ્ન પછી સાવિત્રીની સાથે આપને મુલાકાત થઇ નથી ? તે તો વચમાં કોઇ કોઇ વખત પોતાના પિતાને ત્યાં આવતી રહેતી હતી. ?"

બાગેરથી-"હાજી, સાંભળતી હતી કે, આવતી રહેતી હતી."

બહાવદીનખાન—"સારૂં, બતાવો જોઇએ કે, રામરાય અને કૃષ્ણુરાયને અંદર અંદર કેવું બને છે ?"

બાગેરથી--"પહેલાં તો બંને ભાઇઓને સારો મેળ હતો તથાપિ હમણાં જોઉં છું તો કેટલાક વખતથી મેળ નથી."

બહાવદીનખાન—"ત્યારે તો રામરાયના માટે કૃષ્ણુરાય કાંઇ કરશે નહિ."

બાગેરથી—"કરશે, કેમકે ના કરે તો લોક તેની મશ્કરી કરે."

બહાવદીનખાન—"એ તો આપ અટકળથી કહો છો ને ?"

બાગેરથી--"નહિ, તેમ નથી, જે હું સમજું છું, તે આપને કહું છું, મારા મનમાં બહુજ ડર પેદા થયો છે. તેથી કોઇને કાંઈ પણ નહિ કહેતાં આપની પાસે આવી છું. આપનાથી જેટલું બને તેટલું કરીને તેને બચાવો. હું જાણું છું કે, આપ કોશીશ કરશો તો તે નિઃશંક બચી જશે. એ વાત કદિ નથી બની શકતી કે, તે ખૂન કરે."

બહાવદીનખાન—" તો આપને તેના ઉપર પુરતો વિશ્વાસ છે ? "

ભાગેરથી—" ખૂબ વિશ્વાસ છે. તેના જેવો માણુસ હું દેખતી નથી. "

બહાવદીનખાન—" સારૂં, કોઇ વાતમાં તેના ઉપર કાંઇ સંદેહ થાય છે ? "

ભાગેરથી—" નહિ, હું ઘણી સારી રીતે જાણું છું કે, તે બીલકુલ નિર્દોષ છે. "

બહાવદીનખાન—" તથાપિ હું જે પૂછું છું તેનો જવાબ મળ્યો નહિ. "

ભાગેરથી—હું શું કહું, પ્રમાણ મળ્યા વિના તેવા મોટા માણુસને તો તે લોકો કેદ નહિ કરી શકે. "

બહાવદીનખાન—" પહેલો સોનાનો હાર, જ્યાંથી લાશ મળી ત્યાંથીજ મળ્યો છે. તે હાર સાધારણ નહિ પણ બીલકુલ નવા નમુનાનો બન્યો છે. તેની પણ સાબીતી મળી છે. તે રામરાયે અહીંના એક સોની પાસે તૈયાર કરાવ્યો હતો. સ્ત્રીના બદન ઉપર હારનાં જે નિશાન ડૉકટરે જોયા હતા તે આ હાર સાથે મળી ગયા છે, એ હારથી તેનું ગળું દબાવી કોઇએ તેનું ખુન કીધું છે. સાવિત્રી ગરીબની દીકરી છે તે એકદમ આવો હાર ખરીદી શકે નહિ. અગર રામરાયે આ હાર નહિ દીધો હોય તો કહેવું જોઇએ કે તેવા બે હાર છે. એક હાર સાવિત્રીએ ક્યાંથી ખરીદ્યો હોવો જોઇએ."

ભાગેરથી—" આપ રામરાય સાહેબને નહિ ઓળખતા હોવ તેથી આ બધી વાત કહી રહ્યા છો. "

બહાવદીનખાન—" હા તે હું માનું છું, એક માણુસ કાલેમ્નારો હતો તે આજે ખરાબ કામ કરી શકે છે. તેના ઉપર એ સાબીતી કાંઇ વધુ પડતી કહી શકાય નહિ, પોલીસને બાતમી મળી છે કે, ગાડીમાંથી સાવિત્રીને બહાર ફેંકી દેવામાં આવી છે રામરાય તે દિવસે તે ગાડીમાં હતા તથાપિ એક ડબામાં નહિ હતા." એટલું સાંભળતાની સાથે ભાગેરથાનો શ્વાસ રૂંધાઇ ગયો તે અટકતી અટકતી બોલી—" એમ ! એ શું વાત છે ! "

બહાવદીનખાન—" હાજી ઠીક વાત છે. "

ભાગેરથી—" તો ઝરના બંગલા બંધાય છે તે જોવા ગયા હશે."

બહાવદીનખાન—" હા, તે વાત પણ ઠીક છે તથાપિ તે રાત્રે તે ગાડીમાં તે હાજર હતા તે વાતમાં કાંઇ સંદેહ નથી. "

ભાગેરથી—" ત્યારે તો—ત્યારે "

બહાવદીનખાન—" તે પ્રમાણને હું પણ એટલો ટેકો આપતો નથી, પોલીસને તેથી પણ વધુ ખાત્રી લાયક બાતમી મળી છે. "

ભાગેરથીના મોઢામાંથી વાત ન નીકળી તે પુતળીની પેડે બેસી રહી.

બહાવદીનખાન ગંભીર થઇને બોલ્યો—" જુઓ ભાગેરથી દેવી, હું કોઇની તરફદારી કરીને મુકદમાની તપાસ નથી કરતો, સાચી વાત શોધી કાઢવી એ મારો હેતુ છે, મારી તપાસમાં રામરાય નિર્દોષ નીકળે તો હું ખુશી થઇશ. તથાપિ તે ગુન્હેગાર સાબીત થશે તો મારાથી તેનું જરા પણ ભલું કરી શકાશે નહિ. "

ભાગેરથીએ જોયું કે, બહાવદીનખાનથી રામરાયનું મહા ભુંડુ થઇ

શકે છે. જ્યારે તે સાચી વાતનીજ ખોળ કરે ત્યારે તો અપરાધી બનવાથી રામરાય સાહેબને બચવાનો કોઇ ઉપાય: રહેશે નહિ તથાપિ અત્યારે હું બીજું પણ શું કરી શકવાની હતી. જ્યારે બહાવદીખાન પાસે આવી ત્યારે તેનાં શરણાંગત થયા સિવાય બીજો શું ઉપાય ! ભાગેરથી તો છોકરી હતી તે કાંઇ પાકી બુદ્ધિની પ્રૌઢા સ્ત્રી નહિ હતી, તે કેટલોક વખત ચુપ રહીને બોલી--" હવે : તો બધો ભાર આપના શીર પર છે."

બહાવદીનખાન--" તો હું એ ખ્યાલ છોડી દઇને તપાસ શરૂ કરૂં કે, રામરાય અપરાધી છે કે નિરાપરાધી ? "

ભાગેરથી તુટતા અવાજથી બોલી—" હાજી. "

બહાવદીનખાન—" સારૂં કાંઈ ફિકર નહિ, હવે મેં તેની તપાસ કરવાનું કામ હાથમાં લીધું છે."

ભાગેરથી ત્યાંથી વિદાય થઇને ઘેર પહોંચી, ઘેર પહોંચવા પછી મનમાંને મનમાં ખુશી થઇ કે, બહાવદીનખાન પાસે પોતે ફોટાની વાત કીધી નથી. નહિ તો પોલીસ પણ તે વાતને ઉલટી સાબીતીમાં લેત, હવે તે લોકો તેને તે સાબીતીમાં મેળવી શકશે નહિ.

## પ્રકરણ ૪ થું.

### ન્યાય મંદિરમાં.

નરભેરામનું નામ અમરેલી જીલ્લામાં બહુ મશહુર હતું. ફોજદારી કેશોમાં જીલ્લા જડજની કલમ પણ રોકી શકતા હતા, ઘણા આરોપી

સખ્સોને તેણે પોતાની બાહેશીથી ન્યાયાધિશના મત ફેરવી નાખીને બીન ગુન્હેગાર ગણાવી છોડાવી દીધા છે, તે નરભેરામ રામરાયના તરફના વકીલ તરીકે મુકરર થયા છે.

અત્યારે મુકદમાના સાક્ષીઓ એકઠા થયા હતા. તે પછી ખુની મામલાનો ઇન્સાફ થશે. તે કારણે નરભેરામની ખાસ્સી દેખરેખની જરૂર હતી. તેણે જેલમાં રામરાયની મુલાકાત લીધી તથાપિ તેથી તેઓ નારાજ થવાથી ત્યાંથી ચાલ્યા ગયા. રામરાયે તેને કાંઇ વાત જણાવી નહિ. નરભેરામે તેને ઘણો સમજાવ્યો, ડરાવ્યો, તર્ક કર્યો તથાપિ કોઇ રીતે રામરાયે કાંઈ વાત કીધી નહિ. ફક્ત એટલું કહ્યું કે,—" મારે કાંઇ પણ કહેવું નથી. " તેથી નરભેરામ કાંઇ જાણી શકયા નહિ. પોલીસે કયા કયા આરોપો મૂકયા છે તે કાંઇ નહિ જાણવાથી તે શું કરી શકે, તેના હાથમાં શું હતું ? બરોબર બાર વાગે પોલીસ રામરાયને લઇને ન્યાયમંદિરમાં આવી, નરભેરામ તે પહેલા ન્યાયમંદિરમાં આવી પહોંચ્યા હતા, પોલીસે આ મામલામાં કેટલું શું કીધું છે તે જાણવાની કોશીશમાં હતા. રામરાયના વિરૂદ્ધ શું શું વાતો થાય છે તે નહિ જાણી શકવાથી તે તેને જામીન ઉપર કેવી રીતે છોડાવી શકે ? રામરાય પાંજરામાં પહોંચતા કૃષ્ણરાય ચૂપચાપ નરભેરામ વકીલની પાછળ જઇને બેઠો. રામરાય ઘણોજ મોટો માણસ છે, તેનો મુકદમો સાંભળનારાઓનાં લીધે ન્યાયમંદિરમાં જગા રહી નહિ. બધાએ જોયું કે, બંને ભાઇઓમાં કોઇ એક બીજાની તરફ જોતા નથી રામરાયનો ચહેરો શાન્ત અને ગંભીર છે. કૃષ્ણરાય ઉદાસીથી ચીન્તાતુર છે. અથવા તો માનો કે, ભયથી ભયભીત થઇ ગયો છે. પોલીસ ઇન્સ્પેકટરે કહ્યું " હજુ તો સાબીતી મળે છે તે દાખલ

કરવામાં આવે છે. તે પછી ગુન્હેગારને કબજામાં રાખવાની રજા લઇને વધુ સાબીતી મેળવવા પ્રયત્ન થશે."

નરભેરામ ઉઠીને બોલ્યા--"પોલીસની આ વાતોમાં ક્યાં સુધી ન્યાય છે તેનો અદાલત વિચાર કરે. :રામરાય જેવા શરાફ, ભલા માણુસને આવી રીતે વગર કારણે કબજામાં રાખવા વ્યાજબી નથી."

જીલ્લા જડજને એ વખતે વાત પર ધ્યાન દેતા નહિ જોઇને તે બાબતમાં વકીલ નરભેરામે બીજું કાંઇ કીધું નહિ, તે પછી તે લોકોની સાક્ષીઓ લેવામાં આવી. જેને લાશ મળી હતી તેણે વર્ણન કીધું કે, સવારે રેલ્વેની પાસે સ્ત્રીની લાશ જોઇને ઝટ સ્ટેશનમાં ખબર આપી. સ્ટેશનના બીજા કેટલાક આદમીઓની જુબાની લેવાણી. પોલીશ ઇન્સ્પેક્ટરે પોતાની તપાસમાં જે વાત જાણી હતી તે બધી વર્ણન કરી બતાવી, તે પછી ડોકટરની જુબાની લેવામાં આવી. ન્યાય મંદીરમાં નરભેરામે જે સવાલો પૂછ્યા હતા તેની મતલબ આ સ્થળે લખવામાં આવે છે.

વકીલ—"ગળામાં આપે જે ડાઘ જોયો હતો તે શું બહુજ ભયંકર હતો."

ડોકટર—"નહિ, તે તેવો ભયંકર નહિ હતો."

વકીલ—"તો સાધારણ ડાઘ હતો?"

ડોકટર--"તે હું કહી શકતો નથી, એ ડાઘ ગળાની નીચે હતો તે ગાડી વાગવાનો અથવા પૂલની દીવાલ વાગવાનો જણાતો નથી."

વકીલ—"એ ચપ્પાથી ડાઘ કરવામાં આવ્યો છે. એમ કહેવામાં આવે તો કાંઇ અસંભવીત છે?"

ડોકટર--"નહિ ચપ્પાથી પણ તેવો ડાઘ બની શકે છે."

વકીલ—"ચપ્પુ જે સ્રીના હંમેશની વ્યવહારીક ચીજ છે તે?"

ડાક્ટર—"હાજી, તથાપિ આ ડાઘ તો બહુજ છે."

વકીલ—"તો આપને એમ વિશ્વાસ છે કે, મરતા પહેલા તે ડાઘ કરવામાં આવ્યો હતો?"

ડાક્ટર—"હાજી તેમાં જરા પણ સંદેહ નથી."

વકીલ—"તમો એમ ખાત્રીપુર્વક કહી શકો છો કે, જ્યારે તે સ્રી ગાડીમાં સવાર થઇ ત્યારે તેના ગળામાં તે ડાઘ નહિ હતો?"

ડાક્ટર—"નહિ, એ વાત હું કેવી રીતે કહી શકું!"

વકીલ—"આપે વર્ણન કર્યું છે કે, હારના ખેંચવાથી એવો ડાઘ થયો છે અને તે ડાઘની પાસે બીજા કેટલાક નખના ડાઘ છે, તો તેથી શું એમ નથી કહી શકાતું કે, કોઇએ તેનો હાર ખેંચી લેવાની કોશીશ કરી હતી."

ડાક્ટર—"હાજી એવું તો માલુમ પડે છે."

નરભેરામ જડજના સામું જોઇને ખુશી થતા થતા બોલ્યા—"રામરાય જેવો શ્રીમંત માણસ શા માટે આ કામ કરે! મારો આ સવાલ છે."

ડાક્ટર—"ડાઘથી માલુમ પડે છે કે, કોઇએ હારવતી ગળું દબાવીને પકડયું હોય, ડાઘની છાપ ચામડીની અંદર પણ પડી ગઇ છે."

ડાક્ટરની વાતોથી સાબીત થયું કે, સ્રીના હાથ અને મોઢામાં જે નાશાન પડયું હતું તેથી માલુમ પડે છે કે, સ્રી પૂલની દીવાલની બીજી બાજુ કુદી હતી. ડાક્ટરના પછી મણીરાય ઠેમરે વર્ણન કર્યું. કે તેને હાર ક્યાંથી મળ્યો હતો. તેની વાત સાંભળીને રામરાય બહુજ વિસ્મય થયો. તેણે તે વાત નહિ કીધી હતી કે, તે હાર તેનો હોય.

ધારીના ગીરધર સોનીએ વર્ણન કર્યું કે, તે હાર તેણે રામરાય સાહેબના માટે બનાવ્યો હતો. તેણે તેવો હાર કદિ કોઈ બીજાને માટે બનાવ્યો નથી. રામરાય સાહેબ ગુપચુપ પીંજરામાં બેઠા હતા. નરભેરામના કહેવાથી ન્યાય મંદિરમાં ત્યાં તેને બેસવાને માટે એક ખુરશી આપવામાં આવી. તે કોઈના તરફ માથું ઉંચું કરી જોતા નહોતા. આ બધી સાક્ષીઓ સાંભળવાથી વકીલને સંતોષ નહિ થયો. પોલીસે એટલી સાબીતી મેળવી હતી કે, જે દેખીને તે મનમાં દાઝે બળતા. મણીરાયે હાર મળ્યો તે વિના બીજું કાંઇ કીધું નહિ તેથી પણ બહુજ નારાજ થયા. એકાદ બે વખત નરભેરામે પાંજરા તરફ ઝુકીને તેને કાંઈક વાત પૂછી હતી. તથાપિ ઢંગથી માલુમ પડયું કે, તે વાતોનો તેમને જવાબ નહિ મળ્યો હોય. તે પછી ઝરના ટિકિટ કલેકટર ત્રિભુવનદાસની સાક્ષી થઇ. તેના પીંજરામાં જવાની સાથે નરભેરામના ભવાં ચઢી ગયા.

ટિકિટ કલેકટર ત્રિભુવનદાસે જુબાની આપી કે,—"રાતના અગીઆર વાગ્યાની ગાડીમાં ટિકિટ મેં ચેક કરી હતી. તે ગાડી ખીજડીઆથી કોડીનાર જતી હતી. માલુમ પડે છે કે, તે ગાડીથી સાવિત્રી નીચે ઉથલી પડી હોય યા તેને કોઇએ ધકેલી દીધી હોય. મેં જનાના ગાડીમાં એક સ્ત્રીને જોઇ હતી, હું રામરાય સાહેબને સારી રીતે ઓળખું છું. ઝરની પાસે તેની જમીન છે, તે ધારીથી વખતો વખત આવે છે. રેલ્વે પૂલની પાસે તેનો બંગલો બંધાયછે. અગીઆર વાગ્યાની ગાડીમાં સેકંડ ક્લાસમાં રામરાય સાહેબ પણ સવાર થયા હતા."

વકીલ સાહેબની ભ્રકુટી ચઢી ગઇ. ન્યાયમંદિરમાં પ્રેક્ષક લોકો સમજ્યા કે, આ ભયંકર ખુન રામરાય સાહેબે કર્યું છે.

ત્રિભુવનદાસે કહ્યું:—" જ્યારે મેં ટિકિટ માગી ત્યારે તેમણે મોઢું બીજી બાજુ કરી ટિકિટ આપી હતી. હું સમજી ગયો કે, તેની ઇચ્છા મને મોઢું બતાવવાની નથી. તેણે એમ શા માટે કીધું તથા તેજ રામરાય છે કે નહિ તે જાણવાની મને ઇચ્છા થઇ, જ્યારે મેં જોરથી દરવાજો બંધ કર્યો ત્યારે તેમણે ચોંકીને મારા તરફ જોયું, તે વખતે મેં ઓળખી લીધો કે, તેજ રામરાય સાહેબ છે. તેમાં જરા પણ શંકા રહી નથી."

વકીલ—" તો તમને વિશ્વાસ છે કે, તે માણસ એ ગાડીમાં હતા અને તમારાથી મોઢું સંતાડતા હતા?"

ત્રિભુવન—" હાજી, તેમાં કાંઇ સંદેહ નથી, નક્કી છે."

વકીલ—" તમે તો ભારે નક્કીપણું કરનારા નીકળ્યા, હમણાંજ બોલ્યા હતા કે સાવિત્રીનું તે ગાડીમાં ખુન થયું હતું?"

ત્રિભુવન—" તો બીજું શું?"

વકીલ—" બીજાની વાત તો એ કે, તમે પણ નથી જાણતા, હું પણ નથી જાણતો. રામરાય સાહેબને તમે ખુબ ઓળખો છો?"

ત્રિભુવન—" હા, જેવી રીતે પોતાના બાપને ઓળખે તેવી રીતે ઓળખું છું."

વકીલ—" તો એ ગાડીમાં બીજું કોઇ હતું?"

ત્રિભુવન—" નહિ, એકલા રામરાય સાહેબ હતા."

વકીલ—" બસ જાવ."

તે દિવસે તેટલું કામ થયા પછી ન્યાયમંદિર બંધ થયું. રામરાય સાહેબને ફરીને જેલમાં મોકલી દેવામાં આવ્યા.

# પ્રકરણ ૫ મું.

## નિમકહલાલ મુળીઓ.

મુળીઓ રામરાય સાહેબના ઘરનો જુનો નોકર હતો. કૃષ્ણુરાયને જોઇને તેની આંખોમાં ઝેર વરસતું હતું, કૃષ્ણુરાય ભારે ક્રોધી અને ઉછૃંખલ હતો. હંમેશાં તેને ગાલ ગલોચ દીધા કરતો હતો. મુળીઓ બહુજ ભલો માણુસ હતો. તે મોઢામાંથી બીલકુલ કાંઇ બોલતો નહિ. તથાપિ મનમાં ભારે દુઃખી થતો હતો. અંદરનો ગુસ્સો અંદરજ રાખતો હતો. રામરાયના તરફ ઘણુાજ માનથી જોતો હતો. તેમાં તેને ભારે શ્રદ્ધા હતી. તેના કેદમાં પડવાથી મુળીઆના હૃદયમાં ભારે ખેદ પ્રગટયો હતો. તે એક દિવસ રામરાયની ભેટ કરવા માટે અમરેલી ગયો, તે એક સાધારણુ નોકર હતો. તેને જેલમાં જઇને રામરાય સાહેબની મુલાકાત કરવી એ કાંઇ સાધારણુ વાત ન હતી. તો પણુ બહુજ ફંદ, ફીસાદ, આજીજી કરીને મહા મહેનતે રામરાય પાસે ગયો. જેલમાં એકલા પડયા રામરાય દિવસ કાઢતા હતા. તે શોચતા હતા કે, કૃષ્ણુરાય—મારો નાનો ભાઇ તે ઘણો ભલો છે તેનો જીવ ઘણો દયાળુ છે, તે કૃષ્ણુરાય આજ આટલા ખરાબ લક્ષણુનો કેમ થતો જાય છે! તે ખરાબ લક્ષણુનો થયો તો તેમાં ગુન્હો કોનો? તે મારાથી ઘણોજ ન્હાનો છે. તેની નાની ઉમ્મરમાં પિતા પુરૂષોત્તમરાયનો દેહાન્ત થઇ ગયો છે. તે કારણુથી મારે તેને ભણુાવવો—સુધારવો ઉચિત છે. તેમાં કસુર તેની નહિ પણુ મારી છે. રામરાય આવી રીતે ચિન્તામાં મશગુલ હતા તે વખતે મુળીઓ ત્યાં આવી પહોંચ્યો. તેને જોઇને રામરાય ચકિત થયા અને બોલ્યા, " અરે મુળીઆ, તું અહીં ક્યાંથી ! "

મુળીઓ—" આપ સાહેબને જોવા આવ્યો."

રામરાય—" અરે તું હમણાં ઝઘડો કોની સાથે કરતો હતો ?"

મુળીઓ—" આપના માટે માણસો બહાર ઉભા ઉભા ખરાબ વાતો કરતા હતા તેમની સાથે."

રામરાય—" તો તું મને બીન ગુન્હેગાર માને છેકે કેમ ?"

મુળીઓ—" બીનગુન્હેગાર નહિ તો બીજું શું ? જો આપને કોઇ ગુન્હેગાર કહે તો તેની ખોપરી તોડી નાખું."

રામરાય—" નહિ, નહિ, મુળીઆ, કોઇની સાથે લડાઇ ઝઘડો કરવાનું કાંઇ કામ નથી. આ વખતે તું કેમ આવ્યો મુળીઆ ?"

મુળીઓ—" એક ખબર કરવાની છે તેટલા માટે."

રામરાય—" શી ખબર ?"

મુળીઓ—" તે રાતની—તે દિવસની—"

રામરાય—" કઇ રાતની—ક્યા દિવસની-"

મુળીઓ—" જે રાત્રે ગાડીમાં ખૂન થયું તે રાતની."

રામરાય—" શું બન્યું ?"

મુળીઓ—" તે રાતના સ્ટેશનનાં હું એક માણસની ભેટ કરવાને ગયો હતો"

રામરાય—" ગયો હતો તો શું થયું?"

મુળીઓ—" અહીં કહેવાને આવ્યો છું કે તે રાત્રે-"

રામરાય—" શું કહેવા આવ્યો છું ?"

મુળીઓ—" તે રાતના નાના શેઠ કૃષ્ણરાય—"

કૃષ્ણરાયનું નામ સાંભળી રામરાયનું કલેજું કંપી ઉઠ્યું, અને બોલ્યો:-" નાના શેઠ, નાના શેઠ શું કરે છે ?"

મુળીઓ—" સાહેબ, જે ગાડીમાં આપ આવ્યા હતા તેજ ગાડીમાં નાના શેઠ પણ આવ્યા હતા."

રામરાય—" ત્હેં કેમ જાણ્યું ? કોણ બોલ્યું ?"

મુળીઓ—" જે આદમીને હું મળવા ગયો હતો તે રેલ્વેનો નોકર છે."

રામરાય—" તેં નાનાં શેઠને ક્યાં જોયા હતા ?"

મુળીઓ—" જ્યારે તે મારો મિત્ર કામ ઉપર ગયો ત્યારે હું ઓરડીમાં રહ્યો હતો. તે વખતે ઘર તરફની ગાડી આવી. મારી સામે ગાડીનું એક કમાડ ખુલ્યું. ગાડી બહુજ ધીમે ધીમે જતી હતી. તે વખતે કમાડ ખોલીને એક માણસ ચાલતી ગાડીએ ઉતરી પડ્યો. હું જોવાને દોડ્યો કે, કોણ આદમી એવી રીતે નાસે છે. જ્યારે પાસે ગયો ત્યારે તે તાર ડોકવા ગયો જ્યારે બહુજ પાસે જઈને જોયું તો તે બીજું કોઈજ નહિ પણ નાના શેઠ હતા. ત્યારે કાંઇ નહિ કહેતાં હું ચુપાચુપ ઉભો રહ્યો."

રામરાય—" શાબાશ, મુળીઆ, તેં ઘણું સારૂં કામ કીધું."

મુળીઓ—" ના સાહેબ, આ વાત આપનેજ કહી છે બીજા કોઇ પાસે હજુ સુધી કીધી નથી."

રામરાય—" ઘણું સારૂં કીધું, ખબરદાર કોઇને કહીશ નહિ."

મુળીઓ—" તો આપ કેવી રીતે બચશો ?"

રામરાય—" એ વાતની ફીકર તું કર નહિ. ભગવાન બધાનું ભલું કરે છે."

મુળીઓ—" નાના શેઠ બહુ ભલા—"

વાત કાપીને રામરાય બોલ્યા—" અરે બસ ચુપ, કાંઇ પણ

વાત કર નહિ. જેવો હું તોરો શેઠ છું તેવો તે પણ છે. ખબરદાર! આ વાત કોઇને પણ કરીશ નહિ."

મુળીઓ—"સાહેબ, એવો હુકમ?"

રામરાય—"હા, હું એવો હુકમ આપું છું. જો મુળીઆ, તુંને હું બહુજ ખુશ કરીશ. આ વાત ક્યાંઇ જાહેર કરીશ નહિ, કૃષ્ણરાય મારો નાનો ભાઇ છે."

મુળીઓ—"આપનો!"

રામરાય—"હા, હવે બીજી કાંઇ પણ વાત નહિ કરતાં ચાલ્યો જા."

મુળીઓ ત્યાંથી ચાલ્યો ગયો એટલે રામરાય બેસી ગયો. આફતનો લાંબો શ્વાસ ખેંચી તે બોલ્યો, હે ભગવાન! હે અનાથના નાથ! હે અખીલનાયક વિશ્વંભર! આ શું બન્યું! તમે મારા નશીબમાં આટલું દુઃખ લખ્યું હતું? ના, ના, ! પ્રાણ જેવી પ્યારી ચીજ નથી હોતી કે જેના લીધે પરમ પુરૂષ ઉપર આક્ષેપ કરી શકાય. મારા જીવવાથી શું ફાયદો છે? મરવું એ આનંદની વસ્તુ છે. તે ભાગેરથીને મેળવીને ભલે સુખી થાય. શું પિતાજીએ તેને એટલા માટે પાળ્યો પોશ્યો હતો? નહિ; નહિ, તે નિરૂધમી-નઠોર થયો તેમાં મારો વાંક છે, મારે જાતે તેની દેખરેખ રાખવી જોઇતી હતી, તેની બધી જોખમદારી મારા શીર પર હતી." મુળીઓ બહુજ દિલગીરી સાથે પાછો ફર્યો. કોણ જાણે ક્યાંક મોઢેથી કાંઇ વાત નીકળી પડશે તે ડરથી તેણે બોલવું બંધ કર્યું હતું. કોઇ વખત કોઇના બોલાવાથી ખાલી હા, ના, ના જવાબ આપતો હતો.

સંધ્યાનો સમય વિત્યા પછી જ્યારે બહુ રાત ગઇ ત્યારે મુળીઓ રામરાય સાહેબની ફુલવાડીમાં થઇને તેમના મહેલમાં

જવા લાગ્યો તે વખતે પણ તે રેલ્વે ઉપરના પોતાના મિત્રની ભેટ કરીને આવતો હતો. ફુલવાડીમાં ફરતાં ફરતાં તેણે કોઇના પગનો અવાજ સાંભળ્યો. તેણે મનમાં વિચાર્યું કે, આટલી રાત્રે બગીચામાં કોણ આવ્યું હશે ? જરૂર કોઇ ચોર હશે એવું વિચારીને જે તરફથી અવાજ આવ્યો હતો તે તરફ પગ ઉપાડતો ચાલ્યો. કેટલેક દુર જવા પછી તેણે જોયું કે, બે માણસો બહુજ ધીરે ધીરે વાત કરતા કરતા ચાલ્યા જતા હતા. અંધારામાં મુળીઓ બંને માણસોને ઓળખી તો શક્યો નહિ તથાપિ એટલું તો સમજી ગયો કે ચોર નથી. ચોર હોય તો એટલા બેપરવાઇથી ચાલે નહિ, બીજું કાંઇપણ નહિ જોઇ શકવા છતાં પણ તેણે એટલું તો જોયું કે બંને માણસોએ ગ્રહસ્થને છાજતા સાફ સફેદ કપડાં પહેર્યાં છે. તે માણસો કોણ છે અને આટલી મોડી રાતે બગીચામાં શું કરે છે તે જાણવાની જીજ્ઞાસાથી હવે મુળીઓ પંજાના જોર ઉપર ચાલવા લાગ્યો, તે છતાં પણ તે લોકોને કાને પગરવ આવી પહોંચ્યો એટલે ચોંકીને પાછા જોયું. અને પાછો ફરીને તેમાંથી એક માણસ મુળીઆની પાસે આવ્યો ત્યારે મુળીઆએ જાણ્યું કે તે નાના શેઠ કૃષ્ણરાય છે. કૃષ્ણરાય દાંત પીશીને બોલ્યો— "કેમ ? તું મારી પાછળ પાછળ આવે છે ? નહિ માને એમ કે ?" એમ કહીને તેણે મુળીઆની ગર્દન ઉપર એક મુક્કો માર્યો. કૃષ્ણરાય પહેલવાન આદમી હતો. તેની વજ્ર જેવી મુક્કીથી મુળીઓ ધરતી ઉપર ઢળી પડયો. તે પડતાં પડતાં તેના મગજ ઉપર ગરમી ચઢી આવી. આંખોની સામે અંધારૂં છવાઇ ગયું. તેને કાંઇ શુદ્ધિબુદ્ધિ નહિ રહી. જ્યારે તે હોશમાં આવ્યો ત્યારે થોડે દુર તેણે ઘણાં માણસોને મશાલો લઇને ચાલ્યા જતા જોયા તે બધા નોકર ચાકર હતા કોઇકને ગાડીમાં ઘાલીને મહેલમાં લઇ જતા હતા મશાલની રોશનીમાં

તેણે જોયું કે જેને પકડીને લઇ જવામાં આવે છે તે નાના શેઠ કૃષ્ણરાય છે. તેને એ માલુમ પડ્યું કે, કૃષ્ણરાયની લાશ માણસો ગાડીમાં ઘાલીને લઇ જાય છે. મુળીઆનું હૃદય કંપી ઉઠ્યું. બાપરે બાપ, મામલો શું છે! તેના મનમાં એ વાત આવી કે, અહીં તો ભારે ખરાબ બનાવ બની ગયો. લોક આવી રીતે મને આહીં જોશે તો મને તેનો ખૂની સમજશે તે બીકથી તેનું લોહી સુકાઇ ગયું. જીવની માયા ભારે વિચિત્ર હોય છે. ત્યાંથી ઉઠીને ઝટ ઉભો થયો, અને ધીમે ધીમે ભારે સાવચેતીથી પગ ઉપાડતો નાઠો અને પોતાના એક મિત્રને ત્યાં સંતાઇ ગયો. લગભગ આઠ દશ દિવસ સુધી તે ત્યાં સંતાઇ રહ્યો, અને છુપી રીતે એ વાતનો પતો મેળવવા લાગ્યો કે, પોલીસ તેને શોધે છે કે નહિ? પોલીસ પોતાને શોધતી નથી તેમ તેનું નામ પણ લેતી નથી. તેણે તે પણ સાંભળ્યું કે, તે રાત્રે જ્યારે બગીચામાંથી બહુ જોરથી ચીસ સંભળાણી અને કૃષ્ણરાય મોડી રાત સુધી ઘેર આવ્યો નહિ ત્યારે રામરાયની માતાના હુકમથી બધા નોકર ચાકર મશાલ સળગાવીને જોવા ગયા હતા. બગીચામાં તે માણસોએ જઇને જોયું તો કૃષ્ણરાય બેહોશ પડયો હતો. ત્યારે નોકર ગાડી કરીને તેને ઘેર લઇ આવ્યા.

કૃષ્ણરાય હજુ હોશમાં આવ્યો નહિ હતો. ઘણા જોરથી તાવ આવ્યો છે. તેમાં વળી તે બકબકાટ કરી રહ્યો છે. આ બધું સાંભળીને તે પરમેશ્વરનો ઉપકાર માનવા લાગ્યો કે, સારૂં થયું કે, હું જે તરફ પડયો હતો તે તરફ કોઇ કર્મસંજોગે આવી ચડ્યું નહિ. જ્યારે મુળીએ જોયું કે, પોલીસ પોતાના સંબંધી કાંઇ પૂછતી નથી. ત્યારે તે પોતાના દોસ્તદારના ઘરમાંથી નીકળ્યો અને ધીમે ધીમે હીંમત કરીને

રામરાય સાહેબને ઘેર પહોંચ્યો. તેને જોતાની સાથે નોકર ચાકર પુછવા લાગ્યા " અરે મુળીઆ, તું આટલા દિવસ કયાં હતો ? અમે તને ખોળતા ખોળતા...... "

મુળીઆને જુઠું બોલવામાં કોઇ રોકે તેમ ન હતું. તે બોલ્યો " મોટા શેઠે બોલાવ્યો હતો તેથી અમરેલી ગયો હતો ને ? "

નોકરો–" તો કહીને કેમ ગયો નહિ ? "

મુળીઓ–" કહે તે કયાંથી! વખત મળવો જોઇએ ને ! "

બધા નોકરોએ તેની વાત ઉપર વિશ્વાસ રાખ્યો અને બોલ્યા–" રામરાય સાહેબની તબીઅત કેમ છે ? "

મુળીઓ—" સારી છે. " મુળીઆને કોઇની સાથે વાત કરવાની ઇચ્છા નહતી. એક બોલ્યો–"અરે નાના શેઠને બહુ માર મારીને કોઇ નાશી ગયું હતું. તેં સાંભળ્યું નથી ? "

મુળીઓ—" હાજી સ્ટેશનમાં આવીને સાંભળ્યું છે. હું હોત તો તેવું નહીં થવા પામત. "

નોકર—" તું શું કરત ?"

મુળીઓ—" બચ્ચાજીની સોટે સોટે ચામડી ઉતારી નાખત. "

નોકર—" જયારે તેને જોત ત્યારે ને ? "

મુળીઓ—" હાજી. "

આમ કહીને મુળીઓ ત્યાંથી બગીચાની તરફ ચાલ્યો. તેણે માન્યું કે, તે રાત્રે નાના શેઠની સાથે કોણ હતું તે બગીચામાં ગયાથી જાણી શકીશ. જરૂર ત્યાં એ વાતનો કાંઇક પતો લાગશે, ચાલતા ચાલતા મનમાં વિચારવા લાગ્યો કે, ગમે તેમ હોય તથાપિ નાના શેઠને ઘણો ભયંકર માર માર્યો છે. હું માનું છું

કે, તેની મતલબ ખુન કરવાની હોવી જોઇએ. એક વાત મુળીઆના મનમાં પાકી બેશી ગઈ હતી તે વાતનું ગમે તે કારણ હો તથાપિ તે નાના શેઠને જોઇ શકતો નહીં હતો. વાત એ હતી કે, જે રાત્રે સાવિત્રીનું ખુન થયું તે રાતની વાડીમાં કૃષ્ણરાય છુપાયો હતો, અને પછવાડેના દરવાજે થઇને નાશી ગયો હતો. જો તેણે ખુન નહોતું કર્યું તો એવી રીતે નાઠો શા માટે ? તથાપિ એવો માણુસ કોણ છે કે, કૃષ્ણરાયનું ખુન કરવા માગતો હતો ! ખુનીનું ખુન કરવાની તેને શું મતલબ હતી ? બગીચામાં જવાથી કાંઇક પતો મળશે એમ વિચાર કરતો મુળીઓ ચાલ્યો જતો હતો. તેટલામાં બીજી બાજુએથી એક માણુસે તેને ઇસારાથી બોલાવ્યો. મુળીઆએ પાસે જઇને જોયું તો એ એક ઓળખાણ વગરનો અજાણ્યો માણુસ હતો.

તેણે કહ્યું—" મુળીઆ ! એક કામ કરે તો હું તને કાંઇક ચીજ આપું. "

મુળીઆએ ચોંકી જઇને બીજી બાજુ જોયું અને પૂછ્યું—" આપ મારૂં નામ ક્યાંથી જાણો છો ? "

તેણે હસીને કહ્યું—" એ તો સીધી વાત છે, મુળીઆ ! તે વાત પછી કરીશું. કામ એ છે કે, આ ચીઠી ભાગેરથીના હાથમાં આપી આવે તો એક રૂપિયો ઇનામ આપીશ. "

સામેજ ચાંદી જોઇને મુળીઆએ મનમાં કહ્યું—" એક ચીઠી આપવાનો એક કલદાર રૂપિયો મળે છે ત્યારે શું વાંધો છે. પણ તુરતજ સંદેહ થયો કે, તેમાં કાંઈ મતલબ છે. આ માણુસ ભલા માણુસના જેવો પોશાક પહેરે છે અને ભાગેરથી એક ખાનદાન સ્ત્રી છે, તેથી ચીઠી આપવી યા નહિ તે વિચારવા લાગ્યો. ચુલામાં પડે બધાં, મારે તેની સાથે શું સ્વાર્થ છે ? તે બોલ્યો " આપો. "

તેણે કહ્યું—" પણ ખબરદારીથી ચીઠી તેના હાથમાં આપવી."

મુળીઓ—" સારૂં, રૂપિયો ? "

તે માણસે રૂપિયો અને ચીઠી સાથે તેના હાથમાં આપ્યાં. તુરતજ મુળીઓ ફુલવાડીમાં નહિ જતાં મહેલ તરફ પાછો ફર્યો. તે આદમી પણ ધીમે ધીમે ગલીમાં જઇને અલોપ થઇ ગયો.

મુળીઓ ચીઠી લઇને ભાગેરથી પાસે ગયો. મુળીઆને જોઇને ભાગેરથી વિસ્મય થઇને બોલી:–" અરે મુળીઆ! તું આટલા દિવસ ક્યાં ગયો હતો ? "

મુળીઓ—" તે તો બહેન, બહુ લાંબી વાત છે."

ભાગેરથી—" સારૂં, જણાવ તો ખરો."

મુળીઓ—" મારી એક માશી બહુજ માંદી થઇ ગઇ હતી."

ભાગેરથી—" તેને જોવા માટે ગયો હતો ? તો કહીને કેમ ગયો નહિ ? હમે તને શોધી શોધીને થાકી ગયાં. આ તરફ અમારા ઉપર એવી મોટી આફત આવી પડી છે કે, નાના શેઠ મરણ પથારીએ પડયા છે."

મુળીઓ—" મેં આવીને સાંભળ્યું," એમ કહીને રોવા જેવો થઇ ગયો.

ભાગેરથી—" રો નહિ મુળીઆ, તું જુનો નોકર છે. આવા સંકટમાં ઘર છોડીને તારે જવું નહિ જોઇએ."

મુળીઓ—" નાજી, હવે કદિ ક્યાંઇ નહિ જાઉં."

ભાગેરથી—" તારી માશીને હવે કેમ છે ! "

મુળીઓ—" મરી ગઇ."

ભાગેરથી—" શું રોગ હતો મુળીઆ ? "

મુળીઓ—" તાવ બહુ જોરમાં આવતો હતો. "

ભાગેરથી—" અરે ! રે ! દવા નહોતી કરી ? "

મુળીઓ—" ઘણી દવા કરી પણ એકે ઉપાય કામ લાગ્યો નહિ ! આ છે, લો. "

ભાગેરથી—" તે શું છે ? "

મુળીઓ—" ચીઠ્ઠી. "

ભાગેરથી—" કોની છે ? "

મુળીઓ—" તમારી છે. "

ભાગેરથી—" કોણે આપી ? "

મુળીઓ—" એક કોઇ આદમી આપી ગયો. "

ભાગેરથીએ " હં " કહીને લઇ લીધી, તે ઉઘાડીને વાંચી, તેમાં લખ્યું હતું કે, " આપ નિરાશ થશો નહિ. ડોકટરને પૂછીને બધી હકીકત મેળવજો. કાંપના રસ્તે સાંજના મળજ્યો બ૦ "

વાંચીને ભાગેરથીએ સમજી લીધું કે, ચીઠી બહાદરદીનખાને મોકલી છે. બચવાનો ભરોંસો જણાય છે. જો હૃદયનું લોહી દેવાથી પણ તેનો જીવ બચતો હોય તો હું તૈયાર છું. આવી રીતે સંતાઇને પરાયા પુરૂષને મળવું ઠીક નથી. લોક જુએ તો બહુ વાત ઉડાવે પણ પરવા કોને છે ! સાંજે જરૂર મળું. ડાકટર પાસેથી હકીકત જાણીને કૃષ્ણુરાયની ખબર લેવાનું કહે છે. સારૂં તે પણ લઉં. આ બધા વિચારો તેણે મુળીઆને કહ્યા—" જો મુળીઆ, હું આ ઘરની છોકરી છું. હું જયારે નાની હતી ત્યારે તેની સાથે નિશાળમાં ભણતી હતી. તું આ ચીઠીની વાત કોઇને કહીશ નહિ. "

મુળીઓ—"નહિ, મારે શું કામ ? "કહીને ઉસ્તાદ મુળીઓ ત્યાંથી

ચાલવા લાગ્યો, મનમાં સમજી ગયો કે, ભાગેરથી વાત બનાવે છે.

ભાગેરથી—"ક્યાંઇ જઇશ નહિ હો, મુળીઆ."

મુળીઓ—"ના, જવાનું ક્યાં છે ?"

ભાગેરથી—"જાવ કામકાજ કરો."

મુળીઆના જવા પછી ભાગેરથીએ એક વાર સંતાઇને ડાકટરની ભેટ લેવાનો ઇરાદો કીધો. દેવકૃષ્ણ વૈદ્ય આ ઘરના ઘણા દિવસથી વૈદ્ય હતા. તેમણે જામનગરના ઝંડુ ભટ્ટની પાસે વૈદકનો અભ્યાસ કરી દેશી વૈદ્યકનો પરિપક્વ અનુભવ મેળવી તેમને ત્યાં થતી વૈદકની પરિક્ષામાં ફતેહમંદ થઇ ઉત્તમ નંબર અને ઇનામ મેળવ્યું હતું. અમદાવાદમાં અભ્યાસ કરીને ડાકટરી બાબતમાં પારંગત થયા હતા. છતાં બીજા વૈદ્ય ડૉક્ટરની પેઠે લાંબી લાંબી જાહેર ખબરો જાહેર છાપાઓમાં છપાવીને સાચી ખોટી ડંફાસ મારીને તેઓ પ્રસિદ્ધ થવા પ્રયત્ન કરતા નહોતા. તેમના ઉત્તમ કામથીજ તેઓ મોટા મોટા રાજા રજવાડામાં માનપાન મેળવવા ભાગ્યશાળી થયા હતા. રામરાય સાહેબના કુટુંબના તેઓ ખાસ ડૉકટર હતા. તેમને આ ઘરમાંથી મોટો લાભ મળતો હતો. ભાગેરથી તેની સાથે બોલતી હતી. તેમને કાંઇ હકીકત પુછી શકતી હતી તથાપિ કૃષ્ણરાયની વાત પુછવામાં તેને સંકોચ થયો, કેમકે બધા માણસો જાણતા હતા કે, કૃષ્ણરાયની સાથે તેના લગ્ન થવાનાં છે. રામરાયના પિતા પુરૂષોત્તમરાયના રૂબરૂમાં એ વાત નક્કી કરવામાં આવી હતી. પણ શરમ રાખવાથી નહિ બને. સંધ્યા વખતે શું જવાબ આપીશ. આ વિચાર કરતી વખતે ભાગેરથીએ બારીએથી જોયું તો દેવકૃષ્ણ વૈદ્ય ફરવાને નીકળ્યા છે. હીંમત બીડીને તે તેમની

સામે આવી. ડાક્ટર ભાગેરથીને દીકરી બરોબર સમજતા હતા. જોતાની સાથે બોલ્યા—"કેમ ભાગેરથી, શું છે ?"

ભાગેરથી—"કેમ છે ?"

ડાક્ટર—"જરા ઠીક છે."

ભાગેરથી—"હવે ઓળખે છે-બોલે છે કે નહિ ?"

ડાક્ટર—"ના, હજુ નહિ. જુઓ ભાગેરથી કોઇએ તેની ખોપરી ઉપર લાકડી મારી છે. તેનો ઘા મગજમાં પહોંચવાથી બેહોશ બની ગયા હતા. હોશમાં આવ્યા છે. પણ હજુ કાંઇ બોલી શકતા નથી."

ભાગેરથી—"ત્યારે ક્યારે બોલશે ?"

ડાક્ટર—"બહુ જલ્દીથી, અલબત કાલ સુધીમાં."

ભાગેરથી—"જરૂર."

ડાક્ટર—"હા, જરૂર" એટલું કહીને દેવકૃષ્ણ વૈદ્ય ચાલ્યા ગયા. તે મનમાં બોલ્યા, "દીકરી કૃષ્ણરાયને બહુજ ચાહે છે. તેના માટે ભારે વ્યાકુળ થઇ ગઇ છે."

તે દિવસે ભાગેરથીને માટે સાંજનો સુર્ય પશ્ચિમ તરફ અચળ થઇને ચળકવા લાગ્યો. ભાગેરથી ગભરાઇ ઉઠી કે ક્યારે સુર્યનારાયણ અસ્ત પામે અને ક્યારે હું બહાવદીનખાનને મળું ? મહાવિલંબે સુર્ય અસ્ત પામ્યો. ભાગેરથી જલદી જલદી કાંપના રસ્તે ચાલી. ત્યાં જઇને જુવે છે તો બહાવદીનખાન પ્રથમથીજ આવ્યો હતો. ભાગેરથીના આવવાથી તે ધીમે ધીમે બાગમાંથી નીકળ્યો.

ભાગેરથી—"કહો આપે શું કીધું ? આપની ચીઠીથી તો મારા જીવમાં જીવ આવ્યો છે. સાહેબજી ! હું જીંદગીભર આપનો આભાર નહિ ભુલું."

બહાવદીનખાન--" આભાર માનવાની જરૂર નથી. આ મામલો ભારે પેચદાર છે. તેના માટે મારો ખુબ જીવ લાગી ગયો છે. ખેર. કૃષ્ણુરાયની શું ખબર છે ?"

ભાગેરથી—" આપના કહેવાથી મેં પુછ્યું, ડૉકટર સાહેબે જણાવ્યું કે, હોશમાં આવ્યા છે. જલ્દી બોલતા થશે."

બહાવદીનખાન—" ખેર; તેટલા વખતમાં તો ઘણી વાત માલુમ પડી જશે."

ભાગેરથી—"અત્યાર સુધીમાં આપે શું જાણ્યું ?"

બહાવદીનખાન--"અત્યારે હું તે બધું કહી શકતો નથી. તથાપિ ભરૂસો છે કે, રામરાય સાહેબને છોડાવી શકીશ."

ભાગેરથીએ એટલી ગભરામણુથી:" છોડાવી શકશો ?" કહ્યું કે, બહાવદીનખાન તેના તરફ જોવાને અશક્ત થયો. તેણે શરમાઇ જઇને માથું ઝુકાવી લીધું.

બહાવદીનખાન મનમાંને મનમાં બોલ્યો—" પ્રેમનો છેડો બહુ વાંકો હોય છે. આ છોકરી હજાર કોશીશ કરે છે. પોતાનો પ્રેમ અંતરમાં છુપાવવા કોશીશ કરે છે, તથાપિ સુંડલો ઢાંકયે કાંઇ સુય છુપો રહે ? હવે તેને તકલીફમાં રાખવી તે તો ઠીક નથી." તે બોલ્યો—" જુઓ ભાગેરથી, મને જે માલુમ પડયું છે તે સમજાવી દઉં છું. મને વિશ્વાસ છે કે, રામરાયે ખુન નથી કીધું "

ભાગેરથી—" તથાપિ તેમણે તો પોતાની કસુર કબુલ કરી લીધી છે."

બહાવદીનખાન—" હાજી એ વાત સાચી છે તે તેનું મગજ ફરી જવાથી બન્યું છે. હું સમજું છું. સાવિત્રીનું ખુન થયું નથી. તેમ તે રાતની ગાડીમાં પણ નહિ હતી."

ભાગેરથી આંખ ફાડીને જોવા લાગી,

બહાવદીનખાન—"આપ ગભરાઓ નહિ. રામરાય સાહેબ છુટી જશે. જે ખબર મળશે તે આપને આપીશ." એટલું કહી બહાવદીનખાન ત્યાંથી ચાલ્યો ગયો. ભાગેરથીને ભારે સંતોષ થયો. તે બહુજ શાંત સ્વસ્થ બનીને ઘર તરફ પાછી ફરી.

## પ્રકરણ ૬ ઠું.

### ભુતના ભણકારા.

જ્યાં આગળથી સાવિત્રીની લાશ મળી હતી, ત્યાંથી દશ હાથ ઉપર એક કોટડી હતી. ઝરના પૂલની બંને બાજુપર એક એક કોટડી બનાવવામાં આવી હતી, તે બંનેમાં એક એક ચોકીદાર રહેતો હતો. જરૂર પડવાથી ઝંડી અને બતીથી રાત દિવસ લાઇનની સૂચના બંને જણા આપ્યા કરતા હતા. એક ચોકીદારનું નામ કાળો અને બીજાનું નામ કેશવ હતું. એક દિવસે પહેલી નિંદ્રાથી જાગીને કાળો કોટડીની બહાર ગયો, તો ત્યાં તેણે સાવિત્રીની લાશ જોઇ, તેણે તરતજ દોડીને કેશવને ખબર આપી. આ બંને જણાઓએ ઝરના સ્ટેશનમાં જઇને સાવિત્રી મરી ગઇ તે દિવસે લાશના ખબર આપ્યા હતા. તથાપિ તે દિવસથી કેશવ તથા કાળાના હોશકોશ ઉડી ગયા હતા. તે બંને જણા ત્યાં ઘણા વખતથી કોટડીમાં રહી કામ કરતા હતા. રાતના એકલા રહેતા હતા, તેની આજુબાજુમાં ક્યાંઇ ગામ નહોતું, ફક્ત થોડાજ દિવસથી ત્યાં રામરાય સાહેબના બંગલા બં-

ધાવા શરૂ થયા હતા. હજુ સુધી તેમાંનો એક પણ બંગલો પુરો બંધાઇ રહ્યો નહોતો. જે દિવસે તે લાશ મળી તે દિવસથી બંનેનું ઝનુન દુર થઇ ગયું હતું. હવે તો તે પડછાયો જોઇને ડરી જતા હતા. પૂલમાં હવા લાગવાથી એક જાતનો વિચિત્ર શબ્દ થતો હતો. આજે તે શબ્દ મહા ભયાનક થઇ રહ્યો હતો. કેશવ પૂલ સામે ડરતી નજરથી જોઇ રહ્યો હતો, ઘણીજ અંધારી રાત હતી, કોઇ આજુબાજુ દેખાતું નહોતું. એક ગાડી હમણાંજ ચાલી ગઇ હતી. હવે તે તરફ બે ત્રણ કલાક સુધી કોઇ રેલગાડી આવવાની નહોતી. કાળાથી કોટડીમાં એકલા રહેવાની હીંમત ચાલી નહિ, તે ધીમે ધીમે બહાર નીકળીને કેશવની કોટડી તરફ ચાલ્યો. કેશવના પણ ડરના લીધે બુરા હાલ થયા હતા, કોટડીની પાસે પહોંચીને કાળો બોલ્યો કું“ કેશવ ?”

કેશવ ભયના લીધે ડરી ગયો અને કુદીને બોલ્યો—“ ઓઇ બાપરે આ શું ?”

કાળો—“ અરે હું છું કેશવ હું, તું હવાનો અવાજ સાંભળતો હતો તેથી મારા પગનો અવાજ તેં સાંભળ્યો નહિ. મારો તો શ્વાસ ઉડી જતો હતો તેથી દોડીને આવ્યો, આજ તો સાક્ષાત જોઇ ! સાક્ષાત !”

કેશવ—“ શું જોઈ ?”

કાળો—“ પેલીને જોઇ હતી.”

કેશવ—“ અરે ! અહીં ?”

કાળો—“ હા,હા, અહીં બીજે દિવસે તો ઉપરા ઉપરી એક કરતાં વધુ વખત જોઇ.”

કેશવ—" સારૂ, તો પછી શું જોયું."

કાળો—" ફરીને પૂછવું શું? ચહેરા ઉપરથી તો માલુમ પડે છે કે, તેં પણ જોયેલ છે."

કેશવ—" નાના, મેં તો કાંઇ નથી જોયું."

કાળો—" મેં તો ભાઇ જોયું છે, કેટલાક દિવસ થયા અંધારામાં કોટડીની ચારે બાજુ ઘુમ્યા કરે છે. તથાપિ ભાઇ આજ તો ફાનસના પ્રકાશમાં સાફ જોયેલ છે."

કેશવ—" કોને જોયેલ છે કોને?"

કાળો—" અરે જેનું ખુન થયું છે, જેની લાશ અહીં "

કેશવ—" કેવો ગાંડો માણુસ! તેને તો ઝરના તળાવની પાળ ઉપર સળગાવી મુકી છે."

કાળો—" તે વાત ઠીક છે, તે નહિ પણ તેનું ભુત જોયું છે."

કેશવ—" તે બધી જુડી વાત છે, એટલું કહીને કેશવ કાળાની પાસે આવી ગયો."

કાળો—" ના ભાઇ જુઠી વાત નથી, ફાનશના પ્રકાશમાં મેં તેનું મોઢું સાફ જોયું હતું."

કેશવ—" તેનું મોઢું વળી કેવી રીતે જોઇ લીધું?"

કાળો—" અરે ભાઇ! ખીજડીઆમાં ગુણવંતરાયને ત્યાં ઘણું દિવસ મેં કામ કર્યું છે. ખુબ સારી રીતે ઓળખું છું. કાંઇ અટકલની વાત તો થોડીજ છે."

કેશવ—" નહિ ભાઇ તને ભ્રમ થયો છે તે તો મરી ગઇ."

કાળો—"હાજી, મરી ગઇ, તેને નથી દેખી, તેનું ભુત જોયું છે."

કેશવ—" સારૂં, તે બધી વાત જવા દે, આવો આપણે બંને

એક જગા ઉપર રહીએ. હવે તો કાંઇ ગાડી આવવાની નથી. કાલે સવારે સ્ટેશન માસ્તરને કહીશું કે, બે આદમી આપો, નહિ તો અમો બચશું નહિ, એક કોટડીની પાછળ બે આદમી રહેશે તોજ બનશે."

કાળો—"સારૂ, કાલની વાત કાલે જોઇશું આજે તો આપણે બંને એકજ જગાએ રહીશું."

જ્યારે બંને કોટડીવાળા અંદર અંદર વાતો કરી રહ્યા હતા, ત્યારે બહાવદીનખાન અંધારામાં એ પૂલની ઉપર નજર ફેરવતો ઉભો હતો.

ફકત કાળાએજ ભુત સ્ત્રી જોઇ નહોતી, જે સ્ત્રી કાળાએ જોઇ હતી તે બહાવદીનખાને પણ જોઇ હતી. શું મતલબથી અંધારી રાતના પૂલ તપાસતો હતો તે તેના સિવાય બીજાને કોઇ ખબર નહોતી. આજે પણ એક સ્ત્રી પગથી માથા સુધી કાળા કપડાથી ઢંકાએલી જોઇ, ચહેરો પણ નકલી જણાતો હતો, બહાવદીનખાન તેનો ચહેરો સારી રીતે જોઇ શક્યો નહિ, તે તેની બહુજ નજીક નહિ ગયો. પગનો અવાજ સાંભળીને વખતે તે કોણ જાણે નાશી જાય તે કારણને લઇને જ્યાંનો ત્યાં ઉભો રહ્યો અને જોવા લાગ્યો કે, આ સુનશાન જગામાં તે ત્યાં શું કરતી હશે ? તે સ્ત્રી અંધારામાં ગુપચુપ તે કોટડીની પાસે આવી અને ત્યાંથી ચારે તરફ જોવા લાગી, જાણે કોઇની રાહ જોતી હોય ? વાત પણ તેવીજ બની. બહાવદીનખાને જોયું કે, અંધારામાં એક બીજો આદમી નીકળ્યો તે સ્ત્રી હતી કે પુરૂષ તે જણાયું નહિ. તેનું શરીર પણ કાળા વસ્ત્રથી ઢાંકેલું હતું. બંને જણા એક બીજાની સામે વાતો કરવા લાગ્યા. શું વાતો કરતા હતાં તે બહાવદીનખાન સમજી શક્યો નહિ તથાપિ એટલું માલુમ

પડયું કે, એ બંનેમાં વાતો ચાલી રહી છે. બીજું તેણે એ જોયું કે, બીજા માણસે પેલીના માથાનું કપડું પકડીને ખેંચ્યું, તેણે પોતાના કપડામાંથી એક લાંબો છરો કાઢયો તે છરો અંધારામાં પણ ચળકી ઉઠયો. એક બીજું ખૂન થવાનો દેખાવ જોઇને બહાવદ્દીનખાન બોલ્યો " અરે–અરે–શું કરો છો ? " સ્ત્રી તેના અવાજથી ચોંકી અને જોરથી પોતાના માથાનું કપડું તેના હાથથી છોડાવીને નાઠી. બહાવદ્દીનખાને જોયું કે, કપડાનો કંઇક ભાગ તે આદમીના હાથમાં રહી ગયો છે. તે પણ અંધારામાં ગેબ થઇ ગયો. તે રાત્રે કોટડીમાં ભારે કોલાહલ મચી રહ્યો. તે સ્ત્રી નાશીને કોટડીની બાજુપર જઇને ઉભી રહી હતી. તેને જોઇને કાળો તથા કેશર બંને ભય પામીને બુમ પાડી ઉઠયા કે, " અરે દોડો ! દોડો ! જીવ ગયો રે ? મુવા મુવા રે, અરે કોઇ મરતા બચાવો ? " બંને જણા એમ કહેતા ત્યાંજ ઉથલાઇ પડયા.

# પ્રકરણ ૭ મું.

## કૃષ્ણરાય અને બહાવદ્દીનખાન.

ગયા પ્રકરણમાં બતાવ્યાના બીજા દિવસે બહાવદ્દીનખાન ધારી પહોંચ્યો ત્યાં જતાની સાથે કૃષ્ણરાયને મળવા ગયો. પહેલાથી તેને ખબર મળી હતી કે, કૃષ્ણરાયની તબીઅત હવે ઘણી સારી છે. કાંઇ ભયંકર માંદગી નથી ફકત નબળાઇ છે. કૃષ્ણરાયના મકાન ઉપર જતાં કૃષ્ણરાયના નોકરે કહ્યું–" શેઠ માંદા છે કોઇની મુલાકાત લેતા નથી. "

બહાવદીનખાન—" જાઓ ખબર આપો કે, ઘણુંજ જરૂરી કામ છે. એકદમ મુલાકાત કરવાની જરૂર છે. નોકર એકદમ દોડયો ગયો અને કૃષ્ણુરાય મુલાકાત આપવાને ખુશી છે તેવા ખબર લઇ આવ્યો. બહાવદીનખાન કૃષ્ણુરાયને ઓળખતો હતો પણ કૃષ્ણુરાય બહાવદીનખાનને ઓળખતો નહોતો. અંદર ગયા પછી કૃષ્ણુરાયે કહ્યું–" આપ મને મળવા માગતા હતા ? "

બહાવદીનખાન—" હાજી, એટલા માટે તો આવ્યો છું ! "

કૃષ્ણુરાય—" આપનું આગમન કારણુ જણાવશો ?."

બહાવદીનખાન—" આપ આજ જેતપુર જાઓ છો ? "

કૃષ્ણુરાય—" આપને કોણે કહ્યું ? "

બહાવદીનખાન—" કોઇએ કહ્યું છે તેથી કાંઇ કહેતો નથી, આપે સાંભળ્યું હશે કે, આપના ભાઇ રામ-રાય રજા મેળવી આજે જેતપુર ગયા છે અને આપને પણુ ત્યાં બોલાવ્યા છે." કૃષ્ણુરાય ચોંકીને તેનું મોઢું જોવા લાગ્યો. તે જોઇને બહાવદીનખાન બોલ્યો—" એ તો આપ સમજો છો કે નહિ, હું બધી વાતની ખબર રાખું છું."

કૃષ્ણુરાય—" આપ કોણુ છો ? "

બહાવદીનખાન—" મારૂં નામ તો બહાવદીન છે. આપે કદિ સાંભળ્યું પણુ નહિ હોય."

કૃષ્ણુરાય—" આ બધી વાતો તમે મને શા માટે કહો છો ?"

બહાવદીનખાન—" આપના ભલાને માટે કહું છું."

કૃષ્ણુરાય—" આપના કહેવાની મતલબ મારા સમજવામાં બીલકુલ આવતી નથી."

બહાવદીનખાન—"આ વખતે તે બધી વાતો સમજવાની કાંઇ જરૂર નથી. અને મને પણ બધી વાત કહેવાની ફુરસદ નથી. મુદ્દાની વાત એ છે કે, આપ ક્યાંઇ આ વખતે ધારી છોડીને જાવા માગતા નથી ને ?"

કૃષ્ણુરાય—"કેમ સાહેબ ! આપ બધી વાત કરનાર કોણ છો ?"

બહા૦—"આપની ઇચ્છા રહેવાની નહિ હોય તો પણ આપને જબરજસ્તીથી રાખવામાં આવશે."

કૃષ્ણુરાય—"ખબરદાર ! મારી સાથે જબરજસ્તી કરવા વાળો છે કોણ ? જીભ વશ રાખીને નહિ બોલો તો.—"

વચમાંજ બહાઉદીનખાન બોલી ઉઠયો—"આપ ગભરાઓ નહિ, હું એક સાધારણ ડીટેકટીવ છું. આ સાવિત્રીના ખૂનના કેસની તપાસ કરવાનું કામ મને મળ્યું છે." ડીટેકટીવનું નામ સાંભળીને કૃષ્ણુરાય દિગમુઢ બની ગયો. ઘણા ભયથી તેના સામે જોવા લાગો. પાછો બહાવદીનખાન બોલવા માંડયો-"હું પોલીસમાં કામ નથી કરતો પણ તપાસ ઉપરથી જે કાંઇ મેં જાણ્યું છે, તે હકીકતના આધારે પોલીસમાં હું આપને રોકી શકીશ."

કૃષ્ણુરાય—"તો શું આપને ખબર નથી કે, તેણે પોતાનો ગુન્હો કબુલ કર્યો છે ?"

બહા૦—"હાજી, કહેવામાં આવે છે કે, તેમણે ખૂન કીધું છે. બધો ગુન્હો તેમણે પોતાના ઉપર ઓઢી લીધો છે."

કૃષ્ણુરાય—"શું આ ખૂનમાં આપ મને સપડાવવા માગો છો?"

બહા૦—"નહિ, હું કાંઇ કરવા માગતો નથી. ફક્ત જરૂર એટલી છે કે, જ્યાં સુધી આપના ભાઇના મુકદમાનો નિકાલ ન આવી

જાય, ત્યાં સુધી આપ ધારીમાંથી ક્યાંઇ પણ જશો નહિ. ”

કૃષ્ણુરાય—“ સારૂં, પણ આપની વાત ન સાંભળું તો ? ”

બહા૦—“ ત્યારે લાચાર થઇને આપને કેદ કરવા પડશે. ”

કૃષ્ણુરાય—“ આપ પોલીસમાં કામ નથી કરતા તો શું તેની તપાસ-બાતમી મેળવવાનું કામ કરો છો ? ”

બહા૦—“ એ બધું કહેવા અને સાંભળવાની આ વખતે જરૂર ગમે તેટલી હોય પણ મને ફુરસદ નથી. આપ મારી વાત સમજી ગયા કે નહિ ? ” આ સાંભળીને કૃષ્ણુરાય મોઢેથી કાંઇ પણ બોલ્યો નહિ, તે ચુપચાપ કાંઇ શોચવા લાગ્યો જ્યારે ઘણા વખત સુધી ચુપ રહ્યો ત્યારે બહાવદીનખાન બોલ્યો-“ કહો આપ શું ઇચ્છો છો મારી વાત માન્ય કરીને ક્યાંઇ નહિ નાસતા જેમના તેમ પડયા રહેજો નહિતર મારે પોલીસને કહીને તમને રોકવા પડશે. જો નહિ નાસવાનો વાયદો કરો તો હું આપના મકાન ઉપર ફકત નજર રાખીશ અને કોઇને કોઇ જાતની ખબર પણ પડવા નહીં દઉં. ”

કૃષ્ણુરાય—“ જ્યારે આપ કહો છો ત્યારે બીજો ઉપાય શું છે ? ભલે હું તે પ્રમાણે કરીશ. ”

બહા૦—“ તો આપ એમ કબુલ કરો છો કે, આ મકાન છોડીને ક્યાંઇ નહિ જાઓ ? ”

કૃષ્ણુરાય—“ ક્યાંઇ નહિ જાઉં. ”

બહા૦—“ બસ તો બીજી વાતો બીજી વખત આવીશ ત્યારે કહીશ. ”

એટલું કહીને બહાવદીનખાન ચાલ્યો ગયો અને કૃષ્ણુરાય ભારે ગમગીનીમાં પડયો.

# પ્રકરણ ૮ મું.

## ન્યાય મંદિરમાં જીવતી જાગતી સાવિત્રી.

રામરાય સાહેબનો મુકદમો શરૂ થઇ ગયો, તેણે અદાલતમાં પોતાનો અપરાધ કબુલ કર્યો હતો. પોતાના વકીલ તથા બહાવદીખાનના ઘણા સમજાવવા પછી તેણે પોતાને એ કસુર કર્યો હતો. મશહુર બેરિસ્ટર ગુલામ મહંમદ મુન્સી સાહેબ તેના તરફથી નક્કી થઇ ખાસ રાજકોટથી આવ્યા હતા. બહાવદીનખાનના બહુજ સમજાવવા પછી રામરાયે જડજ અને જુરીની સન્મુખ પોતાને બીન ગુન્હેગાર જાહેર કીધો, પણ તેણે એક વાયદો કીધો હતો કે, કોઇ રીતે કૃષ્ણરાયને આ ખુનમાં લપેટવો નહિ. તેને સાવિત્રીની સાથે જે લાગતું વળગતું હતું તે જાહેર નહિ કર્યું. એ વાત ઉપર મુન્સી સાહેબે કહ્યું કે, તેથી તો મામલામાં કંઇ સફળતા જણાતી નથી સાવિત્રીના ખુનના ઝપાટામાંથી કૃષ્ણરાયને બચાવવાને માટે જ્યારે તેણે ખુન કીધું છે. ત્યારે આથી શું બને ? ખેર છે. મુકદમો શરૂ થઇ ગયો. લોકોથી કચેરી ઠસોઠસ ભરાઇ ગઇ, આટલી બધી ગીરદીમાં કૃષ્ણરાય અને બહાવદીનખાનનો પતો ન લાગ્યો કે તે કયાં ઉભા છે !

સરકારી વકીલ નંબરવાર સાક્ષીઓને પોકાર કરાવવા લાગ્યો. પેલી અદાલત વખતે જે માણસો જુબાની આપી ગયા હતા તેનો આજે ક્રોસ કરવામાં આવ્યો, સાક્ષીદારોથી એમ સાબીત થયું કે

ઝરના પુલમાંથી જે લાસ મળી હતી તેના કપડાં તથા ઘરેણાંથી માલુમ પડયું કે, તે લાસ સાવિત્રી નામની સ્ત્રીની હતી. જે ખીજા-ડીએથી ટ્રેનમાં બેસી તેના બાપને ઘેર ધારી જવા રવાના થઇ હતી. એ પણ સાબીત થયું કે, તે ગાડીમાં રામરાય સાહેબ પણ હતા. તે સ્ત્રીના ગળામાં એક હાર હતો, તે હારના માટે કોઇએ તેનું ગળુ દબાવીને પકડયું હતું. તેનો તેના ગળામાં ડાઘ હતો, વળી તે તુટેલો વીખરાયેલો હાર પણ પુલની પાસેથી મળ્યો હતો. સાબીત થયું કે, એક સોનીએ તે હાર રામરાય સાહેબના માટે બનાવ્યો હતો. સાવિ-ત્રિના ધણી ગુણવંતરાયે કહ્યું છે કે, તે હાર સાવિત્રી પોતાના બાપને ઘેરથી લાવી હતી. રામરાય સાથે સાવિત્રીને સંબંધ જરૂર હતો. નહિ તો આવો કીંમતી હાર તે કયાંથી મેળવવાની હતી. તેના બાપની સ્થિતિ તેવી નહિ હતી.

હવે ગુન્હેગારના તરફથી શું બોલવામાં આવે છે, તે સાંભળ-વાને માટે ન્યાય મંદિરમાં એકઠા થયેલા બધા માણસો મુન્સી સાહે-બના તરફ એકી ટશે જોઇ રહ્યા હતા. તે વખતે મુન્શી સાહેબ ઉઠયા. તે પોતાના સાક્ષી નંબર ૧ વૃદ્ધ પ્રસન્નરાયના વૃદ્ધ પાડોશીને બોલાવીને જુબાની લેવા લાગ્યા.

મુન્સી—" આપ પ્રસન્નરાયને ઓળખતા હતા ? "

સાક્ષી—" હાજી ઘણી સારી રીતે. "

મુન્સી—" આપ તેને ઘેર બરાબર જતા આવતા હતા ? "

સાક્ષી—" દિવસમાં બે વખત તેની મુલાકાત લીધા વિના અમને બંનેને ચેન પડતું નહીં. "

મુન્સી—" આપ તેનું લખેલું બરોબર રીતે ઓળખી શકો છો ? "

સાક્ષી—" ઘણી સારી રીતે ઓળખું છું."

મુન્સી—" સારૂં, જુઓ આ કોણનું લખેલું છે ?"

સાક્ષી—" આ પ્રસન્નરાયના હાથનું લખેલું છે."

મુન્સી—" ઘણી સારી રીતે ઓળખો છો ?"

સાક્ષી—" હાજી સાહેબ ! ઘણી સારી રીતે જાણું છું. રાત્રી દિવસ તેનું લખેલું જોતો રહેતો હોઉં ને !"

મુન્સી—" સારૂં વાંચો શું લખેલું છે ?"

સાક્ષી વાંચવા લાગ્યો " મેં ઘેર આવીને મારી દીકરીને જોઇ."

મુન્સી—" આ વાત પ્રસન્નરાયે લખી છે ?"

સાક્ષી—" હાજી તે તેના હાથનું લખાણ છે."

મુન્સી—" તેની દીકરી સાવિત્રી તેને ઘેર નહિ હતી ?"

સાક્ષી—" તે દિવસે આવવાની હતી."

મુન્સી—" તો શું આથી એમ વાત જણાતી નથી કે મરતા પહેલા તેણે પોતાની દીકરી જોઇ હતી ?"

સાક્ષી—" હાજી આથી તો એમ જણાય છે."

મુન્સી—" બીજા માણસો કહે છે કે, તેની દીકરીને આ લખતા પહેલાં ઘણાજ વખત પહેલાં મારી નાખવામાં આવી હતી. તે વાત આ ચીઠીથી જણાઇ આવે છે ?"

સાક્ષી—" નહિ નહિ."

મુન્સી—" સારૂં જાઓ, હવે કાંઇ પુછવાનું નથી." એમ કહીને મુન્સી સાહેબે તેને રજા આપી. સરકારી વકીલે પૂછયું, " આ લખાણ પ્રસન્નરાયે તે દિવસે લખ્યું હતું, તે કેવી રીતે જાણવામાં આવ્યું ?"

સાક્ષી—" શોર બકોર સાંભળીને અમે બધા માણસો પ્રસન્નરાયના ઘેર ગયા. જોયું તો તે મરેલા હતા, તેની સામે એક લખાણ પડયું હતું. તેની શાહી પણ તાજી હતી."

સ૦ વકીલ—" તો આપને વિશ્વાસ છે કે, તેણે મરવાના થોડા વખત પહેલા આ લખાણ લખ્યું છે?"

સાક્ષી—" હાજી તેમાં કાંઇ શંકા નથી."

સ૦ વકીલ—" તો આપની કહેવાની મતલબ એવી છે કે, પ્રસન્નરાયની દીકરી મરી ગઇ નથી?"

સાક્ષી—" મને તો એવું માલુમ પડે છે."

રામરાય સાહેબના બેરિષ્ટર ગુલામ મહંમદ મુન્સી પાછા ફરીને ધીમે ધીમે ઉઠયા અને પોતાના કાગળ પત્રો ઉકેલીને બોલ્યા—" સારૂં, મારો બીજો સાક્ષી ગાડીનો ગાર્ડ છે."

જડજ—" આપ તેનાથી શું સાબીતી કરાવવા માગો છો?"

મુન્સી—પેલા સાક્ષીથી મેં બતાવી દીધું છે કે, સાવિત્રી તે રાતની ગાડીમાંથી ઉથલી પડીને નથી મરી. તેના ખુદ બાપે લખ્યું છે કે, ઘેર આવીને તેણે તેને જોઇ હતી. હવે આ સાક્ષીથી બતાવવા માગું છું કે, તે દિવસે તે ગાડીમાં ઝરથી ધારી સુધીમાં કોઇ સ્ત્રી નહિ હતી."

જડજ—" બોલાવો."

પોકાર સાંભળીને ગાર્ડ પીંજરામાં જઇને ઉભો રહ્યો. મુન્સીએ પૂછ્યું " આપ તે દિવસે તે ગાડીમાં ગાર્ડ હતા?"

ગાર્ડ—" હાજી હું હતો."

મુન્સી—" ગાર્ડની ફરજ છે કે, સઘળા સ્ટેશનોમાં ગાડીને સારી રીતે જોવી?"

ગાર્ડ—"હાજી, જરૂર."

મુન્સી—"આપે તે દિવસે રાત્રે ગાડી ઉપર સારી રીતે નજર રાખી હતી?"

ગાર્ડ—"જરૂર રાખી હતી"

મુન્સી—"ઝરથી ધારી સુધીમાં આપે તેમાં કોઇ સ્ત્રીને જોઇ હતી?"

ગાર્ડ—"નહિ કોઇ સ્ત્રી તે ગાડીમાં નહિ હતી."

મુન્સી—"એ વાત આપ ચોકસપણે કહી શકો છો?

ગાર્ડ—"હાજી, ચોકસપણે કહું છું. તેમાં જરા પણ સંદેહ નથી."

મુન્સી સાહેબના બેશી જવા પછી સરકારી વકીલ ઉહોને ક્રોસ કરવા લાગ્યા.

સ૦ વકીલ—"ઝરના ટિકિટ કલેકટર કહે છે કે, તેણે તેમાં એક સ્ત્રીને જોઇ હતી."

ગાર્ડ—"હાજી, બની શકે છે."

સ૦ વકીલ—"કેવી રીતે બની શકે છે?"

ગાર્ડ—"એક સ્ત્રી ખીજડીએથી ગાડીમાં બેડી હતી. મેં જોઇ હતી તે ઝર સુધી હતી. તે પછી નહિ હતી."

સ૦ વકીલ—"તો આપ કહી શકો છો કે, તે ઝરમાં ઉતરી ગઇ!"

ગાર્ડ—"જરૂર"

સ૦—"કોઇએ તે રાતના તેવી સ્ત્રી નહિ જોઇ?"

ગાર્ડ—"ગાડીને રજા આપવાને માટે સીટી બજાવીને જ્યારે હું બધા ડબા ઉપર નજર કરતો મારી બ્રેકમાં જઇ બેઠો ત્યારે જે

ગાડીમાં તે એકલી સ્ત્રી બેઠી હતી તેમાં તેને નહિ જોઇ."

સ૦ વકીલ—" આપ એ નક્કીપણે કહી શકો છો ?"

ગાર્ડ—" હાજી ખૂબ નક્કી કરીને કહું છું."

એ વખતે કોઇ બહારથી જલદી જલદી પગ ઉપાડતો ન્યાય મંદિરમાં આવવા લાગ્યો. ચારે તરફ એવી ચુપકીદી પકડવામાં આવી હતી. કે, સોય પડવાનો પણ અવાજ સાંભળી શકાતો હતો. તે વખતે એક આદમી બધાને હડસેલતો હડસેલતો બેરિષ્ટરની ખુરશી તરફ જવા લાગ્યો અને એક કાગળ એક માણસના હાથમાં આપીને બોલ્યો કે, " બેરિસ્ટર મુન્સી સાહેબને આપો. " લોકોએ હાથોહાથ તે કાગળ મુન્સી સાહેબને પહોંચાડી દીધો, તેણે તેને અજવાળા તરફ ધરીને બે વાર વાંચ્યો. વાંચતાની સાથે ચહેરો પ્રસન્ન થઇ ગયો. હોઠ ઉપર હસવું આવી ગયું. શું બનાવ બન્યો તે કોઇ કાંઇ સમજી શકયું નહિ. બધા માણસો મુન્સી સાહેબનું મોઢું જોવા લાગ્યા તે આદમી શું લખી લાવ્યો હતો કે જે જોઇને મુન્સી સાહેબ ખુશી થઇ ગયા તે જાણવાને માટે બધા ધીરજ છોડવા લાગ્યા. સરકારી વકીલના બેસી જવા પછી મુન્સી સાહેબ ધીરે ધીરે ઉઠયા. જડજ સાહેબ પણ શું બન્યું તે જાણવાને માટે તેનું મોઢું જોવા લાગ્યા.

મુન્સી સાહેબે કાંઇક મોટા સાદે માથું ઉંચુ કરીને કહ્યું–" મારો ત્રીજો છેવટનો સાક્ષી " એટલું કહીને મુન્સી સાહેબે પાછળ ઉભેલા એક માણસ તરફ જોયુ.

જડજ—" હાં આપનો ત્રીજો સાક્ષી."

મુન્સી વાત કાપીને બોલ્યા " મારો ત્રીજો સાક્ષી ખુદ સાવિત્રી છે."

સાવિત્રીનું નામ સાંભળીને બધા માણસો ચોંકી ગયા, અને એ સાવિત્રી કોણ છે? બધા માણસો અંદરો અંદર કહેવા લાગ્યા, કોણ સાવિત્રી છે ભાઇ! જડજથી માંડીને કચેરીમાં બેઠેલા સાધારણ માણસો સાવિત્રીના નામથી વિસ્મય થઇને મુન્શી બેરિસ્ટર તરફ જોવા લાગ્યા, બધા સાવિત્રીને જોવાને માટે દરવાજા તરફ જોવા લાગ્યા.

સરકારી વકીલે ઉઠીને કીધું—"મારા વિદ્વાન બેરિસ્ટર સાહેબ સાવિત્રીનું નામ લઇને ઉભા થઇ ગયા. પરંતુ સાવિત્રીને બોલાવે છે કે નહિ તે કાંઇ સમજ્યામાં આવતું નથી."

મુન્સી સાહેબ હસીને બોલ્યા—"ગભરાઓ નહિ. હમણાંજ તે આપની સામે આવે છે."

જે માણસે બેરિસ્ટર સાહેબને કાગળ મોકલ્યો હતો, તે ખુદ બહાવદીનખાન હતો. તે ભીડમાંથી મહા મુશ્કેલીએ બહાર ગયો હતો બધાએ જોયું કે, દુરથી એક પાલખી સાથે લઇને તે ચાલ્યો આવે છે. ન્યાય મંદિરના દરવાજા ઉપર પહોંચીને તેણે પાલખી ઉતારવાનો હુકમ કર્યો. અને પોતે ભીડમાં થઇને મુન્શી સાહેબ પાસે જઇને તેના કાનમાં કાંઇક કહ્યું, તે ઉપરથી મુન્સી સાહેબે જડજ સાહેબને કહ્યું"મારો સાક્ષી પડદેનશીન સ્ત્રી છે. તેને પાલખીમાં બેઠા બેઠા જુબાની દેવાની આપ નામદારને નમ્રતા પૂર્વક અરજ કરૂં છું."

સરકારી વકીલ—"જાણવું જોઇએ કે, તે સ્ત્રી કોણ છે. અને શું જુબાની આપવાની છે?"

મુન્શી સાહેબ—"આપ જે સાવિત્રીનું ખૂન થયાનું બતાવો છો, તે સાવિત્રીને અમે આ પાલખીમાં હાજર કીધી છે." તે વાતથી ન્યાય મંદિરમાં ફરી શોર મચ્યો. બધા માણસો ધીરે ધીરે

કહેવા લાગ્યા તો શું સાવિત્રીનું ખૂન નથી થયું. આટલા દિવસ તે કયાં હતી! તે લાશ કોની મળી હતી! તેના લીધે બધામાં ખળભળાટ મચી રહ્યો,

સ૦ વકીલ—"મેં સાક્ષીઓથી પુરવાર કરી આપેલું છે કે, ખીજડીઆથી ગાડીમાં બેઠી હતી, તે પછી લાશ ઝરના પુલમાંથી મળી હતી. મારા વિદ્વાન બેરિસ્ટર સાહેબ કહે છે કે, એજ સાવિત્રીને પાલખીમાં લાવ્યા છીએ જે સાવિત્રીને લીધે આ મુકદ્દમો ચાલે છે તે સાવિત્રી એજ છે કે નહિ! પહેલા તેની ખાત્રી કરવી ખાસ જરૂરી છે."

મુન્શી સાહેબ—"હાજી, જરૂર અમે સાબીત કરી આપશું કે જેને પાલખીમાં લાવવામાં આપેલ છે તે પ્રસન્નરાયની પુત્રી છે."

સ૦ વકીલ—"અને ગુણુવંતરાયની સ્ત્રી!"

મુન્શી૦—"જરૂર."

સ૦ વકીલ—"હું નથી કહી શકતો કે, રામરાયના પાસેથી રૂપિયા લઇને તેની તરફદારી કરવાની આ તૈયારી છે કે નહિ?"

મુન્શી—"મારા વિદ્વાન વકીલ સાહેબ જે જણાવે છે તે બીલકુલ અન્યાયી છે."

જડજ સાહેબ—"એ બધી વાતોની આ વખતે કાંઇ જરૂર નથી. આ વખતે તો એટલુંજ સાબીત કરવાનું છે આ સાવિત્રી ખુન વાળી સાવિત્રી છે?"

આરોપીના બેરિસ્ટરે ગુણુવંતરાયનો પોકાર કરાવ્યો. જોતજોતામાં તે કચેરીમાં આવ્યો અને પાંજરામાં જઇ ઉભો રહ્યો. આરોપીના બેરિસ્ટરે કહ્યું—"ગુણુવંતરાય આપ જાઓ તે પાલખીમાં જોઇ આવો. તેમાં આપની સ્ત્રી છે કે કોઇ બીજું છે?"

ગુણવંતરાય ત્યાંથી પાછો ફરીને પાલખીની પાસે ગયો અને વાંકો વળીને તેણે પાલખીમાં મોઢું ઘાલ્યું. જોઇને બહાર મોઢું કાઢ્યું અને અદાલતના પીંજરામાં આવીને બોલ્યો–"હાજી, મારી સ્ત્રી છે."

બેરિસ્ટરે મશ્કરી કરીને કહ્યું—'હું હવે કહી શકું છું કે, કોર્ટને હવે વધુ ખાત્રીની જરૂર નથી. આ મામલામાં તેથી વધુ મજબુત ખાત્રી બીજી કોઇ પણ હોઇ શકતી નથી. ઉમેદ છે કે, હવે મુકદ્દમો પુરો થયેલો માનવામાં આવશે. કેમકે જેનું ખુન કરવાના ગુન્હા માટે આરોપીને પીંજરામાં ઉભો કરવામાં આવ્યો છે તે સ્ત્રી જીવતી જાગતી પાલખીમાં બેઠેલી ન્યાય મંદિરમાં મોજુદ છે."

સ૦ વકીલ—"ઉતાવળા થાઓ નહિ. જુઓ આરોપી ભારે શ્રીમંત માણસ છે રૂપિયાથી બધું થઇ શકે છે. ગુણવંતરાય એક ગરીબ માણસ છે તે રૂપિયાના લોભમાં પડીને આરોપીનો પક્ષ લે તેમાં કાંઇ આશ્ચર્યની વાત નથી. આ સ્ત્રી પ્રસન્નરાયની દીકરી છે તેવી સાબીતી જોઇએ. ચોકસ ખાત્રી થયા સિવાય આ સ્ત્રીને હું સાવિત્રી કબુલ કરી શકતો નથી."

મુન્શી સાહેબ—"જ્યારે ખુદ સાવિત્રીનો ધણી એમ કહે કે તે મારી સ્ત્રી છે. ત્યારે મારી સમજમાં આવતું નથી કે, મારા વિદ્વાન વકીલ સાહેબ કેવા પ્રકારની સાબીતી માગે છે?"

સ૦ વકીલ—"આ ફરિયાદીએ લાશની ચીજો જોઇને કહ્યુ હતું કે, મારી સ્ત્રી છે. તેવા માણસની વાત ઉપર કેવી રીતે વિશ્વાસ રાખી શકાય?"

જડજ—"અહીં એવો કોઇ આદમી છે કે, જેણે આ સ્ત્રીને કોઇ દિવસ જોઇ હોય."

સ૦ વકીલ—"હમણાંજ પ્રસન્નરાયના પાડોશીની સાક્ષી લેવાણી હતી. તેણે જરૂર પોતાના પાડોશીની દીકરીને જોઈ હોવી જોઇએ. તેને બોલાવો." તુરતજ તેને બોલાવવામાં આવ્યો તે પાછો પીંજરામાં ઉભો રહ્યો સરકારી વકીલે પુછ્યું. "આપે પ્રસન્નરાયની દીકરીને જોઇ છે"

પાડોશી—"હજારોવાર જોઈ છે."

સ૦ વકીલ—"આપ તેને ઓળખો છો?"

પાડોશી—"ખુબ ઓળખું છું."

સ૦ વકીલ—"સારૂ, આપ જોઇ આવો, તે પાલખીમા સાવિત્રી છે કે નહિ?"

પાડોસી પાલખી પાસે જઇ જોઇને પાછો પીંજરા તરફ આવ્યો તેને સરકારી વકીલે પૂછ્યું-"જોઇ આવ્યાં? તે સાવિત્રી છે?

પાડોશી—"જી, સાહેબ"

સ૦ વકીલ—"જી, સાહેબ નહિ, આપ સાફ બતાવો કે, તેમાં સાવિત્રી છે કે નહિ?"

પાડોશી—"જી સાહેબ તે તો—"

સ૦ વકીલ—"ફરીને વળી સાહેબ, સાહેબ કહેવા લાગ્યા?"

પાડોશી—"હું તો એમ કહું છું કે, તે નથી."

એટલું સાંભળીને માણસોએ શોર બકોર શરૂ કીધો. બધા માણસો અંદર અંદર કહેવા લાગ્યા—"ત્યારે આ સ્ત્રી કોણ છે કે જેને ગુણવંતરાય પોતાની સ્ત્રી કહે છે?"

જડજ સાહેબે પણ આશ્ચર્ય પામીને પુછ્યું—"તેની શું મતલબ છે?"

આરોપીના બેરિસ્ટર મુન્શી સાહેબ બોલ્યા—" આ માણસ કેવા કારણથી આમ કહે છે તે સમજાતું નથી. પ્રસન્નરાય જીવતા નથી નહિ તો તે દેખતાંની સાથે કહી દેત કે, તે પોતાની દીકરી છે. જ્યારે તેનો ધણી એમ કબુલ કરે છે કે, મારી સ્ત્રી છે ત્યારે બીજી સાબીતીની શી જરૂર છે ? "

સ૦ વકીલ—" ગુણવંતરાય ખુબ રૂપિયા લઇને બીજી સ્ત્રીને પોતાની સ્ત્રી કહીને કબુલ કરે તેમાં સંદેહ કે આશ્ચર્ય શું છે ? "

જડજ—" કાંઇ ફીકર નહિ. એ સ્ત્રીને ઘણા માણસો ઓળખતા હશે. તેને જરૂર બોલાવવી જોઇએ. વળી હું પણ એક વાત પુછવા માગું છું. "

મુન્શી—" આપને જે ઇચ્છા હોય તે પુછો. પરંતુ તે જાણવું જોઇએ કે, તે સારા ઘરની સ્ત્રી છે. આપને જવાબ પાલખીમાંથી આપશે. "

સ૦ વકીલ ઉછળીને બોલ્યા—" વાહ, એક એટલા મોટા અને આબરૂદાર માણસની ઉપર ખુનની આફતનો મુકદમો છે કે જેની પાસે તે સ્ત્રી તેથી વધુ આબરૂદાર નથી, કે જે કોર્ટની અંદર જુબાની નહિ આપી શકે. "

મુન્શી—" મારા વિદ્વાન મિત્ર તેને માટે આટલો બધો આગ્રહ શા માટે કરે છે, તે સમજવામાં આવતું નથી. "

સ૦ વકીલ—" પહેલા તો નહિ પરંતુ હવે હું હઠ કરૂં છું કે, તે પાલખીમાં કોઇ છેજ નહિ. "

મુન્શી સાહેબ રીસે ભરાયા બધા માણસો દિલગીર થઇને પાલખીની તરફ જોવા અને કહેવા લાગ્યા—" અરે તો શું આ પાલખી ખાલી હશે ? "

જડજ—"સારૂં તે સ્ત્રીને જણાવો કે, પાલખીમાંથી નીકળી પાંજરામાં આવે. હું તેને કાંઇક પુછું."

આરોપીના બેરિષ્ટર ઉઠતા હતા તથાપિ મશ્કરી કરીને તેણે અલ્લાવદીનખાનની તરફ કાંઇક ઇસારો કીધો. બહાવદીનખાને ઝટ બહાર જઇને પાલખીનો પડદો ઉઘાડયો. એક સ્ત્રી ઘુંઘટથી મોઢું ઢાંકીને તેમાંથી નીકળી અને ધીમે ધીમે કોર્ટમાં આવી. બધાએ તેને રસ્તો કરી આપ્યો તે આવીને પાંજરામાં ઉભી રહી. સરકારી વકીલે પુછ્યું—"ઘુંઘટ ખોલવાનો હુકમ આપવો જોઇએ" આરોપીના બેરિસ્ટરે ખીજવાઇ જઇને કહ્યું—"આ ભારે અન્યાયની વાત છે. હું તેને પસંદ નથી કરતો મને તેમાં ભારે વાંધો છે."

સ૦ વકીલ—"તેથી તેની ઓળખ બરોબર થશે. તેનું મોઢું ગુણવંતરાય સામે ઉઘાડવામાં કાંઇ હરકત નથી. તેવી રીતે કરવામાં કંઇ વાંધો નડશે નહિ."

જડજ સાહેબે શીરસ્તેદારને કહ્યું—"સારૂં, તેને પુછો, બે ત્રણ મિનિટ માટે તેનો ઘુંઘટ ખોલવામાં કાંઇ હરકત છે?"

શીરસ્તેદારના કહેવાનો તેણે કાંઇ જવાબ તો નહિ દીધો. તથાપિ ધીરે ધીરે ઘુંઘટ કાઢી નાંખ્યો. હવે બધાએ જોયું કે, એક ઘણીજ ખુબસુરત યુવતી ઉભી છે. જડજ સાહેબે ઘણી તેજ નજરથી તેના સામું જોયું, ચહેરો સારી રીતે જોઇને તે સમજ્યા કે, આ સ્ત્રી સાથે આરોપીને કાંઇ સંબંધ નથી. જો હોત તો તેનો ભાવ જરૂર કાંઇક બદલતો જણાત. તેણે કદિ આ સ્ત્રીને જોઇ પણ નથી. સ્ત્રીનો ચહેરો નહિ બદલતાં એકવાર તેણે રામરાય સામું જોઇને માથું નીચું કરી લીધું.

જડજ—"તમારૂં નામ શું છે."

સ્ત્રી—" મારૂં નામ સાવિત્રી છે."

જડજ—" બાપનું નામ ?"

સ્ત્રી—" પ્રસન્નરાય "

જડજ—" તમારા લગ્ન થયા છે ?"

સ્ત્રી—" હાજી, "

જડજ—" તમારા સ્વામીનું નામ ?"

સ્ત્રી—" સ્વામીનું નામ લેવાનો અમારામાં રિવાજ નથી."

જડજ—" તથાપિ આહીં લેવું પડશે."

સાવિત્રીએ તેનો જવાબ નહિ આપ્યો. વારંવાર પુછવા છતાં પણ નહિ બોલી. સરકારી વકીલે કહ્યું—" કાંઇ ફીકર નહિ. ગુણવંતરાયને બોલાવીને પુછી જુઓ." ફરી વખત ગુણવંતરાયને બોલાવામાં આવ્યો તેને પુછવામાં આવ્યું—" તમે આને તમારી સ્ત્રી કહી છે ને."

ગુણ૦—" હવે તો કાંઇ સંદેહ માલુમ પડે છે,"

જડજ—" શું સંદેહ ?"

ગુણ૦—" અહીં અજવાળામાં હું જોઉં છું તો ચહેરો સાફ નજર પડે છે ત્યારે મને સંદેહ માલુમ પડે છે,"

જડજ—" સંદેહ કઇ વાત ઉપર થયો છે ?"

ગુણ૦—" મારી સ્ત્રી આટલી મોટી નથી."

જડજ સાહેબ ખીજવાઇ જઇને બોલ્યા—" બોલો તેનો ફરીથી ઘુંઘટ ખોલે."

તે સ્ત્રીએ ઘુંઘટ ખોલી દીધો.

જડજ—" સારી રીતે જુઓ આ તમારી સ્ત્રી છે ?"

ગુણ૦—" આતો મારી સ્ત્રી—"

જડજ—"હાં આ તમારી સ્ત્રી છે કે નહિ?"

ગુણુ૦—"આતો મારી સ્ત્રી છે નહિ."

જડજ—'શું કીધું?"

ગુણુ૦—"મારી સ્ત્રી નથી."

જડજ સાહેબે સ્ત્રીને પૂછ્યું—"આ તમારો ધણી છે?"

સ્ત્રીએ માથુ હલાવ્યું. સરકારી વકીલ બોલ્યો—"તો શું આ તમારો પતિ નથી? તેની સાથે તમારે કાંઇ સંબંધ છે?"

સ્ત્રી—"હાજી"

સ૦ વકીલ—"એ તમારે શું થાય?"

સ્ત્રી—"એ મારા બનેવી થાય છે."

સ૦ વકીલ—"તો તમારી જે બહેન છે તે ક્યાં છે, તે મરી ગઈ?"

સ્ત્રી—"નહિ જીવતી છે."

એટલું સાંભળતાની સાથે કોર્ટમાં ફરીને ગડબડાટ મચ્યો. જડજ સાહેબે નારાજ થઇને કોર્ટ બંધ કરી દીધી. અને આખા અમરેલીમાં સાવિત્રીના કેસની ઘેરઘેર ચર્ચા ચાલુ થઇ ગઇ.

---

# પ્રકરણ ૯ મું.

## કૃષ્ણરાયની પુછપરછ.

કોર્ટ બંધ થવા પછી બહાવદીનખાન તે સ્ત્રીને પાછી પાલખીમાં બેસાડીને પોતાની સાથે લઇ ચાલ્યો. માણસોના ટોળાના

ટોળાં તેની આજુબાજુ ઘેરાયલા રહેતા હતા, તેને વીખેરવાને ઘણો પ્રયત્ન કીધો પણ તેમાં તે ફતેહ મેળવી શકયો નહિ. સ્ટેશને જઇને તે સ્ત્રીને-સાવિત્રીને-ગાડીમાં બેસાડીને પોતે પણ બેસી ગયો, તે લોકોની પાસે પાસ હતો તેથી કોઇને માલુમ નહિ પડયું કે તે કયાં જાય છે. તેજ રા બહાવદીનખાન ધારી જઇ પહોંચ્યો અને કૃષ્ણરાયને મળ્યો. તે મનમાં એમ સમજયો હતો કે, તે બીકનો માર્યો નાશી ગયો હશે પણ ત્યાં જઇને જોયું તો બીકને લીધે તે સુકાઇ ગયો છે. તેને નાસવાની હીંમત નહોતી રહી.

બહાવદીનખાન—"આજે મુકદ્દમો મુલતવી રહ્યો છે. મેં ઝરથી એક સાવિત્રોને ઉભી કીધી હતી. જોવાથી એમ માલુમ પડે કે આબે-હુબ તે બીજી સાવિત્રીજ છે. આપ તેની બાબતમાં જાજું થોડું પણ જાણો છો."

કૃષ્ણરાય—"હું, હું જાણું—"

બહાવદીનખાન—"હાજી આપ જાણો છો, તે સાવિત્રીની સાથે પણ આપને ઓળખાણ છે. આપ ખુનવાળી રાત્રે ઝર તેને ઘેર ગયા હતા અને—"

કૃષ્ણરાય—"હું, હું ગયો—"

બહાવદીનખાન—"સાંભળો. આપ મારી પાસે જુઠું બોલશો નહિ, આપ ખુનવાળી રાત્રે ત્યાંથી પાછા આવ્યા હતા."

કૃષ્ણરાય—"નહિ જુઠી વાત છે. કોઇએ મને જોયો હતો!"

બહાવદીનખાન—"જોવાની વાત શું કરવા કરવી જોઇએ? તેના પૂરાવા છે. આપને પોતાને માલુમ છે કે, તે દિવસે રામરાય પણ આપની ખોળ માટે ઝર ગયા હતા,"

કૃષ્ણરાય—"તે તો હું નથી જાણતો."

બહાવદીનખાન—"આપનું ખુન કરવાની કોશીશ કોણે કરી હતી?"

કૃષ્ણરાય—"તે હુ કેવી રીતે જાણું! પાછળથી મારા માથા ઉપર કોઇએ લાકડી મારી હતી."

બહાવદીનખાન—"આપ વાત કોની સાથે કરતા હતા? મુળીઆને આપે માર્યો હતો?"

કૃષ્ણરાય—"તે બધી વાત હું આપને કેમ કરી કહું!"

બહાવદીનખાન—"આપનો ભાઇ ફાંસી જાય તે કબુલ, પણ સાચી વાત નહિ કહો કેમ?"

કૃષ્ણરાય—"હું કાંઇ જાણતો નથી."

બહાવદીનખાન—"કાંઇ ફીકર નહિ. આપ નહિ બતાવો તો પણ હું જાણી લઇશ. પરંતુ આપના ઉપર કાંઇક સાબીતી મળશે ત્યારે હું આપના ઉપર દયા નહિ કરૂં?"

કૃષ્ણરાયે કાંઇ પણ જવાબ નહિ દીધો. બહાવદીનખાને કહ્યું—"આપને આજ રાત્રે મારી સાથે અમરેલી આવવું પડશે."

કૃષ્ણરાય—"હું આવીને શું કરીશ?"

બહાવદીનખાન—"આવવું પડશે, જરૂર છે."

કૃષ્ણરાય—"હું નહિ આવું?"

બહાવદીનખાન—"ત્યારે તો મારે પોલીસ મારફત કામ લેવું પડશે."

કૃષ્ણરાય—"મેં શું ગુન્હો કીધો છે કે, પોલીસ મને પકડશે?"

બહાવદીનખાન—"ગુન્હો એ છે કે, બદમાસોની ટોળીએ એક સ્ત્રીનું ખૂન કીધું છે. તે લોક રામરાય સાહેબને ફાંસી દેવડાવી તેની

બધી મીલકત પોતાને હાથ કરવા માગે છે અને તમે ગુપ્ત રીતે તેમને મદદ કરો છો."

કૃષ્ણુરાયનું મોઢું એકદમ સુકાઇ ગયું, હોઠો કોરા થઇ ગયા, લથડતા અવાજે બોલ્યો—"જુડી વાત છે."

બહાવદીનખાન ગંભીર પણે બોલ્યો—'કૃષ્ણુરાય! મારાથી કાંઇ પણ છુપાવવાની કોશીશ કરો નહિ. હું બધું જાણું છું?"

કૃષ્ણુરાય--"મેં આપની પાસે શું છુપાવ્યું છે."

બહાવદીનખાન--"આ વખતે મને નકામી વાતો કરવાનો વખત નથી. સવારની ગાડીમાં હું જાઉં છું. આપ પણ તૈયાર રહેજો, આપને પણ આવવું પડશે?"

કૃષ્ણુરાય—"હું જઇને શું કરૂં."

બહાવદીનખાન--"તે બધું ત્યાં માલુમ પડશે?"

કૃષ્ણુરાય--"ત્યારે તો હું આપની સાથે નહિ જાઉં."

બહાવદીનખાન--"આપ જુદા રહેજો, હું પણ જુદો રહીશ. મુલાકાત થાય તો પણ આપ મારી સાથે કાંઇપણ વાત કરશો નહિ. સાંભળો, હું કહી જાઉં છું. નહિ સાંભળો તો તેનું ફળ આપને ભોગવવું પડશે, હવે હું જાઉં છું. આપ જાણો અને આપનું કામ જાણે. એટલું કહીને બહાવદીનખાન કૃષ્ણુરાયના ઘેરથી ચાલી નીકળ્યો, કે પાછળથી કોઇએ મધુર કંઠથી બોલાવ્યા—"સાંભળો તો" પાછા ફરીને તેણે જોયું તો ભાગેરથી ઉભી હતી.

ભાગેરથીએ ગભરાઇને પૂછ્યું--"તે છુટી જશે?"

બહાવદીનખાન—"જરૂર, જરૂર, આપ ગભરાઓ નહિ."

ભાગેરથી--"આપ પાછા કાલે અમરેલી જવાના છો કે?"

બહાવદીનખાન—"હાજી, સવારની ગાડીમાં જઈશ. કૃષ્ણુરાયને પણુ આવવાને માટે કહી આવ્યો છું."

ભાગેરથી—"તેને પણુ આવવાને માટે લખ્યું છે."

બહાવદીનખાન—"કોણે ?"

ભાગેરથી—"આ જુઓ, તેના માટે તો મેં આપને બોલાવ્યા હતા." કહીને ભાગેરથીએ બહાવદીનખાનના હાથમાં એક પત્ર આપ્યો. બહાવદીનખાને ઝટ ઉઘાડીને વાંચ્યો. તેમાં લખ્યું હતું કે, " ભાઇ કૃષ્ણુરાય ? જરૂર, જરૂર, અમરેલી આવવું. નહિ આવો તો ભારે આફત આવી પડશે-સ."

બહાવદીનખાન—"આ પત્ર આપને કયાંથી મળ્યો ?"

ભાગેરથી—"કૃષ્ણુરાયના ઓરડામાંથી. આપ નહિ મળ્યા હોત તો ટપાલમાં હું મોકલી આપત."

બહાવદીનખાન—"આપે ઘણું સારૂં કીધું, મારે ફક્ત રામરાયને બચાવવાના નથી, કૃષ્ણુરાયને પણુ બચાવવાના છે."

ભાગેરથી—"શું તો તે—"

બહાવદીનખાન—"બધી વાત બીજી વખત કરીશું, અત્યારે હું ભારે ગભરામણુમાં છું." એટલું કહીને બહાવદીનખાન ત્યાંથી ચાલ્યો ગયો.

બહાવદીનખાને ઘણી બાતમી મેળવી હતી, તો પણુ તે બધી વાત જાણી શકયો નહોતો. ભાગેરથીના કહેવાથી તે આ મામલામાં તપાસ કરી રહ્યો હતો, તેનો ભેદ મળવાથી તેમને ઘણી ખુશી ઉપજતી હતી. તે આ મામલામાં ખુબ જીવ લગાડીને કામ કરી રહ્યો

હતો. તપાસ ઉપરથી તેને એટલું માલુમ પડયું હતું કે, (૧) કૃષ્ણુરાય મોટા માણુસનો છોકરો છે તેના હાથમાં ઘણી મોટી સંપતિ આવવાની છે તેવો વિચાર કરીને બદમાસોની એક ટોળીએ તેને પોતાના હાથમાં લીધો છે, તે લોક રામરાય, કૃષ્ણુરાયની દોલત પોતાની કરવા ચાહતા હતા તથાપિ તેનો પતો નહોતો મળતો કે એ લોક કોણુ છે? (૨) રામરાય તે લોકોની ખબર જાણી ચુકયો છે જરૂર તેણે ખૂન કીધું નથી, બીજું કયા કારણે તે પોતાને બચાવવાની તજવીજ કરતો નથી, તે બહાવદીનખાનને માલુમ પડયું નહિ. ( ૩ ) ખોળ કરવાથી તેને એક નવી સાવિત્રી મળી હતી, તેને વળી એ પણુ ખબર મળી હતી કે, કૃષ્ણુરાય ખસુસ કરીને ઝર જાતો હતો. શા માટે જાતો હતો તે કોઇને ખબર મળી નહિ હતી. કયાં જાતો હતો તે પણુ કોઇને માલુમ નહિ હતું, કોઇએ તેના ઉપર વિચાર કીધો નહોતો. રાતની ગાડીમાં જાતો અને રાતના પાછો આવતો હતો. જાણુ પીછાણુવાળા આદમીઓની નજર ચુકાવીને તેનું આ આવવું જવું થતું હતું. બહાવદીનખાનને એ પણુ માલુમ પડયું હતું કે, રામરાય પણુ ઝર જતો હતો. તથાપિ પૂલની પાસે બંગલા બંધાય છે તેની દેખરેખ માંટે જાય છે તેવું લોકો જાણુતા હતા. આ બંને ભાઇઓ ઝર શા માટે જા આવ કરે છે અને કૃષ્ણુરાય સંતાઇને કયાં જાય છે તે વાતની તપાસ કરવાનું બહાવદીનખાને મન ઉપર લીધું અને વખતો વખત એ પુલની વિઝિટ લેવા લાગ્યો.

# પ્રકરણ ૧૦ મું.

## સાવિત્રીને બદલે સાવિત્રી.

બહાવદીનખાન ગુપ્ત ડ્રેસ ધારણ કરીને તે ઝરના પુલ પાસે તપાસના માટે રાતના ફરવા લાગ્યો. એ એક દિવસ રાતના પુલના મુખડા ઉપર રહ્યો. બંને કોટડીવાળાના ડરની વાતથી તેને વધુ સંદેહ થયો. કેટલીક રાત સુધી ખુદ પોતે કોટડીનો પહેરેદાર બનીને રહેતો હતો. એક દિવસનો બનાવ એવો બન્યો કે, પાછલા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે બહાવદીનખાન જ્યારે કાળા ઘુંઘટવાળીને નહિ પકડી શક્યો, જેને સામેથી નાસતી જોઇને બંને કોટડીવાળાના હોશકોશ ઉડી ગયા હતા. બીજું તે આદમી પણ નહિ મળ્યો કે, જેણે તે સ્ત્રીનો ઘુંઘટ ઉઘાડવાનું ચાહ્યું હતું, તે છતાં પણ તે નિરાશ નહિ થયો. બીજે દિવસે પાછા રાતના કોટડી ઉપર પહેરાવાળો બન્યો કોટડીનીપાસે તૈયાર થઇને ચુપચાપ રેલ્વે લાઇન જોતો ઉભો હતો કે, કોઇ આવે છે કે નહિ. તે વખતે કોઇએ તેના વાંસા ઉપર હાથ રાખ્યો. તેણે પાછા ફરીને જોયું તો તે એક સ્ત્રી હતી, તે વખતે તેણે મનમાં વિચાર્યું કે, શું આ સાવિત્રી છે? બહાવદીનખાનના મનનો ભાવ સમજીને સ્ત્રી બોલીઃ—

"મેં કાલે આપને આહીં જોયા હતા. તથાપિ આપ આહીં કોની શોધ માટે આવો છે? તે મને બતાવી શકશો?"

બહા૦—"આપ સ્ત્રી છતાં અહીં રાતના કોના માટે આવો છો તે પહેલા મને બતાવો."

સ્ત્રી—"તે જાણવાથી આપને શો લાભ થવાનો છે! હું તો

વનની રહેવાવાળી વનદેવી છું. એક આદમીની તપાસ માટે અહીં આવું છું."

બહા૦—"ઓહો, હું તો જાણતો પણ નથી કે, આ ડુંગરાઓમાં માણસો વસે છે."

સ્ત્રી—"તમે તો શું પણ કોઇ નથી જાણતું, હું પંદર વર્ષથી અહીં છું, કોઇને ખબર નથી. ખેર! આપ શા માટે આવ્યા છો?"

બહાવદીનખાન વિચારવા લાગ્યો કે, આ સ્ત્રી પાસે બધી વાત કહેવી ઉચ્ચિત છે કે નહિ? આ કોણ છે તે કાંઇ ખબર નથી. જે કાંઇ કહે છે તે બધી જુડી વાત જણાય છે. તથાપિ માલુમ પડે છે કે, તેનો ચહેરો મરેલી સાવિત્રીની સાથે મળતો આવે છે. નહિ તો બંને કોટડીવાળા એવી રીતે ડરી જઇને બેહોશ નહિ થાત. ફરીને બોલ્યો:—"સારૂ, અહીંઆ પૂલ નીચેથી એક સ્ત્રીની લાશ મળી હતી તે આપને માલુમ છે?"

સ્ત્રી—"હાજી, માલુમ છે."

બહા૦—"આપે તે લાશ જોઈ હતી?"

સ્ત્રી—"હાજી, જ્યારે તે લોક તે લાશને લઇ આવીને લાઇનની પાસે મૂકતા હતા ત્યારે મેં ડુંગરા ઉપરથી જોયું હતું."

બહા૦—"ઓહો! તો કોઇએ તેને ગાડી ઉપરથી ધકેલી નહોતી કે?"

સ્ત્રી—"નહિ, ઘણા માણસો મળીને તેને રેલ્વેની પાસે મૂકી ગયા હતા."

બહા૦—"તે બધા કોણ હતા આપ જાણો છો?"

સ્ત્રી--"નહિ, અંધારામાં હું તેને ઓળખી શકી નહોતી."

બહા૦--"તે બધા કઇ તરફથી આવ્યા હતા તે તો દેખ્યું હતું કે?"

સ્ત્રી—"તેને પહાડ ઉપરથી સારી રીતે જોઇ શકી નહોતી."

બહા૦—"તે લાસ કોની છે તે માલુમ છે?"

સ્ત્રી--"માલુમ નથી. તે વાત જાણવાને માટે હું કેટલાક દિવસથી અહીં આવું છું. કાલે તેમાંના એક માણસે મારા ઉપર જુલમ કરવા ધાર્યો હતો?"

બહા૦--"શી રીતે માલુમ પડયું કે, તે તેમાંનોજ હતો?"

સ્ત્રી—"તેના સિવાય બીજું કોણ હોય? મને વિશ્વાસ છે કે, તે બધા આ પહાડમાં કયાંક છે. દિવસના સંતાઇ રહે છે અને રાતના નીકળે છે, તેને ઓળખવાના માટે હું કેટલાએક દિવસથી અહીં આવું છું."

બહા૦--'તો આપે તેને ઓળખવાની એટલી બધી ચિન્તા શા માટે રાખવી જોઇએ?"

સ્ત્રી—"તે બધી બહુ ઉંડી વાતો છે આપને તે વાતો સાંભળીવાનું શું કામ છે?"

બહા૦--"આપને માલુમ હશે કે, તે સ્ત્રીનું ખૂન થવાથી એક ભલો માણસ કે જે ધારીનો મોટો શ્રીમંત છે તે આરોપી હાલ જેલમાં છે, તેનો કેસ ચાલે છે, પણ તેને બચવાનો કાંઇ ઉપાય જણાતો નથી."

સ્ત્રી—"તે કોણ છે?"

બહા૦—"તે ધારીના મશહુર શ્રીમંત રામરાય સાહેબ છે."

સ્ત્રી ચોંકીને બોલી ઊઠી--"કોણ?" વિશ્મય થઇને બહાવ-

દીનખાનને પોતાના તરફ ટીકી ટીકીને જોતા જોઇને તે સ્ત્રી બોલી—"રામરાય સાહેબનું નામ તો હું સાંભળી ચુકી છું. આ બધી જમીન તેમનીજ છે. કોનું ખૂન કરવાને લીધે તે જેલમાં ગયા છે ?"

બહા૦—"ધારીના પ્રસન્નરાયની દીકરી સાવિત્રીનું." એટલું સાંભળીને સ્ત્રી "કોણ ?" કહીને ચોંકી ઉઠી બહાવદીનખાન કાંઇક અચંબો પામીને કેટલાક પગલા પાછો હઠી ગયો, પાછો કહેવા લાગ્યો—"તેનો સ્વામી ખીજડીઆ રહે છે, સાવિત્રી ખીજડીએથી ધારી આવતી હતી પોલીસને સાબીતી મળી છે કે, રામરાય સાહેબે આ જગાએ તેને રેલ્વેમાંથી ધકેલી દીધી છે," આ સાંભળી સ્ત્રી કેટલોક વખત બોલ્યા ચાલ્યા વિના ચુપચાક રહી અને પછી ધીમે ધીમે બોલી—"જો સાવિત્રી તેજ ગાડીમાં ગઇ હોય તો ચોકસ તેનું ખુન નથી થયું. કોઇ લાશ આ જગાએ રેલ્વેથી નીચે પડી નથી એ હું બહુજ સારી રીતે જાણું છું."

બહા૦—"આપના કહેવાની મતલબ શું એમ છે કે, તે લાશ સાવિત્રીની નહિ હતી ?"

સ્ત્રી—"ખચીત નહિ હતી. આવો મારી પર્ણકુટીમાં. પહેલાં તો હું તે લોકોને ઓળખવા માગતી હતી પરંતુ હવે હું જીવજાનથી જાણવાની કોશીશ કરીશ કે તે લોક કોણ છે ?"

બહા૦—"કેમ તેવી રીતે ઉતાવળ કરવાનું કારણ ?"

સ્ત્રી—"કારણ એ છે કે, હું પ્રસન્નરાયની દીકરી સાવિત્રી છું."

બહાવદીનખાન ભારે ગોટાળે ચઢયો તે અજાયબ થઇને બોલ્યો—"હં, તો આપ આવી રીતે ગુપ્ત કેમ રહો છો ? આપનું ખૂન કરવાના અપરાધમાં એક આદમી ફાંસી ચડે છે. અને આપ

તો આવી રીતે ગુપ્ત છોવ. હું રામરાય સાહેબના તરફથી આ મામલામાં તપાસ કરૂં છું. હવે જ્યારે આપની મુલાકાત થઇ છે ત્યારે હવે હું આપને છોડવાવાળો નથી.

સ્ત્રી હસીને બોલી—"આપ આટલા બધા ગભરાઓ નહિ. હું પ્રસન્નરાયની દીકરી છું પણ તે સાવિત્રી નથી કે, જેના લીધે આપ આટલા બધા ગભરાયા છો. આપ મારી પર્ણકુટીમાં આવો. ત્યાં હું બધી હકીકત કહીશ એટલે આપ બધું સમજી જશો.'

સ્ત્રી આગળ આગળ ચાલી, અંધારામાં બહાવદીનખાન ચુપચાપ તેની પાછળ પાછળ ચાલ્યો તે તેને પર્વતની એક ગુફામાં લઇ ગઇ અને તેને " આવો, ચાલ્યા આવો. " કહેતી કહેતી અંદર ચાલી. હીંમત રાખીને બહાવદીનખાન પણ અંદર બરાબર ચાલ્યો ગયો. જોવાથી એમ માલુમ નહોતું પડતું કે, તે ગુફામાં બીજી બાજુ રસ્તો છે. વગર જાણે કોઇની તેમાં જવાની હીંમત ચાલતી નહોતી. બહાવદીન-ખાન સાવિત્રીની સાથે સાથે ચાલીને ગુફા વટાવી ગયો ત્યાં જઇને તેણે જોયું કે એક પાતળી પગદંડી જંગલ ઝાડીઓમાં વાંકી ચુંકી થઇને ઉપર ગઇ હતી. એ રસ્તે થઇને બન્ને જણ પહાડ ઉપર ચઢયા અને એક બીજી ગુફામાં પહોંચ્યા. જ્યારે તે પણ વટાવી ગયા ત્યારે એક બીજી પગદંડી મળી તે વાંકી ચુંકી થઇને પહાડની અંદર નીચે ઉતરી પડી હતી તે પછી આગળ વધ્યા, ત્યાં ઝાડના ઝુંડમાં એક નાની સરખી પર્ણકુટી જોવામાં આવી. તે જોતાંની સાથે તે સન્યા-સીનો આશ્રમ જણાયો. આશ્રમમાં મૃગચર્મ, શીંદુર લગાડેલું ત્રિશૂળ અને ચીપીઓ જોવાથી માલુમ પડી ગયું કે, આ કોઈ સન્યાસીનો આશ્રમ છે, આશ્રમમાં પહોંચતાની સાથે તે સ્ત્રીએ એક મૃગચર્મ પાથરી આપ્યું, બહાવદીનખાને અજાયબ થતા પૂછ્યું–" મને તો

કાંઈ સમજમાં આવતું નથી કે, આ શું મામલો છે. ”

સ્ત્રી બોલી—“ આપ બેસો હું બધું કહું છું. એ તો આપ જોતાં હશો કે, જે સાવિત્રીની શોધમાં આપ સર્વે ચકકરમાં પડયા છો તે હું નથી પણ હું તે પ્રસન્નરાયની દીકરી સાવિત્રી છું.”બહાવદીનખાન તુરતજ મૃગચર્મ ઉપર બેશી ગયો. એટલે સ્ત્રી બોલી-“ જુઓ, તમો મારો ઇતિહાસ સાંભળીને જરૂર અજાયબી પામી જશો. અને ત્યાં સુધી કે તમો વિશ્વાસ પણ નહિ કરો. તથાપિ હું ધારીના પ્રસન્નરાયની દીકરી છું. માના ઉદરમાં હું પહેલી આવી હતી. તેને કેટલાક દીકરા દીકરી થયાં હતાં તથાપિ તે મરી ગયાં હતાં. એક પણ બચ્યું નહિ, જ્યારે દવા દારૂ અને પૂજા પાઠથી મારા પિતા થાકી ગયા. ત્યારે તેને એક સન્યાસીની ભેટ થઇ, તેણે એક ઠરાર કરીને દવા આપવી શરૂ કરી.”

બહા૦—“તે કરાર શું હતો ?”

સ્ત્રી—“ કરાર એ હતો કે, દવા ખાવાથી જે કન્યા પહેલી જન્મે તે કન્યા સન્યાસીને આપવી.”

બહા૦—“એ વાત ઉપર તે રાજી થઇ ગયા?”

સ્ત્રી—“હાજી, રાજી થઈ ગયા. અને તે કરાર પ્રમાણે મારા પિતાએ મને પાંચ વરસની ઉમરમાં સન્યાસીને આપી દીધી. સન્યાસી જ્યારે મને અહીં લાવ્યા ત્યારથી હું અહીંઆ રહી છું. તે સન્યાસી મારા સ્વામી,-ગુરૂ.-બધું તે છે.

બહા૦—“ કોઇ દિવસ તમે તમારા પિતાની પાસે ગયા નથી ?”

સ્ત્રી—“ગઈ તો નથી. તથાપિ સન્યાસી મારફત મારા પિતાના ખબર મેળવતી રહી છું. જે સાલમાં હું અહીં આવી તે સાલ મારી એક બેન જન્મી. મારા વિરહનું દુઃખ ભુલવાને માટે મારા પિતાએ

તેનું નામ પણ સાવિત્રિ રાખ્યું હતું."

બહા૦—"એ બહેનનું ખુન થયું છે."

સ્ત્રી—"આપ લોકોને જે લાશ મળી છે તે મારી બહેન સાવિત્રીની નથી."

બહા૦—"હેં! એ આપ શું કહો છો? આપના બનેવી ગુણવંતરાયે કપડા અને ઘરેણાં ઉપરથી કબુલ કર્યું છેકે તે લાશ પોતાની સ્ત્રીની હોય?"

સ્ત્રી—"નહિ તે તેણે ભૂલ કીધી છે."

બહા૦—"આપે સાંભળ્યું છે કે, આપના પિતા મરી ગયા છે!"

સ્ત્રી—"મારા પિતાજી શું ગુજરી ગયા?" કહીને સ્ત્રી બહાવદીનખાનના તરફ જોવા લાગી અને પાછી ધીમે ધીમે બોલી—"હું એટલી નાની ઉમરમાં આવી આવી છું કે જેથી તેમનો ચહેરો પણ મને યાદ રહ્યો નથી. તેથી મને આ ખબર મળવાથી કાંઈ ભારે દુઃખ થતું નથી. તો પણ છેવટ તે મારા બાપ હતા. તે કેવી રીતે ગુજરી ગયા?"

બહા૦—"જે દિવસે આપની બહેનના મરણના સમાચાર અમોએ જાણ્યા તે દિવસ તેઓ હેબત પામીને એકદમ મરી ગયા છે. આપ કહો છો કે તે લાશ આપની બહેનની નથી તે વાત તમારા પિતાએ લખી આપેલા કાગળથી પણ સાબીત થાય છે.

સ્ત્રી—"તે શું લખી ગયા હતા?"

બહા૦—"લખી ગયા હતા કે મેં પાછા આવીને મારી દીકરીને જોઇ."

સ્ત્રી—"ત્યારે જરૂર મારી બહેન તે રાત્રે મરી ગઇ નથી. જરૂર બીજે દિવસે સવારે તે મારા પિતાને મળી હશે. અને તે પછી તે મકાનથી અલોપ થઇ ગઇ છે. આપ તેની શોધ કેમ કરતા નથી?

બહા૦—"તેને શોધવા જતા તો આપ મળી આવ્યાં!"

સ્ત્રી હસીને બોલી—" એક સાવિત્રી શોધતા બીજી સાવિત્રી મળી કેમ ? "

બહાવદીનખાને તે સન્યાસીની સાવિત્રીને રામરાયના મામલાની જેટલી વાત બની હતી તે બધી કહી સંભળાવી. તે સાંભળીને સ્ત્રી બોલી—" હું સમજું છું, મારી બહેન સાવિત્રી મરી ગઇ નથી પણ અલોપ થઇ ગઇ છે. પહેલા તેને શોધી કાઢવી જોઇએ અને જાણવું જોઇએ કે, તે પોતાની ઇચ્છાથી અલોપ થઇ ગઇ છે કે, તેને જબરજસ્તીથી લઇ ગયું છે। તે પછી ત્રીજી વાત એ કે, જે લાશ મળી આવી હતી તે કોની હતી? અને તે લાશને લાઇન ઉપર મૂકી જનાર કોણ હતા? ચોથી વાત રામરાય અને કૃષ્ણરાયની જે વાતો સાંભળી તેથી તે ખુનમાં ન હોય પણ આ ગુપ્ત મામલામાં તો જરૂર હોવા જોઇએ તેમાં જરા પણ સંદેહ નથી. "

બહા૦—" આપનું કહેવું બરોબર છે પણ એ ગુપ્ત ભેદનો ભંડાર શોધવાને માટે તો વખત જોઇએ. આટલા દિવસમાં હું કાંઇ જાણી શકયો નહિ તો એ ચાર દિવસમાં તે જાણી શકવાની આશા રાખવી ફોગટ છે. આ બાજુ રામરાય સાહેબનો બે દિવસમાં ફેંસલો આપવાનો છે. તેણે આપની બહેનનું ખુન નથી કીધું ત્યારે તેને ફાંસીએ ચઢાવે તે શું વ્યાજબી થાય છે ? "

સ્ત્રી—" તેને બચાવવાના માટે આપ શું ઉપાય કરો છો ? "

બહા૦—" અત્યાર સુધી તો મેં કાંઇ ઉપાય શોધ્યો નથી તથાપિ જો આપ કૃપા કરો તો હું સમજુ છું કે રામરાય સાહેબનો જીવ બચી શકે ખરો. "

સ્ત્રી—" કેવી રીતે ? "

બહા૦—" આપ ન્યાયમંદિરમાં આવીને કહો કે, તમે પોતે પ્રસન્નરાયની દીકરી સાવિત્રી છો. બસ તેટલાથી જીવ બચી જશે. "

સ્ત્રી—" તથાપિ આપ મને શોધતા નથી અને રામરાય સાહે-

બને મારૂં ખુન કરવાના વાંક માટે પકડવામાં આવ્યા નથી. ”

બહા—“ તે બધું ઠીક છે. તો પણ આપની ત્યાં હાજરી હોય તો હું તેમને બચાવી શકું. ”

સ્ત્રી—“ તે કેવી રીતે ? ”

અદાલતની આંખમાં ધુળ નાંખવી. આ સાવિત્રાને ગુમ થયેલી સાવીત્રિ કહીને રામરાય સાહેબને બચાવવાની ઇચ્છાથી બહાવદીનખાને એ વાત કીધી. તથાપિ તે સોગન ઉપર અદાલતમાં વાત કરશે નહિ એમ તેણે જોયું. એક માણુસનો જીવ બચાવવા માટે આ સ્ત્રી બીજી સ્ત્રીઓના જેવી જુઠું બોલનારી નથી. તુરતજ બહાવદીનખાનને એક વાત સુઝી આવતાં તેણે કહ્યું—“ હું આપને તે મરી ગયેલી ગુમ થયેલી સાવિત્રી બનાવીને ન્યાયમંદિરમાં લઇ જવા માગતો નથી. તથાપિ સાક્ષીઓથી અમોએ એમ સાબીત કર્યું છે કે, તે સાવિત્રી તેજ રાત્રે મરી ગઇ નથી. બીજે દિવસે પણ જીવતી હતી. અને પિતાના મરણ પહેલાં તેણે તેની મુલાકાત લીધી હતી. જ્યારે હમો એવું સાબીત કરી દઇશું કે, તે લાશ ગાડીથી નથી પડી પણ કોઇ માણુસો ત્યાં જઇને લાઇન ઉપર રાખી આવ્યા છે ત્યારે તુરતજ રામરાય સાહેબને મુક્તિ મળશે. આપે જે કાંઇ જોયું છે તે સાચેસાચી વાત મહેરબાની કરીને કોર્ટમાં આવીને કહો તો તે બિચારા બીન ગુન્હેગારનો જીવ બચી જાય. ” સાવિત્રી તેની વાત ઉપર કેટલોક વખત સુધી ગુપચુપ વિચાર કરવા લાગી તે પછી તે ધીમે ધીમે બોલી—“મારા ગુરૂ-સ્વામીની આજ્ઞા આ પણ કુટી છોડીને ક્યાંઇ જવાની નથી...”

બહા૦—“ સારૂ, બતાવો તે કયાં છે ? હું તેના પગે પડીને વિનંતિ કરીશ, એક માણુસનો જીવ બચાવવાના માટે તે દયાળુ મહાત્મા આપને જવાની રજા આપવામાં જરાપણ ના કહેશે નહિ. ”

સ્ત્રી—" તે જો આહીં હોત તો હુંજ તેમની રજા લઇ લેત."

બહા૦—" એક બિચારા બીન ગુન્હેગારને ફાંસીએ ચઢાવવામાં આવે છે તે આપની એક સાચી વાતથી જ્યારે બચી જવા પામે છે ત્યારે આપને આવવું શું ઉચ્ચિત નથી?"

સાવિત્રી ઘણા વખત સુધી વિચાર કરતી રહી. તે પછી પાછી બોલી—" સારૂં, આવી હાલતમાં પર્ણકુટી છોડવાથી સ્વામીજી ક્રોધ નહિ કરે એમ હું માનું છું."

બહા૦—" બેશક ક્રોધ નહિ કરે."

સ્ત્રી—" ભલે હું આવીશ. આપ રેલ્વે લાઇનની પાસે પાલખી લઇને તૈયાર રહેજો. જુઓ, આ પર્ણકુટીની ખબર અસાર સુધી કોઇ પણ માણસને નથી. ફકત એક આપેજ જોઇ છે. વળી બાજુમાંજ એક સ્ત્રીનું ખુન થયું છે તેનું કોણે ખુન કીધું તેવા સંજોગો વચ્ચે આપની મુલાકાત થઇ છે. કોર્ટમાં જવાથી મારે મારો ઇતિહાસ અને આ પર્ણકુટીની વાત જાહેર કરવી પડશે. શું કરૂં બીજો કાંઇ ઉપાય જડતો નથી. ખેર! તથાપિ જ્યાં સુધી હું રસ્તો નહિ બતાવું ત્યાં સુધી કોઇ પર્ણકુટીમાં આવી શકશે નહિ. આપ પણ આવી શકશો નહિ. તથાપિ એક માણસ જીવથી માર્યો જાય છે તથા મારી એક સાચી વાતથી બચે તેમ છે તો હું રાજી છું. આપ ચાલો, હું બહાર મુકવા આવું છું. તે દિવસે પાલખી હાજર રાખજો, હું જરૂર આવીશ."

સાવિત્રીએ બહાદરદીનખાનને બીલકુલ બોલવાનો વખત આપ્યો નહિ, તે એકદમ તેને લઇને ચાલતી થઇ. રસ્તામાં એકાદ બે વખત તેણે બોલવાની કોશીશ કરી તથાપિ સાવિત્રી ચુપચુપ રહી. બહાદરદીનખાને જોયું કે જે રસ્તેથી તે પ્રથમ લાવી હતી તે રસ્તેથી તે

પાછી લઇ જતી નથી. એક તો રાતનો વખત, બીજું વદી પક્ષ ( પખવાડીઉં ) તેથી ઘણી કોશીશ કરવા છતાં પણ તે રસ્તો યાદ રાખી શકયો નહિ. પહેલાં તે પુલની પૂર્વ બાજુથી આવ્યા હતા પણ બહાર નીકળતી વખતે જોયું તો પશ્ચિમ બાજુ આવ્યા હતા. ત્યાં પહોંચતાની સાથે " હવે જાઓ " કહીને તે તુરતજ અલોપ થઇ ગઇ. બહાવદીનખાન કેટલોક વખત ત્યાં ઉભો રહ્યો પણ તે કાંઇ નહિ સમજી શકયો કે તે કઇ તરફ ગઇ. ત્યારે નિરાશ થઇને તે ધીરે ધીરે ઝરના સ્ટેશન તરફ ગયો તે પછી તો ન્યાયમંદિરમાં રામ-રાયના કેસ વખતે પાલખીવાળી સ્ત્રી આવી હતી તે સર્વે વાંચકોને યાદ છે.

## પ્રકરણ ૧૧ મું.

### રામરાયને મુક્તિ.

બીજે દિવસે ન્યાયમંદિરમાં અમરેલી, ઝગ, ધારી, ચલાલા અને આજુબાજુના ગામડાના લોકોથી તલ મુકવા જેટલી પણ જગો રહી નહિ. કાલે પાલખીવાળી સ્ત્રીની, પ્રસન્નરાયના પાડોશીની સાક્ષીલેવાઇ ગઇ છે. તે આપણા વાંચકોથી અજાણ્યું નથી. આજે પણ રામરાયનું કામ ચાલવાનું હોવાથીજ આટલી ગીરદી થઇ રહી છે. બધા માણસો પોતપોતાનું કામ છોડીને રામરાયનો કેસ સાંભળવા આવ્યા છે.

બરોબર અગીઆર વાગે મુકદમાની શરૂઆત થઇ. આરોપીના બેરિસ્ટરે ઉભા થઇને કહ્યું. " કાલે મેં થોડીક ભૂલ કીધી હતી તેથી આજે હું પહેલાં તે સુધારવાનું કામ હાથ લઉં છું. કાલે જેની ચીઠી

પરથી મેં સાવિત્રીને સાક્ષીના પાંજરામાં બોલાવી હતી. તેથી બધી વાત સાંભળી લેવાનો મને વખત મળ્યો નહોતો. સાવિત્રીનું નામ સાંભળતાની સાથે મેં સમજી લીધું હતું કે, જેના ખુનનો વિચાર થાય છે તે મળી આવી છે. હવે માલુમ પડયું કે, તે મારી ભૂલ થઇ હતી. આ સાવિત્રી તે સાવિત્રી નહિ, તેની બેન છે." સરકારી વકીલે હસીને કહ્યું-" ત્યારે મારા વિદ્વાન બેરિસ્ટર સાહેબ આ સાવિત્રીથી શું સાબીત કરવા માગે છે?"

મુન્શી બેરિસ્ટર—" હાં, કાંઇક થોડી વાત જાણવી જરૂરી છે તેણે પોતાની આંખોથી જોયું હતું કે, લાશ કેટલાક માણસો લઇ આવીને, લાઇન ઉપર મૂકી નાશી ગયા હતા, લાશ ગાડીથી નથી પડી. ખુદ તેની જુબાની ઉપરથી બધા લોકોને માલુમ પડી જશે કે, ખરી વાત શું છે?" તુરતજ સાવિત્રી ત્યાં આવીને ઉભી રહી, તેણે પોતાનો બધો ઇતિહાસ કહ્યો, તે રાત્રે જે કાંઇ જોયું હતું તે બધું કહી સંભળાવ્યું, કોર્ટના બધા માણસો તેની વાત સાંભળીને બહુ આશ્ચર્ય પામ્યા. તેની વાતપર માણસોને વિશ્વાસ બેસતો નહોતો પણ તેની ગંભીર મૂર્તિ, સ્થિર પ્રકૃતિ અને નિર્ભંગ શબ્દ પ્રવાહ ઉપર બધાને પૂર્ણ વિશ્વાસ બેશી ગયો.

તે પ્રસન્નરાયની પુત્રી છે. સન્યાસીને ત્યાં મોટી થઇ છે તેની બાબતના બધા કાગળો અને ધારીના માણસોને બહાવદીનખાને એકઠા કર્યા હતા. ત્યાં કોર્ટમાં તે માણસોનું વર્ણન અને સહી લેવામાં આવી બન્ને વકીલોએ થોડાજ વખતમાં પોતાના ભાષણો સમાપ્ત કરી દીધા.

મુન્શી સાહેબ બોલ્યા—" સાવિત્રીનું ખુન નથી થયું.

અલોપ થઇ ગઇ છે, અને આરોપીએ ખુન કીધું નથી તે હું નિઃસંદેહપણે સાબીત કરી ચૂક્યો છું."

હવે જડજ સાહેબ જુરીની સામે ફરીને બોલ્યા—"આરોપીના ઉપર એટલી સાબીતી મળી છે કે, તે રાત્રે તે ગાડીમાં તે હતો તેણે જેવો હાર બતાવ્યો હતો. તેવોજ હાર મળ્યો છે. લાશના ગળામાં જે ડાઘ થઇ રહ્યો હતો તે પણ હારનોજ છે તેથી એમ કહી શકાય છે કે, આરોપીને સાવત્રી સાથે કાંઇ પણ મેળ મુલાકાત છે, તેણીને તેમણે તે હાર દીધો હતો. તે પછી ગમે તે કારણે નારાજ થઇને તેણે ગાડીમાં તેનું ગળું દબાવી મારી નાખી લાશ પૂલની પાસે ફેંકી દઇ મનમાં સમજ્યો હોય કે તેનું ખુન થયું છે તેવો કોઇ ખ્યાલ નહિ કરી શકે.

આ બધી સાબીતીઓ તેના ઉપર અપરાધ લાવે છે. બીજું જે સાબીતીઓ તેને બચાવે છે તે આ છે.

૧ સાવત્રીની લાશ સુરંગની પાસેથી મળી છે તેનો વિશ્વાસપાત્ર પુરાવો નથી મળ્યો. તેનો ધણી લાશના કપડા વિગેરે જોઇને પોતાની સ્ત્રી કહે છે.

૨ પ્રસન્નરાયનો લખેલો કાગળ મળ્યો છે, તેણે પોતે મરતા પહેલાં લખ્યો છે તેમાં તેણે લખ્યું હતું કે, તેની છોકરી ઘેર ગઇ હતી. જો એ વાત ખરી હોય તો, તે રાત્રે તે મેરી ગઇ નથી.

૩ ગાર્ડ કહે છે કે, ગાડી જ્યારે ઝરથી છુટી ત્યારે તેમાં કોઇ સ્ત્રી નહિ હતી. અને જો એ વાત ઉપર વિશ્વાસ કરવામાં આવે તો સમજવું જોઇએ કે, સાવિત્રી કોઇ પણ સ્ટેશન ઉપર ઉતરી ગઈ છે, અને બીજી કોઇ ગાડીથી બીજે રસ્તે થઇ પહોંચી પોતાના પિતાની મુલાકાત લીધી છે.

૪ અલોપ થયેલી સાવિત્રીની બ્હેન કહે છે કે, તે રાત્રે કેટલાંક આદમીઓ એક સ્ત્રીની લાશ લાઇન ઉપર રાખી ગયા હતા. તેઓને લાશ રાખતી વખતે સન્યાસીની સાવિત્રીએ જોએલ છે. તે માટે એમ જાહેર થાય છે કે, જે લાશ મળી છે તે ગાડીથી પડી ગઇ નથી.

આરોપીની તરફદારીમાં આટલા પુરાવા મળ્યા છે. અને આપ લોકોને તે ઉપર વિશ્વાસ હોય તો આરોપીને ગુન્હેગાર નહિ કહેતાં તેને સંદેહનો લાભ આપવો જોઇએ. હવે જુરી ત્યાંથી ઉઠીને જ્યુરીના હોલમાં ગઇ અને બધા માણુસો કાન માંડીને મોઢું ફાડીને જોવા લાગ્યા કે હવે શું ફેંસલો આપશે. પંદર મિનિટ પછી જુરી પાછી કોર્ટમાં આવી, તેમાંથી એક માણુસે ઉઠીને કહ્યું—" અમો બધાએ એકમત થઇને આરોપીને બીનગુન્હેગાર માન્યો છે," તે વખતે પ્રેક્ષકોમાં શોર મચ્યો. સીપાઇઓ તેમને શાન્ત કરવા લાગ્યા શોર બકોર શાન્ત થયા પછી જડજ સાહેબ ઉભા થઇને બોલ્યા–" સારૂં. આપ લોકોના મતમાં મારો મત પણ મળ્યો છે, હવે હું આસામીને છોડી મુકું છું."

હુકમ મળતાંની સાથે કોન્સ્ટેબલ આઘો ખસી ગયો. રામરાય આરોપીના પાંજરામાંથી બહાર નીકળ્યો.

જુરીએ જડજ સાહેબને કહ્યું–" અમારી એક બીજી વિનંતિ છે."

જડજ—" કહો."

જુરી—" રેલ્વેમાં ભલા માણુસોની સ્ત્રીઓ જા આવ કરે છે, રેલ્વેથી એક સ્ત્રી ગેબ થઇ ગઈ. અને એક ખૂન થયું. જો આનો કાંઇ પતો નહિ લાગે તો ભારે અન્યાય અને મહા ત્રાસ થઇ પડશે.

અને તેથી અમારી વિનંતિ છે કે, તેનો પતો લગાડવામાં આપ સાહેબ સરકારમાં ઘણું અસરકારક લખશો." જડજે તેનો હકારમાં જવાબ આપ્યો.

## પ્રકરણ ૧૨ મું.

### રામરાય છુટી આવ્યા.

રામરાય બચી ગયો તેને અમરેલીમાં કોઇની મુલાકાત લેવાનું હતું નહિ. તેથી કોઇની ભેટ લેવા નહિ જતાં રાતનીજ ગાડીમાં ધારી પહોંચ્યો અને કોઈ જોવા ન પામે તેટલા માટે ગાડી નહિ કરતાં પગે ચાલીને ઘેર ગયો. હજુ સુધી તેના છુટયાના ખબર ઘેર પહોંચ્યા નહોતા, દરવાજા ઉપર ધક્કો દેવાથી પહેલાં તો કોઇએ જવાબ આપ્યો નહિ. તે પછી થોડીવારે આવીને મુળીઆએ દરવાજો ઉઘાડયો અને રામરાયને જોઇને અજાયબી પામી બોલી ઉઠયો—"કોણ શેઠ સાહેબ ?"

રામરાય—"હા, મુળીઆ હું છું. કોર્ટમાં જડજે મને બીનગુન્હેગાર ઠરાવી છોડી મૂકયો."

મુળીઓ—"તે તો શેઠ સાહેબ હું જાણતોજ હતો કે, આપે તે કામ કર્યુંજ નથી."

રામરાય—"તું જેને ગુન્હેગાર સમજતો હતો તેણે પણ તે કામ કીધું નથી. કૃષ્ણરાય કયાં છે ?"

મુળીઓ—"નાના શેઠ ? શું અમરેલી નથી આવ્યા ?"

રામરાય—"તે તો ત્યાં નહિ હતો."

મુળીઓ—" ત્યારે ક્યાં ગયા હોય ? "

રામરાય—" ઘરમાં નથી ? "

મુળીઓ—" ના, તે તો સવારમાંજ અમરેલી જવાનું કહી સ્ટેશન ઉપર ગયા છે.કેમકે બહાવદીનખાન તેની પાસે રાત્રે આવ્યા હતા."

કૃષ્ણુરાય અમરેલી નથી ગયો તે રામરાયને ખુબ ખાત્રી હતી. ત્યારે ક્યાં ગયો ? રામરાય તેના ભારે વિચારમાં પડી ગયો. તે નાના ભાઇને જીવથી પણ વધારે ચાહતો હતો.

રામરાય—" સાંરૂ મુળીઆ તે ઘરમાંથી ક્યારે ગયો છે !"

મુળીઓ—" સવારમાં ઘણાજ વહેલા. "

રામરાય–" સ્ટેશને જઇને શું ગાડીમાં સવાર થયો હતો ? "

મુળીઓ–" હાજી, આત્મારામ તેનો સામાન ગાડીમાં ચઢાવીને આવ્યો હતો."

રામરાય–" ત્યારે તે ગયો ક્યાં ! અમરેલી તો ગયો નથી. જો ત્યાં આવ્યો હોત તો જરૂર કોઇને કોઇ ખબર આપત " એ વિચાર કરતો કરતો તે બંગલામાં ગયો અને પાછો પૂછવા લાગ્યો– " ભાગેરથી શું સુઇ ગઇ છે ? "

મુળીઓ—" ના જાગે છે સાંજના દશેક વખત તો આપની ખબર પૂછી ચૂકી હતી. "

મનમાં રામરાયે વિચાર્યુ કે, કૃષ્ણુરાયને ભાગેરથી ઘણીજ ચાહે છે. તેના ઉપર વિપત્તિ પડવાથી ભાગેરથીને દુઃખ થશે તે માટે તો હું મારો જીવ આપવાને તૈયાર થયો હતો. લાંબો નિસાસો નાખીને બોલ્યો. તો જીવવાથી શું લાભ છે મારૂં રહેવું એ તેમનું દુઃખ છે, હું પણ તેથી હંમેશા દુઃખી રહું છું. બહેતર છે કે હવે કૃષ્ણુરાયના ભાગેરથી સાથે લગ્ન કરી હું અહીંથી બીજી જગાએ જઇને રહું.

ભગવાને મારા નશીબમાં સુખ લખ્યું નથી. તથાપિ કૃષ્ણુરાય ગયે! ક્યાં? કુસંગતમાં પડીને તે આવી રીતે ખરાબ થયો છે. બિચારી ભાગેરથીને તેની કાંઇ ખબર નથી. તે બિચારી સીધી સાદી કુમારિકા પોતાનું સર્વસ્વ તેને સોંપી ચૂકી છે. તથાપિ અંદરનો ભેદ કાંઈ જાણુતી નથી. હું સમજું છું કે વિવાહ પછી પણુ તે સુખી થશે નહિ. પણુ કરવું શું? કાંઇ ઉપાય સૂઝતો નથી. અને હું કરી પણુ શું શકું? હું જો ફાંસીએ ચઢી જાત તો તે ઘણું સારૂં થાત, આ બધું દુઃખ વેઠવું પડત નહિ.

આ વખતે કોઇના પગનો અવાજ સાંભળીને તેણે પાછળ જોયું તો ભાગેરથી ઉભી હતી. તેને જોઇને તેનો ચહેરો ખીલી ઉઠયો પણુ તુરતજ આંખોમાં આંસુ ભરાઇ આવ્યા.

રામરાયે ઉલ્હાસ થઇને કહ્યું--"ભાગેરથી હું તો છુટી આવ્યો."

ભાગેરથી ચૂપની ચૂપ રહી તેના મોઢેથી વાત ન નીકળી પણુ હૃદય આનંદથી ઉભરાઇ ગયું. રામરાય તેથી ઉંધુ સમજ્યો, તેણે મનમાં વિચાર્યું કે, મારા છુટવાથી તે ડરી ગઇ છે કે હવે કૃષ્ણુરાય ઉપર આફત આવશે તે ભયથી તે ચુપ રહી છે તે વિચારે તેના મનમાં ભારે દુઃખ પેદા થયું બહુ મુશકેલીએ રામરાય બોલ્યો, "કૃષ્ણુરાયના માટે કાંઇ ભય રાખવા જેવું નથી." હવે તો ભાગેરથીની આંખોમાંથી આંસુ નીકળી પડયા ત્યારે રામરાય જરાક ક્રોધે ભરાઇને બોલ્યો "કેમ ભાગેરથી! મારા છુટકારાથી તને જરા પણુ ખુશાલી નહિ ઉપજી?" હવે તો ભાગેરથી રહી શકી નહિ, તે રોઇ પડી. રામરાયે મનમાં વિચાર્યું, "નાહક બીજાના કહેવાથી મેં મુકદમામાં તેવી વાત કરી. પહેલાં જેવી રીતે કબુલ કર્યું હતું તેવી રીતે ચાલ્યું જાત તો ફાંસીનું પણુ નક્કી થઈ જાત અને હું કૃષ્ણુરાયના

સુખની આડફાડ પણ નીકળી જાત અને તેથી ભાગેરથીને આટલું દુઃખ પેદા ન થાત. એટલો વિચાર મનમાં કીધા પછી તે જાહેર રીતે બોલ્યા—"કેમ ભાગેરથી તું રૂવે છે શા માટે?"

ભાગેરથીએ ઝટ આંસુ લોહી નાંખીને કહ્યું—"ના, રોઊં છું ક્યાં? આપને જમવાનું આપું?" એમ કહીને તે ઓરડામાંથી ચાલી ગઇ. રામરાય નિરાશ થઇને ત્યાંજ બેસી રહ્યો. કેટલાક વખત પછી મુળીઆએ આવીને કહ્યું—" જમવાનું તૈયાર થયું છે." રામરાય ઉઠીને જમવાનાં ઓરડામાં ગયો. તે સમજ્યો હતો કે, હંમેશની પેઠે ભાગેરથી ત્યાં હસે. પણ ત્યાં તેનો પત્તો નહતો. આજુબાજુની ઓરડીનાં જોયું તો ત્યાં પણ કયાંઇ નજરે ચઢી નહિ. ક્યાં છે? એમ પુછવાને એક વાર ઇચ્છા થઈ, તથાપિ પાછો તે ચુપ થઇ ગયો. ઝટપટ થોડુંક ખાઇ લઇને ઉઠયો અને પોતાના સુવાના ઓરડામાં જઇને તેણે બારણું બંધ કરી લીધું. તે એમ સમજ્યો હતો કે, આટલા દિવસથી જેલનું દુઃખ ભોગવ્યું છે તેથી ઘેર ગયા પછી કાંઇક સુખી થઇશ તથાપિ ઘેર આવ્યા પછી તો ભારે દુઃખ પેદા થયું. મનમાં વિચારવા લાગ્યો. મને ફાંસીની શિક્ષા શા માટે કરવામાં ન આવી? આ બધા અનર્થનું મુળ બહાવદીનખાન છે જો તેણે ચાવી ફેરવીને આવું કીધું નહોત તો હું ફાંસીએ ચઢી જાત. તેવી રીતે મરી જવામાં મને સુખ હતું.

# પ્રકરણ ૧૩ મું.

## કૃષ્ણરાય અલોપ.

રામરાયને આખી રાત નિંદ્રા આવી નહિ તે ઘણો વહેલો ઓરડામાંથી બહાર આવ્યો. તે દિવસે ઘણે સ્થળે તેના છુટયાના ખબર મળ્યા હતા. સવાર થતા થતામાં તો આખી ધારીમાં તે ખબર ફેલાઇ ગયા. રામરાય શેઠને બધા માણસો શ્રદ્ધાભક્તિથી ચાહતા હતા. દિવસ ઉગતામાં તો ઘણા માણસો તેને મળવા તથા ખુશી બતાવવા માટે આવ્યા જેટલા માણસો મુલાકાત લેવા આવ્યા તે બધાએ કૃષ્ણરાયના ખબર પુછ્યા, તથાપિ તે લોકોને ખુદ રામરાય પાસેથી કાંઇ પણ ખબર મળ્યા નહિ, આ ઉપરથી રામરાયને એટલું ચોકસ થઇ ગયું કે, ખરેખર કૃષ્ણરાય અમરેલી જવાની વાત કરીને સ્ટેશન ઉપર જઇ સવારની ગાડીમાં સવાર થયો ત્યારથી કાંઇ પત્તો નથી. બધા માણસોએ એમજ કહ્યું કે, તે જરૂર અમરેલી હશે. આપને રજા મળતા આપ ટ્રેનમાં બેસીને ચાલ્યા આવ્યા તેથી મુલાકાત નહિ થઇ હોય. આ વખતે રામરાયે એકદમ પોતાના એક મિત્ર ઉપર અમરેલી તાર કીધો અને વહેલામાં વહેલી જતી ગાડીમાં એક માણસ અમરેલી તપાસ માટે મોકલી દીધો. કેટલાક કલાક પછી તેના મિત્રનો તારથી જવાબ આવ્યો કે, અહીં કૃષ્ણરાય નથી. અને માણસ સાંજના પાછો આવ્યો. તે બોલ્યો "નાના શેઠ અમરેલી ગયા નથી. ઘણા ખોળ્યા ક્યાંઇ પત્તો નથી. જો ગયા હોત તો જરૂર ખબર મળત." હવે રામરાય કૃષ્ણરાયના માટે બહુજ ગભરાણો તે શા માટે

આવી રીતે અક્ષેપ થયો. આવી રીતે ઘર છોડીને નાશી જવાની અને ગુપ્ત રહેવાની કાંઇ મતલબ જણાતી નથી. શું તેને એમ થયું હશે કે, હું મુક્ત થવાનો છું એટલે તે જેલમાં જશે. શું ખરેખર તેણેજ ખૂન કર્યું છે. આ અવનવો વિચાર કરવા છતાં રામરાય કાંઇ ચોકસપણું કરી શકયો નહિ તેથી તે બહાવદ્દીનખાનની મુલાકાત કરવા અને સલાહ લેવા ચાલ્યો, રસ્તામાં ખબર મળી કે, તે આજે સવારે અમરેલીથી પાછા આવી પહોંચ્યા છે, આ ખબર સાંભળીને રામરાય ઘણો ચીવટાઇથી પગ ઉપાડતો તેને ઘેર પહોંચ્યો. સાંજ પડી ગઇ હતી. બહાવદ્દીનખાન પોતાના ઓરડામાં બેઠો બેઠો બીડી પીતો હતો. રામરાય તેને એકલો જોઇને ઘણોજ ખુશી થયો અને મનમાં સમજ્યો કે, ઠીક થયું, એકાંતમાં બધી વાત ઘણી સહેલાઇથી થઇ શકશે. તેને જોઇને બહાવદ્દીનખાન બોલ્યો. "આવો આવો હું આપની રાહ જોતો હતો." તેની એવી વાતથી રામરાય ચોંકી ઉઠયો. બહાવદ્દીનખાનની મહેનત અને તેની બુદ્ધિથી તેણે મુક્તિ મેળવી હતી તેથી તેનો આભાર માનવાને માટે તે આવતો હતો પણ આજ આવવાની ઇચ્છા નહોતી તો પછી બહાવદ્દીનખાન શા માટે તેમની આવ્યાની રાહ જોતો હતો. મનમાં તે વિચારીને બોલ્યો "મારે આપનો ખરા હૃદયથી આભાર......" વાત રોકીને બહાવદ્દીનખાન બોલી ઉઠયો—"સબુર! સબુર! હજુ તેના માટે ઘણો વખત લાંબો છે."

રામરાય—"ત્યારે આપ મારી વાટ શા માટે જોતા હતા?"

બહાવદ્દીનખાન—"તો શું આપ આભાર દર્શાવવાને માટે આવવાના છો. તે માટે હું બની ઠનીને બેઠો છું એમ સમજો છો?"

રામરાય—"તેમ નાહ તો હું આપની પાસે આવવાનો છું તે આપ કેવી રીતે જાણો છો?"

બહાવદીનખાન—"જુઓ રામરાય સાહેબ, થોડાક વિચાર કરવાથી તે જાણવું કાંઇ કઠણ નથી. હું એટલા માટે આપની રાહ જોતો હતો કે, કૃષ્ણુરાયના માટે આપ મારી પાસે આવશો."

રામરાય—"એ આપ બહુજ વ્યાજબી સમજ્યા છો, તે અમરેલી જવાની વાત કરીને ગાડીમાં સવાર થયો ત્યારથી તેની કાંઈ ખબર નથી મળી, તેના માટે આપની સલાહ લેવા આવ્યો છું. હું કૃષ્ણુરાયના માટે બહુજ ગભરાણો છું, કે તે કયાં ગયો હશે મને ભારે ચિંતા થઇ રહી છે."

બહાવદીનખાન—"બેશક ચિંતા થવીજ જોઇએ, હું પણ તેના માટે અફસોસમાં છું."

રામરાય—"મેં સાંભળ્યું છે કે, આપ તેની ભેટ કરવાને માટે ગયા હતા."

બહાવદીનખાન—"હાજી, બીજું તેને અમરેલી જવાનું કહેવા માટે ગયો હતો."

રામરાય—"તો પછી તેઓ ગાડીમાં સવાર થયા હતા?"

બહાવદીનખાન—'હાજી, બીજું તેને અમરેલી આવવાની પણ એક ચીઠી મળી હતી."

રામરાય—"કોની ચીઠી?"

બહાવદીનખાન—"કોઇ માણસે તેને અમરેલી આવવા માટે લખી હતી."

રામરાય—"તે કોણુ હતું?"

બહાવદીન—"તે હું નથી જાણુતો તે ચીઠીમાં નામ લખ્યું નહોતું."

રામરાય—"આપે તે ચીઠી કયાં જોઇ હતી?"

બહાવદીન—"તે વાત હું પછી કરીશ. ખેર, એટલું મને માલુમ પડયું છે કે, અમરેલી જવાના માટે કૃષ્ણરાય રવાના થયા હતા, મારી સાથે એકજ ગાડીમાં જવાની વાત નક્કી થઇ હતી. પણ મને એક જરૂરી કામ આવવાથી હું રાતની એક માલગાડીમાં ચાલ્યો ગયો હતો. મને શોધખોળથી માલુમ પડયું કે, તે સવારે પેસેન્જર ગાડીમાં અમરેલી જવા માટે સવાર થયા હતા."

રામરાય—"પણ અમરેલી નથી ગયા."

બહાવદીન—"ખબર મળી છે કે, અમરેલી જવું તો દુર રહ્યું. ઝર સ્ટેશનમાં પણ નથી ઉતર્યા અને—"

રામરાય—"તો આગળ બીજે કયાંઇ ચાલ્યા ગયા હોય?"

બહાવનદીન—"તે જાણવું મુશ્કેલ છે, મેં ઝરના સ્ટેશનમાં સારી રીતે તપાસ કરી હતી. જયાંથી માલુમ પડયું છે કે, ઝરમાં જયારે ગાડી આવી ત્યારે તે ગાડીમાં નહિ હતા."

રામરાય—"તો શું રસ્તામાં ઉતરી ગયા!"

બહાવદીન—"તે જાણવું મુશ્કેલ છે. ધારી અને ઝરની વચમાં ફક્ત એકજ સ્ટેશન છે ત્યાં પણ મેં તપાસ કરી પણ સ્ટેશન ઉપર કોઇએ નહિ કહ્યું કે, કૃષ્ણરાયના જેવા કોઇ પણ માણસને ઉતરતા તેઓએ જોયો હોય."

રામરાય ઘણોજ વ્યાકુળ થઇને બોલ્યો—"ત્યારે તો ઘણો ભયંકર મામલો થઇ પડયો. તે જાય કયાં?"

બહાવદીન—"એ તો હું પણ કહું છું કે, ઘણો વિકટ મામલો છે, કાંઇ પતો નથી લાગતો."

કેટલાક વખત સુધી ચિન્તાયુક્ત ચહેરાથી રામરાય વિચાર કરવા લાગ્યો ભાઇના અલોપ થઇ જવાથી બહુજ ગભરાઇને બહાવ-

દીનખાનને કહ્યું-" તો આપે અમરેલીમાં તેના અલોપ થયાની વાત સાંભળી હતી ! "

બહાવદીન—" મેં તો તેને અમરેલી જવાને માટે કીધું હતું, તે માટે સ્ટેશનમાં માણસ હાજર રાખ્યો હતો, અને અહીં પણ એક માણસ એ જોવાને માટે રાખ્યો હતો કે તે જાય છે કે નહિ ? તેણે કૃષ્ણરાયને અમરેલીની ટિકટિ ખરીદતા તથા ગાડીમાં ચઢતા જોયા પછી મને તાર કીધો હતો. જ્યારે તે અમરેલી નહિ આવ્યા ત્યારે મને અજાયબી ઉપજી. તે પછી મને જે કાંઇ પતો મળ્યો છે. તે મેં આપને કહ્યો. "

રામરાય—" મને શું આપ સહાય નહીં કરો ! આપે મારો જીવ બચાવ્યો. છે. આ વિપતિમાં પણ આપ સહાય નહિ કરો તો હું એ કૃષ્ણરાયને નહિ બચાવી શકું. હું ઘણા દિવસોથી જાણું છું કે, તે બદમાસોના હાથમાં સપડાઇ ગયો છે. "

બહાવદીન--" ઓહો, તમોને એ વાતની ખબર છે ? "

રામ૦—" મને સંદેહ જરૂર પડ્યો. છે પણ માલુમ નથી પડયું કે, તે લોક કોણ છે ? "

બહા૦—" જાણવાની કોશીશ પણ નથી કરી ? "

રામ૦—" કોશીશ તો એકવાર કરી હતી. પણ કાંઇ પતો લાગ્યો નહિ. "

બહા૦—" આપને વહેલામાં વહેલો સંદેહ ક્યારે પડયો હતો ? આ તપાસનો બધો ભાર મને આપવા માગો છો ? "

રામ૦—" જરૂર, જરૂર, આ મામલાની તપાસનો બધો ભાર આપના ઉપર ઢોળું છું. આપનું વ્યાજબી થતું મહેનતાણું પણ આપીશ. "

બહા૦—" સારૂ, પૈસાની વાત પાછળથી થશે. પહેલા તો હું જે પુછું છું તેનો જવાબ આપો પહેલા તો એ બતાવો કેકૃષ્ણરાય કુસંગતમાં પડયા છે તેવા ખબર તમોને કયારે મળ્યા ?"

રામરાય૦—" તે વાત પછી કહું છું, પહેલા મને કહેવા દો કે, આ મુકદમામાં જે રજુ કરવામાં આવ્યો હતો તે હાર મેં ભાગે-રથીના માટે તૈયાર કરાવ્યો હતો તે આપને માલુમ છે."

બહા૦—" હાજી માલુમ છે."

રામ૦—" તૈયાર થયા પછી મેં ભાગેરથીને આપી દીધો. આપને ખબર મળ્યા હશે કે, મારા પિતાજીની રૂબરૂ ભાગેરથીનાં લગ્ન કૃષ્ણ-રાય સાથે કરવાનું નક્કી થયું હતું."

બહા૦—" હાજી, કહો હું જાણું છું."

રામ૦—" એક દિવસ કૃષ્ણરાયે તે હાર જોવાના બહાને ભાગે-રથી પાસેથી લીધો હતો તેના પાછળથી ખબર મળ્યા."

બહાવદીનખાન ચકીત થઇને કહેવા લાગ્યો-" ત્યારે તો કૃષ્ણ-રાયે તે હાર જરૂર સાવિત્રીને આપ્યો હોય, તેનો સંબંધ સાવિત્રી સાથે હતો તે આપ જાણતા હતા કે નહિ ?"

બહા૦—" કૃષ્ણરાયે કાંઇ બીજા રૂપિયા ખરાબ કર્યા છે ?"

રામ૦—"હાજી કાંઇક કર્યા છે. તેની પાસે તો કાંઇ રૂપિયા પૈસા રહેતા નથી, પણ કોઇ કોઇ વખત મુનીમ પાસેથી લઇ જતો હતો, તેમ મુનીમ કહેતો હતો."

બહા૦—" સારૂં, આ બાબતમાં કાંઇ વાત ચોકસપણે કહી શકાતી નથી. તેની તપાસ બહુ સાવચેતીથી કરવાની છે, તેના કૃત્યો આપ બહુ સારી રીતે જાણો છો ને ?"

રામ૦—" હું તો નથી જાણતો. કાંઇ આફતની શંકા છે કે શું ?"

બહા૦—" જરૂર, તે સાવિત્રીને ચાહતા હતા અને તેણે હાર તેને બક્ષિસ આપ્યો હોય તો તે તેનું ખુન નથી કરી શકતા તથાપિ પ્રેમનો ઘણો વીકટ માર્ગ છે તેની કાંઇ વાત કહી શકાતી નથી. હા, એક વાત છે કે તે ગાડીમાં તે નહિ હતા. "

રામ૦—સાંભળો, જ્યારે આપના ઉપર મેં બધો બોજો નાખ્યો છે, ત્યારે હવે મારે એક પણ વાત છુપાવવી જોઇતી નથી. "

બહા૦—" જરૂર મારાથી વાત ગુપ્ત રાખવી જોઇતી નથી. "

રામ૦—" કૃષ્ણુરાય આ ખુનવાળી રાત્રે ગાડીમાં હતો. "

બહાવદીનખાન કોઈ વાત ઉપર અજાયબ નહિ હતો અને અજાયબ થવા જેવું હોય તો પણ તે ભાવ મનમાંને મનમાં રાખી લેતો પણ આ વાત સાંભળીને રામરાયનું મોઢું જોવા લાગ્યો તે પછી તે ધીમે ધીમે ગંભીર ભાવથી બોલ્યો—" આપે તે વાત પહેલા નહોતી કીધી."

રામરાયે ઉદાસ થઇને કીધું—" આપને તો માલુમ પડયું છે કે, મેં તેને બચાવવાના માટે આફત માથે લીધી હતી. "

બહા૦—" તે તો હુ જાણું છું. અને આપના ભાતૃભાવની પ્રશંસા કરૂં છું. પણ આપે બધી વાત મને કહી દેવી વ્યાજબી હતી. ખેર, આપે તે રાત્રે તે ગાડીમાં કૃષ્ણુરાયને જોયા હતા ? "

રામ૦—" નહિ મેં નહોતો જોયો. "

બહા૦—"ત્યારે આપે કેવી રીતે જાણ્યું કે તે એ ગાડીમાં હતા ?"

રામ૦—" મારો મુગીઆ નામનો એક નોકર છે તેની ઓળખાણ વાળો એક માણુસ સ્ટેશનમાં નોકર છે, તે રાતે મુગીઓ તેની

કોટડીમાં હતો. જ્યારે ગાડી ધારી સ્ટેશનમાં પહોંચી ત્યારે કૃષ્ણુરાય બીજી બાજુથી દરવાજો ઉઘાડીને ઉતરી ગયો હતો. ”

બહા૦—“ પ્લેટફાર્મથી બીજી બાજુ ઉતર્યો હતો ?”

રામ૦—“ હાજી, મુળીઆએ તેને ઉતરતાં જોયો હતો. ”

બહા૦—“ સાંભળો શેઠ સાહેબ ! આ બધી વાત પોલીસ જાણે તો કૃષ્ણુરાયને બચવું બહુ મુશ્કેલ થઇ પડે. તેથીજ કહું છું કે, આ તપાસ બહુજ સાવચેતીથી કરવાની છે. ”

રા૦—અત્યારે તો બધો ભાર આપના ઉપર છે. આપે મને બચાવ્યો છે અને તેની પણ રક્ષા કરશો એવો મને ભરૂસો છે. ”

બહા૦—“ આપ બીન ગુન્હેગાર હતા. અને કૃષ્ણુરાય—”

રામરાય વચમાંજ બોલી ઉઠયો—“ તે પણ બીન ગુન્હેગાર છે. આપ વિશ્વાસ રાખો હું કહું છું કે, તે પણ બીનગુન્હેગાર છે ”

બહાવદીનખાન બહુજ નવાઇ પામીને બોલ્યો—“ સાંભળો, આપ મારા સાથે કપટ રાખો છો. બધી વાત સાફ જાણ્યા વિના હું કોઈ કામ ખાત્રીપુર્વક કરી શકું નહિ, આપને જે કાંઇ માલુમ હોય તે બધું સ્પષ્ટ દીલથી કહી દો. ”

રામરાય ગેંગેં ફેંફેં કરવા લાગ્યો. મોઢેથી કંઇ કહેતો નથી એવું જોઇને બહાવદીનખાન બોલ્યો—“ જો આપ મને બધી વાત સ્પસ્ટ નહિ કહી દો તો હું આપનું આવી રીતનું કામ હાથમાં નહિ લઉં તેના માટે આપ મને માફ કરશો. ”

રામરાય ઉતાવળા થઇ જઇને—“ આપ મને શું કહેવાનું કહો છો ? ”

બહા૦—“ જે આપ છુપાવવા માગો છો તે હું જાહેર કરવાનું કહું છું. આપ આમાં જે કાંઇ જાણતા હો તે બધું મને બતાવો.

બધી વાત જાણ્યા વિના હું કોઇ પ્રકારની તપાસનો ભાર ઉપાડીશ નહિ."

રામ૦—"હું તો કહું છું કે, કૃષ્ણરાયે સાવિત્રીનું ખુન નથી કર્યું."

બહા૦—"તે આપને કેવી રીતે માલુમ પડ્યું?"

રામ૦—"આપ સાંભળો, હું બધું કહું છું."

બહા૦—"કહો હું સાંભળવાને તૈયારજ છું."

રામ૦—"સાવિત્રી અને કૃષ્ણરાયનો પ્રેમ હું એક બીજા કારણથી પણ સમજ્યો છું."

બહા૦—"શું કારણ તે સમજાવો."

રામ૦—"એક દિવસે બાગેરથી તેનો ઓરડો વાગતી હતી. તે વખતે તેના ટેબલ ઉપરથી સાવિત્રીનો ફોટો મળ્યો હતો."

બહા૦—"આપે આ વાત પહેલાંથી મને કહી નહોતી."

રામ૦—"હાજી નહોતી કીધી, ખેર હું સમજ્યો હતો કે, કૃષ્ણ કુસંગતમાં પડ્યો હતો. પિતાશ્રી મરતી વખત મને સોંપતા ગયા હતા. તેના માટે તેને બચાવવાની સદા હું કોશીશ કરતો હતો. તપાસથી માલુમ પડ્યું કે, તે સંતાઇને રાતના વખતો વખત ઝર જાય છે. પાછળથી જાણ્યું કે, ખસુસ કરીને તે રેલ્વેના પૂલ પાસેના મારા બંગલામાં જાય છે."

બહા૦—"તે બંગલા હજુ સુધી તૈયાર નથી થયા!"

રામ૦—"હજુ સુધી તૈયાર નથી થયા તથાપિ એકાદ તૈયાર થયો છે એમ નોકર કહે છે. એક દિવસ હું કૃષ્ણરાયની પાછળ જે ટ્રેનમાં તે ગયો હતો તે ટ્રેનમાં હું પણ છુપાઇને બેસી ગયો. તેને ઝરમાં

ઉતરતાં જોઇને હું પણ ઉતરી પડયો, જ્યારે બંગલાની તરફ ચાલ્યો ત્યારે હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો પણ તેણે મને જોયો નહિ."

બહા૦—" તે પછી !"

રામ૦—" રેલ્વે લાઇનની પાસે પહોંચતી વખતે તે મારી નજરથી ગેબ થઇ ગયો, ઘણું વખત સુધી મેં આમ તેમ જોયું તથાપિ તેનો પતો નહીં મળ્યો ત્યારે હું સમજ્યો કે, કોઇ બીજી તરફ થઇને તે બંગલામાં ગયો હશે ત્યારે હું બંગલા તરફ રવાના થયો, પાસે જતાની સાથે કેટલાક માણસોના પગનો અવાજ સંભળાયો, ત્યાં હું એક ઝુવામાં સંતાઇ ગયો. સંતાઇને જોયું તો થોડાક માણસો કોઇ ચીજ ઉંચકીને રેલ્વે લાઇન તરફ લઇ જતા હતા."

બહા૦—" આપે તેમાંથી કોઇને ઓળખ્યા ?"

રામ૦—" નાજી, બીલકુલ અંધારી રાત હતી, અને બધાના મોઢા ઉપર કપડું બાંધી લીધું હતું."

બહા૦—" એવું માલુમ પડયું કે, તેમાં કૃષ્ણરાય છે ? "

રામ૦—" નહિ તે હું બરોબર કહી શકતો નથી. "

બહા૦—" તે પછી આપે શું જોયું ?"

રામ૦—" તે ચીજ લાઇન ઉપર રાખીને અલોપ થઇ ગયા. હું તે ડરથી પાસે નહિ ગયો કે, તે લોક મને ઓળખી લેશે. તેથી હું એ પણ ન જોઇ શકયો કે, તે માણસો કઇ તરફ છુપાઇ ગયા. ઘણા વખત સુધી હું એક જગાએ ઉભો રહ્યો જ્યારે કોઇ તરફથી કાંઇ અવાજ નહિ મળ્યો ત્યારે લાઇનની પાસે જોવા ગયો કે શું રાખી ગયા છે ? હું ઠોકર ખાઇને ત્યાં પડી ગયો. ફરીને કપડા ખંખેરીને ઉઠયો અને જોયું તો એક લાશ હતી પણ અંધારામાં એ નહિ જાણી શકયો કે, પુરૂષની લાશ છે કે સ્ત્રીની બહુ સારી રીતે

તેનું મોહું જોવા ગયો પણ ચહેરાના હાલ બેહાલ જોઇને મારો આત્મા ઉડી ગયો, સમજી લીધું કે, ચંડાલોએ તેનું ખુન કીધું છે. હું ઝટપટ ત્યાંથી નાઠો, મનમાં ભય ઉપજયો કે, જો મને કોઇ જોઇ જશે તો ખુની સમજશે તે વખતે મારા મનમાં શું આવ્યું હશે તે તે આપ સમજી શકતા હશો. ”

બહા૦—“ હાજી હું સમજયો, આપના મનમાં એ વાત આવેલી હોવી જોઇએ કે, કૃષ્ણુરાય પણુ આમાં જરૂર હશે. ”

રામ૦—“ આપની પાસે હું છુપાવવા નથી માગતો, મારા મનમાં તેવુંજ થયું હતું. ”

કેટલાક વખત સુધી બહાવદીનખાન મનમાંને મનમાં વિચાર કરવા લાગ્યો, રામરાય સાહેબ પણુ ગુપચુપ બેઠો હતો. ફરીને બહાવદીનખાને ધીરે ધીરે પૂછવું શરૂ કર્યું, તેણે કહ્યું, “ કાંઇક તો હું સમજી ગયો, તથાપિ આપને એક વાત પુછવા માગું છું. આશા છે કે, આપ મારી પાસે કાંઇ ગુપ્ત રાખશો નહિ. મને બતાવો કે, આપ આપના ભાઇને બચાવવાને માટે આફતમાં પડયા હતા કે તેમાં કાંઇ બીજુ કારણુ હતું ? ”

રામરાય સાહેબ નીચું જોઇ રહ્યો. શું કહેવું તે કાંઇ પણુ ચોકસ કરી શકયો નહિ ત્યારે મશ્કરી કરીને બહાવદીનખાને કહ્યું—“ હવે હું સમજી ગયો. ”

રામરાયે વિસ્મય થઇને તેના તરફ જોઇને કહ્યું—“ શું સમજી ગયા. ? ”

બહા૦—“ સમજી ગયો કે, આપ ભાગેરથીને ચાહો છો. ”

રામરાયનું મોહું લાલ થઇ ગયું, તે બોલી ઉઠયો—“ જુઠી

વાત છે, તેની સાથે કૃષ્ણરાયના લગ્ન કરવાનું મારા પિતાજી નક્કી કરી ગયા છે વળી તે પણ કૃષ્ણરાયને ચાહેછે, કૃષ્ણરાય મળે કે, તુરતજ તેની સાથે તેના લગ્ન કરીને હું તુરતજ અહીંથી ચાલ્યો જાઉં."

બહાવદીનખાનને મશ્કરી કરતો જોઇને રામરાય ચુપ થઇ ગયો તેણે સમજી લીધું કે, જે કહેવાનું ઉચીત નથી તે પણ કહી દીધું છે તે કારણથી તેને પોતાની જાત ઉપર ક્રોધ આવ્યો. અને તેનો ઘણો ભાગ તેણે બહાવદીનખાન ઉપર નાખ્યો, તે બોલ્યો "સાંભળો, હસવું તો ઠેકાણે ઠેકાણે સારૂ લાગે છે, હું આપને શરણે આવ્યો છું તેથી આપ મારી મશ્કરી કરવા માગો છો?"

બહાવદીનખાન ગંભીર થઇને બોલ્યો—"આપ એવો ઉતાવળો ખ્યાલ કરો નહિ. હું નકામી વાત કરતો નથી. આપ ભાગેરથીને ચાહો છો તે વાતનો ઇન્કાર કરો નહિ. આ ગંભીર મામલામાં કાંઇ પણ વાત છુપાવશો તો તપાસમાં સુગમતા નહિ પડે."

રામ૦—"હું તેને ચહાઉં છું કે નથી ચાહતો તેની સાથે આ તપાસનો શું સંબંધ છે? તે મારા ઘરની પાળેલી પોષેલી છોકરી છે, હું તેની સાથે બહેનથી પણ અધિક હેત કરૂં છું."

બહાવદીનખાને ફરીને ગંભીર થઇને કહ્યું—"જુઓ રામરાય સાહેબ? જો આપે પહેલાંથીજ આ બધી વાત કીધી હોત તો મારે નાહક આટલી તકલીફ વેઠવી પડત નહિ આપ પણ જેલમાં જાત નહિ અને આટલો મુકદમો પણ ચાલત નહિ. આપના ભાઇને પણ હું બચાવી લેત અને બદમાસોની ટોળીને પણ સહજમાં પકડી કાઢત એ બધી મહેનત મારે હવે નવેસરથી કરવાની રહી, ખેર, હું આ કામનો ભાર લઉં છું."

રામરાયે ઉઠતા ઉઠતા કહ્યું—"આપે આ કામનો ભાર લઇ

લીધો; હવે હું બેફીકર થયો, આપે મને બચાવ્યો છે અને ભરૂંસો છે કે, કૃષ્ણુરાયની પણુ રક્ષા કરશો. "

બહાવદીનખાન—" તે વાત તો ભગવાનના હાથમાં છે. "

રામરાય જવા માટે ઉઠી ચાલવા લાગ્યો પછી દરવાજા સુધી જઇને ઉભો રહ્યો અને બોલ્યો—" એક વાત પુછવાની છે. "

બહા૦—" કહો. "

રામ૦—" આપનું નામ અને આપની બુદ્ધિના વખાણુ મેં પહેલા બહુજ સાંભળ્યા હતા. "

બહા૦—" આપ આપની મતલબ જણુાવો. "

રામ૦—" આપે મારો જીવ બચાવ્યો છે. "

બહા૦—" વારંવાર એ વાત કેમ કરો છો ? "

રામ૦—" પુછવાનું એ છે કે, મારો જીવ બચાવવાને માટે આપને કોણે રોક્યા હતા. ? "

બહા૦—" એ વાત જાણુવાની કાંઇ જરૂર નથી. "

રામ૦—" શું કૃષ્ણુરાયે કીધું હતું ? "

બહા૦—" નાજી. "

રામરાય અચકાઇને—" ત્યારે કોણે આપને રોકયા હતા ? તે મહેરબાની કરીને જણુાવો. "

બહા૦—" હું જવાબ આપી ચુકયો છું. "

રામ૦—" આપને બતાવવામાં કાંઇ વાંધો છે ? "

બહા૦—" નાજી, હું ધારૂં છું કે બતાવવામાં કાંઇ વાંધો નથી. કેમકેતે નામ જાહેર કરવાની તેમણે મને મના કરી નથી. "

રામ૦—" ત્યારે તેનું નામ બતાવો. "

મહા૦—" મને ભાગેરથીએ રોક્યો હતો. "

બહુજ વિસ્મય થઇને રામરાયે બહાવદીનખાનના તરફ જોયું અને પછી ધીમે ધીમે બોલ્યો—" ભાગેરથી 1 ! "

---

## પ્રકરણ ૧૪ મું.

### બદમાસોના અડ્ડાનો લાગેલો પતો.

લગભગ ત્રણેક અઠવાડીઆ વીતી ગયા તથાપિ કૃષ્ણુરાયનો કાંઇ પત્તો લાગ્યો નહિ. બહાવદીનખાનની સલાહથી રામરાયે પોલીસમાં ફરિયાદ નોંધાવી દીધી. પોલીસ ભારે કાળજીથી તપાસ કરવા લાગી. રામરાયે પણુ બધા પેપરોમાં જાહેર ખબર આપી દીધી. કે જે માણુસ કૃષ્ણુરાયનો પત્તો મેળવી આપશે તેને એક હજાર રૂપિયા ઇનામ આપવામાં આવશે. તથાપિ ત્રણુ અઠવાડીઆ વીતવા છતાં પણુ તેનો કાંઇ પત્તો લાગ્યો નહિ. આ તરફ રામરાયને છોડી મુકવામાં આવ્યો અને સાવિત્રીના ખુનનું કાંઇ છેવટ ન આવ્યું તેથી નામદાર સરકારની નજર તેના ઉપર પડી. પોલીસ ઓફીસરોના પર સખત ઠપકો આવ્યો તેથી પોલીસે ઘણી ચાંપતી તપાસ શરૂ કરી તથાપિ સાધારણુ પોલીસથી કાંઇ પતો લાગ્યો નહિ તેથી નામદાર સરકાર તરફથી એક બાહોશ ડીટેકટીવ આ મામલાનો ભેદ મેળવવા માટે નક્કી કરવામાં આવ્યો. તેણે અમરેલી આવીને મામલાની તમામ પાછલી હકીકત જાણી લીધી અને ઝર પહોંચીને સેંકડો ચોકીદારો અને કોન્સ્ટેબલોની સાથે ડુંગરના બધા બાજુ,

ખાંચા, નેળા, નાખરા, ગુફા, ખોહ, ખુંદી કાઢયા. ઝરના ડુંગરાં કાંઇ બહુજ લાંબા નહિ હતાં. તે માટે તેની તપાસ લેવામાં બહુ મુશકેલી નડી નહિ.

તેમણે જોયું કે, તે પહાડમાં એવી બે જગા હતી જ્યાં કોઇ રહે છે તથાપિ એટલું જાણવા અને હજાર કોશીશ કરવા છતાં તેમાં જવાનો રસ્તો મેળવી શકયાં નહિ. તેઓ એટલું પણ સમજયા કે, તે બંને જગામાં માણસો રહેતા હોય તેવા નિશાન છે. એકમાં એક નાની પર્ણકુટી છે અને બીજામાં પત્થરનું બાંધેલું એક નાનું ઘર છે. કોઇ રીતે જ્યારે તે બંને જગામાં જવાનો રસ્તો નહિ મેળવી શકયા ત્યારે તે લોકો તેમાં લાંબા લાંબા દોરડા લટકાવીને તે રસ્તે અંદર ઉતરી ગયા અને સાથે સાથે ઉપર આવવાની સીડી પણ અંદર લેતા ગયા. પહેલાં તો એ નાની પર્ણકુટીમાં બધા પોલીસના માણસો ઉતર્યા. તે પર્ણકુટીની ખબર અમારા વાંચક બંધુને પહેલાથીજ છે, ત્યાં એક દિવસ સન્યાસીની સાવિત્રી બહાવદીનખાનને લઇ ગઇ હતી તે પર્ણકુટી જેવીને તેવી મળી આવી. મૃગચર્મ ઝોળી, દંડ, કમંડળ વિગેરે મળ્યું તથાપિ સાવિત્રી નહિ મળી, તેનો ત્યાં કાંઇ પતો નહિ લાગ્યો.

પોલીસના માણસોએ રીસે ભરાઇને તે સન્યાસીનો આશ્રમ વીખી નાખ્યો જે કાંઇ મળ્યું તે દોરડાથી બાંધી સાંચીને ઉપર ઉઠાવી ગયા, બધા માણસો પણ દોરડાથી અને સીડીથી ઉપર ચઢયા. કેટલાક માણસોને ત્યાં પહેરા ઉપર મુકી બાકીના પોલીસવાળાઓ બીજી જગાએ ચાલ્યા. ત્યાં પહોંચીને તેમણે જે જોયું તેથી તેઓને બહુજ અટકળ કરવાનું મળ્યું. આ પહાડી ભુમીમાં નાનું સરખું પત્થરનું એક સુંદર મકાન બનાવવામાં આવ્યું હતું, તેમાં ચાર

ઓરડા હતાં તેમાંનો એક ઓરડો બેઠકનો માલુમ પડ્યો. તેની પાછળનો ઓરડો જોઇને પોલીસવાળા હેરત પામી ગયા; તેમાં લોઢાની ચાર મોટી મોટી તીજોરીઓ હતી. તે સિવાય બીજી બાર બંદુકો લટકાવવામાં આવી હતી. તરેહ તરેહની ઢાલો, તલવારો બરછીઓ કટારીઓ, હતી; લગભગ પચીશેક પીસ્તોલો પણ ટાંગી હતી, તેથી ભીંત ઉપર ક્યાંઇ જગ્યા રહી નહોતી, તે સિવાયના બીજા બે ઓરડા સુવા બેસવાના હતા એકમાં જોવાથી સાફ માલુમ પડયું કે, તેમાં કોઇ સ્ત્રી રહેતી છે તેની એકાદ સાડી, ચાકર, અને ચોળી હજુ પણ તેમાં લટકતી હતી. નવો ડીટેકટીવ બહુજ બારીકીથી તે ઓરડામાં જોવા લાગ્યો. તેણે સારી રીતે જોઇને કહ્યું—"આમાં લોહીના ડાઘ છે, અને તે ડાઘ મટાડવાને માટે ઓરડો પાણીથી ધોવામાં આવેલ છે.!!

એટલું સાંભળીને એક ઇન્સ્પેકટરે કહ્યું–"તો ખુન રેલમાં નહિ પણ અહીં થયું હોય એમ માલુમ પડે છે."

નવા ડીટેકટીવ—"લોહી લોહાણનો કાંઇક મામલો અહીં થયો હોય તેમ સમજાય છે પણ એ કહેવું મુશકેલ છે કે, તે સાવિત્રીનું અહીં ખુન થયું છે કે બીજી કોઇ સ્ત્રી અહીં રહેતી હતી તેનું, નિશાન તો આપ જોઇ રહ્યા છો."

ઇન્સ્પેકટર–"ત્યારે તો તે જરૂર સાવિત્રી હશે,"

નવા ડી૦–"તે કાંઇ બરોબર કહી શકાય નહિ."

ઇન્સ્પેકટર–"ચાલો જોઇએ કે તીજોરીમાં કાંઇ છે કે નાહ ?" એમ કહી બંને જણા તીજોરીવાળા ઓરડામાં ગયા તો તેમાંથી કેટલીક તીજોરો ખુલ્લી મળી તે ઉઘાડીને જોયું તો તેમાં કશુએ નહોતું.

નવા ડી૦–" અહીંઆ બદમાશોએ મુકામ નાખ્યો હતો તેમાં તો કાંઈ સંદેહ નથી. બદમાસો પણ ચાલાક છે આ પહાડમાં આવું મકાન બનાવીને નિર્ભયપણે રહીને પોતાનું કામ નિભર્યપણે ચલાવતા હતા તે કોને માલુમ હતું ? જો સન્યાસીની સાવિત્રીએ ન્યાય મંદિરમાં જઇને જુબાની નહિ આપી હોત તો કોને ખબર હતી કે, આહીં માણુસો રહે છે."

ઇન્સ્પેકટર–" સાવિત્રી પણ તે માંહેની હોય તેમ જણાય છે."

નવા ડીટેકટીવ—"નહિ એ સમજવું ભુલ ભરેલું છે, એમ માલુમ પડે છે કે, સાવિત્રીએ જે કહ્યું તે ખરૂં હતું. જો તે આ બદમાસોમાં હોત તો ખુદ બહાવદીનખાનને જઇને મળત નહિ. તેને અહીં લાવત નહિ. અને તેના કહેવા ઉપરથી જુબાની આપવા પણ આવત નહિ. આ ઉપરથી માલુમ પડે છે કે, તેને પણ તે માણુસોની ખબર નહોતી."

ઇન્સ્પેકટર–" આપની વાત વ્યાજબી છે."

નવો ડી૦–" અહીં આવવાનો માર્ગ ક્યાં છે."

બહુજ શોધખોળ પછી પણ જ્યારે તે મોટા પર્વતની ખોહમાંથી બહાર નીકળવાનો માર્ગ નહિં મળ્યો, ત્યારે ધીમે ધીમે તે ખોહની અંદરની બધી ચીજો દોરડાવતી ઉપર પહોંચાડવામાં આવી. ફક્ત તે ચાર લોઢાની તીજોરીઓ ઉપડી શકી નહિ તેથી તેને ત્યાંજ પડતી મુકી.

આ તપાસથી એવું માલુમ પડ્યું કે, આ પહાડમાં થોડાક બદમાસોએ મુકામ કર્યો હતો. અને તેઓ ત્યાંથી નિર્ભયપણે પોતાનું કામ કરતા હતા. જ્યારે તેઓએ જોયું કે, રામરાયના મુકદમામાં લાશના માટે બહુજ ગોટાળો થયો છે, સાવિત્રીએ કોર્ટમાં જુબાની આપી

કે, લાશ રેલ્વેથી લપસી પડી નથી, કેટલાક બદમાસ લોકો અમલ-દારોને ભુલમાં નાખવા માટે લાશને લાઇન ઉપર લઇ ગયા હતા એ વાત ખુલી થઇ ત્યારે તે લોકો પોતાનો કીમતી માલ લઇને ત્યાંથી ચાલતા થયા. કેમકે તેમણે સમજી લીધું કે, હવે ભેદ ખુલી ગયો અને પોલીસ અહીં પહોંચીને કેદ કરી લેશે.

આ વાત પોલીસના જાણવામાં આવી પણ કોણે ત્યાં અડ્ડો કર્યો હતો અને તેઓ ક્યાં નાશી ગયા તેની સાથે સ્ત્રી કોણ હતી તે વાતનો કાંઈ પત્તો મળ્યો નહિ, તેમ એ પણ માલુમ પડયું નહિ કે સાવિત્રી આ પર્ણકુટી મુકીને ક્યાં અલોપ થઇ ગઇ. પર્વતમાંથી જે કાંઇ મળ્યું તે બધું લઇને પોલીસ ખુશી ખુશી થતી ઝરના થાણામાં ગઇ, બદમાસોના અડ્ડાની તે વાત એકદમ ચારે તરફ ફેલાઇ ગઇ. હજારો માણસો બદમાસોનો અડ્ડો જોવાના માટે ઝરના ડુંગર તરફ જવા લાગ્યા પણ ત્યાં પોલીસનો પહેરો હતો તેથી કોઇ તેની પાસે જવા પામ્યું નહિ. બદમાસોનો મુકામ તો હાથ આવ્યો પણ તેમનો ખરો ભેદ અને ઘટનાનું ખરૂં સ્વરૂપ મળ્યું નહિ.

આ તરફ કૃષ્ણરાય અલોપ થઇ ગયો છે અને સાવિત્રીનું ખુન થયું છે કે નહિ તે વાત પણ અંધારામાં રહી અને હજુ એ સવા-લતો લટકતોજ રહ્યો કે, જેનું ખુન થયું છે તે સાવિત્રી નથી તો કોણ છે? સાવિત્રીનું ખુન નથી થયું તો તે ક્યાં છે? શું તે પણ બદમાસોમાં છે? પ્રસન્નરાયના કાગળથી પણ માલુમ પડે છે કે, બીજે દિવસે સાવિત્રી તેને મળી હતી તો તે ક્યારે અને ક્યાં અલોપ થઇ ગઇ તે વાતોમાંથી પોલીસે એક પણ વાતનો પતો મેળવ્યો નહિ. ઓફીસરોની આ કેસ ઉપર બરોબર નજર હતી. બદમાસોએ પહાડમાં મુકામ કર્યો છે તે જાણ્યા પછી ઓફીસરોએ તુરતજ દબાણ

કર્યું છે, "આટલા દિવસથી પોલીસના કપાળ ઉપર બદમાસો મુકામ રાખી નિઃશંકપણે પોતાનું કામ બજાવી રહ્યા છે છતાં ત્યાંની પોલીસ એટલી નકામી છે કે, તેની કાંઇ પણ ખબર મેળવી શકી નથી. એવી નકામી પોલીસ કાઠિયાવાડમાં બીજે ક્યાં છે ? જો તેનો પતો નહિ લાગે તો પોલીસના બધા માણુસો માટે સખ્ત પગલાં લેવા પડશે," આ ડરામણા હુકમને જોઇને ડીટેક્ટીવ સરદારની હોંશ ઉપર પાણી પડયો. તે મનમાં કહેવા લાગ્યો—"હે ભગવાન! કેવી જીજ્ઞાસાથી આવ્યો હતો. આ મામલાનો ભેદ મળવાની કોઇ પણ ઉમેદ દેખાતી નથી, બદમાસોનો પતો નથી. તેમ સાવિત્રીનું ક્યાંઇ નામ નિશાન નથી ! આ કેસનું કાંઇ પણ છેવટ આવતું નથી." આ વખતે એક માણુસે આવી કહ્યું, "આપનું નામ ડીટેક્ટીવ મહીપતસિંહ છે ?"

મહીપત—"જી હા."

આવનાર—"આપનું નામ તો મેં ઘણા દિવસથી સાંભળ્યું હતું."

મહીપત૦—"હું આપને ઓળખતો નથી."

આવનાર—"હમણા ઓળખાણ થઇ જશે, મારૂં નામ ડીટેક્ટીવ બહાવદીનખાન છે."

મહીપત૦—"ઓહો!, આપે તો મહેરબાન રામરાય શેઠનો જીવ બચાવ્યો છે, આપનું નામ હું પ્રથમથી જાણી ચુકયો છું—"

બહાવદીનખાન વચમાં બોલી ઉઠયો—"ભગવાને એ નિર્દોષની રક્ષા કરી છે."

મહીપત૦—"તે તો ઠીક છે પણ મેં તો આપની ઉસ્તાદીની વાત સાંભળી છે."

બહા૦—"શું કરૂં બાપદાદાની કમાઇ પુષ્કળ છે. વખત કોઇ રીતે જતો નથી. તેથી શોખને લીધે ડીટેક્ટીવનું કામ કરૂં છું, તેમાં

મને બધે ખુશાલી ઉપજે છે."

મહીપત૦—"તો આપ ડીટેક્ટીવ શોખને લીધે થયા છો, કે અમારા લોકોની પેઠે વીપત્તીમાં પડીને નહી?"

બહા૦—"આપ જેવા પ્રસિદ્ધ ડીટેક્ટીવ એવી વાત કેમ કરો છો! શું આ કામથી આપને કાંઇ નારાજ થવું પડે છે?"

મહીપત૦—"નારાજીની વાત પુછો છો? આમ જુઓ, આ મામલામાં કેવી આફત છે જેની તપાસ માટે આવ્યો છું તેનો માર્ગ તો દુર રહ્યો. પણ બદમાસોનો અડ્ડો વીંખી ચુંથી નાંખી આફત વહોરી, અને એ બદમાસોને નહિ પકડવાથી આ વૃદ્ધાવસ્થામાં નોકરી છોડવાનો પ્રસંગ આવ્યો."

બહા૦—"નહિ સાહેબ! આપ જેવા બાહોશ ડીટેક્ટીવને પકડતા શું વાર લાગે?"

મહીપત૦—"આપનું એ કહેવું ઠીક છે, પણ મને તો ચારે તરફ અંધારૂં લાગે છે."

બહા૦—"આપને કાંઇ પણ માર્ગ હજુ નથી મળ્યો."

મહી૦—"કાંઇ પણ નહિ."

બહા૦—"સારૂં, જે ચીજો આપે બદમાસોના અડ્ડામાંથી મેળવી છે તે હું એકવાર જોવા માગું છું."

મહી૦—"ભલે ખુશીથી જુઓ, આપે રામરાયને બચાવી લીધા પછી આ મામલાથી જુદાઇ કરી દીધી છે."

બહા૦—"હાજી કરી તો હતી પણ રામરાય શેઠે કૃષ્ણરાયની તપાસમાં મને રોકયો છે."

મહી૦—"બહુજ ખુશી થવા જેવી વાત છે. આપ જેવા ઉસ્તાદ આદમી અમને મદદગાર થયા. પોલીસે હજુ સુધી કૃષ્ણરાયનો

પણ કાંઇ પતો મેળવ્યો નથી."

બહા૦—"સારૂ, ચાલો એક વાર બધી ચીજો જોઇએ" એટલું કહીને બંને જણા જે તે વાતો કરતા થાણામાંથી બહાર નીકળ્યા.

## પ્રકરણ ૧૫ મું.

### કૃષ્ણુરાયના ઓરડાની વિઝિટ.

આજ બે અઠ્વાડિયાથી બહાવદીનખાન ગેબ થઇ ગયો હતો. તેનો કાંઇ પણ પતો નહોતો. સરકાર તરફથી આવેલો મહીપતસિંહ પણ કમર પકડીને બેશી ગયો હતો. રામરાય પોતાના ભાઇ કૃષ્ણુરાયના માટે શોચ કરતો હતો. ગામમાં વિચિત્ર વાતો થઇ રહી હતી. રામ· રાય મનમાં બોલ્યો. બહાવદીનખાન આજ ૧૫ દિવસ થયા છતાં કેમ આવ્યા નહિ હોય ? તેગે વિચાર કરતો હતો એટલામાં કોઇના પગનો અવાજ સંભળાયો. પાછા ફરીને જોયું તો બહાવદીનખાન.

રામરાય—"આવો આવો સાહેબ, હું હમણાં આપનાજ વિચા· રમાં બેઠો હતો."

બહાવદીનખાન પાસે જઇને બોલ્યો—"રામરાય શેઠ ! આપની તબીઅત કેવી છે. ચહેરો તો એવો બદલી ગયો છે કે, ઓળખાઇ શકાતા નથી."

રામરાય—"તબીઅત સારી છે. આવો. બેસો." કહીને તેને બેસવાનું આસન આપ્યું. અને પોતે પણ સામે બેશીને બોલ્યા, "કહો કૃષ્ણુરાયની કાંઇ ખબર મળી ?"

બહા૦—"પુરી નહિ પણ થોડી ઘણી ખબર મળી છે."

રામ૦—"શું ખબર મળી બતાવો."

બહાવદીનખાને પોતાના ખીસામાંથી એક રૂમાલ કાઢયો અને રામરાયના હાથમાં આપીને પુછયું—"કહો આ રૂમાલને આપ ઓળખો છો?" રામરાય તેને ઉલટ સુલટ કરવા લાગ્યો. બહાવદીનખાને કહ્યું—"આ તરફનો ખુણો જુઓ. દોરાથી કૃષ્ણરાય ચીતર્યું છે."

રામ૦—"આપને તે કયાંથી મળ્યો?"

બહા૦—"તે હું અત્યારે બતાવું છું, આ રૂમાલ તો કૃષ્ણરાયનો છે ને?"

રામ૦—"હાજી કૃષ્ણરાયનો છે તે તમોને કયાંથી મળ્યો."

બહા૦—"આવો રૂમાલ તેને બીજો છે?"

રામ૦—"હાજી છે, અમારા બંનેના રૂમાલ ઉપર બાગેરથીએ તેવી રીતે નામ કાઢી આપ્યું છે. આપને તે કયાંથી મળ્યો તે તો કહો.?"

બહા૦—"આપે સાંભળ્યું હશે કે, પોલીસે ઝરના ડુંગરમાંનો બદમાસોનો મુકામ બરબાદ કર્યો છે?"

રામ૦—"હા સાંભળ્યું છે."

બહા૦—"ત્યાંથી તે લોકો ઘણી ચીજો લાવ્યા છે. આ રૂમાલ પણ તેમાંથી મળ્યો છે આપ તો જાણતા હશો કે, પોલીસવાળા આંધળા હોય છે. નહિ તો તે લોક આપના ભાઇને પણ બદમાસોમાં સમજવા લાગત. મેં વખત જોઇને તે રૂમાલ લઇ લીધો છે."

રામ૦—"ત્યારે તો ત્યારે—"

બહા૦—"હવે એ સાફ માલુમ પડે છે કે, આપના ભાઇ હરકોઇ રીતે એ બદમાસોની ટોળીમાં સામેલ છે."

રામ૦—"અરે બાપરે ! ત્યારે તો તે બદમાસોની સાથે નાશી ગયો છે કેમ ?"

બહા૦—"હાજી એવું માલુમ પડે છે, તે બદમાસોને મળવા માટે ઝર ગયા કરતા હતા."

રામ૦—"હા એવું માલુમ પડે છે. ઠીક તે બદમાસોનો કાંઇ પત્તો લાગ્યો ખરો કે ?"

બહા૦—"નહિ, તેની કાંઇ ખબર નથી. તે બધા ઝર સ્ટેશનેથી ગાડીમાં નહિ બેઠા હોય, જુદે જુદે સ્ટેશનેથી સવાર થઇ તે એક નવા અડ્ડામાં મળી ગયા હશે."

રામરાય—"તે બધા ક્યાં છે કાંઇ ખબર મળી ?"

બહા૦—"તેનો હજુ સુધી કાંઇ પતો મળ્યો નથી પણ એટલું માલુમ પડયું છે કે, સાવિત્રી તેની સાથે છે."

રામ૦—"તે કેવી રીતે માલુમ પડયું ?"

બહા૦—"બદમાસોના અડ્ડામાંથી એક નાનું સરખું બોક્સ મળ્યું છે. તે સાવિત્રીનું છે એમ નક્કી થયું છે. તે પણ ખબર મળી છે કે, એક સ્ત્રી ઝરના આગલા સ્ટેશનમાં ઉતરી હતી. નીચે ઉતરીને તે પેશાબખાનામાં ગઇ પણ તે ત્યાંથી પાછી નીકળે તે પહેલાં ગાડી રવાના થઇ. તે વખતે એક આદમીએ દોડીને ચાલતી ગાડીમાંથી સાવિત્રીનું બોક્સ ઉતારી લીધું હતું."

રામ૦—"ત્યારે તો તેણે જાણી જોઇને ગાડી બદલી હતી."

બહા૦—"હા, અત્યારે તો એમ અનુમાન કરવામાં આવે છે તે ઉપરાંત તપાસથી એવું પણ માલુમ પડયું છે કે, તે સ્ત્રી હરકોઈ ગાડીમાં ધારી પહોંચી એક ભાડાની ગાડી કરી પ્રસન્નરાયના મકાન સુધી ગઇ. તે પછી તે ત્યાંથી ક્યાં ગઇ તેનો કાંઇ પતો લાગ્યે

નહિ. એવું બની શકે છે કે, દિવસે આહીં આવી ક્યાંક સંતાઇ ગઇ હોય અને રાત્રે સંતાઇને ઝર ગાડીમાં ગઇ હોય અને ત્યાંથી બદમાસોના રહેઠાણે જઈ પહોંચી હોય."

રામ૦—"ત્યારે તેનો પાકો પતો મળ્યો નથી કે તે બદમાસોની ટોળીમાંજ છે."

બહા૦—"એક સ્ત્રી બદમાસોની ટોળીમાં છે એ પાકી વાત છે અને તે સાવિત્રી છે એવી સાબીતી મળે છે. જે દિવસે એક સ્ત્રીનું ખુન થયું તેના બીજે દિવસે સવારે સાવિત્રી પોતાના બાપના ઘેર ગઇ હતી. તેથી તે જાહેર થાય છે કે, જેનું ખુન થયું છે તે સાવિત્રી નથી. અને તેની પેટી બદમાસોના રહેઠાણમાં હતી તેથી કહેવું જોઇએ કે, તે તેની સાથે છે એક બીજી નવાઇ પામવા જેવી વાત એ છે કે, તેનો ધણી ગુણવંતરાય રેલવેની નોકરી છોડીને કોણ જાણે ક્યાં અલોપ થઇ ગયો છે."

રામ૦—"અરે બાપરે! તો શું તેણે જાણી બુજીને પોતાની સ્ત્રીને ત્યાં જવા દીધી હશે?"

બહા૦—"હાજી તેવું પણ બની શકે છે. જેનું ખુન થયું હતું તે પોતાની સ્ત્રી નથી એમ જાણવા છતાં પણ તેણે તે લાશને પોતાની સ્ત્રીની લાશ છે એમ કહીને ફરિયાદ કરી હતી તેની તપાસ કરીને મેં એટલી વાત સમજી લીધી છે."

હવે રામરાયના મોઢામાંથી વાત નહિ નીકળી. આ બધી ઘટના સાંભળીને તે દિગ્મુઢ થઇ ગયો. તેની સમજમાં કાંઇ પણ નહિ આવ્યું કે, આ બધો શો પ્રપંચ છે.

બહા૦—"હું એક વાતના માટે આપની પાસે આવ્યો છું."

રામરાયે ઇસારાથી કહ્યું કે "કઇ વાત?"

બહા૦–" હું કૃષ્ણુરાયનો ઓરડો એક વખત જોવા માગું છું. તેના કાગળ પત્રો જોવાની ખાસ જરૂર છે."

રામ૦–" કેમ તેથી શું થશે ? "

બહા૦–" એવો કોઇ કાગળપત્ર મળી શકે છે કે જેથી બદમાસોની સાથે તે ક્યાં સંતાયો હોય કે જેથી તેનો કાંઇ પતો મેળવી શકાય."

રામરાય બહાવદીનખાનની એ વાતનો તુર્ત જવાબ આપી શકયો નહિ. તેણે મનમાં વિચાર્યું કે, કૃષ્ણુરાયના ઓરડામાં બહુજ ગુપ્ત રાખવા જેવી ચીજો છે પેટી અને કબાટોમાં કેટલીક ચીજો પડી છે તે બધી બહાવદીનખાનને બતાવવી વ્યાજબી છે ? તે તો પોલીસનો માણુસ છે તેની સાથે એવી રીતે પડદો ઉપાડવો ઉચીત નથી. તેવા વિચારમાં કેટલાક વખત સુધી રામરાયને જોઇને બહાવદીનખાન બોલી ઉઠયો–"આપે આ તપાસ કરવાનું કામ મને આપ્યું છે કે નહિ ?"

રામ૦–" હાજી આપ્યું છે આપને તો તે હું પહેલાથીજ કહી ચુકયો છું."

બહા૦–" તો તપાસમાં મારી કામગીરી આપ ઇચ્છો છો કે નહિ?"

રામ૦–" હાજી જરૂર તથાપિ–"

બહા૦––" બોલો, બોલો આપ મારાથી કાંઇ ગુપ્ત રાખો નહિ, નહીં તો હું આ ગુંચવાડા ભર્યા મામલાનો ભેદ કાંઇ મેળવી શકીશ નહિ. અને આપનું કામ પણ પુરૂ કરી શકીશ નહિ."

રામરાય ગંભીર ભાવથી બોલ્યો––" સાંભળો મેં આપને આ મામલાનો ભાર ફક્ત એટલા માટે નથી આપ્યો કે, આપ કૃષ્ણુરાયને શોધીને લાવી આપો બલ્કે......"

વચમાં બહાવદીનખાન બોલી ઉઠયો—" હાં, આપના મનનો ભાવ હું સમજ્યો છું. આપનો વિચાર એવો છે કે, કૃષ્ણરાયને શોધી લાવવાથી તે બદમાસોના ટોળામાં છે એમ સાબીત થઇ જાય, અને ખૂનમાં પણ સામેલ છે એમ સમજી શકાય..."

રામ૦—" હાં, તે માટે હું તેને શોધતો નથી; પણ જેવી રીતે આપે મારો જીવ બચાવ્યો તેવીજ રીતે તેની પણ રક્ષા કરશો તેવા ભરૂસાથી આપના શરણે આવ્યો હતો."

હવે બહાવદીનખાને કાંઇ જવાબ નહિ આપ્યો. ચુપચુપ વિચારતો બેઠો અને પછી ધીરેથી બોલ્યો. " આપને તો માલુમ છે કે, બદમાસોની ટોળીને પકડવા માટે પોલીસ જીવજાનથી કોશીશ કરી રહી છે અને એ વાતનો પણ ખૂબ ભરૂસો છે કે, પોલીસ બદમાસોને પકડી શકશે. આપના ભાઇ બદમાસોની સાથે જ્યારે કેદ પકડાશે ત્યારે તો તેને બચાવવાને કોઇ ઉપાય અગર ભરૂસો રહેશે નહિ."

રા૦—" હાં, ત્યારે તો કાંઇ ઉપાય રહેશે નહિ. તો પછી આપ મને શું કહેવા માગો છો ? "

બહા૦—" હું એ કહું છું કે, આપ મારા તરફથી પૂર્ણ રીતે નિર્ભય રહો."

રામ૦—" આપ એ વચન આપો કે ગમે તેમ બને પણ કૃષ્ણરાયને બચાવીશ."

બહાવદીનખાને મશ્કરી કરીને કહ્યું:—" હું કબુલ કરૂં છું." પાછો મનમાં કહેવા લાગ્યો " અહાહા, આ પ્રેમને ધન્ય છે. આ પ્રેમ સ્વર્ગમાં પણ દુર્લભ છે."

રામરાયને ચૂપ જોઇને બહાવદીનખાન બોલ્યો:—" અત્યારે હું કૃષ્ણરાયનો ઓરડો જોઉં તો આપને કાંઇ હરકત છે ? "

રામ૦—" ભલે આવો " કહીને રામરાય ઉઠયો અને બંને જણા કૃષ્ણરાયના ઓરડામાં ગયા.

હવે બહાવદીનખાન કૃષ્ણરાયનો ઓરડો સારી રીતે જોવા લાગ્યો, દુર ઉભા રહીને રામરાય તેને જોવા લાગ્યો પણ બહાવદીનખાન શું કરે છે તે પોતાના જાણવામાં નહિ આવ્યું.

બહાવદીનખાન—" આ બારીનું બારણું તો ભાંગી ગયેલું લાગે છે. જ્યારે માણુસ ચાહે ત્યારે ઉતારી શકે છે. માલુમ પડે છે કે, બહારનો માણસ આ રસ્તેથી અંદર આવતો હતો." એટલું કહીને બહાવદીનખાન બારણું કાઢી નાખીને બોલ્યો—" આ તરફ તો બગીચો છે તેથી કોઇનું આવવું આપને માલુમ પણ પડી શકે નહિ. "

રામરાયે મનમાં સમજી લીધું કે, બહાવદીનખાન ખરી વાત કરી રહ્યો છે પણ તે મોઢેથી કાંઇ બોલ્યો નહિ. પોતાનો ભાઇ કેવી કુસંગતિમાં પડયો છે તેનો વિચાર કરતાં તેના મનમાં ભારે આઘાત થયો. ઓરડો જોઇને બહાવદીનખાને પોતાના ખીસામાંથી કુંચીઓનો એક ઝુડો કાઢયો તે વતી કબાટ પેટી વિગેરે ઉઘાડીને જોવા લાગ્યો, પ્રથમ રામરાય શેઠના મનમાં તેને રોકવાનો વિચાર થયો. પણ તુરતજ પોતે પોતાની તબીઅત સંભાળી લીધી અને ગુપચૂપ એક ખુરશી ઉપર બેશી રહ્યો.

પેટી અને કબાટમાં જે કાંઇ હતું તે બધું બહાવદીનખાન વીખી ચુંથીને જોવા લાગ્યો પણ કાંઇ જરૂરી ચીજ તેના જોવામાં ન આવી. નિરાશ થઇને જયારે ત્યાંથી ઉઠયો ત્યારે તેની નજર એક જગા ઉપર પડી, તે જોઇને બોલ્યો—" અરે આતો ગુપ્તખાનું છે. પણ કુંચીની જગા નથી જરૂર આ ઉઘાડવાની કાંઇક યુક્તિ હશે. " તેની વાત

સાંભળીને રામરાયે નજર ઉંચી કરીને જોયું પણ મોઢેથી કાંઇ બોલ્યો નહિ. જ્યારે તે ઉઘાડવાનો કાંઇ ઉપાય બહાવદીનખાનને ન મળ્યો, ત્યારે તે મનમાંને મનમાં બોલ્યો, ગુપ્તખાનું તો બહુજ ઉત્તમ હાથ આવ્યું પણ જયારે ઉઘડતું નથી ત્યારે હવે શું કરવું ! આતો તોડવું પડશે. ” વળી વિચારવા લાગ્યો. કેવી રીતે ખોલવું. હવે તેણે બંને હાથથી ગુપ્તખાનાનો બહારનો ભાગ જોરથી ઉપર નીચે કીધો તે વખતે જરા કડીંગ કરતો અવાજ થયો. બહાવદીનખાને વધુ જોરથી ઉઠાવ્યું તે વખતે બારણું કડીંગ કરતું ખુલી ગયું હવે બહાવદીનખાન બહુજ ખુશી થયો. તેણે જોયું કે, તેમાં કાગળોનાં કેટલાક બંડલો બાંધેલા હતા, બીજા કેટલાક છુટા કાગળો હતા, સાથે એક પ્લાન પણ હતો. પહેલા તેણે તેને બહાર કાઢીને જોયો. તેને ઉપેગતાની સાથે તેણે જોઇ લીધું કે, ઝરના ડુંગરની અંદર જવાનો પ્લાન છે. કયે રસ્તેથી કેટલું કઇ તરફ ફરીને કઇ તરફથી પહાડમાં જવું પડે છે તે બધું આ નકશો જોવાથી સમજમાં આવી ગયું. બહાવદીનખાને તે પ્લાનને ઝટપટ ખીસામાં નાખી દીધો.

હવે તેણે ચીઠીઓનું એક બંડલ કાઢ્યું, જોયું તો તે કોઇ સ્ત્રીની લખેલી ચીઠીનું જણાયું. કોઇકમાં સાવિત્રી અને કોઇમાં સા૦ નીનીશાની સહી કરવાની જગાએ હતી. બધી ચીઠીઓ વાંચીને જોયું તો તે ત્રણ વરસની અંદર લખાણી હતી. ચીઠીઓ વાંચીને બહાવદીનખાન સમજ્યો, પહેલવહેલા પ્રસન્નરાયના મકાનમાં સાવિત્રીને જોઇને કૃષ્ણરાયનું મન તેના ઉપર ચોંટયું તે વખતે સાવિત્રી ખીલતી યુવાનીમાં હતી.

સાવિત્રીની કાવેરી નામની દાસીની મારફત કૃષ્ણરાયે ચીઠી મોકલી હતી. અને સાવિત્રીનો જવાબ પણ તેની મારફતજ મળ્યો

હતો. પ્રેમનો જવાબ પ્રેમ પુરીત શબ્દોથી મળ્યો હતો. બંનેની આંખ, હૃદય—મન મળી ગયા. કાવેરીના પ્રતાપે બંનેની મુલાકાત થઇ ગઇ. તે પછી પ્રસન્નરાયે સાવિત્રીના લગ્ન ગુલાબરાયની સાથે કરી દીધા તથાપિ સાવિત્રી કૃષ્ણરાયના પ્રેમમાં ગુલતાન થઇ રહી હતી, તે ગુલાબરાયને કેવી રીતે પસંદ કરે. તેણે લોકલજ્જાને લીધે લગનમાં કાઇ હાનાકાંની કીધી નહિ અને તેના પિતાને પણ કાંઇ કહી શકી નહિ. છેવટે તેના લગ્ન થઇ ગયા. એટલા વખતમાં કેટલાક બદમાશોએ કૃષ્ણરાયને સીધો માણસ જાણીને તેનાં રૂપિયા ઉડાવવાના ઇરાદાથી તેની સાથે સંબંધ વધાર્યો. કૃષ્ણરાય ખરી રીતે હજી દુનિયાના ફંદ ફરેબ જાણતો નહોતો. તે તેના ફંદામાં ફસાયો. તે પોતાને પણ માલુમ પડી ગયું હતું પણ હવે તેને જાળમાંથી નીકળવાની શક્તિ રહી નહોતી. કૃષ્ણરાયે આ વાત સાવિત્રીને લખી પણ હતી. સાવિત્રીએ પોતાની કેટલીક ચીઠીઓમાં કૃષ્ણરાયને બદમાશોના હાથમાંથી નીકળી આવવાનું લખ્યું હતું. આ બધી ચીઠીઓથી બહાદરદીનખાને જાણ્યું કે, કૃષ્ણરાય સંતાઇને ખીજડીઆમાં મળ્યા કરતો હતો. કૃષ્ણરાય સાવિત્રીને બહુ ચાહતો અને સાવિત્રી પણ તેને હૃદયથી ચાહતી હતી. બંનેને અરસપરસ ગાઢ પ્રેમ હતો. તેમાં જરાપણ સંદેહ નથી. બદમાસો તેના મનનો ભાવ સારી રીતે સમજી ગયા હતા; તે કારણે બદમાશોએ સાવિત્રીને પોતાના હાથમાં લઇને ખેલ કરવો શરૂ કર્યો હતો, અને કૃષ્ણરાય પાસે કહ્યું હતું કે, ગુલાબરાયની પાસેથી કાઢી લાવીને તમને સોંપીએ. સાવિત્રીની ચીઠીઓથી બહાદરદીનખાને આ બધી વાત સારી રીતે સમજી લીધી. તેની છેવટની ચીઠીનો પાછલો ભાગ આ પ્રમાણે હતો.

" પ્રાણપ્રીય ? તમારી ચીઠીના માટે હું હંમેશાં રાહ જોઉ છું. એ શું તમે સમજતા નથી. અત્યારે તમારી બધી વાતોથી રાજી છે,

તમારા રૂપિયા મળતાની સાથે નોકરી છોડીને દેશમાં ચાલ્યા જાશે અને ત્યાં બીજા લગ્ન કરવાને તૈયાર છે. મને આપે અહીં રાખવામાં કાંઇ લાભ નથી. જ્યારથી મારા લગ્ન થયા ત્યારથી હું ફક્ત નામની તેની સ્ત્રી છું. તમારો માણસ આવ્યેથી હું ધારીના નામે અહીંથી રવાના થઇશ અને વચમાં ઉતરીને બીજી ગાડીમાં મારા પિતાજીના મકાન ઉપર પહોંચીશ. તે પછી લખ્યું હતું કે, તમે નથી જાણતા કે, હું તમારા માટે જીવ આપવાને તૈયાર છું! તમે જેમ કહો તેમ હું કરીશ એ શું નથી જાણતા? રૂપિયા મોકલીને તેની સાથે બધું ઠીક ઠાક કરી મને લઈ જાઓ. તમારી સા૦"

આટલું વાંચતાની સાથે બહાવદીનખાન બધો ભેદ જાણી ગયો. એ બધો બંદોબસ્ત પહેલાથી થયો હતો. લગ્ન કરવા છતાં પણ ગુણવંતરાયના નશીબમાં સ્ત્રી સુખ નહોતું તે કારણે વખત વીચારીને મનમાન્યા રૂપિયા લઇને સ્ત્રી છોડી દેવા માટે રાજી થયો તેમાં આશ્ચર્યપણ શું હતું? બન્યું પણ તેમજ. તે નોકરી છોડી દેશમાં ચાલ્યો ગયો. અને સારા માણસની પેઠે રહેવા લાગ્યો. સાવિત્રી ધારી જવાનું બહાનું કરીને રસ્તાના કોઇ સ્ટેશને ઉતરી ગઇ અને પછી કૃષ્ણરાયના માણસની સાથે ધારીમાં પિતાને, ઘેર પહોંચી ત્યાં જરૂર કૃષ્ણરાય તેને મળ્યો હોયઅને ત્યાંથી સંતાઇને તે ઝરના પર્વતમાં બદમાસોના ગુપ્ત અડ્ડામાં લઇ ગયો હોય હવે વાત એ રહી ;કે, સાવિત્રી આ ખૂનની વાત જાણતી હતી કે નહિ. જ્યાં સુધી સાધન મળ્યા છે ત્યાં સુધી કાંઇ જાણતી નથી. બદમાસોએ મારી નાખેલી બીજી સ્ત્રીની લાશ જોઇને ગુણવંતરાયે પોતાની સ્ત્રીની લાશ કીધી હતી. બહાવદીનખાને ચીઠીઓનું એ બંડલ પણ ખીસામાં નાખી બીજું બંડલ કાઢ્યું. સાવિત્રીની ચીઠીનું બંડલ જેવું પેકબંધ હતું તેવું આ નહોતું. તેમાં કેટલીક નાની

મોટી ચીઠીઓ અને એ કેટલાક કાગળો હતા. તેમાંથી બે ત્રણ ચીઠી ઉપર છાપ જોઇને બહાવદીનખાનને એક આદમીનું નામ મળ્યું. તે ધારીનો ભારે શ્રીમંત હતો. તે પત્રો વાંચીને બહાવદીનખાને સમજી લીધું કે, કૃષ્ણુરાયે પોતાની જાગીર હવાલામાં સોંપીને જરૂરી પ્રસંગે પ્રસગે રૂપિયા ઉપડાયા છે આ પત્રથી એમ માલુમ પડે છે. કે, શંકર પ્રસાદ નામનો એક માણુસ આ રૂપિયાના લેણુદેણુમાં દલાલ છે.

બહા૦—ખેર! તે બદમાસોમાંના એક માણુસનું નામ તો મળ્યું. માણેકચંદ નામના એક શ્રીમંતે કૃષ્ણુરાયને બહુજ રૂપિયા ઉધાર આપ્યા છે અને શંકરપ્રસાદ તેનો દલાલ છે. માણેકચંદ પાસેથી શંકર પ્રસાદનો પતો જરૂર મળશે. બીજો એક કાગળ મરેઠીમાં હતો તે વાંચીને બહાવદીનખાન સમજ્યો કે, વીઠુબા નામનો એક બીજો માણુસ પણ આ ટોળામાં હતો. તેની ચીઠીમાં કેટલીક સુંદર સ્ત્રીઓની વાતો લખી હતી. માલુમ પડ્યું કે, તેમાં કૃષ્ણુરાયના માટે ખૂબસુરત સ્ત્રીઓ લાવવાની બાબત હતી. કોઇ પણ પત્રમાં કોઇ વાત સાફ જણાવવામાં આવી નહોતી. ઇસારા ઉપરથી બધું કામ ચાલતું હતું. જે વાતો કૃષ્ણુરાય સાથે થઇ હતી, તેના ઇસારા ચીઠીઓમાં લખ્યા હતા. તે કારણે બહાવદીનખાન તેની પુરી અને સાફ મતલબ સમજી શક્યો નહિ. તો પણ બદમાસોની ટોળીના બે માણુસોના નામ માલુમ પડયા. એકનું નામ શંકરપ્રસાદ અને બીજાનું નામ વીઠુબા.

હવે બહાવદીનખાન એક એક કરીને બધા કાગળો જોઇ ગયો. જોતા જોતા એક ચીઠી મળી. તેમાં એક સ્ત્રીનું વર્ણન હતું, " તે

કોઇ રીતે તેની વાત જાણી ગઇ છે. ચંદાલીની કહે છે કે, આજેજ પોલીસમાં જઇને બધું કહી દઉં. તમે જલદી જઇને તેને શાન્ત કરો." એક બીજી ચીઠીમાં લખ્યું હતું. "તે માનવા વાળી નથી, બીલકુલ નિડર થઇ રહી છે, અમોને વારમવાર ડરાવે છે, ધમકાવે છે, તમે જલદી આવો, એવા માણસને ટોળીમાં રાખવું ઠીક નથી." તે પછીની એક ચીઠીમાં લખ્યું હતું. "તમારા નહિ આવવાથી અમો સમજ્યા કે, તેવા માણસનું રહેવું બીલકુલ સારૂં નથી. તેથી બધું કામ કરી નાખ્યું છે અને એક પંથ અને બે કામનો બંદોબસ્ત થઇ ગયો છે, આજની ગાડીમાં સાવિત્રી જશે. તથાપિ વચમાં ઉતરીને બીજી ગાડીમાં તમારા તરફ પહોંચશે. સાવિત્રીવાળી ગાડીમાં તમારા ભાઇ પણ આવશે એ આ વખતે ઘણું ઉપયોગી થઇ પડશે આ પ્રસંગ છોડવા યોગ્ય નથી. અમો તે માલ લાઇન ઉપર રાખી દઇશું. ગુણવંતરાયની સાથે પણ બધું ઠીકઠાક કરી રાખ્યું છે. તેની પાસેથી અમો હાર ખરીદી લાવ્યા છીએ. તમે તો જાણો છો કે રૂપિયા શું ન કરે ? સારા સંજોગે સાવિત્રીને એવો લોભી ધણી મળ્યો છે. તેણે સાવિત્રીના શરીર ઉપર એક પણ ઘરેણું રહેવા દીધું નથી. સાવિત્રીની ટેકને પણ ધન્ય છે તેણે એક પણ ઘરેણું લીધું નથી, ગુણવંતરાય તે લાશને પોતાની સ્ત્રી કહીને ઓળખશે, હાર પણ એવા મોકા ઉપર રાખવામાં આવશે કે તમારા મેનેજર પણ જોઇ શકે, બંદોબસ્ત પાકો છે. સાવિત્રીનું ખૂન કરવાના વાંક માટે તમારા ભાઇ ફાંસીએ ચઢશે એટલે બસ બધી સંપત્તિ તમારી છે. હવે તમને સમજાવવા નહિ પડે કે તમારા માટે અમો શું શું કરી રહ્યા છીએ અને કરવાને માટે જીવજાનથી તૈયાર છીએ, અમે કાચા માણસો નથી. જેને

મળીએ છીએ તેને જીવ ખોલીને આપી દઇએ છીએ. આ ચીઠીને સળગાવી દેજો."

હવે કાંઇ જાણવું બાકી નથી. સાવિત્રી અને કૃષ્ણરાયને શોધી કાઢવા જોઇએ. જો તે બંને જણા એ દુષ્ટોના હાથમાં હોય તો પહેલા તેમને બચાવી લેવા અને પછીથી દુષ્ટોને કેદ કરવા કહીને બહાવદીનખાને કાગળોનું એક બંડલ કાઢયું; તેમાંથી એક બીજો કાગળ મળ્યો. તેમાં જોયું તો કૃષ્ણરાયના હાથનો લખેલો કાગળ હતો.

તેમાં આ પ્રમાણે લખ્યું હતું:—

"ભાઇ, હું તમારો ભાઇ થવાને લાયક નથી. કુમાર્ગે ચઢીને કર્મ દોષે કેવા સંકટમાં દિવસ વીતાવી રહ્યો છું. તે ફકત હુંજ જાણું છું કેટલીક વખત આ બધી વાત હૃદય ખોલીને આપને કહેવાનો ઇરાદો કર્યો પણ હું એવો બેવકુફ છું કે, આજ દિવસ સુધી હીંમત નથી કરી શકયો. હું જે લોકોના હાથમાં પડયો છું. તેનાથી આ જીંદગીમાં તો નહિ નીકળી શકું, એવી દશામાં મેં આત્મઘાત કરીને આ દુઃખમાંથી બચવાનો ઇરાદો કીધો છે, ભાગેરથી સાથે વીવાહ કરી નાખો. તે તમોને ચાહે છે. તેને સગી બહેન સિવાય બીજી નજરથી કદિ જોઇ નથી. મારા મનમાં ઘણા દિવસ પહેલાથી એક બીજી સ્ત્રીએ ઘર કર્યું છે, તથાપિ માલુમ પડે છે કે, તે હવે મારો કાળ છે. હું હવે આ જીંદગીમાં સુખી થઇ શકીશ નહિ. ભાઈ! મારા જીવવાથી કોઇ રીતે તમારૂં ભલું થવાનું નથી. હું એ બહુજ સારી રીતે સમજું છું. આશિર્વાદ દયો એ લોકમાં મારી—"

એટલું લખીને કૃષ્ણરાય આગળ લખી શકયો નહિ. ચીઠી જોવાથી માલુમ પડયું કે, લખતા લખતા કૃષ્ણરાયને કાગળ છોડીને

ચાલ્યું જવું પડ્યું છે. ચીઠીની તારીખ જોવાથી બહાવદીનખાનને માલુમ પડ્યું કે, તે દિવસે સાવિત્રીનું ખૂન કરવાના ગુન્હા માટે રામરાય કેદ થયા હતા. માલુમ પડે છે કે, તે વખતે કૃષ્ણરાય ચીઠી લખતો હશે. અગર રામરાય જો તે દિવસે કેદ નહિ થયો હોત તો કૃષ્ણરાય જરૂર આત્મઘાત કરી ચૂક્યો હોત. લાંબો નીસાસો નાખીને બહાવદીનખાન બોલ્યો—" ઇશ્વરની કળા કળી શકાય તેવી નથી. વિધીના લખેલા લેખ કોણ ટાળી શકે ? તે દિવસે રામરાય શેઠને કેદ પકડવાથી ઘણા લોક દુઃખી થયા હતા. તથાપિ તેઓને એમ માલુમ નહિ પડ્યું હતું કે, તે કેદ નહિ થયા હોત તો એક બીજી ભયંકર ઘટના બની જાત. કૃષ્ણરાય પોતાને ઘેર પોતે આત્મઘાત કરી ચુક્યો હોત તે ચીઠી પણ બહાવદીનખાને પોતાના પાકીટમાં રાખી લીધી. હવે કાંઇ જોવાનું નહિ હતું. તે ત્યાંથી ઉઠ્યો, તેને ઉઠતા જોઇને રામરાયે ચોંકીને તેના તરફ જોયું. એટલા વખત સુધી ત્યાં રહેવા છતાં પણ રામરાયનું મન કોણ જાણે ક્યાં હતું. બહાવદીનખાન શું કરે છે. અને શું કહે છે તે તેને કાંઇ પણ માલુમ પડ્યું નહિ, તે માટે તેને ઉઠતી વખતે રામરાયે ચોંકીને કહ્યું—" કાંઈ પતો મળ્યો ? "

બહા૦—" નહિ, તેવો તો કાંઇ પતો મળ્યો નથી. "

રામ૦—" આ કાગળોથી એ જાણવામાં ન આવ્યું કે, કૃષ્ણરાય ક્યાં છે ? "

બહા૦—" નહિ તેતો માલુમ પડ્યું નથી. તથાપિ આપ ગભરાશો નહિ. જ્યારે કામનો બોજો હું લઇ ચૂક્યો છું ત્યારે ભરુંસો છે કે, તેને પુરૂં કરીશ. બંને જણા વાત કરતા કરતા દરવાજા સુધી

ગયા. તે વખતે બહાવદીનખાને એક કાગળ તેના હાથમાં આપીને કહ્યું—" જરા આ વાંચો તો ! " રામરાયે તે હાથમાં લીધો. અને વાંચીને કાંઇ કહેવા જતા પહેલા તો બહાવદીનખાન ઝટ ત્યાંથી ગેબ થઇ ગયો.

## પ્રકરણ ૧૬ મું.

### ભાગેરથી પ્રત્યે ભાવ.

રામરાય હવે પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. બહાવદીનખાન જે કાગળ પોતાને આપી ગયો હતો તે લઇને તે ઓરડામાં જઇ બેઠો. તેનો હાથ કંપવા લાગ્યો, તે વાંચવાની પહેલા તેને હીંમત થઇ નહિ. ભાગેરથીની કાંઇક વાત લખી હતી. એવો વિચાર કરીને ઘણા લાંબા વખત સુધી ગુપચૂપ બેશી રહ્યો. તે પછી ધીમે ધીમે તેને ઉઘાડીને તેણે જોયું તો કૃષ્ણરાયના હાથનું લખાણ હતું. ચોંકીને જોવા લાગ્યો. તે સમજ્યો કે, કૃષ્ણરાય શા માટે ઘર છોડી ગયો. અને ક્યાં છે તે વાત તેણે આમાં મને લખી હશે.

રામરાયે તે ચીઠી વાંચી, ચીઠી એવી હતી કે, જે કૃષ્ણરાયે આત્મઘાત કરવાનો પાકો વિચાર કરીને લખી હતી. એકવાર નહિં. પણ બે ત્રણ વખત રામરાયે તે વાંચી, વાંચવાથી તેને ભારે દુઃખ પેદા થયું. મનમાં તે સમજ્યો કે, તેણે તે દિવસે આત્મ હત્યા નહિ કીધી તો જરૂર બીજી જગાએ જઇને આત્મઘાત કીધો હશે. નહિતર આવી રીતે તે અત્યાર સુધી બહાર રહે નહિ કોઇને કાંઇ તેની ખબર

મળવી જોઇએ! હે ભગવાન! એ શું બન્યું! હે પિતાજી! આપ અત્યારે સ્વર્ગમાં છો. મરતી વખત આપ મને કૃષ્ણુરાયને સોંપી ગયા હતા. હે પિતાજી! તેની બીજી બાજુ તરફ ધ્યાન ન દેવાથી તેનું આવું ખરાબ પરિણામ આવ્યું છે. નહિતર આવી રીતે ખરાબ રસ્તે જાત નહિ અને તેની આવી ગતિ થાત નહિ. રામરાયને મનમાં ઘણી વેદના થવા લાગી. ઘણાં વખત સુધી તે ત્યાં દીલગીરીમાં ડુબી રહ્યો પછી ધીમે ધીમે ભાગેરથીની વાત તેના મનમાં આવવા લાગી. કૃષ્ણુરાયે એક બીજી સ્ત્રીની સાથે પ્રેમ કર્યો છે અત્યારે પણુ તે તેજ પ્રેમમાં પડયો છે. પણુ તે કોણુ છે તે તેને સમજવામાં જાઝો વખત લાગ્યો નહિ. તેને ઘણા વખતથી સંદેહ હતો કે, ગુણુવંતરાયવાળી સાવિત્રી સાથે તેને મેળ જોળ હતો. રામરાયને પહેલી વાત યાદ આવી એક વખત જ્યારે કૃષ્ણુરાય બ્રહ્મસમાજી અને ક્રિશ્ચિયન થઇ જવાને તૈયાર થયો હતો તે તેમ થયો હોત પણુ જીવતો રહ્યો હોત તો ફીકર નહોતી.

રામરાય એમ જાણુતો હતો કે, તે ભાગેરથીને ચાહતો નથી. તથાપિ એટલું જાણુતો હતો કે, ભાગેરથી તેને ચાહે છે અને પિતાજી પણુ તેની સાથે વિવાહ કરવાનું નક્કી કરી ગયા હતા. મરતી વખત પણુ તેમણે કીધું હતું. તે કારણુથી રામરાયના મનમાં કેટલાક વખતથી યુદ્ધ રમ્યા કરતું હતું. કોઇ રીતે તે પોતાના મનનો ભાવ જાહેર કરી શકતો નહિ. કૃષ્ણુરાયે લખ્યું છે કે, ભાગેરથી તમને ચાહે છે અને તેની સાથે તમે લગ્ન કરો. તે વાત ઉપર ઇચ્છા નહોતી છતાં પણુ રામરાયના હૃદયમાં અનુપમ આનંદ થયો. પોતે પોતાને કહેવા લાગ્યો. "તો શું ખરેખર ભાગેરથી મને ચાહે છે. કે કૃષ્ણુરાયે મને સમજાવવાને માટે આમ લખ્યું હશે. તે ભાગેરથીને નહોતો

ચાહતો તેતો હું જાણું છું તથાપિ ભાગેરથી તેને નથી ચાહતી મને ચાહે છે તે ભાવ તો કદી જાહેર નથી. થયો કેટલાક વખત મેં ભાગે-રથીના હ્રદયની વાત જાણવાનો ઇરાદો કર્યો હતો તથાપિ કોઇ દિવસ હું તેમને પૂછી શકયો નહિ.

આ વખતે કોઇ માણુસના પગનો અવાજ સાંભળી રામરાયે માથું ઉંચુ કર્યું. જોયું તો ભાગેરથી છે તે હમેશાં તેનો ઓરડો વાળી ઝાડીને સાફ કરતી હતી. આજ પણ તેના માટેજ આવી હતી. ભાગે-રથી રામરાયને બેઠેલા જોઇને ચુપચૂપ ઉભી રહી. તેના ગાલ ઉપર રતાશ આવી ગઇ, તે ઓરડામાંથી ઝટપટ પાછી ફરવા લાગી તે વખતે રામરાયે કંપતી જીભથી કહ્યું—" ભાગેરથી ! "

ભાગેરથી અવાજ સાંભળીને ઉભી રહી. અને ધીરે ધીરે તેની પાસે ગઇ. તે વખતે જો કોઇ માણુસ તેને સારી રીતે જુએ તો જાણી લે કે, તે પગથી માથા સુધી કંપી રહી હતી. તે માથું નીચું રાખીને રામરાય શેઠની સામે ચુપચૂપ ઉભી રહી. રામરાય કાંઇ બોલી શકયો નહિ.

કેટલાક વખત સુધી ચૂપ રહીને રામરાયે કહ્યું—" ભાગેરથી. "

ભાગેરથીએ માથું ઉંચું કરીને તેના તરફ જોયું. ફરીને માથું નીચું કીધું. રામરાયે કંપતી જીભે કહ્યું–" ભાગેરથી તમે મને બચાવવાને માટે બહાદરદીનખાનને રોકયા હતા તે વાત તમે મને આજ દિવસ સુધી કેમ કીધી નહિ ? "

નજર નીચી રાખીને ધીરે ધીરે ભાગેરથી બોલી–" આપે કદિ પૂછ્યું નહિ તો કહું કેવી રીતે ? "

રામરાય શેઠ આવેશમાં બોલી ઉઠયો "ભાગેરથી તમે મારો જીવ બચાવ્યો છે, જ્યારે બધા માણુસો મને વીસારી બેઠા ત્યારે ફક્ત એકલા તમેજ મને ભૂલી નથી. ગયા તમે એકલા હીંમત કરીને બહાવદીનખાનની



તેના કપડામાંથી એક ફોટો સરી પડ્યો તે ગામરાયે ઉઠાવી જોયો............

બેદી લાશો.

પૃ. ૧૨૫

અમરસિંહજી પ્રેસ

અમદાવાદ.

પાસે ગયા અને મ્હારા માટે તેને રોક્યા. નહિતો મારો જીવ બચત નહિ. તમેજ મારી રક્ષા કરી છે."

ભાગેરથીની આંખો આંસુથી ભરાઇ આવી રડતા. કંઠે બહુજ ધીરેથી બોલી. "મેં કાંઈ નથી કીધું." રામરાય અધીરો થઇ ગયો હતો! જોશમાં કંપતો કંપતો બોલ્યો—"કાંઇ નથી કીધું કેમ તમે જો નહોત તો હું ફાંસીએ લટકી ગયો હોત. મને સુઝતું નથી કે, તમારા એ ઉપકારનો હું શું બદલો આપું. તેનો બદલો તો આ દુનિઆમાં નહિ આપી શકું. ભગવાન પાસે વિનંતિ છે કે, કૃષ્ણરાય આવે અને તમારા લગ્ન તેની સાથે કરી નાખી આ બધું તમને સોંપીને હું ક્યાંક દુર દેશમાં ચાલ્યો જાઉં."

ભાગેરથી આ સાંભળીને રોઇ પડી. રામરાયની વાતો તેના હૃદયમાં બાણની પેઠે લાગી. તેનું હૃદય રામરાય સમજતો નથી એવું સમજીને ત્યાંથી ચાલવા લાગી. રામરાયે ઝટ તેનો હાથ પકડ્યો. ભાગેરથીએ આંખો બંધ કરી દીધી. તેની દેહ થરથર કંપવા લાગી. રામરાયે જોયું તો તેની દેહ બરફથી પણ વધુ ઠંડી થઇ ગઈ હતી. રામરાય જોરથી બોલ્યો—" કેમ ભાગેરથી? તમે શું મને ચાહો છો?" તેનો જવાબ મળતા પહેલા રામરાયે જોયું કે, ભાગેરથી મુર્છિત થઇ ગઇ છે. તે પડી જતી હતી. તથાપિ રામરાયે ખોળામાં લઇ લીધી અને તે મુર્છિત ભાગેરથીના ગાલ અને હોઠ ઉપર અગણીત ચુંબન લીધા. પછી તેને ઉપાડીને કોચ ઉપર સુવાડી દીધી. અને પોતે પાણી લેવા દોડ્યો. જ્યારે આંખ અને મોઢા ઉપર પાણી છાંટ્યું, ત્યારે ભાગેરથીની આંખો ઉઘડી. તે ઝટ ઉઠીને ઉભી થઇ. તેના કપડામાંથી એક ફોટો સરી પડ્યો. તે રામરાયે ઉઠાવી જોયો તો પોતાનો હતો, જોઇને તેને પરમાનંદ થયો. તેને લાગ્યું કે, આજ આ જગતમાં પોતાથી અધિક સુખી કોણ છે?

## પ્રકરણ ૧૭ મું

### માણેકચંદ શેઠની મુલાકાત.

બહાવદીનખાન રામરાય શેઠના મકાનથી ઉઠીને માણેકચંદ શેઠના ઘર તરફ ચાલ્યો. તેણેશ 'કર પ્રસાદના મકાનનો પત્તો મેળવવાનું મનમાં નહી કર્યું હતું. માણેકચંદ મોતીચંદ સંઘાણીતું નામ આખા રી તાલુકામાં મશહુર હતું. લેણદેણનો કારભાર આ વખતે તેના જેવે બીજો કોઇનો નહોતો. માણેકચંદ શેઠ પોતાની ગાદીએ બેઠા બેઠા કાંઇક કાગળ પત્ર વાંચતો હતો. સામે બહાવદીનખાનને આવતો જોઇને બોલ્યો–" આવો, આવો, ખાન સાહેબ? ઘણા દિવસે દર્શન આપ્યા ?"

માણેકચંદ શેઠ બહાવદીનખાનને ઓળખતો હતો. તેની વાત ઉપરથી હસીને બહાવદીનખાન બોલ્યો–" એક વાત કરવાના માટે આવ્યો છું. આપ જરા એકલા આવો તો કહું."

માણેકચંદ–" આ વખતે હું ઉતાવળના કામમાં છું, કેમ કાંઇ જરૂરી કામ છે?"

બહાવદીન—" જરૂરી તો ખરૂં."

તુરતજ માણેકલાલ શેઠ ગાદીપરથી ઉઠીને બહાર આવ્યા અને બાજુના એક ઓરડામાં જઇને બહાવદીનખાનને ખુરશી આપી અને પોતે પણ એક ખુરશી ઉપર બેસીને બોલ્યો–" કહો ખાન સાહેબ? આપ તો કદિ આવતા પણ નથી."

બહા૦—" હું વગર કામે આવીને આપના જેવા ધંધા વાળા માણસોને તકલીફ આપવા માગતો નથી."

માણેકચંદ હસીને બોલ્યો "વાહ સાહેબ, શું કામ ન હોય એટલે કોઇ કોઇને ઘેર નથી આવતું ?"

બહા૦–"આપ આપના કામકાજમાં લાગી રહેલા હોત અને અમે આવીને તેમાં ડખલ કરીએ એ શું સારૂં કહેવાય ?"

માણેકચંદ—"એ શું વાત છે. આપના આવવાથી અમે શું ડખલ સમજીએ ?"

બહા૦—"હરકત થાય તો ખરીને, આપ તેને હરકત ન સમજો તો આપની મહેરબાની કહેવાય."

માણે૦ક—"નહિ, આપે તેવો ખ્યાલ રાખવો નહિ જોઇએ. આપનું તો આ ઘર છે. વારૂ કહો, શા કામે પધારવું થયું છે ?"

બહા૦—"કૃષ્ણરાય તો ક્યાંઇ અલોપ થઇ ગયા છે ને ?"

માણેકચંદ આ સાંભળીને બહાદરદીનખાનના મોઢા તરફ જોઇ પછી ધીમે ધીમે બોલ્યો-"તે વાતની મતલબ શું છે ?"

બહા૦—"આપને તો એ વાત માલુમ છે ને ?"

માણેક૦—"આપ તેના સંબંધી શું જાણો છો ?"

બહા૦—"બહુજ વાતો જાણવામાં આવી છે તેને શોધવાનો ભાર મારા શીર છે."

માણેક૦—"મેં સાંભળ્યું છે કે, આપેજ રામરાય શેઠનો જીવ બચાવ્યો છે અને તેથી માલુમ પડે છે કે તેણેજ પોતાના ભાઇની શોધ કરવાનું કામ આપને સોંપ્યું હશે. ?"

બહા૦—"હા, એમજ વાત છે."

માણેક૦—"તો આપે ક્યાં સુધી પતો મેળવ્યો."

બહા૦—"સાંભળો, મેં જે કાંઇ પતો મેળવ્યો છે. તેને લીધે આપની પાસે આવ્યો છું."

" મારી પાસે " કહીને માણેકચંદ શેઠે બહાવદીનખાનના મોઢા તરફ જોયું, બહાવદીનખાન ધીરે ધીરે બોલ્યો—" આપે તેમને ઘણી મોટી રકમ કરજે ધીરી છે એ વાત બરોબર છે ને ! "

માણેક૦—" જ્યારે તમે જાણી ચૂક્યા છો તો પછી પૂછો છો શા માટે ? "

બહા૦—" હાજી એટલું તો હું જાણી ચુક્યો છું કે એ કામમાં શંકરપ્રસાદ આપની અને તેની વચ્ચે દલાલ છે. "

માણેક૦—" હાં એ વાત પણ ઠીક છે. "

બહા૦—" કૃષ્ણરાયના ગેબ થવાથી આપને કાંઇ હરકત નથી ને ? "

માણેક૦—"નહિ, મને કાંઇ હરકત નથી. તેની જાગીર મેં માંડી લઇને નાણા ધીર્યાં છે. "

બહા૦—" વારૂ તેણે આપની પાસેથી કેટલા રૂપિયા લીધા છે ? "

માણે૦—" મને માલુમ નથી. આપને એ બધું મને પૂછવાનો શો અધિકાર છે ? "

બહા૦—" આપની મરજી, બતાવો યા ન બતાવો. મને જે કાંઇ માલુમ પડયું છે તે આપને કહું છું અને સમજું છું કે, તે બધું સાંભળી લીધા પછી આપને તે બતાવવામાં કાંઈ હરકત નહીં જણાય. "

માણેકચંદ શેઠે તેનો કાંઇ જવાબ નહિ આપ્યો. બહાવદીનખાન કહેવા લાગ્યો. " મેં સાંભળ્યું છે કે, કૃષ્ણરાય બદમાસોના હાથમાં રમકડું બન્યો છે, તેના બધા રૂપિયા બદમાસો ઉઠાવી ગયા છે. તેઓએ ચક્ર રચીને આપનું દેવું કરાવ્યું છે. હું સમજુ છું કે, કૃષ્ણરાયે પોતાના જાતિ ખર્ચ માટે આપની પાસેથી એક પાઇ પણ લીધી નથી. "

માણેક૦—" તે હું કેવી રીતે... "

બહા૦—"કેમ નહિ, અકકલ તો બધાની સાથે છે. આપ અટકળ કરી શકો છો. ખેર, તે બદમાસોનો અડ્ડો ઝરના પહાડમાં હતો. પોલીસને તેની ખબર મળવાથી તપાસ કરી છે, તે તો આપે જરૂર સાંભળ્યું હશે."

માણેક૦—" હાજી કાંઇક કાંઇક સાંભળ્યું છે. "

બહા૦—" તો આપ જાણો કે, તે કૃષ્ણરાય પણ તેમાંજ છે?"

મા૦—" તે હું કેવી રીતે જાણી શકું ? "

બહા૦—" અટકળથી બધું જાણી શકાય. આપે એવા અજાણ્યાને રૂપિયા ઉધાર આપ્યા છે તેથી કોઇ કોઇને એવો સંદેહ થઇ જાય છે કે, આપ પણ આ ટોળીમાં હશો."

માણેક૦—" કોણ હું "એમ કહીને બહાવદીનખાન તરફ ઘુરકવા લાગ્યો.

બહાવદીનખાન તેના ઉપર ખ્યાલ નહિ કરતાં બોલ્યો—" શું એ લોકો ચોરી અને ઠગાઇ નથી કરતા ! એક સ્ત્રીનું તે લોકોએ ખુન કર્યું છે, તે સિવાય પણ બીજા કેટલાએ ખુન કીધા છે તે સારૂં ન કહેવાય."

માણેક૦—' તો આપ એ બધી વાત મને શા માટે કહો છો ?"

બહા૦—" આપની ભલાઇને લીધે કહું છું."

માણેક૦—" મારી ભલાઇ શું છે! આપની વાત મારી સમજમાં આવતી નથી."

બહા૦—" તો હું સમજાવી દઉં છું. આપ એ બદમાસોની ટોળીમાં નહિ—"

માણેકચંદ વાત રોકીને બોલ્યો,—" સાંભળો ! એવી વાત જીભ ઉપર લાવો, નહિ હું એ બધું સાંભળવા માગતો નથી. આપ અત્યારેજ આહીંથી વિદાય થઇ શકો છો."

બહા૦—" સાંભળો શેઠજી, આપ ગભરાઓ નહિ, હું આપનો મિત્ર બનીને આવ્યો છું. આપ બદમાસોની ટોળીમાં નથી. તેની સાબીતી આપવી કઠણ થઇ પડશે. તેથી કહું છું કે, ઉતાવળા થાઓ નહિ, આપની પાસે રૂપિયા છે. રૂપિયાના જોરે આપ છુટી જાશો તથાપિ રૂપિયા પણ બહુજ ખર્ચાઇ જશે."

માણે૦—' આપ શું ઇચ્છોછો ?"

બહા૦—" હું કાંઇ ઇચ્છતો નથી. મતલબ એ છે કે, આપ બધી વાતનો ખુલાસો કરી દયો. નહિતર પછીથી હું આપને બચાવી શકીશ નહિ."

માણેકચંદ કેટલોક વખત ચુપ રહીને બોલ્યો—" તો શું આપ મને ડરાવવા આવ્યા છો ?"

બહા૦—" એમ સમજવું એ આપની ભુલ છે. જો હીતની વાત સાંભળશો નહિ તો પછી મારો કાંઇ ઉપાય નથી આપના નામ ઉપર વારંટ નીકળશે એ ખુબ યાદ રાખો." એટલું કહીને બહાદરદીનખાન ઉઠયો. માણેકચંદ શેઠનો ચહેરો પીળો પડી ગયો હતો તેણે ઝટ હાથ પકડીને બહાવદ્દીનખાનને બેસાડયો, બહાવદ્દીનખાન મશ્કરી કરીને બોલ્યો, " હું તો પહેલાથીજ કહી ચુકયો છું કે, બધું સાંભળવા પછી આપનો વિચાર બદલાઇ જાશે."

માણેક૦—સાંભળો ખાન સાહેબ ! આપ મારા મિત્ર છો. બતાવો કે, શું આ મામલાના લીધે ખરેખર મારે આપતમાં પડવું પડશે ?"

બહા૦—"સાંભળો, જે ખરી વાત છે, તે આપનાથી નહિ છુપાવું, આમાં આપના ઉપર આફત આવી શકે છે, આપે કૃષ્ણરાયને શંકર પ્રસાદની વાત ઉપર આટલા બધા રૂપિયા આપ્યા છે તેમાંથી કૃષ્ણરાયના હાથમાં એક પૈસો પણ આવ્યો નથી. શંકરપ્રસાદ એ બદમાસોની ટોળીનો એક માણસ છે. તમારે સાબીત કરવું ઘણું મુશ્કેલ થઇ પડશે કે, તમો એ બદમાસોની ટોળીમાં નથી. પોલીસ આપને પકડીને ઘણા પજવી શકે તેમ છે. તે તો આપ જાણો છો કે, પોલીસવાળા પૈસાદાર આદમીઓને પંજામાં લેવાને માટે હંમેશાં તૈયાર થઇ રહ્યા હોય છે."

માણેકલાલ એટલું સાંભળતાની સાથે ચુપ થઇ ગયો. મોઢામાંથી વાત નીકળી નહિ, બહાવદીનખાને પણ તેને વિચાર કરવાનો વખત દીધો. તે ઓરડાની વળીઓ ગણવા લાગ્યા. કેટલાક વખત પછી તે બોલ્યો—"આપનું કહેવું ઘણું સારૂં છે. હું આપની સલાહ લઉં છું કે, તેમાં મારે શું કરવું જોઇએ?"

બહા૦—"પહેલા હું જે પૂછું તેનો ખરો જવાબ આપો."

માણે૦—"આપ શું પૂછવા માગો છો?"

બહા૦—"પહેલી તો એ વાત કે, આપ તે શંકરપ્રસાદને કેટલા મહીનાથી ચાહો છો?"

માણે૦—"વીસ વરસથી."

બહા૦—"તેનું મકાન ક્યાં છે?"

માણે૦—"તે તો માલુમ નથી, કોઇ કોઇ વખત આહીં આવ્યા કરે છે."

બહા૦—"તેનું કાંઇ ઠેકાણું જાણો છો?"

માણે૦—"એક કાગળ ઉપર તે પોતાનું ઠેકાણું લખીને એક

વખત આપી ગયો હતો. અને કહેતો હતો કે, જ્યારે કોઇ વખત જરૂર પડે ત્યારે તે ઠેકાણે લખવું. અત્યાર સુધી કંઇ કામ નહિ પડવાથી તે કાગળ જોયો નથી મારી પેટીમાં પડયો છે."

બહા૦—"તે કાગળ મને દેખાડો."

માણેકચંદ શેઠે એક નોકરને બુમ પાડી: તેની પાસે પેટી મંગાવી. કેટલાક કાગળો ઢંઢોળ્યા પછી તે કાગળ મળ્યો. કાગળ બહાવદીનખાનના હાથમાં આપીને તે બોલ્યો. "જુઓ આ તે કાગળ છે."

બહાવદીનખાને તે લઇને બહુ કાળજીપૂર્વક પોતાની નોટબુકમાં રાખ્યો અને શેઠને કહ્યું:—"બસ, મારૂં કામ પુરૂ થયું; હું તે માટે આવ્યો હતો." તેટલું કહીને બહાવદીનખાન ઉઠીને ઉભો થયો. માણેકચંદ શેઠે ગભરામણથી કહ્યું. "તો આપ એ લોકોને પકડાવી દેશો?"

બહા૦—"હાજી."

માણે૦—"મારા ઉપર તો કાંઇ આફત આવશે નહિને?"

બહા૦—"આપને બહુ જ થોડો ધક્કો લાગે છે, જ્યાં સુધી મારૂં ચાલશે ત્યાં સુધી તો હું આપને ઉની આંચ પણ નહિ આવવા દઉં. તો પણ એટલું માલુમ પડે છે કે, કૃષ્ણરાયને આપે જે રૂપિયા આપ્યા છે તે મારી બાહોશીના બદલામાં મુકી દેવા પડશે."

માણેક૦—"એમ કેમ! મારા રૂપિયા કાંઇ જાય?"

બહા૦—"આપ બદમાસોના ટોળામાં છો તેવું સાબીત થાય તો ફાંસીથી બચી જાઓ પણ જીંદગીભર કાળે પાણીએ ગયા સીવાય રહો નહિ. તો પછી કૃષ્ણરાયને જે રૂપિયા આપે આપ્યા છે તે છોડી દેવા શું સારા નથી? તેતો આપ જાણો છો કે, તેના હાથ એક પૈસો પણ આવ્યો નથી." એટલું કહીને બહાવદીનખાન ત્યાંથી ચાલતો થયો.

તેની વાત સાંભળતાની સાથે માણેકલાલ શેઠનું લોહી પાણી થઇ ગયું હતું. તે કાંઇ પણ કહી શકયો નહિ ફકત દીગમૂઢ થઇને બેશી રહ્યો. બહાવદીનખાન ત્યાંથી પોતાના ઘેર પહોંચીને જેતપુર જવા ફીકરમાં પડયો. અને તેજ રાતની ગાડીમાં જેતપુર ઉપડી ગયો તેને શંકર પ્રસાદનું જેતપુરનું ઠેકાણું યાદ હતું, તે સમજ્યો હતો કે, ઝરનો અડો તોડીને જેતપુર બધા બદમાસો નાશી ગયા હશે. તેવા ચંડાળોને મોટા શહેરોમાંજ સંતાઈ રહેવાનાં ઠેકાણાં મળે છે.

તેને નાગર વાસનું ઠેકાણું મળ્યું હતું. તે કારણે જેતપુરના સ્ટેશને ઉતરીને પગ ચાલતો રસ્તે થયો. ડીંગરોડ છોડીને રાજમહાલયના ચોકમાં થઇને આગળ ચાલ્યો કે કોઇએ તેનું કપડું ખેંચ્યું. તેણે પાછા ફરીને જોયું તો સંન્યાસીની સાવિત્રી છે.

## પ્રકરણ ૧૮ મું.

### બદમાસોનો લાગેલો પતો.

બહાવદીનખાન સાવિત્રીને જેતપુરના રાજમાર્ગ ઉપર જોઇને બોલી ઉઠયો "અરે ! તમે અહીં કયાંથી ?"

"આવો, આવો, હું બધી હકીકત કહું છું." એમ કહીને સાવિત્રી આગળ ચાલી અને બહાવદીનખાન તેની પાછળ પાછળ ચાલ્યો. નાગરવાસના એક મકાનની અંદર જઇને સાવિત્રીએ બહાવદીનખાનને પણ અંદર આવવાનો ઇસારો કીધો. બહાવદીનખાન તેની પાછળ પાછળ અંદર ગયો. દાદરા ઉપર ચઢીને સાવિત્રી બીજા માળ ઉપર પહોંચી. તે

મકાન બહુ લાંબુ પહોળું હતું અને ત્યાં બે ઓરડા હતા. ત્યાં એક સન્યાસી બેઠા બેઠા પુસ્તક વાંચી રહ્યા હતા. સાવિત્રી ત્યાં જઇને બોલી-"સ્વામીજી ! આ ગ્રહસ્થ ડીટેકટીવ બહાવદીનખાન છે. ભાદર નદીમાં સ્નાન કરીને હું પાછી આવતી હતી ત્યારે રાજ્યમહાલય પાસે રાજ માર્ગ ઉપર મને તે મળ્યા. હું તેમને આહીં બોલાવી લાવી છું."

સન્યાસી—"આવો આવો ભાઇ ! આપની હકીકત તો મેં બધી સાંભળી છે." બહાવદીનખાન સન્યાસીજીને પ્રણામ કરીને બેઠો. સન્યાસી મહારાજ બોલ્યા. "આપની વાત હું સાંભળી ચૂકયો છું. રામરાય સાહેબનો જીવ આપે બદમાસોના હાથથી બચાવ્યો છે, તે પણ મેં સાંભળ્યું છે, પોલીસ હવે સંતાપશે એવો વિચાર કરીને સાવિત્રી પહાડવાળી પર્ણકુટીમાં ગઇ નહિ. મારૂં આહીંનું રહેડાણ તેને યાદ હતું. તેથી આહીં ચાલી આવી."

બહા૦—"હું પણ તેમના તેવી રીતના અલોપ થવાથી ભારે તાજુબ થયો હતો."

સ૦—"પહેલા એ બતાવો કે, અહીં શું કામે આવ્યા છો ?

બહા૦—"મહારાજશ્રી હું આપની પાસે ખરી વાત છુપાવીશ નહિ, આપે સાંભળ્યું હશે કે, રામરાય સાહેબના ભાઇ કૃષ્ણરાય ગેબ થઇ ગયા છે. તેનો પત્તો મેળવવાનો રામરાય સાહેબે મારા ઉપર ભાર નાખ્યો છે."

સ૦—"તો શું કાંઇ પત્તો મેળવ્યો છે ?"

બહા૦—"હજુ તો એટલો પતો મળ્યો છે કે, તે બદમાસોના હાથ સપડાયો છે. તે બધાઓએ મળીને કૃષ્ણરાયની પાસે ખૂબ ખર્ચ કરાવ્યો છે. રામરાય અને કૃષ્ણરાયના બધા રૂપિયા તેઓ હજમ કરી જવા માગે છે. તેનો મુકામ ઝરના ડુંગરામાં હતો. તે લોકોએ એક

ઓનું ખૂન કીધું અને લાશ રેલ્વે લાઇન ઉપર રાખી ગયા. તેઓને તે વખતે સાવિત્રીએ જોયા હતા."

સ૦—"બીજું કાંઇ ?"

બહા૦--"પોલીસે તે અડ્ડો તોડી ફોડી નાંખ્યો અને જે કાંઇ ત્યાંથી મળ્યું તે બધું લઇ ગયા."

સ૦--"કૃષ્ણરાયની કાંઇ ખબર મળી."

બહા૦--"ના તેનો પતો તો મળ્યો નથી. પણ તે ટોળી માંહેના એક માણસનો પત્તો મળ્યો છે. ?"

સ૦—"તે કોણ છે ?"

બહા૦--"તેનું નામ શંકરપ્રસાદ છે. તેની ખોળમાં હું આવ્હીં આવ્યો છું."

સ૦--"સાવિત્રી તો આપને ચીઠી લખવાની હ......"

બહાવદીનખાન વચમાંજ બોલી ઉઠયો—"શું આપને કાંઇ ખબર મળ્યા છે ?"

સ૦—"હા, જે દિવસે આ જેતપુર આવતી રહી, તે દિવસે તે ગાડીમાં કૃષ્ણરાય અને સાવિત્રી પણ આવ્યા હતા. તે લોકોએ તો આને નહિ જોઇ પણ આમણે તેમને જોયા. બીજું રેલ્વેથી ઉતર્યા પછી તેની પાછળ પાછળ છુપાઇને જોઇ આવી કે, ક્યાં જાય છે ! તે લોકો પાસેના એક મકાનમાં રહે છે."

બહાવદીનખાને નોટ બુકમાંથી તે ઠેકાણું કાઢીને બતાવ્યું અને પૂછ્યું કે, "આ ઠેકાણે તે લોક રહ્યાં છે ?"

સ૦—"હાજી તે ઠેકાણે છે."

બહા૦—"ત્યાં શંકરપ્રસાદ રહે છે ?"

સ૦—"નહિ તે લોક ત્યાં નથી. ફક્ત કૃષ્ણરાય અને સાવિત્રી

છે. પણ તે નજર કેદ છે."

બહા૦—"કેમ ?"

સ૦—"તે લોકોએ પાંચ સાત દરવાનોનો પહેરો રાખ્યો છે, કૃષ્ણરાય અને સાવિત્રીને બહાર નીકળવા દેતા નથી. બહારના માણસોને પણ ત્યાં જવા દેતા નથી, ચીઠી પત્રી પણ તેઓ ત્યાં આગળ લે છે. આમણે કેટલાક વખત પોતાની બહેનને મળવાનું ઇચ્છ્યું પણ તે લોકોએ જવા નહિ દીધી. હું પણ કૃષ્ણરાયને મળવા ગયો હતો પણ તે લોકોએ મને જવા દીધો નહિ."

બહા૦—"સાવિત્રી બાઇની મુલાકાત થવાથી મારૂં તો ઘણું કામ થઇ ગયું. નહિ તો તે લોકોને શોધવાને માટે મારે બહુજ હેરાન થવું પડત. હવે દુઃખ એ વાતનું રહ્યું કે, દુષ્ટોને દંડ આપી શકીશ નહિ."

સ૦—"કેમ ! તેને છોડી મુકશો ? તો તે આપ લોકોનું સત્યાનાશ કાઢી નાંખશે."

બહા૦—"હું સમજુ છું, કે તે લોકોને પકડવા મુશ્કેલ નથી. તે લોક કોઇ નવા માણસોને દરવાન નહિ રાખવાના. પોતે જ દરવાન બનીને બેઠા હોવા જોઇએ."

સ૦—"ત્યારે તો પોલીસમાં પકડાવી દેવાથી ઠીક થાશે."

બહા૦—"ઠીક તો થાય, આજેજ તેને કેદ કરી શકીએ, પણ કેદ કરૂં તો તેનો કેસ ચાલે અને કેસ ચાલે તો આડું વેતરાઇ જાય. કોઇ પણ રીતે હોય પણ કૃષ્ણરાય અને સાવિત્રી તેમાં સામેલ છે તેમ ઠરે ત્યારે પોલીસ તેને છોડવાવાળી નહિ. કોર્ટમાં તેને પણ શિક્ષા થાય. ત્યારે હું બંનેને બચાવી શકું નહિ."

સ૦—"હાં, તે તો ઠીક છે. ગમે તેમ બને પણ કૃષ્ણરાય

અને સાવિત્રીને બચાવવા જોઇએ."

બહાવદીનખાનને તે દિવસે સન્યાસી મહારાજના મહેમાન થાવું પડયું અને તેજ દિવસે રામરાયને જેતપુર આવવાનો તાર દીધો. બીજે દિવસે રામરાય જેતપુર આવી પહોંચ્યો. ખબર પડશે તો તે લોકો નાશી જશે તેવો ભય હતો તે માટે બહાવદીનખાન રાત્ર દિવસ તે મકાન ઉપર પહેરો ભરતો હતો.

જેતપુરનો એક પોલીસ ઇન્સ્પેક્ટર વીરસિંહજી બહાવદીનખાનનો મીત્ર હતો, તેને બધી વાત કહીને મદદ આપવાનું કહ્યું. તે વખતે તે બોલ્યો—"બદમાસોનું ટોળું એવી રીતે કેદ કરવાનો મોકો કોણ છોડી શકે?"

બહા૦—"તો બિચારો કૃષ્ણરાય જેલમાં જાય છે."

વીર૦—"એ વાત ઠીક છે, પણ મારો ચાન્સ ખુલી જાય છે."

બહા૦—"આ વખતે જવા દો, તેના ઉપર નજર તો રહેશે, એ જાનવરો જશે કયાં?"

જ્યારે રામરાય જેતપુર પહોંચ્યો ત્યારે બહાવદીનખાને વીરસિંહજી સાથે તેની મુલાકાત કરાવી, બધી સલાહ ઠીક થઇ ગઇ. પોલીસમાં ખબર નહિ હોવા છતાં પણ વીરસિંહજીએ ઘણા સિપાઇઓનો બંદોબસ્ત કર્યો. રૂપિયાથી શું નથી થાતું, ભાઇનો જીવ બચાવવાના માટે રામરાય પાણીની પેઠે રૂપિયા ઉડાવતો હતો.

કૃષ્ણરાયને જે મકાનમાં કેદ કરવામાં આવ્યો હતો તે મકાન સાધારણ માટીનું નહિ તેમ સાધારણ પત્થરનું નહિ, પણ મજબુત કાળમીંઢ પત્થરનું બાંધેલું હતું. તે મકાન એક બે ઓરડાવાળું કે એકાદ દરવાજાવાળું નહિ, પણ પુષ્કળ ઓરડા ઓરડીથી ભરપુર અને જુદા જુદા દરવાજા અને ગુપ્ત બારીઓવાળુ હતું તે મકાન સાદુ

સીધું અને સર્વને સમજ તેવું નહિ પણ બહુજ ગુંચવણવાળું અને પુષ્કળ ભેદ ભરમોથી ભરેલું હતું. તે મકાન અનાજ કે માલ થાલ સંગ્રહવાને માટે ખાલી કોઠારીઆ જેવુંજ નહિ પણ મકાનમાં પેઠા પછી બહાર નીકળવાને મુશ્કેલી થઈ પડે તેવું ભુલભુલવણીવાળું હતું. જોત જોતામાં માણસો અલોપ થઇ જાય, જોત જોતામાં માણસો મરણના મુખમાં હોમાઇ જાય, અને જોતજોતામાં માણસનો રંગ બદલાઈ જાય તેવી યુક્તિથી રચાયલું હતું. તે મકાન ખાલી પાણીના કુવા કે ટાંકાવાળું નહિ હતું. પણ માણસને પિશાચી રીતે મારી નાંખાને અદ્રશ્ય કરી દેવાને માટે પાતાળ કુવાઓ, ગુપ્ત ભોંયરાઓ અને બીજાઓ અવાજ ન સાંભળી શકે તેવા મજબુત ઉંડા અને ભોંયમાં ઓરડાઓવાળું હતું. તે મકાન એકલા પ્રકાશવાળા ઓરડાથીજ ભરપુર નહોતું પણ અંધારા ઓરડાઓ પણ તેમાં પુષ્કળ હતા. ખાલી તુટી જાય તેવા કમાડોવાળાજ ઓરડા નહોતા પણ કેદખાનાને બાજુ ઉપર મૂકી દે તેવા લોઢાના મજબુત સળીઆવાળા બારી બારણા અને લોઢાના પતરાથી મઢેલા મજબુત કમાડવાળા ઓરડા હતા. અને એકંદર રીતે જો કોઇ બારીકાઇથી તપાસે તો તે એક ભયંકર 'યમયાતના' યાને યમપુરી જેવું મકાન હતું. અગર તો પિશાચખાનું હતું. પરંતુ જો ઉપર ચોટીયા દ્રષ્ટિથી જોઇએ અગર તો માંહેલો ભેદ જાણ્યા સિવાય મકાન તરફ યાને અંદર જોઇએ તો તે એક સુંદર રાજ્ય મહાલય જેવું હતું, રંગરોગાનથી રંગેલું ભપકાદાર મકાન હતું. જાણે કે તે કોઇ બાદશાહનો મહેલ હોયની! મકાનના દરવાજા ઉપર એવો દેખાવ રાખ્યો હતો કે, કેમ જાણે તે કોઇ ભાવિક ભક્ત શ્રીમંત ગ્રહસ્થનું મકાન હોય અને ત્યાં હંમેશા કથાવારતા થતી હોય. દરવાજા ઉપર કોઇ જાતનો દેખીતો પહેરો નહિ હોવાથી કોઈ માણસને

શક લઇ જવાનું કારણ ન મળે તેવી યોજના ઘડાઇ હતી.

મકાનનોજ એવો ડોળદમામ હતો કે કોઇપણ બહારનો માણસ તેમાં તે મકાનના ધણીની પરવાનગી મેળવ્યા સિવાય પગ ન મૂકે. આમ સર્વ રીતે પ્રાપંચિક ભેદોથી તે મકાન ભરપુર ભર્યું હતું. જેતપુરના કોઇ પણ માણસને આ મકાનના માટે વહેમ નહોતો. તેના માલીકને કોઈ પણ ખરાબ માણસના નામથી ઓળખતા નહોતા. કોઇ પણ માણસને આ મકાનના માલીકના ધંધાના સંબંધમાં માહિતી નહોતી. બધા એમજ માનતાં હતા કે, તે કોઇ શ્રીમંત ગ્રહસ્થ છે, બાપની અખુટ દોલતથી તે પોતાનું ગુજરાન ચલાવે છે અને ગાડી ઘોડા દોડાવે છે. તથાપિ કોઇએ પણ ગુપ્તભેદ જાણ્યો નહોતો.

આ મકાનની આજુબાજુ બીજે દિવસે બાર વાગ્યે સિપાઇઓથી ફરતો ઘેરો ઘાલવામાં આવ્યો. તે પછી ત્રણે જણુ પોતપોતાના કપડામાં તૈયાર થઇને એક એક પીસ્તોલ છુપાવીને તે મકાનમાં ચાલ્યા. ભયાનક ખુનીઓ સાથે રાતની મુલાકાત લેવી ઠીક નહિ જણાયાથી દિવસની ચઢાઇ લઇ જવામાં આવી હતી. રસ્તામાં લોકોની ભારે ભીડ હતી. ત્રણે જણા એ મકાનના બારણા પાસે જઇને જુએ છે તો બારણા ઉઘાડા છે. લોક સંદેહ ન કરે તે વિચારથી દિવસના તે લોકો દરવાજા ઉઘાડા રાખતા હતા. દરવાજા પાસે કેટલાક માણસો મળીને રામાયણ વાંચતા હતા.

બહાદરદીનખાન ઝટ તેમાં જઇ પહોંચ્યો અને ગંભીર સાદથી બોલ્યો—"શંકરપ્રસાદ!"

એક આદમી ઉઠીને ઉભો થયો બધા માણસો આશ્ચર્ય પામીને બહાદરદીનખાનના તરફ જોવા લાગ્યા. બહાદરદીનખાન પીસ્તોલની નાલ તે તરફ કરીને બોલ્યો—"ખબરદાર! હલશો નહી, જો ઉઠશો

તે જીવ સાટે જાશે. પહેરાવાળાએ મકાન ઘેરી લીધું છે, અને મારી સાથે ઇન્સ્પેક્ટર પણ છે."

રામરાય અને વીરસિંહજી પણ દરવાજા ઉપર જઇને ઉભા રહ્યા. રામાયણ સાંભળનારા અને વાંચનારાઓએ જોયું કે તેના હાથમાં પણ પીસ્તોલ છે, આવો અચાનક બનાવ બની ગયો તે તેને સ્વપ્નામાં પણ ખ્યાલ નહોતો. બીલકુલ ખબર નહોતી બધા મોત સામે ઉભેલું જોઇને અવાચક રહ્યા. કોઇના મોઢામાંથી વાત નીકળી નાહિ.

બહા૦—"સાંભળો, કૃષ્ણરાયના માટે આ વખતે અમે તમને છોડીએ છીએ પણ તમારા લોકો ઉપર નજર રહેશે. સાંભળો શંકર-પ્રસાદ ! ફરીને ટોળી કરી અગર બદમાસી કરી તો બીજી વખત નહિ બચો."

કોઇએ કાંઇ જવાબ આપ્યો નહિ! બહાવદીનખાન ફરીને ગર્જના કરી બોલ્યો—"શંકરપ્રસાદ!" શંકરપ્રસાદ કોણ હતો તે ઓળખતો નહિ હતો પણ બહાવદીનખાનની લાકડી ઠીક નીશાને લાગી ગઇ. શંકરપ્રસાદ તેની સામે આવ્યો તેને કહ્યું—"બસ ચાલ્યા જાઓ આહીંથી બીજું કાંઈ કામ નથી. હવે મોઢું દેખાડી ગુસ્સો ઉપજાવો નહિ." એટલું સાંભળતાની સાથે શંકરપ્રસાદ બહાર જઇ ગેબ થયો. પાંચ મિનિટ સુધી બહાવદીનખાન ચૂપ રહ્યો. પાછો બોલ્યો—"વીઠુબા!" તુરતજ વીઠુબા સામે આવ્યો. બહાવદીનખાન બોલ્યો—"બસ જાઓ, પાસે આવવાનું કાંઇ કામ નથી." તે પણ તુરતજ બહાર જઇને નાઠો. હવે બહાવદીનખાને એક બીજાને ઇસારો કીધો. તે પણ પેલાઓની પેઠે નાશી ગયો. બસ એવી રીતે એક પછી એક બહાવદીનખાને બધાને ત્યાંથી વિદાય કર્યા.

બહાવદીનખાન હસીને બોલ્યો—“ પાપી હંમેશા કાયર હોય છે. હવે તેની ટોળી તુટી ગઇ, હવે જલદીથી તે લોકો એકઠા થવાની હીંમત નહિ કરે. તેમણે આપણે એક એક કરીને વીખેરી નાંખ્યા છે, તેઓમાંના સર્વ જુદી જુદી દિશાએ નાઠા હશે અને તેથી હવે એકઠા થઈ શકવા મુસ્કેલ છે, વળી જે નાસવું પડયું છે તે ઘણીજ કફોડી સ્થિતિમાં નાસવું પડયું છે. ફકત પહેરેલા ત્રણ કપડા ભેરજ તેઓ નાઠા છે. નથી પાસે સાધન સામગ્રી નથી, પાસે હથીયાર કે નથી પાસે નાણું અને તેથી હવે તેની ટોળી જલદીથી બંધાવી મુસ્કેલ છે. વળી તેમાંના કેટલાક તો પહેરેલા પોતીઆ ભેરજ હતા. કેટલાક ઉઘાડે માથે હતા એવી સ્થિતિમાં તેમને નાસવું પડયું છે કે, જે ઘણી નિરાધાર સ્થિતિ બતાવે છે. બરોબર થયું છે. પાપીઓ શિક્ષાને પાત્ર હતા. તથાપિ આ પ્રસંગે તેથી વધુ શિક્ષા આપી શકાય તેવી આપણી સ્થિતિ નહોતી. ખેર, દુષ્ટો ભલે નાશી ગયા, ભલે છુટી ગયા, તથાપિ કૃષ્ણરાય અને સાવિત્રી તો સુખ રૂપ આપણે હાથ આવી જશે. દુષ્ટોને પકડવાને માટે હજુ કયાં વખત વીતી ગયો છે. તેમને હવે પછી ધીમે ધીમે એક એક વીણી ચુંટીને પકડી પાડીશું. ખેર, મારી બીજી તપાસમાં હું સુફળ નીવડયો છું. મારી પહેલી ફરજ તમોને ( રામરાયને ) નિર્દોષ ઠરાવી છોડાવવાની હતી અને બીજી ફરજ કૃષ્ણરાયને શોધી કાઢી બદમાસોના અડ્ડામાંથી નિર્વિઘ્ને મુક્ત કરવાની હતી અને ખુનના ગુન્હામાંથી બચાવવાની હતી. તે પણ આજે પાર પડી. વીરસિંહજી! તમોએ જો મને મદદ નહિ કીધી હોત તો હું આ કાર્યમાં ફળીભુત કેટલે અંશે થાત તે કહી શકતો નથી. હું તમારો આભારી છું. તમોએ પણ જાતિ ભોગ આપીને આજે મીત્રના કામમાં ભારે મદદ કીધી છે.”

વીરસિંહજી—" ઘણું ખુશી થવા જેવું થયું છે, આપણે આપણા કાર્યમાં ફાવી શકયા છીએ. તમો ભલે મારા વખાણ કરો, પણ તે તમારી ભલમનસાઇ છે. તમો મારી પ્રશંશા કરો છો, તો તે હું માથે ચઢાવી લઉં છું, પણ ખરી રીતે તો તે બધો તમારાજ પ્રતાપનો પ્રભાવ છે. જો એ મારી કુશળતાનું પરિણામ હોત તો હું આ શહેરમાં દસ વરસથી ઇન્સ્પેકટર છું. મેં કેમ તે બદમાસોને શોધી કાઢી શિક્ષાએ પહોંચાડયા નહિ માટે માફ કરો સાહેબ ! મારા ખાલી વખાણ કરો નહિ. "

રામરાય—" હું ઘણો ખુશી થાઉં છું વીરસિંહજી ! તમારો ઉપકાર કાંઇ થોડો નથી. તમોએ તમારો ચાન્સ ગુમાવીને અમોને મદદ કીધી છે. હું તમારો હંમેશા એહશાનમંદ રહીશ. બહાવદીનખાને તમારા જે વખાણ કીધા છે તે કાંઇ ખાલી વખાણ નથી પણ તે વ્યાજબીજ છે. "

વીરસિંહજી બંનેનો ઉપકાર માન્યો. તે પછી ત્રણે જણાએ તે મકાનની અંદર પ્રવેશ કીધો. કેટલાક ઓરડા ઓરડીઓ તપાસ્યા, પણ કૃષ્ણરાયનો કયાંઇ પતો લાગ્યો નહિ. એવડા મોટા મકાનમાંથી કયાંઇથી અવાજ સુદ્ધાં આવતો નહોતો. આખું મકાન ઢંઢોળી વળ્યા તથાપિ કૃષ્ણરાયનો જ્યારે કાંઇ પતો નહિ મળ્યો, ત્યારે રામરાય નિરાશ થઇને બોલ્યો—" અહો ! ભાગ્ય તો જુઓ ! જે કૃષ્ણરાયને માટે હું તલખું છું, જે કૃષ્ણરાયને માટે હું પાણીની પેઠે રૂપિયા વાપરૂં છું, જે કૃષ્ણરાયને માટે જાનના જોખમો ખેડાવું છું, તે કૃષ્ણરાય આટલા પ્રયાસ પછી અને આ મકાનમાં છે તેવી ખાત્રી મેળવ્યા પછી પણ ના મળે ! એ કેવી ગજબની વાત છે. શું કૃષ્ણરાય

આ મકાનમાં નહિ હશે ? શું સાવિત્રીની સમજણ ખોટી હશે ! નહિ, નહિ, એમ બની શકતું નથી, ત્યારે કૃષ્ણુરાય શા માટે બોલતો નથી. શું તેને કંઇ શરમ લાગતી હશે ? શું તે મને મોહું બતાવવા માગતો નહિ હોય ! શું કારણ હોઇ શકે ? વીરસિંહજી, બહાવદીન-ખાનજી ! તમે શું અભિપ્રાય આપો છો, તમો શું અટકળ બાંધો છો ! હું મુઝાઉ છું, કંઇ માર્ગ બતાવશે ? મારા ધૈર્યનો ભંગ ન થાય તેવો કયો રસ્તો છે."

બહાવદીનખાન—"રામરાય શેઠ ! ગભરાવવાનું કાંઇ કારણ નથી. પ્રયત્ન કરો. જયારે સાવિત્રીએ એમ કીધું છે કે કૃષ્ણુરાય આ મકા-નમાં છે તો તે બીલકુલ જુઠું હોઇ શકે નહિ. વળી તે બદમાસોએ જયારે આહીં જમાવ યાને પડાવ નાંખ્યા હતો ત્યારે તેઓ કૃષ્ણુરાયને કયાંઇ બીજે સંતાડે અગર તો રાખે નહિ. માટે આપણે વધુ વખત જોઇશું, વધુ બારીકીથી જોઇશું તો આજ મકાનમાંથી સહેજે પતો લાગી જશે. આ મકાન કાંઇ ખાલી શ્રીમંતોને રહેવાનું મકાન નથી આ મકાન તો બદમાસો અને ખુનીઓનો અડ્ડો છે. તો તેમાં કાંઇ ખાલી ઓરડાઓજ હોય નહિ, તેમાં તો જુદાજુદા ભોંયરાઓ, ગુપ્ત માર્ગો, અંધારા અને ગુપ્ત ઓરડાઓ અને આપણે નહિ જોયેલું કે નહિ સાંભળેલું તેવું હશે. હજુ તો આપણે ફકત ખાલી ઓરડા-ઓજ તપાસ્યા છે. અને તે પણ તાળા વાસ્યા સિવાયના ખાલી ઓરડાઓજ. હજુ આપણે ઘણું તપાસવાનું છે હવે ચાલો વાસેલા ઓરડાઓ તપાસવા ચાલ્યા.

બહાવદીનખાન એક બાજુ ચાલ્યો તેથી વિરૂદ્ધ બાજુ રામરાય અને મધ્ય ભાગે વીરસિંહજી ચાલ્યા.

બહાવદીનખાન ઉતાવળો ચાલીને એક ઓરડા તરફ ધસમસ્યો ચાલ્યો. બારણા પાસે પહોંચીને જ્યાં બારણાને હાથ અડકાડયો ત્યાં તો તે બારણું કડાક કરતું તે ખુલી ગયું. બારણું આવી અજાયબી ભરી રીતે વગર ધક્કો માર્યે ખુલ્લી ગયું જાણીને બહાવદીનખાન હેરત પામી ગયો અને તે ખુશી થતો થતો એકદમ ઓરડાની અંદર દાખલ થયો. બહાવદીનખાને જાણ્યું કે આ ઓરડામાં કંઇક જાણવા જેવું હશે. અને તેથી તે બહુ ખુશી થતો અંદર ગયો પણ જેવો અંદર પાંચ પગલા ગયો કે તુરતજ કમાડ બંધ થઇ ગયા. હવે બહાવદીનખાન અંદર સપડાયો તેને બહાર નીકળવાનો કશો માર્ગ સૂઝયો નહિ તેણે કમાડ ખોલવાને ઘણો પ્રયત્ન કીધો પણ તે નિષ્ફળ નીવડયો. આ બધો બનાવ મધ્ય ભાગે ચાલતા વીરસિંહજીએ જોયો. તેણે જોયું કે બહાવદીનખાન બારણા પાસે ગયો કે તુરતજ બારણા ખુલ્લી ગયા અને અંદર ગયા પછી તુરતજ બંધ થયાં હવે તે તેને તે મકાનમાંથી બહાર કાઢવાની ખટપટમાં પડયો તેને ભારે ચિન્તા થઇ પડી, કૃષ્ણરાયને શોધતાં બહાવદીનખાન ગુમાવ્યો. તે બારણાની પાસે આવીને બારણું ખેસવવા માટે જોર કરવા લાગ્યો ઘણું જોર કરવા છતાં પણ બારણું ખસ્યું નહિ છેવટે નિરાશ થયો પણ હવે તેમ નિરાશ થવું પરવડી શકે તેમ નહોતું. હવે તો જીવના જોખમે પણ તે બારણું ઉઘાડવુંજ જોઇએ. વીરસિંહે ફરી એકવાર બારણું ખેસવવાનો પ્રયાસ કીધો અને બધું જોર અજમાવ્યું તે ઘુંટણીઆ ભર થઇને બળ કરતો હતો. જ્યારે ભારે બળ કીધું ત્યારે કડીંગ કડીંગ અવાજ થવા લાગ્યા વિરસિંહે જાણ્યું કે હવે કદાચ બારણું ખુલી જશે. તથાપિ અજાયબી વચ્ચે જોયું તો

તે બારણું ખુલવાની જગાએ-વીરસિંહજી જે જગાએ બેઠો હતો તેજ જગાએ તે એકદમ અલોપ થઇ ગયો. આમ બે જણાને એકાએક ગેબ થતા જોઇને રામરાય હીંમત હારી ગયો. તે આવડા મોટા ભેદી મકાનની અંદર એકલો થઇ રહ્યો. તે હવે ભય પામવા લાગ્યો. તે એક પણ પગલું આગળ પાછળ ચાલી શક્યો નહિ, જે બારણા પાસે પોતે પહોંચ્યો હતો તેજ બારણા પાસે તે બેશી ગયો. તેને હવે ભય લાગવા માંડયો કે, જો હું એક પણ પગલું આગળ પાછળ જઇશ તો કદાચ સપડાઇ જઇશ. તે ત્યાં તેવા વિચારમાંજ મશગુલ થઇ ગયો.

હવે આપણે જોઇએ કે બંને ડીટેકટીકોનું શું થયું.

# પ્રકરણ ૧૯ મું.

## ડીટેકટીવો સપડાયા.

બહાવદીનખાન જે ઓરડામાં સપડાયો હતો તે ઓરડામાં તે કાંઇ ખાલી હાથ પગ જોડીને બેશી રહ્યો નહિ. તેને આવો ભેદી ઓરડો હાથ આવ્યો તેથી તે ઘણોજ ખુશી થયો. તેણે ધાર્યું કે, કાંઇક મુંઝવણ થાશે પણ આ ભેદી ઓરડાનો ભેદી ભરમ જાણી શકાશે. તે ઓરડામાં એટલું બધું અંધારૂં હતું કે, પોતાની હથેલી પણ સુઝતી નહોતી, જાણે અમાવાસ્યાની ઘોર અંધારી રાત. હવે બહાવદીનખાન તે ઓરડામાં ઘુમવા લાગ્યો. એક વાંભ બે વાંભની પેંડે ભીંત માપતો ચાલ્યો અને આખો ઓરડો માપીને તે પાછો

બારણા પાસે આવ્યો, પણ તેમાંથી કાંઇ પણ તેના હાથમાં આવ્યું નાહ. નહિ આવ્યું બીજું બારણું હાથમાં કે નહિ આવ્યું બીજું કોઇ પેટી પટારો કે કબાટ હાથમાં. તેણે ફરીથી જમીન માપવી શરૂ કરી, પણ નિષ્ફળ. એમ બે ત્રણ વખત તે ઓરડાની દિવાલ તેણે માપી લીધી પણ કાંઇ હાથ આવ્યું નહિ, બારણાથી પોતે જેટલા ડગલા અંદર આવ્યો ત્યારે બારણું બંધ થયું હતું તેટલા ડગલા તેણે વખતો વખત ચાલી બતાવ્યું પણ તેનું કાંઇ પરિણામ આવ્યું નહિ તેથી તે નિરાશ થયો. ક્યાંથી ખુલે તેણે પહેલી વખત જે જગાએ પાંચમું પગલું મુક્યું હતું તે ઠેકાણું કાંઇ તેને યાદ નહોતું અને તેથી વખતો વખત તેનો પગ થોડે ઘણે દુર જઇ ઉભો રહેતો હતો. વળી તે પાંચમે પગલે કાંઇ બારણું ખુલતું નહોતું પણ બંધ થતું હતું જેથી બહાવદીનખાન ગભરાયો અને એક વધુ વખત બારણું ઉઘાડવાનો ઉપાય અજમાવી જોવા તૈયાર થયો. તેણે બારણા પાસે આવીને કુદમ કુદી કરવા માંડી પણ તેમ કરવાથી તેનું સારૂં પરિણામ આવ્યું નહિ. તે જ્યારે કુદમ કુદી કરતો હતો ત્યારે એક વખત કડીંગ થયું અને બહાવદીનખાન ઓરડામાંથી અલોપ થયો. ઓરડામાંથી તે એકદમ ભોંયમાં પંદર હાથ નીચે ઉતરી પડયો. બહાવદીનખાન આ અજાયબી ભર્યું મકાન જોઇને હેરત પામી ગયો. તેને કાંઇક ખુશાલી ઉપજી અને નવું જાણવાનું મળ્યું ખરૂં, પણ તે સાથે એ ભેજવાળા ભાગમાં અને ગંદકીવાળા ભાગમાં વધુ વખત દેહના બંધારણને હીત કરતા નહિ હોવાથી તે ઝટપટ તેમાંથી નીકળવા મહેનત કરવા લાગ્યો. તેણે તે ભોંયરામાં પણ ચક્કર મારવા શરૂ કર્યા. તેને એમ જણાયું કે, આ ભોંયરૂં છે અને જો એમજ હોય તો તેને જરૂર કંઇક દાદર જેવું હશે. કેટલીક મુદતે તેના પગમાં દાદરનો છેડો ભટકાયો અને તેથી તે પડી

ગયો. કપડા ખંખેરીને ઉભો થયો અને જોયું તો દાદર જેવું જણાયું. તે એ અંધારામાં ધીમે ધીમે દાદરના પગથીઆ ચઢવા લાગ્યો, થોડે દુર ગયો એટલે પોતાના માથામાં કંઇક ભટકાયું હોય તેવું જણાયું; તેણે ત્યાં હાથ ફેરવી જોયો તો તે પત્થરની એક મોટી શીલા હોય તેવું જણાયું. હવે બહાવદીનખાનની મુંઝવણનો પાર રહ્યો નહિ. તેણે તે શીલાને ખસેડવાને ઘણું બળ કીધું પણ તે પત્થરો જરાપણ ચશ કર્યો નહિ. હવે શું કરવું? શું પાછા નીચે ઉતરવું? શું આમાંજ રખડીને ભુંડે મોતે મરવું? શું કરવું અને શું ન કરવું તેના ભારે વિચારમાં—અફસોસમાં બહાવદીનખાન પડી ગયો. તે હવે કંઇક નિરાશ થવા લાગ્યો પણ વળી હીંમત લાવીને એક વખત નશીબ અજમાવવા લાગ્યો.

અત્યારસુધી તો બહાવદીનખાનને વખતો વખત કડીંગ કડીંગના અવાજ સાથે સપડાવાનો કે છુટવાનો રસ્તો મળતો હતો, પણ આ ઠેકાણે તો કાંઇ અવાજજ થતો નહોતો. તે દાદરા ઉપર ઉભો હતો, તેનું માથું પત્થર સાથે અટકાયલું હતું તે છતાં તે વાંકો વળીને વધુ બેચાર પગથીઆ આગળ વધ્યો અને બરોબર ચોથા પગથીઆ ઉપર પગ મુકયો કે તુરતજ તે શલ્યા આપોઆપ ડોલવા લાગી અને તેવી રીતે એકાદ મિનિટ ડોલીને તે એકદમ એક બાજુ ઉથલાઇ પડી.

જે વખતે બહાવદીનખાને ચોથા પગથીઆ ઉપર પગ મુક્યો અને શીલા ડોલવા લાગી ત્યારે બહાવદીનખાનના કાને કંઇક ભયભીત કરનારો અવાજ આવવા લાગ્યો. કોઇ રડતું હોય તેવું જણાયું. તે તરફ પોતે કાન દઇ સાંભળવા લાગ્યો. હજુ તો એકાદ મિનિટ

તે રડવાને પુરી નહિ થઇ હોય ત્યાંતો એકદમ ઝોલા ઉથલાઇ પડી અને બહાવદીનખાન બહાર નીકળ્યો. તેણે બહાર નીકળીને જોયું તો તે રડનાર બીજો કોઈ નહિ પણ રામરાય હતો. રામરાય જે પત્થર ઉપર બેઠો હતો તેજ પત્થર ડોલવા લાગ્યો હતો. અને જ્યારે તે પત્થર ડોલવા લાગ્યો ત્યારે રામરાયને ભય લાગ્યો કે, જેવી રીતે બહાવદીનખાન અને વીરસિંહજી સપડાયા તેવીજ રીતે પોતાને સપડાવાનો વારો આવ્યો, તથાપિ જ્યારે તેણે બહાવદીનખાનને ઉપર આવેલો જોયો ત્યારે તેને ભારે અજાયબી ઉપજી, તે ઘણોજ ખુશી થયો. બહાવદીનખાનને ભેટી પડ્યો અને વીરસિંહજીની વીતક વાર્તા કીધી. આ વાત સાંભળીને બહાવદીનખાનને પુનઃ સંકટમાં સપડાવા તૈયાર થવું પડ્યું. તેની એવી ઇચ્છા હતી કે, બહાર નીકળ્યા પછી ખુલ્લી હવા લઇશ પણ જો તેમ ખુલી હવા લેવા રોકાય તો વીરસિંહજીની શું ગતિ થાય તે ખ્યાલે તે તુરતજ પાછો જ્યાં આગળથી વીરસિંહજી ભોંયરામાં ગેબ થયો હતો ત્યાં રામરાય સાથે ગયો. રામરાયને ત્યાં બાજુમાં બેસાડી પોતે તે જગા તપાસવા લાગ્યો. તે પહેલાં પોતાને એવી ઇચ્છા થઈ કે, મેં ઓરડામાં પ્રવેશ કર્યો હતો તે ઓરડો શાથી ખુલ્લી ગયો તે પહેલા તપાસું. થોડીજ મિનિટમાં તેણે જાણી લીધું કે, કમાડના મધ્ય ભાગે જે નકુચો છે. તેની સાથે જોરથી હાથ અડકવાથી આ બારણું ખુલ્લી જાય છે. તે પછી વીરસિંહ જે જગાએથી ભોંયમાં ગેબ થયો હતો તે જગા તપાસવા લાગ્યો. તપાસના પરિણામમાં તે ફાવ્યા, તેણે જોયું કે, બારણાની બરોબર પુત ભાગમાં ગુંટણથી, હાથથી કે પગથી જોર દેવાથી દાદરનું બારણું ખુલ્લી જાય છે, રામરાયને તે બતાવીને

પોતે અંદર ઉતરી પડયો. તે ઓરડો પણ અંધારાથી છવાયલો હતો તેની અંદર ગયા પછી તેણે વીરસિંહજીની તપાસ કરવી શરૂ કીધી પણ તેનો ક્યાંઇ પતો મળ્યો નહિ, તે ઘણો નિરાશ થયો. તે તપાસવા લાગ્યો કે, આ ઓરડામાં ક્યાંઇ બારણું છે ? તથાપિ તપાસમાં બારણું માલુમ પડયું નહિ, તેણે ફરીને ભોંયરામાં ચારે ખુણે ફરવુ શરૂ કર્યું. બરોબર પા કલાક ફર્યો હશે ત્યારે તેને એક ખુણા ઉપર એક નાનું સરખું કબાટ હાથ આવ્યું, તે કબાટ ઉઘાડવાની તેણે તજવીજ કીધી, લગભગ પાંચ મિનિટ થઇ હશે તેટલામાં તે કબાટ ઉઘાડવાની કળ તેના હાથ સાથે અથડાણી અને બારણું ખુલી ગયું, તેમાં હાથ ફેરવતા બહાદરદીનખાને જોયું કે કોઇ બેશુદ્ધ થયલો માણસ તેમાં પડયો છે. બહાદરદીન માન વિચારમાં પડયો, આ બેશુદ્ધ માણસ કબાટમાં આવી રીતે ક્યાંથી હોય! શું તે વીરસિંહજી હશે ? શું તે કૃષ્ણરાય હશે કે કોઇ બીજો હશે ? તથાપિ કાંઇ નક્કી કરી શકયો નહિ, તેને બહાદરદીનખાન ઘડીક કૃષ્ણરાય સમજતો હતો અને ઘડીક વીરસિંહજી સમજતો હતો. જે હોય તે ભલે હોય તેને મારે એકદમ બહાર લઇ જવો જોઇએ. તે એકદમ જે દાદરથી અંદર ગયો હતો તેજ દાદરથી ઉપર આવ્યો. જ્યારે શીલા માથા પર અટકી ત્યારે બરોબર ચાર પગથીઆ ગણીને તેણે પગ દબાવ્યો. શીલા ધ્રુજવા લાગી અને એક મિનિટમાં તે શીલા ઉથલાઇ પડી. માર્ગ મોકળો થઇ ગયો અને બહાદરદીનખાન વીરસિંહજીને લઇને બહાર આવ્યા.

થોડી મિનિટ બહારની હવા ખાધી કે તુરતજ વિરસિંહજીને આરામ થઇ ગયો.

વીરસિંહજીએ શુદ્ધિમાં આવ્યા પછી વાત કીધી કે, " હું તે ભોંયરામાં આમ તેમ ઘુમતો હતો. ત્યારે મારા હાથમાં એક કબાટ આવ્યું, કેટલી મુદત ખોલવામાં કાઢ્યા પછી તેની ચાંપ મારા હાથમાં આવતા ઉઘડી ગયું, તેમાં કશુએ જોયું નહિ તથાપિ તેની પાછળના ભાગમાંથી કાંઇક અવાજ આવતો જણાયો તેથી ધાર્યું કે, આ કબાટ નથી પણ કબાટના રૂપમાં બારણું છે, હું કબાટમાં બેશીને કબાટની પીઠ તરફ જોવા લાગ્યો અને તેમાં કાંઇ કલ છે કે કેમ તે તપાસવા લાગ્યો પણ એટલામાં તો કબાટનું બારણું બંધ થઇ ગયું. મને લાગ્યું કે, તે બંધ કરવાની કલ મારા હાથે દબાણી હોવી જોઇએ હવે શું કરવું, હું મુંઝાણો અને બેભાન થયો. તે પછીની હકીકત તો તમો જાણો છો, મને કંઇ ખબર રહી નથી."

બહાવદીનખાન—" હું ઓરડામાં પુરાયો તે પછી આખો ઓરડો ફરી વળ્યો પણ કંઇ રસ્તો સુઝ્યો નહિ, બારણું ખોલવાને માટે તકલીફ ઉઠાવી પણ તે ઉઘડવાને બદલે હું તેજ જગાએ ભોંયમાં ગેબ થયો. હું ધારૂં છું કે મારા પગની ઠોકર તે ભોંયરામાં ઉતરવાની કલ ઉપર લાગી હશે. ભોંયરામાં ગયા પછી અને તેમાં ખુબ શોધ્યા પછી એક દાદરો હાથ આવ્યો તે ઉઘાડવાને તજવીજ કીધી પણ તે શીલા ખશી નહિ છેવટે વાંકો વાંકો વધુ ઉંચે આવ્યો અને બરોબર ચાર પગથીઆ રહ્યા ત્યારે શીલા એકાએક ખશી ગઇ અને બહાર નીકળ્યો તે ઉપરથી મેં જાણ્યુ કે, તમો જે ભોંયરામાં ગેબ થયા તેમાં પણ તેવીજ યુક્તિ હશે અને હતું પણ તેમજ. અહીં આખા મકાનમાં તેવીજ યુક્તિઓ ગોઠવેલી જણાય છે, ખેર, આથી પણ આપણને વધુ જાણવાનું મળે છે અને આપણે આપણા કામમાં

પરિપકવ થઇએ છીએ હવે આપણે કૃષ્ણુરાયને શોધી કાઢવો જોઇએ. તમોએ કહ્યું કે, કબાટની અંદર ગયા પછી કોઇકનો અવાજ સાંભળ્યો હતો તો જરૂર ત્યાં કૃષ્ણુરાય હોવો જોઇએ. આપણે ચાલો ફરીને તે ભોંયરામાં ઉતરીએ અને કૃષ્ણુરાયને શોધીએ. આ વખતે મીણબતીઓ અને દીવાસળીઓ સાથે લઇ જવી જોઇએ."

વીરસિંહજી બજારમાંથી દીવાસળી અને મીણબતીઓ લઇ આવ્યો અને પુનઃ બંને જણા અંદર ઉતર્યા.

કબાટની કળ હાથ આવી એટલે તુરતજ કબાટ ખુલ્યું, વીરસિંહ કબાટ બહાર રહ્યો અને બહાવદીનખાન અંદર ગયો, તેણે તેની પીઠની કળ શોધવી શરૂ કરી. કેટલીક મુશ્કેલી પછી કડીંગ કડીંગ થઇને કબાટની જગાએ બારણું થઇ ગયું. એ કબાટ એક ઓરડાનું બારણું હતું. ઓરડાની અંદર થોડો થોડો પ્રકાશ આવતો હતો. પ્રકાશના માટે નામનું જાળીયું હતું. આ ઓરડામાં કૃષ્ણુરાય કૃષ હાલતમાં પડયો હતો. એક ભીખારીથી પણ ઉતરે તેવા કંગાલ દેખાવનો હતો. તુરતજ તેને સચેત કરવામાં આવ્યો. કૃષ્ણુરાય પોતાની બેભાનીમાંથી જાગૃત થયો. તથાપિ સાવિત્રીનો આ ઓરડામાં પતો નહોતો. કૃષ્ણુરાયને પૂછવાથી માલુમ પડયું કે, બાજુના ઓરડામાં તે છે. બહાવદીનખાનને તે કળની હવે ખબર પડી ગઇ હતી તે બારણું પણ તેણે કળદબાવીને ખોલ્યું, ત્યાંથી સાવિત્રી હાથ લાગી તે પણ કૃષ્ણુરાયના જેવીજ હાલતમાં મળી આવી, તેને પણ જાગૃત કરીને કૃષ્ણુરાયના ઓરડામાં લાવવામાં આવી ત્યાંથી બંને જણાને લઇને ધીમે ધીમે બહાવદીખાન અને વીરસિંહજી પ્રથમના જાણીતા રસ્તે બહાર નીકળ્યા. બહાવદીનખાને કૃષ્ણુરાયનું અને વીરસિંહે સાવિત્રીનું બાવડું પકડીને તેમને ધીમે ધીમે બહાર

આણ્યા. રામરાય પોતાના ભાઇને મળેલો જોઇને બેહદ હર્ષિત થયો. કૃષ્ણરાય પણ પોતાની મુક્તિથી અને ભાઇના મેળાપથી ખુશી થયો.

ભાઇ ભાઇને મળ્યા તે વખતનાં આનંદનું અમે વર્ણન કરી શકતા નથી. બહાવદીનખાનને બધું માલુમ પડી ગયું હતું તથાપિ એ માલુમ નહોતું કે, તે પાપીઓએ કઇ સ્ત્રીનું ખૂન કર્યું છે ! કૃષ્ણરાય તે સ્ત્રીના ખૂનના વખતે હાજર નહિ હતો પણ તે સ્ત્રીને કૃષ્ણરાયના માટે ઉડાવી લાવ્યા હતા તે બધો ભેદ ખુલ્લો ન પાડી દે તેવા ડરથી તેનું ખુન કરવામાં આવ્યું હતું.

કૃષ્ણરાય ઘર તરફ નહિ ગયો તે સાવિત્રીની સાથે લગ્ન કરીને જેતપુરમાંજ રહ્યો. રામરાય શેઠ દર મહીને તેના હીસ્સાની આમદાની મોકલ્યા કરતો હતો. રામરાય ભાગેરથીની સાથે લગ્ન કરીને પોતાના દિવસો આનંદમાં કાઢવા લાગ્યો.

---

## પ્રકરણ ૨૦ મું.

### ખુનના ભોગનો લાગેલો પતો.

---

રામરાય અને કૃષ્ણરાયની ખાતર બહાવદીનખાને શંકરપ્રસાદ તથા વીઠુઆ વિગેરેને છોડી દીધા તથાપિ મનમાં વિચાર્યું કે, આવી રીતે એ ચાંડાલોને છોડવા વ્યાજબી નથી. અગર તેના ગુન્હાના પ્રમાણમાં શિક્ષા ન થાય તો તે લોકો હજુ તેવાજ બદમાસી ભર્યાં કાર્યો કરશે તે માટે બહાવદીનખાને પોતાના દુત જાફરને તે

મકાનની પાસે તેનાતમાં રાખ્યો હતો. અને હુકમ આપ્યો હતો કે, તે બદમાસો ઉપર નજર રાખે, જ્યારે તે બધાને છોડી દેવામાં આવે ત્યારે તેનો પીછો કરીને એ જોઇ આવે કે, ક્યાં જાય છે. જાફર બહાવદીનખાનનો બહુ ઉપયોગી નોકર હતો. તેને ખૂબ મારી કુટીને પોતાના કામમાં કુશળ બનાવ્યો હતો. જાફર ઉપરથી સીધો સાદો અને બેમાના જેવો રહેતો હતો તથાપિ અંદર તો તે બહાવદીન-ખાનના જેવો ભારે ધુર્ત અને વિચિક્ષણ બુદ્ધિમાન હતો.

શંકરપ્રસાદ વિગેરે એક બે ને સાડાત્રણ ગણીને નાઠા, ત્યારે જાફર ભારે સંકટમાં પડયો, કોનો પીછો કરવો તે તેને સુઝ્યું નહિ, જ્યારે તેણે જોયું કે કોઇ હાથ આવતું નથી, ત્યારે ઝટ એક આદમીની પાછળ લાગ્યો. આ તરફ બહાવદીનખાન કૃષ્ણરાય અને સાવિત્રીને લઇને પોતાને મુકામે પહોંચ્યો. ત્યાં આખો દિવસ તેણે જાફરની રાહ જોઇ પણ સાંજ પડવા છતાં પણ તે ઘેર આવ્યો નહિ.

બહાવદીનખાને મનમાં વિચાર્યું કે, એક સ્ત્રીનું એ દુષ્ટોએ ખુન કીધું છે તે વાત બધા માણસો જાણી ગયા તથાપિ તે કોઇને માલુમ નથી કે, તે સ્ત્રી કોણ હતી ? અને તેનું ખુન કેવી રીતે થયું ? લાશની સાથે જે ચીજો મળી હતી. અને અડ્ડામાંથી જે સામાન મળ્યો તેમાંથી પણ એવો કાંઇ મુદ્દામાલ મળ્યો નહિ કે જેથી તેનો પત્તો મેળવાય. તથાપિ લાશના હાથમાંથી જે કંકણ મળ્યા હતા. અને પોલીસ તેને પોતાના કામના સમજતી નહોતી તે કંકણ વડે પોતાને પતો લગાડવો છે એમ કહીને બહાવદીનખાને પોલીસ પાસેથી લીધા હતા. કેમકે તે પોલીસને કામના નહોતા. પોલીસે બધા પ્રકારની તપાસ બંધ કીધી હતી. તે કંકણને બહાવદીનખાન દીવાના

"કાશે સારી રીતે જોવા લાગ્યો, તે વખતે જાફર પાછો આવ્યો. તેનું હાંફતું જોઇને બહાવદીનખાને પૂછ્યું—"કેમ જાફર શું થયું ?"

જાફર—"શું કહું સાહેબ, તેતો પાણીમાં ડુબી ગયો."

બહાવદીનખાન કેટલાક વખત સુધી તેના તરફ ઘુરકતો રહ્યો, તે પછી બોલ્યો—"એકદમ ડુબી ગયો ?"

જાફર—"હાજી, એકદમ ડુબી ગયો."

બહા૦—"હુંતો સમજ્યો હતો કે, તારી અકલ વધશે, પણ હતી તે પણ ખલાસ થઇ ગઇ."

જાફરને બહાવદીનખાનના મોઢેથી એવી વાત સાંભળીને દુઃખ ઉપજ્યું અને કહેવા લાગ્યો. "ના સાહેબ, જ્યારે બધા માણુસો તે મકાનમાંથી નીકળીને આમ તેમ નાસવા લાગ્યા. ત્યારે મેં એકનો પીછો પકડયો. તે ત્રણ ચાર કલાક સુધી આમ તેમ ઘુમતો રહ્યો."

બહા૦—"તે જાણી ગયો હતો કે, તું તેની પાછળ પડયો છે ?"

જાફર—"નાજી તેને તે ખબર પડી નહોતી. પણ જ્યારે આમ તેમ ઘુમીને બાહર નદીના કાંઠા ઉપર ગયો ત્યારે હું પણ ત્યાં ગયો. તે પાણીમાં ડુબી ગયો."

બહા૦—"અને તું ગધેડાની પેઠે ઉભો રહ્યો ?"

જાફર—"તો હું શું કરવાનો હતો ? ત્યાં એટલા માટે ઉભો હતો કે, જો તે પાણી ઉપર દેખાય તો તેનો પીછો પકડું, પણ તેતો પાણીમાં ડુબ્યો તે ડુબ્યો, ઉપર આવ્યોજ નહિ."

બહા૦—"તું તદ્દન બેવકુફ છે, તારે પણ તેની સાથે નદીમાં નાવા ઉતરવું જોઇતું હતું, તથાપિ તારી આંખમાં ધુળ નાખીને તેતો ચાલ્યો ગયો."

જાફર,—"એમ સાહેબ! મને તો ભરૂસો નહોતો કે, તે એવી રીતે પાણીની અંદરને અંદર ક્યાં નાશી જાશે."

બહા૦—"તે પાણીમાંને પાણીમાં રહીને બીજા ઘાટ ઉપર નીકળ્યો અને ત્યાંથી ચાલતો થયો, હવે તે જલદી મળશે નહિ."

જાફર—"બેશક મારી એટલી ભૂલ થઇ કે, તેની સાથે હું નહાવા ન ઉતર્યો."

બહા૦—"ભૂલ નહિ, તું અકલનો ઓથમીર છો" કહીને બહાવદીનખાન પોતાના સુવાના ઓરડામાં ગયો. રાત વીતી ગઈ. નીત્ય કર્મથી પરવારીને શહેરમાં ચાલ્યો. નોકરને કહેતો ગયો. "ધ્યાન રાખજે હું બજારમાં જાઉં છું." બજારની અંદર એક સોનીની દુકાને જઇને તે કંકણુની જોડ બતાવી કહ્યું. "આવા ઘાટની મારે બે જોડ જોઇએ છે."

સોની:—"ભાઇ આ કંકણુ આપે ક્યાંથી ખરીદ્યા?"

બહાવદીનખાન જરા ખોભરાઇને બોલ્યો, "મારા એક નાતાદારે ખરીદ્યા છે, મને ખબર નથી કે, કયાંથી ખરીદ્યા; સ્ત્રીને પસંદ પડયા છે, તે માટે નમુનો લાવ્યો છું."

સોની—"ભાઇ તેની જોડ તો આ શહેરમાંથી મળશે નહિ. કદાચ પરામાં જાઓ તો મળે." બહાવદીનખાન પરામાં પહોંચ્યો. ત્યાંના સોનીને બતાવીને તેની જોડ માગી. સોનીએ તેને ઘણા વખત સુધી જોઇને પૂછ્યું—"આવાજ ઘાટના જોઇએ?"

બહા૦—"હાજી, આજ ઘાટના જરા તેથી નાના."

સોની—પોતાના એક માણસના હાથમાં આપી કહ્યું—"જા પૂછ જોઇએ કરશન પાસે તેવા ઘાટની જોડી છે." તે માણસ કંકણુ લઇને ગયો. બહાવદીનખાને પૂછ્યું—"આપની પાસે નથી."

સોની—" મારી પાસે તો શું પણ આખા શહેરમાં તે જાત નહિ મળે. મને ખાત્રી છે કે, કરશનને ત્યાં પણ નહિ હોય."

થોડીવારમાં એક અલમસ્ત આદમી તે સોનીના માણસ સાથે આવ્યો અને બોલ્યો—"તે નમુનાની તો હમણા એક પણ જોડ નથી. એક બીજી જોડ છે તે હું સાથે લાવ્યો છું."

બહા૦—"નહિ મને તો તેની જોડજ જોઇએ."

મોટો આદમી—"તે નમુનો તો અમદાવાદ ગયા વિના નહિ મળે. ત્યાં ફક્ત એકલો ગીરધર સોની આ જાતના કંકણુ બનાવે છે. કામ સોંપ્યા પછી છ મહીને લોકોને મહા મુસ્કેલીએ માલ મળે છે કેમકે એકલો હોવાથી કામમાં પુરો પહતો નથી."

બહા૦—"કાંઇ હરકત નહિ, પાછળ પડીને એક મહીનામાં તૈયાર કરાવું, પરંતુ જોઇએ આ ઘાટના."

મોટો આદમી-"તે ઘાટના બનાવીને મેલી દે તો આપ આપના ઓળખી શકો નહિ તેવા તે બનાવે છે. રતનપોળમા તેની દુકાન છે."

બહા૦—"ખેર, તો હું ત્યાંથી બનાવરાવીશ." કહીને બહાવદીનખાન ત્યાંથી ઉઠયો. અને અમદાવાદ જવાને રવાના થયો.

અમદાવાદ ગયા પછી ગીરધર સોનીનું મકાન મેળવવામાં તેને વધારે વખત જોયો નહિ. તેની દુકાન ઉપર જઇને બહાવદીનખાને પૂછ્યુ, "ગીરધર સોની કયાં છે ?"

એક દશ અગીઆર વરસનો છોકરો બેઠો હતો. તેણે પૂછ્યું "શું જોઇએ શેઠજી !"

બહા૦—"મને ગીરધર સોનીની પાસે કામ છે ?"

ચશ્મા ચડાવીને ગીરધર જંત્રીમાં તાર પરોવી રહ્યો હતો. માથું ઉંચુ કરીને બોલ્યો—"કહો, ગીરધર તો હું છું."

બહાવદીનખાને તેના હાથમાં કંકણ આપીને કહ્યું. "આ કંકણ જુઓ. તો તમારા બનાવેલા છે ?"

ચશ્માવતી તે જોડીની સફાઇ જોઇને ગીરધર ચોંકી ઉઠયો. અને ઝટ આવનારના તરફ જોઇને કહ્યું, "શેઠજી આ કંકણ આપને ક્યાંથી મળ્યા ?"

બહા૦—"તે હું બતાવું છું, પણ તમે આને ઓળખ્યા કે નહિ. તે પહેલા બતાવો."

ગીરધરના બોલવા પહેલા છોકરો બોલ્યો—"આપને આ નમુનાના કંકણ જોઇએ છે ?"

બહાવદીનખાને કાંઇ જવાબ આપ્યો નહિ. છોકરાએ ફરીને તે પુછ્યું, બહાવદીનખાન બોલ્યો—"હું કંકણ માગતો નથી. ઓળખાવું છું કે, ડોસા આ જોડીને ઓળખે છે કે નહિ ?"

હવે ગીરધર પોતાની આંખોના આંસુ રોકી શકયો નહિ, કંકણ સહિત તેનો હાથ કંપતો જોઇને બહાવદીનખાન મનમાં સમજી ગયો કે, ડોસો કંકણ ઓળખી ગયો છે.

બહાવદીનખાને પુછ્યું—"આ કંકણ તમે તૈયાર કર્યા છે ?"

ડોસાએ કંપતા અવાજથી કહ્યું—"સાહેબ ! આ કંકણ આપને કયાંથી મળ્યા ?"

બહા૦—"તે હું બતાવું છું, પહેલા એ બતાવો કે તમે તેને ઓળખ્યા કે નહિ ?"

ગીર૦—"સાહેબજી—તે તો મેં......આપને આ કંકણ મળ્યા કયાંથી ?"

બહા૦—"તે હું બતાવું છું, પણ હવે હું સમજી ગયો કે

તમે તેને ઓળખો છો. તેના સંબંધમાં હું તમોને કાંઇક વાત પુછવા માગું છું જો તમે સાચી વાત બતાવો તો બદમાસોની એક ટોળી કેદ થાય તેમ છે."

ગીરધર ધ્રુજતો ધ્રુજતો બોલ્યો,—"આપને આ કંકણુ મળ્યા ક્યાંથી?"

બહા૦—"એક લાશ મળી હતી તેના હાથમાં આ કંકણુ હતા."

ગીર૦—"લાશના હાથમાં? તો મારી સુંદરી અત્યારે જીવતી નથી?"

બહા૦—"તો તે સુંદરીના હાથમાં આ કંકણુ હતા, પણુ તે સુંદરી કોણુ છે?"

હવે ગીરધર બંને હાથે મોઢું ઢાંકીને રોવા લાગ્યો.

બહા૦—"હું સુંદરીના ખુનીની શોધમાં આવ્યો છુ.'

ગીર૦—"ખુની?"

બહા૦—"હા, સુંદરીનું ખુન થયું છે."

ગીર૦—આપ એવી વાત કરો નહિ તે મારી સુંદરી મારો જીવ......"

બહાવદીનખાને ખીસામાંથી એક ફોટો કાઢીને બતાવાને કહ્યું ઓળખો આ ફોટો કોનો છે?"

ગીર૦—"હા, તે તો મારી સુંદરી છે. અરે મારા સુંદરની આવી દશા કોણે કરી! શું આપે તેના મરી જવા પછી આ ફોટો પાડ્યો છે."

બહા૦—"હાજી ગુજરી જવા પછી આ ફોટો ઉતારવામાં આવ્યો હતો."

ગીર૦—" આપ શું પોલીસ અમલદાર છો ? "

બહા૦—" કાંઇક એવું છે ખઈ. ઝરના પહાડ પાસે રેલ્વે લાઇનના પૂલ નીચે લાશ પડી હતી. તેના હાથમાં આ કંકણુ હતા. છબી પણુ તેની છે, હું પણુ તેનો પતી મેળવવા આવ્યો છું. તમારી તે દીકરી હતી ? "

ગીર૦—" હા તે મારા દીકરાની દીકરી છે. આ છોટીઓ તેનો નાનો ભાઇ થાય છે તે આનાથી ત્રણુ વરસે મોટી છે. "

બહા૦—" તો આપના દીકરા ક્યાં છે ? "

ગીરધર હવે રોવા લાગ્યો તેના રોવાથી છોટીઓ પણુ રોવા લાગ્યો. બહાવદીનખાન સમજી ગયો કે, છોટીઆનો બાપ જીવતો નથી. હવે ડોસાને હૈયું ખાલી કરી લેવા માટે બહાવદીનખાન મોઢું ફેરવીને બેઠો. કેટલાક વખત પછી આંસુ લુછી નાંખીને ગીરધર બોલ્યો—" મારી દીકરીનું ખુન કોણે કર્યું સાહેબ ! "

બહા૦—" હજુ ખુનીનો બીલકુલ પતો લાગ્યો નથી. હું તેનીજ શોધ કરૂં છું. "

ગીર૦—" કયા ચાંડાળે તેવું કૃત્ય કીધું, પ્રભુ ! "

બહા૦—" કાંઇક કાંઇક મને પત્તો મળ્યો છે, આ મામલામાં તમે જે કાંઈ જાણુતા હોવ તે કહો તો ભરૂંસો છે કે, ખુની જલદીથી પકડાઇ જવા પામે. "

ગીર૦—" આપ પોલીસના અમલદાર છો સાહેબ ! "

બહા૦—" મારા ઉપર આ ખૂનની તપાસ કરવાનો ભાર છે. "

ગીર૦—" આપને હવે હું બધી વાત સાફ કહી દઉં છું. મારી દીકરીનું જે ચાંડાલોએ ખુન કર્યું છે તેને જ્યાં સુધી ફાંસી

નહિ થાય ત્યાં સુધી મને ચેન નહિ પડે. આપ પૂછો. શું પૂછો છો ? ”

ડોસો કેટલાક વખત સુધી બહુ વ્યાકુળ રહ્યો. બહાવદીનખાન પણ ત્યાં સુધી ચુપચાપ બેસી રહ્યો તે પછી ગીરધર ઠીક થઇને કહેવા લાગ્યો—“ સાહેબજી મારી સ્ત્રી એક છોકરો મુકી મરી ગઇ તેને મેં પાળીપોશી મોટો કર્યો, લગન પણ કરી દીધાં એક એ સુંદરી દીકરી અને આ છોટીઓ દીકરો થયો. જ્યારે છોટીઓ આઠ વરસનો થયો ત્યારે મારો દીકરો અને તેની વહુ એક દિવસે પેટની બીમારીથી ત્રણ ત્રણ કલાકના અંતરે મરી ગયા, ત્યારથી મેં આ બે છોકરાંઓને પાળ્યા પોસ્યા મોટા કર્યા અને તેનું મોહું જોઇને જીવતો રહ્યો. ”

બહા૦—“ હજુ સુધી તમે દીકરીના લગન કેમ કર્યા નહિ ? ”

ગીર૦—શું કરૂં સાહેબ ! મન લાયક વર મળ્યો નહિ અને તેને દેખી મને ધીરજ રહેતી હતી તેથી લગન કરવામાં ઢીલ થઇ હતી. ”

બહા૦—“ તો તે ઝર શા માટે ગઇ ? ”

ગીર૦—“ તે તો હું આજેજ સાંભળું છું કે તે ઝર ગઇ છે તેનો તો મને કાંઇ પતો મળતો નહોતો. હું એક વરસ દિવસથી તેના માટે તલસી રહ્યો છું. ”

બહા૦—“ તો એક વરસથી તેનો પતો નહોતો ? ”

ગીર૦—“ બરોબર એક વરસ થઇ ગયું. ”

બહા૦—“ તે ગઇ હતી કોની સાથે ? ”

ગીર૦—“ તે તો મને માલુમ નથી.”

બહા૦—“કોઇના ઉપર કાંઇપણ સંદેહ નથી ?”

ગીર૦—"સંદેહની વાત તો સાહેબજી એવી કે, સામે આપ જે મોટું મકાન જુઓ છો. તેમાં એક દક્ષિણી રાવ સાહેબ રહેતો હતો. જ્યારે મને એમ ખબર મળ્યા કે, સુંદરીને તેની સાથે સ્નેહ બંધાણો છે. ત્યારે તે દીકરીને તેને ઘેર નહિ જવાને ધમકાવી ત્યારે તેનું જાવાનું બંધ થયું. પણ સાહેબજી! હું તો કામકાજમાં મચ્યો હોઉં. મેં આ છોટીયાથી જાણ્યું કે તે છુપાઇને જાય છે ત્યારે તેને ખુબ ધમકાવી. તે દિવસે તે રાતના દશ વાગ્યા સુધી પાછળના ઘરમાં રોતી રહી અને તે રાત્રેથીજ તે દીકરીનું મેં મોહું જોયું નથી. આખું શહેર શોધી વળ્યો પણ પતો લાગ્યો નહિ."

બહા૦—"પોલિસમાં ખબર આપી હતી?"

ગીર૦—"હા સાહેબ, ત્યાંથી પણ કાંઇ પતો નહિ મલ્યો."

બહા૦—"ત્યાર પછી કાંઈ ખબર નહિ મળી?"

ગીર૦—"ના સાહેબ! આજ અત્યારે સાંભળું છું કે, મારી દીકરી દુનિયામાં નથી." એટલું કહીને તે રોઇ પડયો.

બહા૦—"તે માણસનું નામ યાદ છે?"

ગીર૦—"નામ તો સાહેબ, બધા તેને ગોવિંદરાવ કહેતા હતા."

બહા૦—"તે કયા ગામનો રહીશ હતો?"

ગીર૦—"તે તો હું જાણુતો નથી."

બહા૦—"અહીં શું કરવા આવ્યો હતો?"

ગીર૦—"સાંભળ્યું હતું કે, દેશ જોવા નીકળ્યો હતો. તે કયાંકનો મોટો શ્રીમંત હતો. દેશમાં જમીન જાગીર ખેતરવાડી ઘણું હતું."

બહા૦—"તેની સાથે તમારે કોઇ દિવસ વાતચીત થઇ હતી?"

ગીર૦—"ના સાહેબ, તે મોટો માણસ હતો. મોટા માણસો સાથે હળતો મળતો હતો. તેમાં મારી વાત કયાં કરવી."

બહા—"ઉમર કેટલી હતી ?"

ગીર૦—"તેની ઉમર સતાવીશ અડાવીશ વરસની હતી."

બહા૦—"દેખાવમાં કેવો લાગતો હતો ?"

ગીર૦—"દેખાવમાં તો ખરાબ નહોતો લાગતો, જેવા દારૂમાં રહેતો હતો તેવો સુંદર પણ હતો."

બહા૦—"તો તમને સંદેહ છે કે, સુંદરી તેની સાથે ગઇ હતી ?"

ગીર૦—"હાજી સંદેહ પૂરેપૂરો થયો હતો."

બહા૦—"તો પોલિસમાં કેમ ખબર ન આપી ?"

ગીર૦—"ખબર આપી હતી. તે લોકોએ મારી વાત મશ્કરીમાં ઉડાવી દીધી."

બહા૦—"તે દિવસે ગોવિંદરાવ ચાલ્યો ગયો હતો ?"

ગીર૦—"ના સાહેબ, તે પછી તો તે એક મહિના સુધી રહ્યો હતો."

બહા૦—"ઓહો, ત્યારે તો ઘણા દિવસ સુધી રોકાણો. ભલા તેની સાથે કોઇ શંકરપ્રસાદ નામનો માણસ હતો ?"

ગીરધર ચોંકીને બોલ્યો—"હા સાહેબ, આપને કેવી રીતે માલુમ પડયું. ?"

બહા૦—"તે હતો તો ખરોને ?"

ગીર૦—"હા તે ગોવિંદરાવનો નોકર હતો. કદિ કદિ આ દુકાન ઉપર બેશીને તમાકુ પીઇ જતો હતો."

બહા૦—"તો પહેલા તેની સાથે સુંદરીને વાતચીત થઇ હતી ?"

ગીર૦—"હા, જ્યારે તે દુકાન ઉપર આવતો ત્યારે સુંદરી સાથે બોલતો હતો."

બહા૦—"તો તે પોતાની રાજી ખુશીથી ગઇ છે કે તે લોકો જબરજસ્તીથી લઇ ગયા?"

ગીર૦—તે હું કેવી રીતે જાણું? જે દિવસે હું બહુજ ધમક્યો હતો તે દિવસે આખો દિવસ રોઇ હતી. ખાધા વિના સુઇગઇ અને સવાર પહેલા તો તે ગેમ થઇ ગઇ, હું જો એવું જાણતો હોત તો તેને ધમકાવત નહિ."

બહા૦—"એ ગોવિંદરાવે કોઇ સ્ત્રી નોકર રાખી હતી."

ગીર૦—"એક ભાણીની મા તેનો ચોકો બળતણ કરવા રહી હતી પણ—".

બહા૦—"પણ શું?"

ગીર૦—"તે શ્રીમંત બની ગઇ, તેનો દિવસ ફરી ગયો, હવે તે ચોકો બળતણ કરતી નથી."

બહા૦—"તે રહે છે કયાં?"

ગીર૦—"અહીં નાકા ઉપરજ લક્ષ્મિવિલાસ હોટલ સામે પાનની દુકાન છે"

બહા૦—"હવે હું જાઉં છું. કામ હશે તો પાછો આવીશ." એટલું કહીને બહાવદીનખાન ચાલતો થયો. ગીરધરે રોકીને પાછું પૂછ્યું "તો મારી સુંદરી અત્યારે દુનિયા ઉપર નથીને સાહેબજી?"

બહા૦—"ના તેનું તો ખૂન નથી ગયું, તેની લાશ ઝરની પાસેના પર્વતમાં આવેલા રેલ્વે પૂલ નીચેથી મળી હતી. ધારીના એક આબરૂદાર શ્રીમંત ગ્રહસ્થ ખૂનની કસુરમાં સપડાઇ ગયો હતો. બહુ મહેનતે અને ભારે ખર્ચે તે બીન ગુન્હેગાર થઇને બચ્યો છે."

ગીર૦—"તો મારી સુંદરીને કયા હત્યારાએ મારી નાખી?"

બહા૦—"તે શંકર પ્રસાદની ટોળીવાળા માણસોએ મારી છે."

ગીર૦—"તો એ ચાંડાલને ફાંસી નહિ મળે ?"

બહા૦—" હું તેને પકડવાની ફિકરમાં પડયો છું."

---

# પ્રકરણ ૨૧ મું.

## બહાવદીનખાન સપડાયો.

ગીરધરને રોતો મુકીને બહાવદીનખાન ભાણીની મા પાસે પહોંચી ગયો. મોટા મોટા આઇનાથી તેની પાનની દુકાન ચળકી રહી હતી. શ્રી કૃષ્ણનો રાસ, શ્રી કૃષ્ણ લીલા, કંસ વધ, ગૌદોહન, શ્રી નાથજી બાવા વિગેરે જુદી જુદી જાતની છબીઓ ગોઠવવામાં આવી હતી. જેવો જોઇએ તેથી અધિક ભપકો રાખવામાં આવ્યો હતો, બહાવદીનખાન દુકાનની સામે જઇને બોલ્યો–"અરે ભાણી કયાં છે, ભાણીની મા ?"

ભાણીની મા–"શું કહે છે, કહે, તે તો રમવા ગઇ છે."

બહા૦–"ભલે ગઇ, જરા ઉઠ, બાજુપર ચાલ તને કાંઇક કહેવું છે."

ભાણીની માએ પહેલા અચકાઇને તેનું મોઢું જોયું, તે પછી નસકોરા ચઢાવીને મોઢું બગાડતી બોલી. "આવ મર."

બહા૦—"હજુ મરવાને વાર છે, તારા માલિક ગોવિંદરાવની ખબર લાવ્યો છું કે જેના પૈસાથી તું રાજ કરે છે."

ગોવિંદરાવનું નામ સાંભળીને ભાણીની માનું બધું હસવું અલોપ થઇ ગયું, ગુલાબી ગાલ ઝાંખા પડી ગયા, આંખોમાં આંસુ છલો

છલ ભરાઇ આવ્યા, મોઢામાંથી વાત નીકળી નહિ. આંખો લુછીને બહાવદીનખાનના તરફ જોવા લાગી.

બહા૦—" કેમ આ તરફ જવામાં કાંઇ વાંધો છે ! હોય તો બોલ, હું અહીં બધું ટહી દઉં, મને શું છે ? "

ભાણીની મા—" ઘરમાં જઇએ "

બહા૦—" હું તો પહેલાથીજ કહું છું. " એટલું કહીને બહાવદીનખાન પલંગવાળી ઓરડીમાં ગયો. ત્યાં જઇને પલંગ ઉપર બેઠો. ભાણીની મા પણ ઝટ સામે જઇને ઉભી રહી. તેની દેહ કંપતી હતી. વખત જોઇને બહાવદીનખાન બોલ્યો—" સાંભળો હું પોલીસનો માણુસ છું અને તું પણ સારી રીતે સમજી ગઇ હઇશ કે, હવે તમારા લોકોના ખેલ પુરા થયા છે, પાપનો ઘડો હવે ફુટી ગયો છે. "

ભાણીની મા તેના બન્ને પગ પકડીને બોલી—" આપ સાહેબના સોગંદ ખાઇને કહું છું કે, મારો કાંઇ ગુન્હો નથી, તે જ્યારે મારો જીવ લેવાને તૈયાર થયા ત્યારે ડરથી હું કોઇની વાત જાહેર નથી કરતી. "

બહા૦—" સારૂં, તું ઉઠ, અને બધી વાત સાચી કહી દે, તો તને સરકાર તરફથી સાક્ષી બનાવી બચાવી લઇશ. "

ભાણીની મા—" આપ પૂછો, હું બધી વાત ખરી કહી દઇશ, જુઠું નહિ બોલું. આપના સોગંદ ખાઇને કહું છું કે, મારો કાંઇ ગુન્હો નથી. "

બહા૦—" પહેલા એ બતાવ કે તને એ લોકોએ કેટલા રૂપિયા આપ્યા હતા ? "

ભા૦ મા—" રણુછોડરાયજીના સોગંદ ખાઇને કહું છું કે, પાંચસો રૂપિયાથી એક પૈસો પણ વધુ નહિ. "

બહા૦—"તો એટલા રૂપિયા તને શા માટે આપ્યા?"

ભા૦ મા—"તે હું કેવી રીતે જાણું સાહેબ."

બહા૦—"જો બચવું હોય તો ચોકખું કહી દે, નહિ તો પછી તું જાણે ને તારૂં કામ જાણે."

ભા૦ મા—"આપના સોગંદ."

બહા૦—"જો આહીં સોગંદ ખાવાથી કામ નહિ ચાલે, હું ચોકખું કહી દઉં છું કે, જો સાચું નહિ કહે તો એકદમ થાણામાં લઇ જઇશ. ત્યાં હાથ જોડીને બધું કહેવું પડશે."

ભા૦ મા—"સાહેબ બધું કહું છું, મારી આબરૂ રાખો."

બહા૦—"તો સાધી રીતે વાત કરી દે, તેંજ સુંદરીને તેને ઘેર પહોંચાડી દીધી હતી?"

ભા૦ મા—"હા સાહેબ, મારા જાણવામાં નહોતું કે, તે બધા એવી રીતે કરી—"

બહા૦—"કેવી રીતે કરીને?"

ભા૦ મા—"સાહેબ, તેઓ બેહોશીની દવા ખવડાવીને લઇ ગયા હતા."

બહા૦—"તે જવા માગતી નહોતી?"

ભા૦ મા—"ના સાહેબ, બહુજ લોભ આપતા હતા પણ પોતાના બાપને છોડીને કોઇ રીતે જવા રાજી નહોતી."

બહા૦—"તેણીને ઘેરથી બોલાવીને દવાથી બેહોશ કરી દીધી?"

ભા૦ મા—"તેણીના દાદા તે દિવસ બહુ બકવાદ કરી રહ્યા હતા તેથી તેણીએ ઘરના પાછલા ભાગમાં બેશીને બધા સુઇ ગયા ત્યાં સુધી રોયા કીધું અને પછી ત્યાંથી તેણીને એ ઘેર આણી. ત્યાં

તેને બેહોશ કરી પાલખીમાં બેસાડી લઇ ગયા."

બહા૦—"ક્યાં લઇ ગયા?"

ભા૦ મા—"સાબરમતીના સ્ટેશન ઉપર લઇ ગયા, ત્યાંથી ટ્રેનમાં બેસાડી ક્યાં લઇ ગયા તે મને શું ખબર?"

બહા૦—"કોણ કોણ સાથે ગયું હતું?"

ભા૦ મા—"શંકરપ્રસાદ એકલો સાથે ગયો હતો."

બહા૦—"તો તારૂં મોઢું બંધ કરવા માટે ફક્ત પાંચસો રૂપિયા આપ્યાં હતા?"

ભા૦ મા—"હા સાહેબ?"

બહા૦—"ગોવિંદરાવ ક્યાં ગયા હતા?"

ભા૦ મા—"તે તો સાહેબ એ—તો—"

બહા૦—"જો જુઠી વાત કહેશે તો તને પ્રભુ પણ નહિ બચાવે. તને ફાંસી થઇ જશે. હું કહી દઉં છું કે, સુંદરીનું ખૂન થઇ ગયું છે." એટલું સાંભળીને ભાણીની મા થરથર કંપવા લાગી. કાંપતી કાંપતી બોલી. "ખૂન થઇ ગયું?" બહાવદીનખાન ગંભીર થઇને બોલ્યો—"હા, એ શંકરપ્રસાદની ટોળીવાળાએ તેનું ખુન કીધું છે." આ ખબર સાંભળીને ભાણીની મા બહુજ અજાયબ થઇ, રોક્તા અવાજથી બે ત્રણ વખત બોલી. "ખૂન થઇ ગયું, બાપરે બાપ! એ દવા એવી હશે કે, બેભાન થયા પછી ફરીને ભાન નહિ આવતું હોય!"

બહા—"નહિ, શંકર પ્રસાદના માણસોએ તેને ઝરના ડુંગરામાં સંતાડી રાખી હતી, આજથી લગભગ ચાર મહીના પહેલાં તેને મારી નાખીને રેલ્વે લાઇન ઉપર નાખી ગયા હતા."

હવે ભાણીની માને કાંઇક ધીરજ આવી અને બોલી—"તો તે મરી ગઇ ?"

બહા—"એમ જણાય છે કે, તે દવા તેં આપી હતી, તો હું પુછું છું, બતાવ, શંકરપ્રસાદ અગર તેનાં માણસો તારી પાસે આવે છે ?"

ભા૦ મા૦—"ના ઘણા દિવસથી કોઇ આવ્યું નથી."

બહા૦—"કેટલા દિવસથી ?"

ભા૦ મા૦—"લગભગ ચાર માસ થયા હશે."

બહા૦—"તો વચમાં કોઇ કોઇ વખત ચીઠી આવતી હતી ?"

ભા૦ મા૦—"ના સાહેબ ના."

બહા૦—"પાછી બદમાસી કરવા લાગી ?"

ભા૦ મા૦—"સાહેબ ચીઠી આવે છે, થોડા દિવસ પહેલાં આવી હતી."

બહા૦—"ક્યાં છે તે ચીઠી ?" કહીને બહાવદીનખાન ઉભો થયો, સામેની એક કાંધી ઉપર કાગળોની ભરેલી નાની સરખી ટોપલી પડી હતી, તે ઉતારવા ચાલ્યો. ભાણીની માએ રોક્યો, તેને ધક્કો મારીને બહાવદીનખાન આગળ વધ્યો. ફરીથી ભાણીની મા સંભાળીને "તેમાં કાંઇ નથી." કહેતી આડે ફરી. તે વખતે એવો ધક્કો દીધો કે, ધબ્બ-દેખે ભોય ઉપર પડી, ટોપલીના કાગળો પોતાના ખીસામાં નાખ્યા. તે જોઇને ભાણીની મા ખીજાઇ જવા લાગી. પણ બહાવદીનખાન ખીજા-ઇને બોલ્યો—"અરે ખીજાઇશ તો ફરીને હું બચાવી શકીશ નહિ, તું જાણે અને તારૂં કામ જાણે." હવે તો તેની રીસ અંતરમાંજ રહી ગઇ. ડરની મારી નીચેજ બેશી ગઇ.

બહાવદીનખાને તેને જબરજસ્તીથી પલંગ ઉપર બેસાડીને

કહ્યું—" તારે ડરવાનું કાંઇ કારણ નથી. જો આ કાગળની તારે ખાસ જરૂર હશે તો તે હું વાંચીને તરત પાછા આપી દઇશ. પણ તારી ગભરામણથી હું જોઉં છું કે, તેમાંથી મને બધો ભેદ મળી જશે."

ભા૦ મા૦—" ના સાહેબ, આપના કામના એ કાગળ નથી, મને પાછા આપી દો."

બહા૦—"હમણા નહિ, મકાન ઉપર જઇને તે બધા વાંચીને પછી આપીશ. માલુમ પડે છે કે, તને રૂપિયા પૈસા આપીને તે કાંઇ જુદા પડી ગયા નથી, તું હજુ પણ તેના માટે કુટણીનું કામ કરે છે. બતાવ તે બધાનો મુકામ ક્યાં છે?"

ભા૦ મા૦—" મને કાંઇ ખબર નથી."

બહા૦—" અરે ચુડેલ તારી પાસે એ બધી ચીઠીઓ મોકલે છે અને તેનો મુકામ નથી જાણતી! બોલ બતાવે છે કે, થાણામાં લઇ જાઉં."

ભા૦ મા૦—" ના સાહેબ, થાણામાં લઇ જઇને બે આબરૂ કરો નહિ."

બહા૦—" તો બતાવી દે એટલે તોફાન બંધ થાય."

ભા૦ મા૦—" શું બતાવું?"

બહા૦—" વળી એ વાત! બોલ એ બધાનો અડ્ડો ક્યાં છે!"

ભા૦ મા૦—" મને માલુમ નથી."

બહા૦—" તો પછી ચાલ થાણામાં ત્યાં તને માલુમ પડશે. તે વખતે ભાણીની મા બહાર જોઇને જોરથી બોલી ઉઠી, " અરે શંકરપ્રસાદ!"

બહાવદીનખાને એકજ ક્ષણ શંકરપ્રસાદને સડક ઉપર જોયો. કોઈએ બારણું બંધ કરીને ઝટ બહારથી સાંકળ ચઢાવી દીધી. હવે બહાવદીનખાન તેમાં બંધ થઈ ગયો. પહેલા તો તેના મનમાં ભારે ડર પેદા થયો. ખીસ્સામાં હાથ ઘાલીને જોયું તો પીસ્તોલ મોજુદ હતી ત્યારે કાંઈક ધીરજ આવી, મનમાંને મનમાં કહેવા લાગ્યો. કાંઈ ફિકર નહિ, સાતનું ખૂન કીધા પછી હું પકડાઈશ. એટલું કહીને તેણે ખીસામાંથી સાત નળીની એક પીસ્તોલ કાઢી તે જોતાની સાથે ભાણીની માના હોંશ કોશ ઉડી ગયા. તે બોલી "નાના, સાહેબ, મારો જીવ ન લો."

બહા૦--"સાંભળ હું કહી દઉં છું, મારી સાથે તારી બદમાસી નહિ ચાલે."

ભા૦ મા૦—"ના સાહેબ, મને બચાવો, અહીંથી હું બહાર કાઢી આપું છું."

બહા૦—"તું મને બહાર જવાનો માર્ગ બતાવ, મને મદદ કર અને જે કહું તે કર, તો બચાવું."

ભા૦ મા૦--"મને બચાવો સાહેબ."

બહા૦--"હું તો કહું છું, ભલા માણસની વાત એક હોય છે કે બે?"

ભા૦ મા૦—"સારૂં સાહેબ, આપ પલંગની નીચે જાઓ. નીચે નાનું સરખું બારણું છે, તે ઉઘાડીને બહાર ચાલ્યા જાઓ."

બહાવદીનખાનને ક્યાં વાર હતી, પલંગ નીચે જતાની સાથે ગેબ થઈ ગયો.

# પ્રકરણ ૨૨ મું.

## પકડાયલા પત્રો.

નીચે જઇને બહાવદીનખાને જોયું તો એક માણસ મહા મુશ્કેલીએ જઇ શકે તેવું બારણું છે તે ઉઘાડીને અંદર ગયો. ત્યાં આગળ નીકળવાથી કીચડ અને મેલા પાણીની ભરેલી એક ગલી આવી. જોડા હાથમાં લઇને ચોરની પેઠે બીતો આગળ ચાલ્યો. અર્ધા કલાકમાં તે એક જાહેર રસ્તા ઉપર આવી પહોંચ્યો. એક નળની પાસે પહોંચીને તેણે હાથ પગ ધોઈ સાફ કીધા અને જોડા પહેરીને ભાણીની માની દુકાન શોધતો ચાલ્યો. દુકાન ઉપર પહોંચવામાં એક કલાક વીતી ગયો. ત્યાં જઇને જુએ છે તો દુકાન બંધ છે અને બારણે મોટું તાળું માર્યું છે. પાડોશીને પુછવાથી માલુમ પડયું કે, એક કલાકથી દુકાન બંધ છે. ભાણીની મા કયાં ગઇ છે તે કહી ગઈ નથી. બહાવદીનખાન સમજી ગયો કે, શંકર પ્રસાદ ભાણીની માને કયાંક આડી અવળી લઇ ગયો છે. તેણે એવી ધારણાથી બારણા બંધ કર્યા હતા કે, કમાડ તોડીને બહાર આવે તેટલા વખતમાં નાશી જવાય, બહાવદીનખાનને જોતાંજ તેણે જાણી લીધું હતું કે, ભેદ ખુલી ગયો છે, હવે બચવાનો કાંઇ ઉપાય નથી.

બહાવદીનખાન ગીરધર સોનીની પાસે ગયો. તેણે તેની પાસે જઇને કહ્યું—"હું ભાણીની માની મુલાકાત લઇ આવ્યો. વિશ્વાસ છે કે, હવે ખુની જલદી પકડાઇ જશે. અહીંથી હું મારે મુકામ બતાવી દઉં છું. કાંઈ નવી ખબર હોય તો આપવી." જ્યાં ઉતર્યો હતો તેનું ઠેકાણું બતાવી બહાવદીનખાન પોતાને મુકામે ચાલતો થયો. ચાલતા

ચાલતા મનમાં કહેવા લાગ્યો, ખેર, કામ તો બધું સુજી ગયું છે. સુંદરીનું તે દુષ્ટોએ શા માટે ખુન કીધું તેટલું જાણવાથી બધો ભેદ ખુલી જાય છે. તે પછી તે લોકોને કેદ કરવામાં કાંઇ હરકત નથી. આ કાગળોમાં જરૂર કાંઇ ભેદની વાત છે. નહિતર ભાણીની મા આ કાગળો માટે આટલી બધી ગભરાત નહિ, મકાન ઉપર પહોંચીને ખાયપીને તે પછી બહાવદીનખાન એ કાગળો વાંચવા બેઠો, તે ચીઠીઓ ઉપરના પાકીટો પણ મોજુદ હતા. બધી પોષ્ટ દ્વારા આવી હતી. બધી ગુજરાતીમાં લખી હતી. એ ત્રણ ચીઠીઓ વાંચવાથી બહાવદીન-ખાન ખુશી થઇ ગયો. જે કાંઇ શોધતો હતો તે આ ચીઠીઓમાંથી મળી જવાથી મનમાંને મનમાં ખુબ રાજી થઇ ગયો. તારીખવાર બધી ચીઠીઓ અનુક્રમે વાંચવા લાગ્યો. તેમાં પાંચ સાત તો સુંદરીની લખેલી ચીઠીઓ મળી, કેટલીક શંકર પ્રસાદ તરફથી આવેલી મળી. એ એક ચીઠી ગોવિંદરાવની લખેલી હતી. સુંદરીની પહેલી ચીઠી આ પ્રમાણે હતી.

"ભાણીની માને માલુમ થાય કે, તું મને ભૂલ ખવડાવીને લઇ ગઇ, તારા કૃત્યથી મારી આવી દુર્ગતી થઇ છે, તારા કૃત્યનું ફળ પ્રભુ તને આપશે. મારા નશીબમાં જે માંડયું હતું તે બન્યું. પિતાજીને હું શું મોઢું લઇ ચીઠી લખું? તે તો મારા માટે રોઈ રોઇને અધમુવા થયા હશે. બની શકે તો તેને કહી દે જે. હું હજુ જીવતી છું. જે દિવસો આવે છે તે ભોગવું છું. આ બધાએ મને એક પર્વ-તમાં લાવીને રાખી છે. આહીં કાંઇ તકલીફ નથી. તે જાણવા લખું છું. સુંદરી."

સુંદરીની છેલ્લી ચીઠી આ પ્રમાણે હતીઃ—

"આ બધા કૃષ્ણરાય નામના એક શ્રીમંતના છોકરાનું સર્વ નાશ કરી રહ્યા છે, માલુમ પડે છે કે, તેને તમારી પાસે લઇ આવશે. હું આ બદમાસોથી બચ્યું તો તે શેઠની દાસી થઇને રહું. શંકરપ્રસાદ અને બીજા તેના માણસો તે શેઠનો કાંઇ બીગાડ ન કરે તેવી હું જીવજાનથી કોશીશ કરીશ. શંકરપ્રસાદના મોઢા ઉપર હું આ વાત કરી ચૂકી છું. ત્યારથી મને જુદી જુદી જાતના ત્રાસ આપી રહ્યા છે. ભલે તેનાથી અપાય તેટલો ત્રાસ આપી લ્યે. મારો પણ દિવસ આવશે. વધુ શું લખું? સુંદરી."

તે પછી જે કાંઇ હતું તે બધું શંકરપ્રસાદની ચીઠીથી તેને માલુમ પડી ગયું. ખુનની રાત્રે જે કાંઇ બન્યું હતું તે બધું શંકરપ્રસાદે પોતાની ચીઠીમાં ભાણીની માને લખ્યું હતું. અસલ વાત એ હતી કે, ભાણીની મા આ ટોળામાં પ્રધાન હતી. તેને પૂછ્યા વિના કાંઇ કામ થતું નહોતું. શંકરપ્રસાદની ચીઠી વાંચીને બહાવદીનખાને ભારે યુક્તિથી તેને પોતાની નોટબુકમાં રાખી, મનમાં કહ્યું, "આ એક ચીઠીથી તે ચંડાળને ફાંસી થઇ જશે."

શંકરપ્રસાદે નીચે પ્રમાણે લખ્યું હતું.

"હું સુંદરીને લાવ્યો તે સારૂં કામ નથી કીધું. તેના જેવી પાજી બદમાસ મેં કયાંઇ જોઇ નહોતી. કેટલાએ વખત મનમાં આવ્યું કે, આને દુર કરૂં, તથાપિ તેણે અમારો બધો ભેદ જાણી લીધો છે. છોડી દેવાથી એ બધી વાત જાહેર કરી દે. તે વખતે અમે ભારે વિપત્તિમાં પડી જઇએ. હું ભારે ચિન્તામાં છું કે શું કરૂં.! અમારો એક મજેદાર શીકાર આ પાજીને લીધે હાથમાંથી જતો રહે છે તેણે તેની સાથે પ્રેમ જોડી દીધો છે તથાપિ ચિન્તા છે કે આનુ શું કરૂં.

શંકરપ્રસાદ."

"કામ ખતમ થઇ ગયું, હવે તેના રહેવાથી ભારે વિપત્તિ આવે તેમ જાણીને તેને ખતમ કરી નાખી છે. કામ થઇ રહ્યું. તેણે અમારી બધી વાત કૃષ્ણરાયને કહી દીધી હતી. તે સિવાય બધી વાત એક લાંબી ચીઠીમાં લખીને પોલીસમાં મોકલવાની તજવીજ કરી રહી હતી, તેવી ભયંકર ચુડેલને પાસે રાખવાથી આજે નહિ તો કાલે જરૂર આફત આવવાની. તેથી કાલ રાત્રે તેને પુરી કરી નાખી છે. તે સુતી હતી. ધીમે ધીમે તેના ઓરડામાં જઇને તેનું ગળું મેં બંને હાથે જોરથી દાબી દીધું, તે કાંઇ કમજોર તો નહોતી. મારો હાથ છોડાવવાને ઘણી ઘણી કોશીશ કરી, પણ મેં ગળું એટલા જોરથી દબાવ્યું કે, છેવટે તેના હાથ પગ ઢીલા પડી ગયા, જીભ બહાર નીકળી ગઇ, આંખો ઉપર ચઢી ગઇ, જ્યારે જોયું કે મરી ગઇ છે, ત્યારે ગળું છોડી દીધું, તે પછી અમે બધા મળીને તેને રેલ્વે લાઇન ઉપર રાખી આવ્યા છીએ. કોઇએ જોયું કે જાણ્યું નથી. બધા લોકો જાણે છે કે, ગાડીથી ઉથલી પડી છે, કોઇએ ઓળખી પણ નહિ, તેથી અમારા માંહેના કોઇને જરા પણ ચિન્તા જેવું છે નહિ. હવે તેના જવાથી નચિન્ત થયા છીએ. કોણ જાણે કયા કર્મે તે વિપતિ આવી પડી હતી. તથાપિ હવે ચિન્તા નથી. કોઇ અમારા ઉપર કોઇ રીતે સંદેહ નહિ કરે. પોલીસને કોઇ જન્મમાં પતો નહિ મળે કે એ અમદાવાદના ગીરધર સોનીની પુત્રી સુંદરી હતી. બધા જેતપુર જઇએ છીએ, ત્યાંથી પછી તમારા તરફ આવીશું. ખબરદાર માલ મીલકત પૈસો વિગેરે સંભાળીને રાખજો. બીજું શું લખું થોડું લખ્યું ઘણું કરી માનજો."

'શંકરપ્રસાદ.'

બહાવદીનખાન જે જાણવાને માટે ધુળ ફાકતો ફરતો હતો તે આજે તેને અનાયાસે મળી ગયું. તે ચીઠીઓ મળવાથી ઘણોજ ખુશી થયો તેવી ખુશાલી તેને બીજી કોઇ વખત નહોતી થઇ.

તે દુષ્ટો હાથમાં આવ્યા છતાં કૃષ્ણરાયના માટે છોડવા પડયા હતા તેથી તેને ભારે દુઃખ લાગ્યું. હતુંઅનેક્રોધ પણ બહુજ ચઢયો હતો તે જગાએ આજ તેને ભારે ખુશાલી ઉપજી. હવે બધી સાબીતી પુરતી મળી ગઇ, માલુમ પડયું કે, સુંદરીને બેહોશ કરીને લઇ ગયા અને ડુંગરામાં રાખી, મારી નાખી. હવે તેને કેદ કરવા પછી તુરતજ ફાંસી મળવાની, તથાપિ બહાવદીનખાન એટલું સમજી ગયો હતો કે, આ વખતે તેને પકડવા સહેલા નથી. કેમકે એકવાર પકડીને છોડી દીધા છે વળી આજે મને જોઇને ખુબ જાગૃત થઇ ગયા છે. તે દિવસે બહાવદીનખાન મકાનમાંથી બહાર નીકળ્યો નહિ. પડયા પડયા વિચાર્યા કીધું કે, હવે શું કરવું. તે મનમાં કહેવા લાગ્યો, તેમાં જરા પણ સંદેહ નહી કે, હમણા તેની ટોળીમાંના કોઇ અહીં હોય એકે એક અહીંથી ચાલ્યા ગયા છે. ખેર, તોપણ ત્રણ ચાર દિવસ અહીં રહેવું. બની શકે છે કે, ભાણીની મા પોતાનો જીવ બચાવવા માટે સરકારી સાક્ષી બનીને આવશે. ભરૂસા ઉપર બહાવદીનખાન તેની રાહ જોવા લાગ્યો. બહાવદીન ખાન છેવટે રાત્રે આઠ વાગ્યે ભાણીની માને જોવા ચાલ્યો. દુકાનની પાસે પહોંચતા અંધારામાં કોઇએ તેનું લુગડું ખેંચ્યું, તેણે પાછા ફરીને જોયું તો આઠ નવ વરસની એક છોકરી છે, તે છોકરી બહાવદીનખાનના હાથમાં એક કાગળ આપીને નાસવા લાગી, બહાવદીનખાને ઝટ તેનું ગળું પકડયું. તે ખીજાઇ ગઇ તેને બહાવદીનખાને પુછયું—"તુ કોણ છે?" તે રોતીરોતી બોલી—"ભાણી."

બહા૦—"તારી મા ક્યાં છે ?"
ભાણી—"કહું તો મારે."
બહા૦—"કોણ મારે. ?"
ભાણી—"મારી મા."
બહા૦—"તે ક્યાં છે ?"
ભાણી—"ગઇ છે."
બહા૦—"ક્યાં ?"
ભાણી—"કોણ જાણે."
બહા૦—"તું તારી મા પાસે જઇશ ને ?"
ભાણી—"ના, મને ના કહી ગઇ છે, કાકાની પાસે રહી છું."
બહા૦—"તારી મા ક્યારે આવશે ?"
ભાણી—"કોણ જાણે ?"
બહા૦—"ચોઠી આપી કોણે ?"
ભાણી—"મારી મા આપી ગઇ ?"

બહાવદીનખાને તેનો હાથ છોડયો નહિ, છોકરીને લઇને એક વીજળીની બતીના પ્રકાશે ગયો. ત્યાં તે કાગળ વાંચ્યો તો તેમાં લખ્યું હતું કે, "મારા ઉપર આ લોકો શક લઇ જઇને મને કેદ કરે છે. જો પકડવા ઇચ્છો તો બાર વાગ્યે રાતના પૂલ ઉપર આવો." બહાવદીનખાને છોકરીને પૂછતાં માલુમ પડ્યું કે, તે કાગળ સવારે તેની માએ દુકાને આપ્યો હતો અને કહ્યું હતું કે, જે દાઢીવાળા ખાન સાહેબ આવે તેને આપજે, બીજા કોઇને બતાવીશ નહિ, તે સાહેબ જરૂર દુકાન ઉપર આવશે. ત્યારની તમારી રાહ જોતી રમતી હતી. મારી મા કાલે આવવાનું કહી ગઇ છે.

બહા૦—" તારી મા ક્યાં ગઇ છે ? "

ભાણી—" કોણુ જાણે. "

બહા૦—" જો તું કહે તો આ રૂપિયા તને આપું. "

ભાણી—" પહેલા આપો તો. "

બહાવદીનખાને ત્રણ રૂપિયા તેના હાથમાં પહેલાથી આપ્યા. છોકરીએ લઇને ચારે તરફ જોયું, તે પછી બોલી–" મારી મા મને મારશે તો નહિને ? "

બહા૦—" તારી મા મારે તો ગોળી મારૂં. "

તે પછી ચારે તરફ જોઇને છોકરી ધીમેથી બોલી–"પુલની પેલી બાજુ બધા ગયા છે. "

બહા૦—" પેલી બાજુ ક્યાં ? "

ભાણી—" ભોંયરૂં, ભોંયરૂં, અસલી ભોંયરૂં. "

બહા૦—" તે ક્યાં છે. ? "

ભાણી—" કોણુ જાણે. "

બહા૦—" તું સાથે ચાલીને મકાન બતાવી શકે છે ? "

ભાણી—" ના, સાહેબ ના. "

બહા૦—" જો બતાવે તો આટલા રૂપિયા આપી દઉં. "

તે વખતે તેને દશ રૂપિયા બતાવ્યા તો પણ છોકરી બોલી કે, " કોણુ જાણે ક્યાં હશે. "

બહાવદીનખાને વિચાર્યું કે, હવે તેનાથી વધુ વાત કાંઇ મળી શકતી નથી. જે કાંઇ તેના પાસેથી જાણ્યું તે ફક્ત પૂલની પેલી પાર ગયા છે. ત્યાં આગળ કોઇ અસલી ભોંયરામાં તેનો અડ્ડો છે. તે કેટલે દુર છે તે માલુમ નથી.

હવે બહાવદીનખાન મનમાં વિચારવા લાગ્યો કે, ભાણીની મા શું કહે છે, શું પુચ્છે છે તે કાંઇ ઠીક કહી શકાતું નથી, તે સાક્ષી બનીને મદદ કરે અને પોતાનો જીવ બચાવે એવો ભરૂંસો તો છે, તથાપિ તેવી સ્ત્રીનો કાંઇ વિશ્વાસ નહિ. શંકરપ્રસાદની સાથે સલાહ કરીને મારા ઉપર ત્રાપ મારવા ચાહતી હોય તો કોને ખબર! રાતના એકલા બાર વાગે પૂલ ઉપર મળવું તે ઠીક તો નથી, એમ વિચારતો પોતાના મકાને પહોંચ્યો. ઘડીઆળમાં જોયું તો આઠ બજી ગયા હતા. પોલિસને લઇ જવાથી તે બધા સાવચેત થઇ જાય અને પકડી શકાશે નહિ. વળી પોલિસને પણ બધી વાત કહેવી હમણા ઠીક નથી. તેમનાં આવવાથી બધું ખુલ્લું થઇ જશે. છેવટે બહાવદીનખાને એ નક્કી કીધું કે, અર્ધી રાત્રે એકલા એકાંત જગામાં મળવા જવું એ ઠીક નથી. તે માટે સંગાથે ઓછામાં ઓછો ૧ માણસ તો લેવો. ખુબ જરૂર પડયા સિવાય કોઇને આ વાત કહેવી તે પણ વ્યાજબી નથી. જેને ત્યાં મુકામ કર્યો છે તે તેનો બચપણનો સોબતી હતો. તેઓ બંને સાથે ગુજરાત કોલેજમાં ભણતા હતા. વળી પોતે અમદાવાદ જે કામે આવેલ છે તે તે જાણતો હતો, તેથી બહાવદીનખાને પોતાના મીત્રને બધી વાત કહી. તે સાંભળીને તે મિત્ર બોલ્યો—"હાજી, હું જરૂર આવીશ, મારી પાસે પહેલા નંબરની બે પિસ્તોલ છે." મશ્કરી કરીને બહાવદીનખાન બોલ્યો, "મારી પાસે પણ બે છે. કાંઇ ફિકર નહિ. સહજમાં આપણને કાંઇ ઘાયલ કરી શકશે નહિ" તે પછી ખાઇપીઇને રાતના અગિયાર વાગ્યે રેલ્વે પૂલ તરફ ચાલ્યા.

# પ્રકરણ ૨૩ મું.

## ગોવિંદ અને ભાણીની મા.

પૂલની પાસે જઇને બહાવદીનખાને કહ્યું, "બંને જણા સાથે જઇશું તો કદાચ તે લોકો આપણને જોઇને નાશી જશે અને ભાણીની મા એકલી આવી હશે તો પણ તે આપણને મળશે નહિ. તમો આહીં અંધારામાં છુપાઇ જાઓ. બરોબર પૂલના ઉપર નજર રાખજો અને જ્યાં સુધી બનશે ત્યાં સુધી હું તમારી નજરથી દુર જઇશ નહિ. જ્યારે હું સીટી વગાડું ત્યારે તમે તુરતજ આવજો, અગર પંદર મિનિટ સુધી મારો કાંઇ પણ અવાજ ન સંભળાય તો ધીમે ધીમે પૂલના ઉપર આવવું અને જો મને કાંઇ પણ ભારે સંકટ આવશે તો હું પિસ્તોલનો અવાજ કરીશ."

મિત્રઃ—"કાંઇ ફિકર નહિ, તમે બે ફિકર રહો."

મિત્રના સંતાવા પહેલા બહાવદીનખાને ચારે તરફ જોયું કે કોઇ બદમાસ ક્યાંએ સંતાયો તો નથી ને? મારા જે વેરી છે તેનાથી એક પણ કામ એવું નથી કે જે ન બની શકે? તે લોકો જરા જેટલો સંજોગ મળવાથી તુરતજ ખુન કરશે. ભાણીની મા પણ તેજ ટોળીની છે. તેની ચોડી ઉપર એટલો બધો વિશ્વાસ રાખી શકાય નહિ. બદમાશો ઉપર વિશ્વાસ રાખવો એ કોઇ રીતે વ્યાજબી નથી અને તેથી ઘણુંજ સાવચેતીથી કામ કરવું જોઇએ વિગેરે વિચાર કરીને પછી તે પૂલ ઉપર આગળ ચાલ્યો.

આ સાબરમતી ઉપર બંધાયલો પૂલ છે તે ઘણા બહોળા ખરચે

બાંધવામાં આવ્યો છે તે એટલો તો લાંબો અને પહોળો છે કે જેની વચ્ચે ગાડી, મોટર અને ખટારા ઘણી સહેલાઇથી જા આવ ફરી શકે છે. માણસોને જવાને અને આવવાને માટે એમ બંને બાજુ રસ્તા ગોઠવેલા છે. એક બાજુના રસ્તેથી જઇ શકાય છે અને બીજી બાજુના રસ્તેથી આવી શકાય છે. તે પૂલ ઉપર એવો તો સુંદર અનેખુશનુમા પવન આવે છે કે જેની લીઝત લેવાને માટે એક કરતાં અધિક માણસોતે પૂલ ઉપર હવા ખાતા ટહેલે છે. પૂલ ઉપર દુર દુર સાધારણ રોશની આપતા દિવા ગોઠવેલા છે. એ દિવાનો પ્રકાશ એટલો બધો તેજદાર નથી કે જેથી પૂલ ઉપર ચાલ્યો જતો માણસ વિશેષ દુર ગયા પછી જોઈ શકાય.

બહાવદીનખાન ધીમે ધીમે આગળ ચાલ્યો ગયો અને આખો પૂલ વટાવી ગયો તે છતાં તેને ભાણીની મા મળી નહિ, તે પૂલના છેડા ઉપર જઇને ખોભરાયો, વિચારમાં પડયો, મને ભાણીની માએ આવવાને અને આહીં મળવાને ચીઠી લખી હતી છતાં તે આવી નહિ. શું કારણ બન્યું હશે ? શું તેણે મને ઠગ્યો તો નહિ હોય ને ? શું તેણે મને ખરાબ કરવાના ઈરાદાથી તો તેમ ચીઠી લખી નહિ હોય ને ! ગમે તેમ હોય પણ આહીં થોડો વખત ઉભા રહીને જોવું તો જોઇએ કે, ભાણીની મા આવે છે કે નહિ. જો ભાણીની માએ મને શુદ્ધ દાનતથી બોલાવ્યો હશે તો તે જરૂર આવશે, પણ મને ખરાબ કરવાની દાનતથી બોલાવ્યો હશે તો એ બદમાસો માંહેના કોઇ-કના પંજામાં ફસાવાનો પ્રસંગ આવશે. જ્યારે તેણે ભાણીની માની રાહ જોઇ છતાં તે આવી નહિ, ત્યારે તેણે ભયના માર્યા પોતાની પિસ્તોલ ખીસામાંથી કહાડી હાથમાં રાખી ખબરદાર થઇ ઉભો રહ્યો. તે ઘડીક નદિ તરફ જોતો તો ઘડીક પોતાની પાછળ જોતો

અને ઘડીક સામી બાજુમાં જોતો એમ ચકોર દ્રષ્ટિથી જોઇ રહ્યો હતો. તેટલામાં કોઇએ આવીને તેના ખભા ઉપર હાથ મૂકયો. બહાવદીનખાને ચોંકીને તેના તરફ જોયું તો કોઇ અજાણ્યો માણુસ જણાયો. તેનું નામ ગોવિંદ હતું.

ગોવિંદ આ બદમાસોની ટોળી માંહેનો એક હતો. તે જો કે અમદાવાદના એક શ્રીમંત ગ્રહસ્થનો છોકરો હતો અને બહાવદીનખાનનો બાળગોઠીઓ હતો. તેઓ બંને જણા ગુજરાત કોલેજમાં સાથે અભ્યાસ કરતા હતા. તે વખતે ગોવિંદ ભણવામાં કુશળ હતો પણ કુસંગતને લઇ તે ખરાબ થયો હતો. તેણે પોતાના વડીલની બધી મીલકત ઉડાવી દીધી હતી. તે શંકરપ્રસાદના સહવાસમાં આવીને અવળે રસ્તે ચઢયો હતો, તે પોતાના કામના માટે ઘણો પસ્તાવો કરતો હતો તથાપિ હવે તેનો કાંઇ ઉપાય નહોતો. તેણે ખાત્રીથી માની લીધું હતું કે, બહાવદીનખાન જેવો બાહોશ ડીટેકટીવ પાછળ પડયો છે તો હવે તેના પંજામાંથી છુટવું ભારે થઇ પડશે. તે જરૂર એક દિવસે પકડી પાડશે અને અમારા કૃત્યોથી અમને જાહેર કરી ફાંસીના લાકડે લટકાવશે. જ્યારે એમ ચોક્કસ છે ત્યારે હવે બહાવદીનખાનને શરણે જવું અને તેની પાસે માફી માગી સહીસલામત બચી જઇને સન્યાસી થઇ ચાલ્યા જવું એ બેહતર છે. આ દુનિયામાં બાવા થયા સિવાય હવે મારો કાંઇ ઉપાય નથી. ખરેખર મેં મારી જીંદગી બરબાદ કીધી છે, વડીલોની આબરૂ બરબાદ કીધી છે, દોલતનો ગંજાવર ખજાનો બરબાદ કીધો છે અને આ બદનામી વહોરી લીધી છે. હવે મારે આ દુનિયામાં રહીને શું કરવું છે? બસ, બહાવદીનખાનના શરણે રહ્યા સિવાય કાંઇ ઉપાય નથી. બહા-

વદીનખાન મારે યા બચાવે, તેની ઇચ્છામાં આવે તે કરે. તેનુંજ શરણુ કામનું છે અને એ શરણુમાંજ આત્માનો ઉદ્ધાર છે. તે મારો બાળ ગોઠીઓ છે, તે મારા ઉપર બહુજ પ્રીતિ રાખતો હતો, અભ્યાસમાં એ મને બહુજ મદદ કરતો હતો; હું મારૂં ઓળખાણ આપીશ તો તે મને જરૂર માફ કરશે. એવો પાકો વિચાર કરીનેજ તે બહાવદીનખાનને મળ્યો હતો.

બહાવદીનખાનને પોતાના તરફ જોતો જોઇને તે ઝટપટ તેના પગમાં પડ્યો. બહાવદીનખાને તેને બેઠો કરીને પૂછ્યું–“ તમે કોણ છો ? અને આમ શા માટે કરો છો ? ”

ગોવિંદ—“ હું એક કાળા કૃત્ય કરનારો અને કાળી ટોળીનો મેમ્બર છું, શંકરપ્રસાદના ખરાબ સહવાસથી હું ખરાબ થયો છું. હું તમારો જુનો અને બચપણનો સોબતી છું, તથાપિ આવા હલકા કૃત્યે ચઢવાથી આપના સહવાસમાં આવ્યો નથી ; જેથી આપ મને પિછાણી શકતા નથી. ”

બહા૦—“ શું તમે મારા જુના અને બચપણના સોબતી છો ! ”

ગોવિંદ—“ જી હા, હું તમારી સાથેજ ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરતો હતો. ”

બહા૦—“ ભલા, કહો, તમારૂં નામ શું ? હું તો તમોને પિછાણી શકતો નથી. ”

ગોવિંદ—“ મારૂં નામ ગોવિંદ, ઘણા લાંબા વખતથી સહવાસમાં નહિ આવવાથી અને બચપણના ચહેરામાં ફેર પડેલો હોઇને તમો ન પિછાણી શકો તેમાં નવાઇ નથી. ”

બહાવદીનખાન અજાયબી વચ્ચે બોલ્યો–“ શું ગોવિંદ

અરે ગોવિંદ! તમારી આવી દુર્ગતિ? શું તમે ખરેખર ગોવિંદ! જરા આવો પેલા લેમ્પ નીચે."

બન્ને જણા લેમ્પ નીચે ગયા ઘણી બારીક રીતે જોવાથી બહાવદીનખાનને ખાત્રી થઇ કે તે ગોવિંદ છે.

બહા૦—"તમે જે ઘાતકી કૃત્યો કીધા છે તેનો બદલો તમારે ભોગવવોજ પડશે ગોવિંદ! હવે શરણે આવ્યું શું કામનું? તમારે શું કમીનો હતો ગોવિંદ! કે તમે તમારા વડીલોની કીર્તિ ઉપર પાણી ફેરવ્યું."

ગોવિંદ—"મને બચાવો, હું તમારે શરણે છું, હજુ પણ આપ મને બચાવી શકો છો, એવી ખાત્રી રાખીનેજ હું શરણે આવ્યો છું. જો તમો મને બચાવો તો હું આવા કૃત્યો હવે કદિ પણ નહિ કરૂં. એટલુંજ નહિ પણ હવે હું ભગવા ધારીને અઘોર જંગલમાં ચાલ્યો જવા માગું છું. મને હવે સંસાર સુખની અપેક્ષા નથી."

બહા૦—"ભલે હું તમને બચાવીશ. તમે મને તે બદમાસોને પકડાવવામાં મદદ કરો,"

ગોવિંદ—"હું મદદમાં છું. મને ભાણીની માએ વાત કરી હતી અને તે ઉપરથીજ હું આપની સામે આવ્યો હતો."

બહાવદીનખાન—"ભાણીની મા ક્યાં છે? તે મને અહીં મળવાની હતીને?"

ગોવિંદ—"હાજી મળવાની હતી પણ તેના ઉપર બદમાસોને વહેમ જવાથી તેને કેદ કરવામાં આવી છે. ભાણીની માએજ મને અહીં મોકલ્યો છે. કારણકે તેમણે આપને અહીં મળવાને ટાઇમ આપ્યા પછી તે તેમાં જુઠી ન પડે તે માટે કાળજી રાખે છે."

બહા૦—"ત્યારે શું તે હવે અમારી સાથે બદમાસી કરવા નથી માગતી ?"

ગોવિંદ—"જી ના, આપની સાથે બદમાસી કરનારાઓની ટોળી હવે છિન્ન ભિન્ન થઇ ગઇ છે. બધા બદમાસો જેતપુરમાંથી નાઠા પછી એકઠા મળ્યાજ નથી. અહીં અમો ફક્ત ચાર જણાજ છીએ."

બહા૦—"કોણ ચાર જણા ?"

ગોવિંદ—'હું, ભાણીની મા, વીઠુઆ અને શંકરપ્રસાદ."

બહા૦—"તો શું હવે બીજા એકઠા થવાના નથી ? હું તેમને વિણી વિણીને શિક્ષાએ પહોંચાડીશ."

આવી રીતે બહાવદીનખાન અને ગોવિંદ વાતો કરી રહ્યા છે તેટલા વખતમાં કોઇ પાછળથી ધીમેધીમે પગલે આવતું જણાયું. બહાવદીનખાને પાછળ ફરીને જોયું, તો પોતાનો મિત્ર.

મિત્ર—"કેમ તમો હજુ અહીંજ ઉભા છો ? ભાણીની મા આવી છે ? મને તો ભય લાગ્યો હતો કે, તમો કંઇ સંકટમાં સપડાયા. વખત વધુ વીતી ગયો હતો."

બહા૦—"હા, વખત વધુ વીતી ગયો હતો, ભાણીની મા આવી શકી નથી, આ માણસનું નામ ગોવિંદ છે, તે બદમાસોની ટોળી માંહેનો છે તે ભાણીની માના કહેવાથી અહીં આવ્યો છે."

મિત્ર—" તો હવે ચાલો, અહીં શા માટે વધુ વખત રોકાવું જોઇએ ?"

ગોવિંદ—"ચાલો, મારી પાછળ આવો, હું તમોને માર્ગ બતાવું છું."

બહા૦—"ગોવિંદ ખબરદાર ! બદમાસી કરી છે તો, આ જોઇ છે પિસ્તોલ ? અમને જરાક વ્હેમ પડતા તમને ફુંકી દઇશું.

ગોવિંદ—"મહેરબાન, એમ બને ખરૂં કે, જો હું એમ બદમાસી કરવાનો ઇરાદો ધરાવતો હોઉં તો પછી આપને શરણે શા માટે આવું ?"

ગોવિંદ આગળ ચાલ્યો તેની પાછળ બહાવદીનખાન અને તેની પાછળ તેનો મિત્ર હતો. કેટલાક વખત સુધી ચાલ ચાલ કીધા પછી ગોવિંદ અટકયો, તેણે પાછા ફરીને બહાવદીનખાનને કહ્યું. "હવે તે જગા આવી ગઇ છે કે જે જગાએ શંકરપ્રસાદ અને વીઠુબા સુતા છે. પહેલા આપણે ભાણીની માને છોડાવીએ કેમકે તે બાજુના ઓરડામાં કેદ છે."

ત્રણે જણા તે જુના–પુરાણા ઓરડા તરફ ગયા. તે ઓરડાને મજબુત તાળું વાસેલું હતું. ગોવિંદે તે તાળું ખોલવાને ઘણી મહેનત કીધી પણ તે મહેનત નિષ્ફળ નીવડી, તાળું નકામું કર્યા સિવાય ખોલી શકાય તેમ નહોતું. અને જો નકામું કરવા પત્થરનો ઉપયોગ કરે તો અવાજ થાય અને બદમાસો જાગી જાય. તેથી તાળું ખોલવાનું પડતું મેલીને કમાડ ખેડવવાનું શરૂ કર્યું ઘણીક મહેનત પછી કમાડ ખેડવવામાં આવ્યાં. તેમાંથી ભાણીની મા ભાગી આવી.

ભાણીની મા—"તમોને મેં ચીઠી લખી હતી. અને તમોને સામે લેવા આવવાની હતી પણ આ બદમાસોને વ્હેમ પડવાથી તેણે મને કેદ કરી લીધી, તથાપિ ગોવિંદ બહુ ભલો માણસ છે તેનું હૃદય હું જાણું છું, તેથી તેને મેં બધી વાત કીધી અને તે પૂલ ઉપર આવ્યો. ખેર, હવે ચાલો, વિલંબ કરો નહિ, આપણે તેને આજ આબાદ રીતે પકડી શકીશું, તેઓ સુતા છે."

બહા૦-"ક્યાં સુતા છે ?"

ભાણીની મા-" બાજુમાંજ એક ભેદી ભોંયરૂં છે, તે ઘણું વિચિત્ર ઘાટથી બાંધવામાં આવ્યું છે. તેમાં જેવા તેવા અજાણ્યા માણસથી તો પેસવુંજ મુસ્કેલ છે, બહુજ સંભાળીને જવાનું છે. ચાલો ચાલો, હું આગળ થાઉં છું. તમે મીણબત્તી કે તેના જેવું કાંઇ સાધન આણ્યું છે ? હોય તો લાવો, પ્રગટો, જોજો બહુજ ખબરદાર રહેજો, બિલકુલ અવાજ ન થવો જોઇએ, નહિતર એ દુષ્ટો હાથ આવશે નહિ તે ઘણુંજ ચંચળ છે. જોતજોતામાં ગેબ થઈ જશે."

બહા૦—"ભાણીની મા ખબરદાર રહેજે ! જો બદમાસી કરતી નહિ, નહિતર શંકર પ્રસાદ કે વીઠુબાને પકડતા કે મારતા પહેલાં તનેજ આ પિસ્તોલથી ઉડાવી દઇશ. જોઇ આ પિસ્તોલ ?"

ભાણીની મા-"ના સાહેબ ના, જો મારી તેવી ઇચ્છા હોય તો હું આવી રીતે પ્રયાસ શા માટે કરૂં ? તમો બે ફિકર રહો. ચાલો, ધીમે ધીમે પગે મારી પાછળ આવો."

સૌથી આગળ ભાણીની મા, તેની પાછળ ગોવિંદ અને તેની પાછળ બહાવદીનખાન તથા તેનો મિત્ર હતો. તે ધીમેધીમે ભોંયરાના પગથીઆ ઉતરવા લાગ્યા.

## પ્રકરણ ૨૪ મું.

### ભોંયરામાં ડીટેકટીવો.

ભોંયરામાં જઇને જુવે છે તો શું જોયું, કાંઇ નહિ. જે જગાએ

બદમાસો સુતા હતા તે જગાએ ખાલી પથારી પણ હતી નહિ. તે ચારે જણાએ આખું ભોંયરૂં શોધ્યું પણ તેમાંથી કશું મળ્યું નહિ. ભાણીની મા અને ગોવિંદ ઝંખવાણાં પડી ગયા. બહાવદીનખાન અને તેનો મિત્ર નિરાશ થયા.

જે વખતે ગોવિંદ ભાણીની માને બહાર કહાડવાને માટે મકાનનું કમાડ ખેડવતો હતો તે વખતે વિઠુબા જાગી ગયો, તેણે બહાર કંઇક ગડબડ થતા સાંભળી, તેના કાન ઘણાં ચંચળ હતા, વળી તેને ચંચળ રહેવાની જરૂર હતી, કેમકે તેના ઉપર હવે ડીટેકટીવો ફરતા હતા અને તે જો ચેતતા ન રહે તો સહેજમાં પકડાઇ જાય તેમ હતું. પોતાની ટોળી વીખરાઇ ગઇ છે, પોતાના ટોળીવાળા ફુટી ગયા છે અને પોલિસવાળાને મદદરૂપ થઇ ગયા છે, એ બધું પોતાનાથી અજાણ્યું નહોતી. તેથી તે જાગતો સુવે યાને શ્વાન નિંદ્રા લે તેમાં કાંઇ નવાઇ નહોતું તેણે શંકર પ્રસાદને નિદ્રામાંથી જાગૃત કીધો, એક ઇસારામાં તેને બધું સમજાવી તે બંને જણા ત્યાંથી એકદમ અન્ય ગુપ્તદ્વારે અદ્રશ્ય થઇ ગયા હતા.

જ્યારે આખું ભોંયરૂં ફરી વળવા છતાં બદમાસો હાથ ન પડયા ત્યારે બહાવદીનખાને ભાણીની માને કહ્યું,—"તું ઘણી લુચ્ચી છે, અમને આવી રીતે હેરાન કરવાને તુંજ ચાહતી હોવી જોઇએ. તારા વિશ્વાસ ઉપર અમે ખુવાર થયા, અમે તને ફરજ પાડીએ છીએ કે, જો તું ખરીજ હો તો અમને તે બંને બદમાસોનો પત્તો મેળવી આપ. જયાં સુધી તું તેઓને મેળવી આપે નહિ ત્યાં સુધી અમો તને કેદમાં રાખીશું."

ગોવિંદ—"સાહેબ મને હવે છોડી મૂકો, હું આ બધા ગોટા-

ળાથી બહુજ કંટાળ્યો છું. હું હવે ભગવા ધારી પ્રભુના ભજનમાં નિમગ્ન થઇ જઇશ, મને ભાણીની મા પેઠે હેરાન કરશો નહિ."

બહા૦—"નહિ, તને સરકારી સાક્ષી બનાવવો છે તારી અમને ખાસ જરૂર છે, હજુ અમારે ગુન્હેગાર પકડવા છે. કોર્ટમાં તારી સાક્ષી અમને બહુજ અગત્યની થઇ પડશે."

ગોવિંદ—"સાહેબ, મને માફ કરો, મારે સરકારી સાક્ષી થવું નથી. મારે કોર્ટમાં હાજર થવું નથી. મારા બાપદાદાની આબરૂનો આપ ખ્યાલ કરો, મને છોડી મૂકો, હું સદાને માટે આ સંસારમાંથી વિરકત થવા માગું છું."

બહા૦—"ગોવિંદ એ બનશે નહિ. કદાચ તને ભય લાગતો હોય અને તું કોર્ટમાં જુબાની આપવા કે સરકારી સાક્ષી થવા ન માગતો હો તો પણ જ્યાં સુધી અમે બદમાસોને પકડી પાડીએ નહિ ત્યાં સુધી તારે આ જગાએ રહેવું પડશે. તું તેમ રહેવાને કબુલ થા તો પછી અમારે બીજી કાંઇ જરૂર નથી."

ગોવિંદ—"ભલે, હું તેમ કરવાને ખુશી છું. ભાણીની માને પણ છુટકો આપશો, તેનું હૃદય આપના તરફ ખરાબ નથી."

બહા૦—"તે હું બહુ સારી રીતે જાણું છું અને તે સરકારી સાક્ષી થશે એટલે નિર્દોષ થશે. ભાણીની મા તરફ ફરીને—"ભાણીની મા તારે અમને મદદ કરવી પડશે, તારે ત્યાં જો તે બદમાસો આવે તો અમને તેની ખબર આપવી અને બને તેટલી રોકવા તજવીજ કરવી."

ભાણીની મા—"હું કબુલ છું, હું પહેલાથીજ કબુલ થઇછું

અને હજી પણ કબુલ છું. તમે મારા તરફથી કોઇ જાતનો ભય કે વ્હેમ રાખો નહિ."

બહા૦—"ભલા, ભાણીની મા! જ્યારે આપણે આ ભોંયરામાં આવ્યા છીએ અને આ ભોંયરાના ભેદભરમથી બીન માહિતગાર રહીએ તે તો સારૂં કહેવાય નહિ, આપણે આ ભોંયરાના ભરમોથી માહિતગાર થવું જોઇએ, તું આ ભોંયરાની માહિતગાર છે અમને તે બધો ભેદ બતાવ."

ભાણીની મા૦—"એ જાણવાની તમારે શી જરૂર છે? એ જાણવાથી શું ફાયદો થવાનો છે, એમાં કાંઇ વિશેષ જાણવા જેવું નથી. જે છે તે આપણે આ જોઇ લીધું."

બહા૦—"નહિ નહિ, ભાણીની મા એમ બદમાસી કર નહિ, જ્યારે તું શંકરપ્રસાદથી વિરૂદ્ધ થઇ છે તો પછી આ ભોંયરાનો ભેદ ભરમ બતાવવો તેમાં તને શી હરકત છે!"

ભાણીની મા હવે ભારે વિચારમાં પડી ગઇ, તે કાંઇ પણ ઉત્તર આપી શકી નહિ, આમ થવાનું શું કારણ હશે તે સંબંધી બહાવદીનખાન વિચાર કરવા લાગ્યો, શું ત્યારે ભાણીની માના પેટમાં હજુ પણ કપટ છે? શું ભાણીની માના સંબંધમાં આપણને કાંઇ નવું જાણવાનું મળતું હશે તેથી તે આપણને એ બતાવતી નથી? એવો વિચાર કરીને ભાણીની માને ઉદ્દેશીને બોલ્યો—"જો ભાણીની મા, તારી આ રીતભાતથી મને તારા ઉપર વ્હેમ જાય છે કે, તું અમને આંહી બોલાવીને ખાલી હેરાન કરવા માગે છે, ચોરને ખાતર પાડવાનું કહી ઘર ધણીને જાગતા સુવાનું કહેવા જેવું તું કરે છે. તેં અમને વિશ્વાસ આપીને અહીં બોલાવ્યા અને શંકરપ્રસાદ અને

વીઠુબાને નાશી જવાને સૂચવ્યું હોવું જોઇએ, નહિતર આમ બને નહિ, ખેર, તું શુદ્ધ દાનતથી અમને મદદરૂપ થવા માગતી હો તો અમને એક વખત આ ભોંયરૂં બધું બતાવ અને તે પછી વીઠુબાને અને શંકર પ્રસાદને પકડવામાં પુરતી મદદ. કર."

ભાણીની મા૦—" જો તમોને મારા ઉપર વ્હેમ આવતો હોય અને તમારે ભોંયરાનો ભરમ જાણવોજ હોય તો મને તે બતાવવામાં કાંઇ અડચણ નથી પણ આ અંધારી રાતમાં આપણને જોવાની મજા નહિ પડે. આપણે દિવસના કોઇ પણ ભાગમાં આવીશું કે જેથી બધો ભાગ સારી રીતે જોઇ શકાય. "

ભાણીની માની આ સમજાવટથી બહાવદીનખાને શાન્તિ માની. ગોવિંદને તેજ ભોંયરામાં રાખીને ત્યાંથી ત્રણે જણા ચાલ્યા ગયા.

ગોવિંદે આ ભોંયરામાં ઘણો લાંબો વખત ગાળ્યો હતો, તે આ ભોંયરાનો વતની થઇ રહ્યો હતો તેથી તેને કંઇ અકારૂં લાગ્યું નહિ, તથાપિ તેને હવે વધુ વખત આ દુનિયામાં રહેવું તે અકારૂં લાગવા માંડયું. તેને હવે ઝટપટ સન્યાસી-કંથા ધારી થઇ જવાની જીજ્ઞાસા હતી તથાપિ બહાવદીનખાન જ્યાં સુધી તેને રજા ન આપે ત્યાં સુધી કંથાધારી થવામાં તેને ભય હતો. ભય હતો કે, હું કંથાધારી થાઉં અને બહાવદીનખાન અમુક મુદતે શોધી પકડી પાડી ફાંસીએ લટકાવે, તેવી સ્થિતિમાં કંથાધારી થવું સારૂં નથી અને તેથી બહાવદીનખાનની ઇચ્છા ઉપર તે અવલંબી રહ્યો હતો.

ગોવિંદનું હૃદય અત્યારે બીલકુલ શુધ થઇ ગયું હતું. તેનામાં પાપ પ્રપંચ કરવાની હવે બીલકુલ જીજ્ઞાસા રહી નહોતી, તેણે આ

દુનિયાની બધી તાતી ઠંડી જાણી લીધી હતી. તે આ સંસારને ખારો માની રહ્યો હતો.

જે માણસે દુનિયામાં નવનવીન અનુભવો મેળવ્યા હોય એક કરતાં વધુ વખત ઠોકર ખાધી હોય, અને સુખ દુઃખના આંદોલનમાં અથડાયો હોય તેને બીજાના કરતાં વહેલો આ સંસાર ઉપર અભાવો થાય છે અને જગત કર્તા તરફ ચાહના થાય છે. ગોવિંદના માટે તેમજ હતું.

ઘર તરફ જતી વખતે ભાણીની માને ઉદ્દેશીને બહાવદીનખાન બોલ્યો–"ભાણીની મા, બદમાસો મારા હાથથી ગયા, હવે મારે તેને ફરીથી શોધવા રહ્યા. તેઓ ક્યાં ગયા હોય તે સંબધી તું કાંઇ કહી શકે છે! તે બદમાસો હવે અહીં તો રહેવા નજ જોઇએ. તે જરૂર અમદાવાદ છોડીને નાશી ગયા હોય. અને તે નાશી ગયા હોય તો ક્યાં ગયા હોય તે તું અમને બતાવ. તારી સમજ બહાર તે વાત હોય નહિ."

બીજે દિવસે સવારમાં ભાણીની મા સાથે બહાવદીનખાન અને તેનો મિત્ર તે ભોંયરામાં જઇ પહોંચ્યા. બહાવદીનખાને ભોંયરામાં ઉતરીને જોયું તો તે બીલકુલ ચોકખું સપાટ મેદાન જણાયું, તેમાં કોઇ પણ જગોએ બારી બારણું કે દાદર જેવું કાંઇ નહોતું. દેખીતી રીતે તો કાંઇ પણ ભેદ ભરમવાળુ હોય તેવું જણાયું નહિ છતાં તે ભેદ ભરમથી ભરપુર મકાન હતું. ભાણીની માએ જઇને એક જગાએ પગ પછાડયો અને તુરતજ તે જગાએ બારણું થઈ ગયું. ધીમે ધીમે ત્રણે જણા તેમાં નીચે ઉતરી પડયા. જ્યારે ત્રણે જણા નીચે ઉતરી ગયા ત્યારે અને ભાણીની મા દાદરના છેલ્લા પગથીએ પહોંચી ત્યારે

તે બારણું આપો આપ બંધ થઇ ગયું. આ બારણું બંધ કરવાની એક કળ દાદરના છેલ્લા પગથીઆ ઉપર ગોઠવેલી હતી. તેથી જ્યારે છેલ્લું પગથીયું આવ્યું ત્યારે ભાણીની માએ કળ ઉપર પગ મૂકીને તે બંધ કર્યું હતું. હવે આખા મકાનમાં અંધારૂં છવાઇ ગયું ભાણીની માએ પોતા સાથે આણેલી મીણબતી સળગાવી અને તે આગળ ચાલી. બહાવદીનખાન અને તેનો મિત્ર તેની પાછળ ચાલતા હતા. થોડે દુર એક ખુણામાં ગયા તો ત્યાં એક લાકડાનું કબાટ ગોઠવેલું હતું. એ કબાટનું બારણું ઉઘાડવા માટે ભાણીની માએ કળ દબાવી અને તેમાંથી એક મોટી લાકડાની રંગીન મૂર્તિ નીકળી. એ મૂર્તિ સાક્ષાત કાળીકામાતાની જાણે હોય નહિ તેવી ભવ્ય દેખાવની અને પ્રચંડ મુર્તિ જોઇને બહાવદીનખાનનો મિત્ર ભયભીત થયો. થેડીવારે તે મૂર્તિ ખડ ખડ હસતી હોય તેવો દેખાવ થયો અને તે જોત જોતામાં બે વિભાગમાં જુદી પડતી દેખાણી, ભાણીની મા એક બાજુ ઉભી હતી અને તેની હાથ ચાલાકીથી—કળ દબાવવાથીજ—આ ભવ્ય મૂર્તિ હસ્તી અને બે વિભાગમાં વહેંચાતી જતી હતી.થોડીક મિનિટમાં તે મૂર્તિના બે ભાગ જુદા થઇને વચમાં માર્ગ થઇ ગયો. તેમાં ભાણીની મા પહેલા પેઠી તેને રોકીને બહાવદીનખાને કહ્યું—" ભાણીની મા જો હો બદમાસી કરી તો આ તમંચો, હું ફુંકી દઇશ. જોકે અમને તારા ઉપર વિશ્વાસ છે પણ તું તે બદમાસો માંહેની છે. તેથીજ આટલી ચેતવણી આપવી પડે છે. "

ભાણીની મા૦—" તમે બે ફિકર રહો બહાવદીનખાન ! હું જ્યારે તમને મદદરૂપ થઇ છુ અને તમે જયારે મને નિર્દોષ ગણી છોડી મૂકવાનું કબુલ કર્યું છે તો પછી શું હું એવો દગો રમીશ ! કદિ

પણ નહિ બને, તમે મૂંગા મૂંગા મારી પાછળ ચાલ્યા આવો અને જોતા આવો આ ભોંયરાના ભરમો." એમ કહીને ભાણીની મા તે મૂર્તિમાં થયેલ ખુલ્લી જગામાં પેઠી તેની પાછળ બહાવદીનખાન અને તેનો મિત્ર પેઠા જ્યારે તે મૂર્તિવાળા ભાગમાંથી આગળ નીકળી ચુક્યા અને પાછું વાળી જુએ છે તો જેવીને તેવી આબાદ મૂર્તિ હતી. તેમાંથી પોતે જે ચાલ્યા ગયા હતા તેવી કાંઇ પણ જગા નહોતી. મૂર્તિ ઘણું વિકરાળ હસતી હોય તેવું ભાન કરાવતી હતી. એ જોઇને બહાવદીનખાન ડર ખાઇ ગયો. તે મનમાં વિચારવા લાગ્યો કે "અહ-માસ લોકોએ શું યુક્તિઓ રચી છે! શું પ્રપંચો ખેલ્યા છે! જો તેણે પોતાની બુદ્ધિ સારા કાર્યો કરવામાં વાપરી હોત તો તે જગત્‌માં અખુટ સમૃદ્ધિ અને નામના મેળવી જાત, તેઓ આજ આ જગ-ત્‌માં જેટલા અપમાન અને ધિઃક્કારને પાત્ર છે તેથી પણ વિશેષ માન અને ધન્યવાદને પાત્ર નિવડત, પણ પ્રભુની માયા અકળ છે."

મૂર્તિને વટાવ્યા પછી જે ભાગમાં તે ત્રણે જણા આવ્યા તે ભાગ બહુજ વિસ્તારવાળો હતો. તેમ છતાં તે ઘણોજ ગંદકીવાળો અને ભયંકર હતો. તેના એક ખુણામાં જઇને બહાવદીનખાને જોયું તો કેટલીક માણસની મુંડકીઓ અને હાડકાનો ઢગલો ત્યાં પડેલો હતો, તે જોઇને બહાવદીનખાન કંપી ઉઠયો. ગંદકીથી તેનું માથું પણ ચઢી આવ્યું, તે ત્યાં વધુ વખત રહી શક્યો નહિ, તેણે ભાણીની માને કહ્યું—"ભાણીની મા! હવે જલદીથી અહીંથી બહાર નીકળો. મારે હવે જોવું નથી. આ ગંદકીથી મારૂં માથું દુઃખવા લાગ્યું."

ભાણીની મા૦—"આ ઓરડો કેદીઓને પુરી રાખવાનો અને મારીને મુડદા રાખી મૂકવાનો છે. વળી આ પહેલાનો આપણે જે

ઓરડો જોયો. તે કેદીઓને પૂરવાનો છે. હજુ ઘણું જોવાનું છે તમે ઉતાવળા થાઓ નહિ. હવે હું ચોકખા ઓરડા તરફ આપને લઇ જાઉં છું. ભાણીની મા એક બાજુની ભીંત તરફ ચાલી તે ભીંત પોરબંદરી પત્થરની બાંધેલી હતી. તેમાં બારી બારણા જેવું કશુએ નહિ હતું છતાં ભાણીની મા તે ભીંત પાસે પહોંચતાજ તુરતજ ત્યાં બારણું થઇ ગયું. પોરબંદરી પત્થરની ભીંતમાં પોરબંદરી પત્થરનુંજ બારણું કળથી દેવાય અને ઉઘડે તેવું હતું. તેની કળ દબાવવાથી તે બારણું ઉઘડયું અને ત્રણે જણા એક વિશાળ ભાગમાં દાખલ થયા. આ ભાગ બીલકુલ ચોકખો હતો ગંદકી જેવું ત્યાં કશુએ નહોતું પણ તે તો ઓફીસ રૂમના જેવો ભવ્ય હતો. ખુશબોથી બહેકી રહ્યો હતો. તેમાં પવન આવવાના પણ જાળીઆ હતા અને તેમાંથી ખુલ્લો પવન આવી રહ્યો હતો. બહાવદીનખાન ત્યાંના એક કોચપર પડીને હાંફવા લાગ્યો. પાછલા ઓરડાની ગંદકીને લીધે તેનું મગજ ફરી ગયું હતું. તેથી તેને કેટલાક વખત સુધી ચોકખી હવાની જરૂર હતી. કેટલાક વખત સુધી ત્યાં બેઠા પછી તે પાછો તેજીમાં આવ્યો.

ભાણીની મા—“આ ઓરડો શંકરપ્રસાદ અને તેની ટોળીના બધાને એકઠા થઇ મસલત કરવાનો છે.” એક બેઠક બતાવી કહ્યું. “આ શંકરપ્રસાદને બેસવાની જગા છે. અમારી જ્યારે જ્યારે સભા મળતી ત્યારે ત્યારે તે રાત્રે મળતી હોવાથી આ દીવાબત્તીના સાધનો ગોઠવી રાખવામાં આવ્યા છે, હવે આપણે આગળ ચાલો.” ભાણીની માની પાછળ બંને જણા ચાલવા લાગ્યા. ઓરડાના એક ખુણા તરફ નાનું સરખું બારણું હતું તે ઉઘાડીને ભાણીની મા તેની રસ્તો અંદર પેઠી, સાંકડો અને નીચો હતો તેથી બધા વાંકા વાંકા અને બોલ્યા

ચાલ્યા વિનાના ચાલવા લાગ્યા. ઘણેક દુર ચાલ્યા હશે છતાં કોઇ સ્થળે થોભવા જેવું કે, બેસવા જેવું આવ્યું નહિ, તેથી બહાવદીનખાને ભાણીની માને કહ્યું—" તું અમને આમ આવા સાંકડા ભોંયરામાં ક્યાં લઇ જાય છે ? હવે તો હું વાંકો રહીને થાકી ગયો ? "

ભાણીની મા૦—" તમે બોલો નહિ, ધીમે ધીમે મારી પાછળ ચાલ્યા આવો, આપણે આ રસ્તેથી બહાર નીકળીશું. "

ત્રણે જણા ચાલતા થયા લગભગ એકાદ મૈલને આશરે ચાલ્યા હશે ત્યારે તેઓ ત્યાં અટક્યા. ભાણીની માએ એક કળ દબાવી અને બારણું ખુલ્યું ત્રણે જણા બહાર નીકળ્યા. બહાર નીકળીને જોયું તેણે શું જોયું ? જોયું તો બાજુમાં સાબરમતી નદી ઘુઘવી રહી છે અને કાંઠા ઉપર એક પર્ણકુટી છે કે જે પર્ણકુટીમાંથી પોતે બહાર નીકળ્યા હતા.

બહાવદીનખાને વિચાર્યું આહીં પર્ણકુટી બાંધવાનો હેતુ એવો જણાય છે કે, લોકોને વહેમ પડે નહિ અને બદમાસો પોતાનું કામ નિર્વિઘ્ને પાર પાડે. બહાર નીકળીને ત્યાંથી ત્રણે જણા ચાલતા થયા.

ગોવિંદને ગઈ રાત્રે બહાવદીનખાન આ ભોંયરામાં રહેવાનું કહી ગયો હતો. છતાં તેને નહિ દેખવાથી તેણે માન્યું કે, તે બાવો બની ચાલ્યો ગયો હશે. ખેર, છો ગયો, તેને બચાવવો એ મારી ફરજ હતી.

# પ્રકરણ ૨૫ મું.

## ડીટેકટીવ મહીપતસિંહ.

સરકારે તપાસના માટે ઝર મોકલેલો ડીટેકટિવ મહીપતસિંહના સંબંધમાં આપણે હવે થોડુંક જાણુવા મહેનત કરીએ. તેણે બદમાસોનો અડ્ડો તોડયા પછી કાંઇ પણ જાણુવા જેવું કીધું નહિ, સરકારમાંથી યાદી ઉપર યાદી આવવા લાગી. પણ મહીપતસિંહને કાંઇ માર્ગ સૂઝયો નહિ, તેણે કેટલાક વખત સુધી અલાવદીનખાનની રાહ જોઇ પણ તેનો પત્તો લાગ્યોજ નહિ. તેણે જાણ્યું કે, હવે નોકરી છોડવાનો અને આજ દિવસ સુધી કીધેલી નોકરી ઉપર પાણી ફેરવવાનો વખત આવ્યો. તે ગમગીન થઇને પોતાની ઓફીસમાં કપાળે હાથ દઇને બેઠો હતો, તે વિચાર કરતો અને માર્ગ શોધતો હતો કે, બદમાસોનો શી રીતે પત્તો લગાડવો અને ખુન કોનું થયું ! તે શી રીતે જાણવું ?

કેટલાક વિચાર પછી તેને સાંભર્યું કે, રામરાય શેઠ હાલમાં ધારી પાછા આવ્યા છે. તે કયાંક ગયા હતા, કયાં ગયા હતા તે માલુમ નથી પણ તેમને જઇ પૂછી જોવાથી તે આપોઆપ મળી જશે. રામરાય કંઇક પ્રકાશ પાડશે અને તે કંઇક માર્ગ દર્શક થશે ખરા. એવો વિચાર ઘડીને મહીપતસિંહજી રામરાયને મળવા માટે ટ્રેનમાં બેશી ધારી પહોંચ્યો. રામરાય શેઠને બંગલે જઇને ખબર કેહવડાવ્યા કે ઝરનો ડીટેકટિવ મહીપતસિંહ તમોને મળવા માગે છે. હકારમાં જવાબ મળવાથી મહીપતસિંહ અંદર ગયો.

રામરાયે મહીપતસિંહને સારા માન સહિત ખુરશી આપી પોતે પણ એક ખુરશી ઉપર બેઠા. અને આવવાનું કારણ પૂછ્યું.

મહી૦—"હું આપને કંઇક પૂછવા આવ્યો છું."

રામ૦—"બોલો, હું જે જાણતો હઇશ તે જણાવવામાં મને કશી હરકત નથી."

મહી૦—"તમે બહાવદીનખાનને છેલ્લા ક્યાં જોયા હતા?"

રામ૦—"જેતપુર."

મહી૦—"ભલા તે પછી નથીજ જોયા?"

રામ૦—"જી ના."

મહી૦—"બહાવદીનખાનને આપે આપના ભાઇને શોધી કાઢવાનું કામ સોંપ્યું હતું તો તેમણે તેમને શોધી કહાડયા કે નહિ?"

રામ૦—"શોધી કહાડયા."

મહી૦—"તો કૃષ્ણરાય ક્યાં છે?"

રામ૦—"તેનું તમારે શું કામ છે?"

મહી—"કામ છે, મારે તેમને મળવું છે અને બદમાસો સંબંધી હકીકત જાણવી છે."

રામ૦—"તે તમને બદમાસો સંબંધી શી રીતે બતાવી શકશે? તે કાંઇ તે સંબંધી જાણતો નથી."

મહી૦—"ભલે ન જાણતા હોય તો પણ તેમની વાતચીત ઉપરથી કાંઇ પણ નવું જાણવાનું મળશે."

રામ૦—"તમે શું કૃષ્ણરાયને ખરાબ કરવાના ઇરાદાથી આ વાત કરો છો?'

મહી૦—"નહિ, કૃષ્ણરાયને ખરાબ કરવાના હેતુથી નહિ પણ હું ખરાબ થતો અટકું તે હેતુથી કહું છું."

રામ૦—"તમે કેવી રીતે ખરાબ થાઓ છો !"

મહી૦—"આ બદમાસોનો પત્તો મેળવવાનો અને કોણુ સ્ત્રીનું ખુન થયું તે શોધી કહાડવાનો ભાર મારા શીર છે અને જો હું તે ન શોધી કાઢું તો મારે નોકરીમાંથી બરતરફ થવું પડે તેમ છે. તેથી.જ હું આપની પાસે આવ્યો છું."

રામ૦—"પણુ તેમાં કૃષ્ણુરાયને તો કાંઇ સંડોવવા માગતા નથી ને !"

મહી૦—"નહિ, બીલકુલ નહિ. કૃષ્ણુરાયને મળવાથી મારા હૃદયમાં ડબલ જોર આવશે અને હું મારૂં કામ સહેલું કરી શકીશ."

રામ૦—""જો એવોજ ઇરાદો હોય તો ભલે મને કહેવાને કાંઇ હરકત નથી."

મહી૦—"હું કૃષ્ણુરાયને મારો ભાઇ સમજું છું, તેના વિરૂદ્ધ મારો જરા પણુ વિચાર નથી."

રામ૦—"તે જેતપુરમાં છે. છાપેલું એક એડ્રેસ બતાવીને કહ્યું, આ એડ્રેસ છે."

મહી૦—"એ એડ્રેસ આપવામાં આપને કાંઇ હરકત નથીને ?"

રામ૦—"નહિ, બીલકુલ નહિ. ખુશીથી લઇ જાઓ."

મહીપતસિંહે એડ્રેસ ખીસામાં મૂક્યું, રામરાયની રજા મેળવીને ત્યાંથી ચાલતી પકડી, વહેલામાં વહેલી મળતી ગાડીમાં પાછો ઘેર આવીને પોતાની ઉપયોગી ચીજો સાથે લઇને તે જેતપુર ઉપડી ગયો.

જેતપુરના સ્ટેશન ઉપર ગાડી ભાડે કરીને તેણુ ગાડીવાળાને એડ્રેસ બતાવી કહ્યું કે, "આ એડ્રેસે મને લઇ જા."

કૃષ્ણુરાયના દરવાજા ઉપર જઇને ગાડી ઉભી રહી, મહીપતસિંહે ગાડીમાંથી ઉતરીને, ગાડીવાળાને ભાડાના પૈસા ચુકવીને તે અંદર ગયો.

મહીપતસિંહે કૃષ્ણરાયના નોકરને કહ્યું, "શેઠને ખબર આપો, એક અજાણ્યો માણસ તમોને મળવા માગે છે," કૃષ્ણરાયનો જવાબ મેળવીને નોકર પાછો આવ્યો અને મહીપતસિંહ કૃષ્ણરાયના દીવાનખાનામાં ગયો. કૃષ્ણરાયે તેને બેસવાને ખુરશી આપી પોતે પણ ખુરશી ઉપર બેશીને પૂછ્યું.

કૃષ્ણરાય—"આપ ક્યાંથી આવો છો? આપનું નામ શું છે? અને મારી પાસે શું કામ છે?"

મહી૦—"હું ઝરથી આવું છું, મારૂં નામ મહીપતસિંહ છે. અને આપની પાસેથી કેટલીક હકીકત મેળવવાના હેતુથી હું આવ્યો છું."

કૃષ્ણ૦—"હં, આપ ઝરથી આવો છો?" મારી પાસેથી શું જાણવા માગો છો?"

કૃષ્ણરાય ભારે વિચારમાં પડી ગયો, શું કાંઇ નવી આફત છે કે શું છે તે કાંઇ સમજી શક્યો નહિ, તેનું હૃદય ભયભીત થઇ ગયું.

મહી૦—"હાજી, હું ઝરથી આવું છું, ઝરના પર્વતના અડ્ડાવાળા બદમાસોના સંબંધમાં મારે કંઇક પૂછવું છે."

કૃષ્ણરાય હવે ભારે ગભરામણમાં આવ્યો. જે ઉપાધીમાંથી પોતે નીકળ્યો હતો, જે બદમાસોમાં સપડાવાથી પોતાની આ ગતિ થઇ હતી તે બદમાસોનું નામ સાંભળી તે ગભરાયો, તે પોતાની સામે નવીન આફત આવેલી જોવા લાગ્યો, તેની દ્રષ્ટિએ એ ભયંકર ખુન તરી આવ્યું, એ પર્વતવાળો અડ્ડો પણ દ્રષ્ટિ સમક્ષ આવી ઉભો. તે ભારે ગમગીનીમાં પડી ગયો. આવેલા માણસને કાંઇ પણ જવાબ આપી શક્યો નહિ. મહીપતસિંહ સમજ્યો કે, કૃષ્ણરાય

મારી વાતથી ગભરાયો છે, તે પોતાની સામે નવીન આફત આવેલી સમજે છે, અને તેથી મારે તેને શાન્ત કરવો જોઇએ, એવો વિચાર મનમાં લાવીને મહીપતસિંહ બોલ્યો. "તમે ગભરાઓ નહિ, હું કંઇ ખરાબ હેતુથી-તમોને ખરાબ-કરવા આવ્યો નથી. પણ મને ઉપયોગી થઇ પડે તેવી માહિતી મેળવવાના હેતુથી આવ્યો છું. હું ઝરના ખુનવાળા કેસમાં તપાસ કરવા નીમાયો છું. હું ડીટેકટિવ છું અને એ ખૂનની તપાસનો ભાર મારા શીર છે."

કૃષ્ણ૦—"હં, તમે ડીટેકટીવ છો, તો મારી પાસેથી શું જાણવું છે ? કહો, હું જાણતો હઇશ તે બધું બતાવીશ."

મહી૦—"પહેલા તો મને એ બતાવો કે, આપને કોણે અને ક્યાંથી કેવી રીતે છોડાવ્યા."

બહાવદીનખાને પોતાને કેવી રીતે અને કેવા સંજોગો વચ્ચે છોડાવ્યો હતો તે બધું વર્ણન કૃષ્ણરાયે અથથિ ઇતિ સુધી કહી બતાવ્યું. એ સાંભળીને મહીપતસિંહ ભારે ખુશી થયો. તેણે અંતઃકરણમાં બહાવદીનખાનના ભારે વખાણ કીધા. પોતે હજુ કાંઇ કરી શકયો નથી. બહાવદીનખાને કેટલે દરજ્જે કામ કીધું એ જાણીને પોતાને શરમ ઉપજી.

મહી૦—"ભલા એ જાણો છો કે, તમને મુક્ત કીધા પછી બહાવદીનખાન ક્યાં ગયા ?"

કૃષ્ણ૦—"મને મુક્ત કીધા પછી મારા સાંભળવા અને ધારવા પ્રમાણે તે બદમાસોની પાછળ પડયા હતા. અને હું ધારૂં છું કે, તેઓ હજુ સુધી બદમાસોની પાછળજ હોવા જોઇએ."

મહી૦—"કયે સ્થળે હોય તે બતાવી શકશો ?"

કૃષ્ણ૦—"તે હું કેવી રીતે બતાવી શકું ?"

મહીપતસિંહે ધાર્યું કે, કૃષ્ણરાય પાસે હવે વધુ કાંઇ ખબર મળી શકશે નહિ. બદમાસોના નામો તો કૃષ્ણરાય પાસેથી જાણવામાં આવ્યા પણ તે લોકો કયાં હોય અને તેનો કયાંથી પત્તો મેળવવો તેના ભારે વિચારમાં મહીપતસિંહ પડયો. તે કૃષ્ણરાયની રજા મેળવી ત્યાંથી વિદાય થયો. અને એક હોટલમાં દાખલ થયો. આ હોટલ ઘણા લાંબા વખતની અને ઘણી પ્રસિદ્ધ હતી. તેમાં જઇને તે એક બાજુ બેઠો. કેટલીક વખત વિચાર કીધો પણ બદમાસોને પકડવાનો કે ક્યાં હોયતે જાણવાનો જરા પણ રસ્તો મળ્યો નહિ. તે પોતાની જાતને ધિઃકારવા લાગ્યો. અને બહાવદીનખાનના વખાણ કરવા લાગ્યો. હોટલમાં બેઠા બેઠા તેને ખ્યાલ આવ્યો કે, બહાવદીનખાનને મળ્યા સિવાય બદમાસોનો પત્તો હું મારી જાતથી મેળવી શકીશ નહિ. પણ બહાવદીનખાનને મેળવવા કયાંથી ? તેનો પત્તો નથી. કેટલોક વિચાર કીધા પછી તેને યાદ આવ્યું કે, ભલે બહાવદીનખાન ગમે ત્યાં હોય પણ તેના કાગળો જરૂર તેના ઘેર આવતા હોવા જોઇએ.: જો હું તેના ઘેર જઇને ખબર કાઢું તો કદાચ મને ખબર મળી જશે અને એ મળેલા ખબરના આધારે તેઓ જ્યાં હોય ત્યાં હું જઇ તેમને મળી તેમની મદદથી બદમાસોને પકડવાને આગળ વધી શકીશ. આવો વિચાર કરીને તે તુરતજ હોટલમાંથી ઉઠયો અને સ્ટેશને જઇ ટ્રેનમાં બેશીને ધારી પહોંચ્યો. બહાવદીનખાનનું ઠેકાણું મેળવી તેના મકાન ઉપર ગયો. બહાવદીનખાનના ઘરનાને પોતાનું ઓળખાણ આપીને બહાવદીનખાનનું ઠેકાણું જાણયું.

મહીપતસિંહે બહાવદીનખાનનું ઠેકાણું જાણ્યા પછી તે તુરતજ

ટ્રેનમાં બેશીને અમદાવાદ ઉપડી ગયો અને જે ઠેકાણે બહાવદીનખાન ઉતર્યો હતો ત્યાં જઇને તેને મળ્યો. બહાવદીનખાન મહીપતસિંહને જોઇને ખુશી થયો. બહાવદીનખાને અત્યાર સુધીની બધી વીતક વાત કહી સંભળાવી અને પોતે હજુ હમણાંજ ભેદી ભોંયરાના ભેદ ભરમો જોઇને આવે છે તે કહ્યું.

મહીપતસિંહે બહાવદીનખાનનો ભારે આભાર માન્યો અને પોતાને આ કેસના લીધે કેટલી આફતમાં આવવું પડયું છે, પોતાની માન પ્રતિષ્ઠા કેટલી ઝાંખી થઇ પડી છે. અને પોતે કેસમાં કેવો નિષ્ફળ નિવડ્યો છે તેનું વર્ણન કરી બતાવ્યું,

બહા૦—" તમે બેફિકર રહો, આપણે થોડાજ વખતમાં એ બદમાસોને પકડી પાડીશું અને ફાંસીને લાકડે લટકાવીશું. ગઇ કાલે હાથ આવેલા બદમાસો નાશી ગયા છે પણ કાંઇ ફિકર નહિ. તે કેટલે દુર જશે. હું તેમને જોતા જોતામાં પકડી પાડીશ. હું હવે તેમની બધી હીકમત અને બધા સ્થળથી માહિતગાર થઇ ચુકયો છું. હું ધારૂં છું કે, તેઓ જે સ્થળે ગયા છે તે મારી દ્રષ્ટિ બહાર નથી. અને તે બીજે નહિ પણ જરૂર જેતપુર ગયા હોવા જોઇએ. કેમકે શંકર-પ્રસાદનું ત્યાં વતન છે અને તેજ સ્થળે છુપાઇ રહ્યા હોવા જોઇએ. શંકર પ્રસાદનું મકાન ભેદ ભરમોથી ભરપુર ભરેલું છે. તે મકાનમાં હું તથ વીરસિંહ સપડાયા હતા અને કેટલીક મુસ્કેલીથી મુક્તિ મેળવવા પામ્યા હતા. બદમાસોને તેવા ભેદ ભરમોવાળા મકાનમાં રહેવું પરવડી શકે છે."

મહી૦—" તમારી બુદ્ધિને ધન્ય છે ! તમોએ ઘણું કામ કર્યું છે, ભલા એ બતાવો, હવે આપણે જેતપુર કયારે જવા ધારીયે છીએ ?

બહા૦—"આવતી કાલે આપણે અહીંથી સવારની ટ્રેનમાં જેતપુર જવાને ઉપડી જઇશું."

## પ્રકરણ ૨૬ મું.

### બહાવદીનખાન બદમાસોની શોધમાં.

બીજે દિવસે રાતના બરોબર બાર વાગ્યે મહીપતસિંહ અને બહાવદીનખાન જેતપુરના સ્ટેશન ઉપર ઉતર્યા અને ગાડી ભાડે કરીને વીરસિંહજીને ત્યાં જઇ પહોંચ્યા. વિરસિંહજી આપણો અપરિચિત નથી. કૃષ્ણરાયને મુક્તિ અપાવવામાં બહાવદીનખાનને તેની મદદ લેવાની જરૂર પડી હતી, તે આપણા વાંચક વર્ગથી કાંઇ અજાણ્યું નથી. બન્ને જણા ત્યાં રાત્રે ઘણા આરામથી સુઇ રહ્યા. સવારે બાહર નદીમાં નાઇ ધોઇ કામકાજથી પરવારી બંને જણા શહેરમાં ફરવા નીકળ્યા. બંને જણાએ બીલકુલ સાદો અને સફેદ ડ્રેસ પહેર્યો હતો. તે પોલીસના માણસો છે એમ કોઇ પણ તેને ઓળખી શકે તેમ નહોતું. તેઓ બજારમાં આમ તેમ ટહેલતા હતા. અને બારીકાઇથી દરેક મનુષ્યને નીહાળતા હતા તથાપિ તેમની નિહાળવાની ગતિ એવી તો વિચિત્ર હતી કે જે કોઇ પણ જાણવા પામ્યું નહોતું. તેઓ ધીમે ધીમે એક હોટલમાં પેઠા અને ચાહના બે સિંગલ મંગાવીને તેઓ એવા ભાગ ઉપર બેઠા કે જ્યાંથી જતા આવતા દરેક માણસો ઉપર તેની દ્રષ્ટિ પડે ચાહ પીતા પીતા તેણે દરેકે દરેક માણસને નીહાળી

લીધો પણ તેને તે ટોળી માંહેલો કોઇ પણ માણસ હોય તેવો વહેમ પડયો નહિ, કેટલીક મુદતે તેઓ ત્યાંથી ઉઠયા અને પાછા બજારમાં થઇને પીઠામાં ગયા. ત્યાં પણ કેટલોક વખત રોકાયા છતાં અને આમ તેમ જોયા છતાં કશુ જાણવા જેવું મળ્યું નહિ. હવે બહાવદીનખાન ત્યાંથી શંકરપ્રસાદના મકાન તરફ વળ્યો. શંકરપ્રસાદનું મકાન આપણા દરેક વાંચકને પરિચિત છે. એ મકાન બીજું કોઇ નહિ પણ જે મકાનમાં કૃષ્ણરાય અને સાવિત્રીને કેદ કરવામાં આવ્યા હતા. દરવાજા ઉપર જઇને જોયું તો તેમાં વસ્તી જેવું કંઇક જણાયું. બહાવદીનખાન સમજ્યો કે, જરૂર આ મકાનમાં તે હોવો જોઇએ. વીઠુઆ પણ સાથેજ હોવો જોઇએ. પણ તેમને હવે એમ નેમ પકડવા જવા સાહસ કરવું એ કોઇ રીતે વ્યાજબી નથી અને તેથી એક વખત પાકી ખાત્રી કરવી જોઇએ કે, તે બદમાસો આ મકાનમાં છે કેનહી? તેઓ બંને ડીટેકટીવો દરવાજા ઉપરથી પાછા ફરીને સામેની એક દુકાન ઉપર બેઠા, કેટલોક વખત બેસવા છતાં તેમાંથી કોઇ માણસ બહાર નીકળ્યો નહિ કે અંદર પેઠો નહિ. બહાવદીનખાને જોયુ કે બદમાસોની સંખ્યા આહીં જાજી નથી અને તેથી તેમને હાથ કરવાને માટે પોલીસને ખબર આપવી નિરર્થક છે. બે બદમાસોની સામે અમે બે જણા ઘણા છીએ. બરોબર મધ્યાન્હ થયા હશે તે વખતે બહાવદીનખાન મહીપતસિંહજીને લઇને તે મકાનમાં પેઠો. બંનેના ખીસામાં મીણબતી અને બાકસો રાખવામાં આવ્યા હતા. બંનેના ખીસામાં એક એક પિસ્તોલ પણ હતી. બરોબર સાવચેત થઇને બંને જણા મકાનમાં પેઠા. જ્યારે તેઓ દરવાજાના ઉમ્બરામાં આવ્યા ત્યારે તેમણે એક માણસને સામેની લાઇનના એક મકાનમાં

પેસતા જોયો. તે માણુસને જોઇને બહાવદીનખાન સમજી ગયો કે, તેજ બદમાસ શંકરપ્રસાદ, શંકરપ્રસાદે પણ પાછુવાળી જોતા જોઇ લીધું કે, બહાવદીનખાન આહીં પણ પાછળ આવી પહોંચ્યો છે ખરો.

બહાવદીનખાને પોતાના મિત્ર મોહપતસિંહને કહ્યું, જે માણુસ હમણાં સામેના મકાનમાં પેઠો. તેજ ખૂની શંકરપ્રસાદ છે, તેણે આપણને જોઇ લીધા છે, હવે તે એકદમ અલોપ થઇ જશે."

મહી૦—" ફિકર નહિ તે એ ઓરડામાંથી કયાં જવાનો હતો, હમણાંજ હું તેને પકડી પાડું છું-" એમ કહીને મહીપતસિંહ એકદમ તેને પકડવાને દોડયો. બહાવદીનખાને એમ સાહસ કરતાં તેને અટકાવ્યો છતાં મહીપતસિંહ ખૂની પકડવાની ખુશાલીમાં દોડી ગયો. બારણા પાસે જઇને જુએ છે તો બારણું બંધ હતું. મહીપતસિંહ આગળ વધી શકયો નહિ, બારણું બંધ જોઇને તે સજ્જડ થઈ ગયો. તેણે હવે બારણું ખોલવાને પ્રયત્ન શરૂ કીધો. પણ ફોગટ, બધું બળ નકામું ગયું. મહીપતસિંહે બારણું ખોલવાને તજવીજ કરી રહ્યો હતો તે વખતે બહાવદીનખાન ત્યાં જઈ પહોંચ્યો, તેણે નકુચો ખેંચીને તે બારણું એકદમ ઉઘાડી નાખ્યું. બારણું ઉઘાડવાની એ કળ હતી. બહાવદીનખાનને તે માલુમ હતી પણ મહીપતસિંહ તેથી અજ્ઞાત હતો. મહીપતસિંહ આ અજાયબીભરી રીતે બારણું ખુલેલું જોઇને ખુશી થયો અને તરતજ અંદર દાખલ થયો આખો ઓરડો ફરીવળવા છતાં તેમાંથી શંકરપ્રસાદ તેને મળ્યો નહિ. મહીપતસિંહ હેરત પામી ગયો. તે બોલ્યો—" હું હજુ હમણાજ શંકરપ્રસાદને આ મકાનમાં પેસતા જોઉં છું અને કયાં અલોપ થઈ

ગયો ? તે બહાર તો નીકળ્યો નથી. તેમ ઓરડામાં ક્યાંઇ બારી કે બારણું નથી. આ શું કહેવાય ? "

બહા૦—" આ ભેદ ભરમોથી ભરેલું મકાન છે, તમારે અધિરા થવાની જરૂર નથી. આ ઓરડામાં જુઓ કે બારણું નથી છતાં પણ તે તેમાંથી ગેબ થઇ શકે છે, બહુજ જોવાનું છે. જો તમો ભૂલેચૂકે ક્યાંક ગેબ થઇ ગયા તો પછી પતો મળવો મુશ્કેલ છે. જુઓ તમો આ ઓરડામાં ક્યાંઇ બારી બારણું જોઇ શકતા નથી પણ હું તમોને બતાવું છું. "

બહાવદીનખાન જ્યાં ઉભો હતો ત્યાંથી ત્રણ પગલાં આગળ ચાલીને એક જોરથી લાત મારી કે તુરતજ તે ભોંયમાં ગેબ થઇ ગયો અને પાછી જમીન હતી તેવી થઇ ગઇ. તે મકાનમાં શીલાઓ ઢાળવામાં આવી હતી તેથી પાછી શીલા હતી તેમ થઇ. ગઇ આ જોઇને મહીપતસિંહ ગભરાયો તેને બહાવદીનખાનની પેઠે પગ મારી અંદર ઉતરતા ભય લાગ્યો, તે પાછો નાસવા લાગ્યો, તે એકદમ તે ઓરડામાંથી બહાર નાઠો અને જેવો પાંછો દશ ડગલા દોડયો કે તુરતજ લપટયો અને આપોઆપ ભોંયમાં ચાહોમ હોમાયો. તે વખતે તેના મોઢામાંથી " ઓ બાપરે " ની બૂમ નીકળી ગઇ. શીલા પાછી હતી તેમની તેમ થઇ ગઇ.

બહાવદીનખાન મહીપતસિંહને અંદર ઉતરવાનો માર્ગ બતાવવાના હેતુથી ભોંયરામાં ઉતરવાની કળ દબાવી :પોતે ગેબ થયો હતો તે વખતે તેણે માન્યું હતું કે, મહીપતસિંહ પણ તેવીજ રીતે પોતાની પાછળ ઉતરી પડશે. પણ જ્યારે કેટલોક વખત થયા છતાં તે અંદર ઉતર્યો નહિ ત્યારે ભારે વિચારમાં પડીને તે ભોંયરાના દાદર દ્વારા

બહાર નીકળવા માટે દાદર ઉપર ચઢતો હતો ત્યારે તેણે " ઓ બાપ-રે " ની બહુજ ધીમી બુમ સાંભળી તેથી તે ઉતાવળે પગે દાદરો ચઢતો અને કળ દબાવતો બહાર આવ્યો, પણ બહાર આવીને તેણે જોયું તો કશું ના મળે, ન મળે મહીપતસિંહ કે ન મળે તેની કાંઇ નામનિશાની બહાદરદીનખાને જાણ્યું કે કાંતો તે ગેબ થઇ ગયો હોવો જોઇએ અને નહિતર શંકરપ્રસાદ કે તેના માણસે તેને જોર જુલમથી ક્યાંઇ ભોંયરામાં ધકેલી માર્યો હોવો જોઇએ. મહીપતસિંહ આટલો નમળો હશે એમ હું ધારતો નહોતો. તેને જો જરાક હિંમત હોત તો તે જરૂર મારી પાછળ ઉતરી પડત. પણ એ ના હિંમત મરદે તો પોતાનો જીવ જોખમમાં નાખ્યો. હવે મારે તેને ક્યાં શોધવો ! આટલા મોટા મકાનની અંદર હું તેની ક્યાં તપાસ લઉં. તો પણ તેને તેવી સ્થિતિમાં મૂકીને મારાથી જવાય નહિ અને જાઉં એ મારા માટે સારૂ નહિ. મારી કીર્તિને કલંક લગાડનારૂં થાય. વળી જો હું વધુ વખત ગુમાવીશ તો તે જરૂર બેભાન થઇ મરણના મુખમાં હોમાઇ જશે. મારે જરૂર તેના માટે પ્રયત્ન કરવોજ જોઇએ. પણ સવાલ એ છે કે, હવે મારે તેને શોધવો કઇ જગાએ ?

બહાવદીનખાને વધુ વિચાર નહિ કરતાં બારણાની પાસે ક્યાંઇ કળ છે કે કેમ તે જોવાનું શરૂ કીધું. કેટલીક મુદતે તેના હાથમાં કળ જેવું કાંઇક આવ્યું. તેણે વિચાર્યું કે, આજ કળ હોવી જોઇએ અને તેના વડેજ આ ભોંયરામાં ઉતરાતું હોવું જોઇએ. કેટલોક વખત તે કળ ખોલવામાં ગુમાવ્યા પછી મહા મુશ્કેલીએ તે માર્ગ ખુલ્લો થયો. તેમાં થઇને તે અંદર ગયો. મીણબત્તી સળગાવીને તે

અંદર ઘુમવા લાગ્યો. આખો ઓરડો ફરી વળ્યો પણ તેમાં તેને મહીપતસિંહ મળ્યો નહિ. તે ઘણોજ નિરાશ થયો. હવે શો ઉપાય કરવો. આ મકાનમાં આવાં ભોંયરા તો પાર વગરના છે તો મારે કેટલા ભોંયરા શોધવા ? તે ઓરડામાં ક્યાંઇ તેને બારી બારણું પણ હાથ આવ્યું નહિ. જે બારણે થઇને પોતે અંદર ઉતર્યો હતો તે બારણે થઇને ઉપર અવાય તેમ નહોતુ કેમકે તે કંઇ દાદર નહોતો. તેમ તે આખા ભોંય ઓરડામાં બીજો દાદરો પણ નહોતો કે ત્યાંથી પોતે પાછો બહાર આવે. જ્યારે બહાર નીકળવાનું દેખીતું બારણું નથી તેમ દાદર નથી. તો પછી અવશ્ય આમાં કોઇ અન્ય ગુપ્તદ્વાર હોવું જોઇએ. હવે નિરાશ થવું નકામું છે. કંઇ પ્રયત્ન તો કરવોજ જોઇએ. અને જો પ્રયત્ન કરીશ તો જરૂર તેમાં સાફલ્ય થઇશ. જ્યારે કૃષ્ણરાયને આ મકાનમાં શોધવા આવ્યો હતો ત્યારે જે ઓરડાઓ મેં તપાસ્યા હતા. તે ઓરડાઓ જે કળથી ખુલતા અને બંધ થતા હતા તેવું આમાં કંઇ જણાતું નથી. આ ઓરડાઓની બાંધણી જુદા પ્રકારની જણાય છે. આમાં દાદર જેવું કશુય નહોતું તેથી ઓરડામાંથી બહાર નીકળવાને માટે બહાવદીનખાનને જુદો માર્ગ શોધવો પડયો.

બહાવદીનખાન ભીંતમાં આંગળીથી ટકોર મારવા લાગ્યો તેને કોઇ પણ જગાએ પોચી યાને પોલી જમીન જણાઇ નહિ, લગભગ અર્ધો કલાક સુધી એમ ભીંત તપાસતો અને ટકોર મારતો રહ્યો, ત્યારે તેને એક જગાએ ભીંત પોલી જણાઇ, ત્યાં આગળ વધુ ટકોર મારવાથી તેને માલુમ પડયું કે, તે પત્થર કે માટીનું કામ નથી પણ ત્યાં આગળ લાકડાના મજબુત પાટીઆ હતા. બહાવદીનખાનને કાંઇક ધીરજ મળી. તે મનમાં સમજ્યો કે, આહીં જરૂર આ ઓરડામાંથી

નીકળવાનો માર્ગ હોવો જોઇએ. તેણે હવે તે ભીંતમાં ક્યાંઇ કળ છે કે કેમ? તે જોવું શરૂ કર્યું. કેટલોક વખત એ કળ શોધવામાં કાઢ્યો પણ કળ મળી નહિ તેથી તે નિરાશ થયો. ત્યાં બે પાંચ પગની લાત મારી જોઇ પણ તેનું પરિણામ કાંઇ પણ આવ્યું નહિ છતાં હવે નિરાશ થવું કામનું નથી. બહાવદીનખાને તે કળ શોધવાને પ્રયત્ન ચાલુજ રાખ્યો. જે જગાએ કળ શોધતો હતો તેથી ફક્ત એક ફુટને અંતરે કળ હતી. પણ 'અજાણ્યા ને આંધળા' બરોબર હિસાબે બહાવદીનખાનનું બન્યું. જે જગાએ બહાવદીનખાન કળ શોધતો હતો ત્યાંથી કળ શોધતો થાકવાથી તે ત્યાંથી થોડે અંતરે બીજી બાજુ કળ શોધવા લાગ્યો. ઇશ્વર કૃપાથી તેનો હાથ કળ ઉપરજ લાગ્યો. તે કળની જગાએ સહેજ કાણા જેવું જણાયું તેમાં ટ્રેનની ચાવી નાંખી ફેરવી અને ધક્કો માર્યો. બારણું તુરતજ ખુલી ગયું અને બહાવદીનખાન એક બીજા ઓરડામાં આવી પહોંચ્યો. આ ઓરડામાં અંધારૂં તો હતું તથાપિ તે ઘણોજ સ્વચ્છ હતો એક બાજુ નાનું સરખું જાળીઉં હતું. તેમાંથી ધીમે ધીમે ખુલ્લી હવા આવ જા કરતી હતી. તે જાળીઆ પાસે થોડો વખત બહાવદીનખાન ઉભો રહ્યો. કેટલોક વખત ઉભો રહેવા પછી તે ત્યાંથી બહાર નીકળવાને માટે એક દાદર તરફ જવા ધારતો હતો તેટલામાં તેણે "ઓ બાપરે" નો અવાજ બાજુના ભોંયરામાંથી સાંભળ્યો બહાવદીનખાન ગભરાયો. બાજુના ભોંયરામા શી રીતે જવું તે માર્ગ પોતે જાણતો નહોતો. અને માર્ગ ન જાણે ત્યાં સુધી તેને તાત્કાળિક મદદ શી રીતે કરવી તેના તે ભારે વિચારમાં પડી ગયો પણ હવે આ વિચાર કરવાનો વખત નહોતો. આહીં તો જેટલી તેટલી ઉતાવળે મદદ પહોંચાડવાનુંજ કામ કરવાનું હતું. કઇ બાજુથી તે અવાજ

આવ્યો તે બરાબર ખ્યાલમાં રાખીને નજરે ચઢેલા એક દાદર તરફ તે એકદમ દોડ્યો. તથાપિ એ દાદર બંધ હતો. બહાવદીનખાન જાણતો હતો કે દાદરને ખોલવાની કળ ચોથા પગથીયા ઉપર છે. તેણે ચોથા પગથીઆ ઉપર જોરથી પગ મૂક્યો પણ દાદર ખુલ્યો નહિ તે જેમ હતો તેમજ બંધ રહ્યો. ઘણો પ્રયત્ન કરવા છતાં કશું ફળ આવ્યું નહિ. તે એક પછી એક પગથીઆ ઉપર પગ પછાડવા લાગ્યો બધા પગથીઆ ઉપર પગ પછાડી જોયો પણ કાંઇ સારૂં પરિણામ જણાયું નહિ ફરી એકવાર દરેક પગથીઆ ઉપર પગ પછાડતો તે દાદર ઉપર ચઢવા લાગ્યો છઠ્ઠા પગથીઆ ઉપર જ્યારે તેનો પગ આવ્યો ત્યારે દાદર આપોઆપ ખુલી ગયો. બહાવદીનખાન ઘણો ખુશી થયો તે એકદમ બહાર નીકળી આવ્યો. બહાર આવીને તેણે તે દાદર તરફ જોયું તો આપો આપ બંધ થઇ ગયો. ભોંયરાની અંદર રહેવાથી બહાવદીનખાન અકળાઇ ગયો હતો છતાં તે બહારની ખુલ્લી હવા લે તેવી સ્થિતિમાં નહોતો. તેને મહીપતસિંહની ભારે ચિન્તા હતી. તેને શોધવાને માટે જે ભોંય-ઓરડામાંથી અવાજ આવ્યો હતો તે ઉપરના ઓરડા તરફ ગયો અને તે ઓરડો ખોલવા લાગ્યો. ઓરડો ખોલીને તે અંદર દાખલ થયો અને મહીપતસિંહની શોધમાં લાગી ગયો.

જ્યારે ભય પામીને મહીપતસિંહ નાઠો અને લપસીને ભોંયરામાં ગેબ થયો ત્યારે તે " ઓ બાપરે " બોલ્યો હતો. એ વાંચકથી અજાણ્યું નથી. ભોંયરામાં ઉતરી પડવાથી મહીપતસિંહ એકદમ ભયભીત થઇ ગયો તે પોતાની ચારે તરફ અંધારૂં ફરી વળેલું જોઇને ઘણો નાખુશ થયો. છતાં હવે ઉપાય શું ! તે અંધારા ઓરડામાં મુંઝાવા લાગ્યો. તેણે પોતાની પાસેની મીણબત્તી સળગાવી અને ચારે તરફ જોયું તો બીલકુલ બારી બારણા જેવું કશું પણ નજરે ચઢ્યું

નહિ. તે આમ તેમ ઘુમવા લાગ્યો. જ્યાંથી પોતે ભોંયરામાં ઉતરી પડ્યો હતો તે તરફ ઉંચે જોયું પણ તેની દ્રષ્ટિમાં કંઇ આવ્યું નહિ.

મહીપતસિંહે ડીટેકટીવના કામમાં નામ કહાડ્યું હતું પણ તેણે અત્યાર સુધી બધા સીધા સાદા સુતરા કામ કીધા હતા. તેને નશીબે અત્યાર સુધી અટપટીઆ કેસ આવ્યા નહોતા તેમાં વળી આવા ભેદી ભોંયરાના ભેદી ભેદભરમો જોવાનો પ્રસંગ આવ્યોજ નહોતો. જો આવ્યો હોય તો તે આ પહેલવહેલો હતો, છતાં તે પોલીસનો માણસ હતો. ડીટેકટીવનું કામ કરતો હતો.

તેણે ડીટેકટીવોની ચાલાકીઓ, બદમાસોની બદમાસીઓ, ભેદી ભોંયરાના ભેદ્ ભરમો, વિગેરે ઉપર લખાયલા ચુનંદા લેખકોના હાથના લખેલા પુસ્તકો વાંચ્યા હતા. તેથી તે બીલકુલ નાહિંમત થયો નહિ. તે હિંમત લાવીને ઓરડામાં ફરવા લાગ્યો. ક્યાંથી નીકળી શકાશે તેનો તે માર્ગ શોધવા લાગ્યો. કેટલીક મુદતે તેણે એક ભીંતમાં હાથ પછાડ્યો, ત્યાં તેને તે ભીંત નહિ જણાતાં પાટીઆની ભીંત હોય તેવું જણાયું. તે પાટીઆ ભાંગવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. તે લાત ઉપર લાત મારવા લાગ્યો. પાટીઆમાંથી જરા પણ ભાગ ખંડીત થયો નહિ. પણ તેના પરિણામમાં તેણે શું જોયું? તેણે જોયું કે, પોતે જે બાજુ પ્રયત્ન કરી રહ્યો છે તેથી વિરૂદ્ધ બાજુમાં એક માણસના મોઢાના જેવો આકાર જણાયો. તે આકારના મોઢામાં સીસોટી હતી. તે સીસોટી તેણે વગાડી. મહીપતસિંહે પાટીઆ ભાંગવા પડતા મેલી પેલા આકાર તરફ જોયું, ત્યારે તે આકૃતિ ખડખડ હસવા લાગી. આ વિચિત્ર દેખાવ જોઇને મહીપતસિંહ એકદમ બી ગયો અને તે "ઓ બાપરે" કરતો મુર્છાધિન થઇ ગયો. ધબ કરતોને ભોંય ઉપર પટકાઇ પડ્યો.

તે પછી તેના મોઢામાંથી કાંઇપણ શબ્દ નીકળ્યો નહિ, હાથ માંહેની મીણબત્તી પડીને હોલાઇ ગઇ. જે આકૃતિએ તેને બીવડાવ્યો હતો તે ત્યાંથી અલોપ થઇ ગઈ. તે આકૃતિ ધારત તો મહીપતસિંહને મારી નાંખી શકત પણ મહીપતસિંહના આયુષ્યના પ્રતાપે તે આકૃતિને મહીપતસિંહનું ખૂન કરવાની હિંમત ચાલી નહિ.

## પ્રકરણ ૨૭ મું.

### ભોંયરામાં ભુત.

બહાવદીનખાન ઓરડામાં ગયા પછી એક ફળ દાબીને તે એકદમ નીચે ઉતરી પડયો. અંદર જઇને તેણે મીણબત્તી સળગાવી ચારે તરફ જોવું શરૂ કીધું, એક ખૂણા તરફ મહીપતસિંહ પડેલો નજરે ચઢયો, તેને ઢંઢોળીને બેઠો કીધો. મહીપતસિંહ બેભાનીમાંથી જાગૃત થયો. બહાવદીનખાને તેને પૂછયું—"તમે કેમ મારી પાછળ ઓરડામાં ઉતર્યા નહોતા ?"

મહી૦—"મને ભય લાગ્યો હતો તેથી..."

બહા૦—"તો પછી તમે આ ભોંય–ઓરડામાં કેમ ઉતરી પડયા ?"

મહી૦—"તમે તે ઓરડામાંથી ભોંય–ઓરડામાં ઉતરી પડયા તે જોઇને હું હેરત પામી નાઠો પણ નાસતા નાસતા મારો પગ લપટયો અને હું જોત જોતામાં આ ઓરડામાં ગેબ થઇ ગયો. અંદર નહિ ઉતરવાને મેં ઘણી કોશેશો કીધી છતાં કેમ જાણે મને કોઇ અંદરથી ખેંચતુ હોય નહિ તેવું આકર્ષણ થવા લાગ્યું અને જોત જોતામાં ભોંયમાં ઉતરી પડાણું. ઢાંકણું બંધ થયું. તે પડતી વખતે

અને ભોંયરામાં ગેબ થતી વખતે મારા મોઢામાંથી "ઓ બાપરે" એવા શબ્દો નીકળી પડ્યા."

બહા૦—"હા, તે શબ્દો મેં ઓરડામાંથી બહાર નીકળતી વખત સાંભળ્યા હતા. અને તે પછી હું તુરતજ તમારી શોધ માટે એક કળ જોઇ. તે દાબી તમારી શોધમાં અંદર ઉતરી પડયો તથાપિ ત્યાં તમારો પત્તો મળ્યો નહિ. તે ઓરડામાંથી હું બીજા ઓરડામાં ગયો. તે વખતે મેં પાછું "ઓ બાપરે" અવાજ સાંભળ્યો અને તુરતજ દાદર રસ્તે બહાર નીકળ્યો. તમારો અવાજ જે ઓરડામાંથી આવ્યો હતો તે બાજુ લક્ષમાં રાખીને હું આ ઓરડામાં ઉતરી આવ્યો અને તમોને મળ્યો. પરંતુ તમો બીજી વખત "ઓ બાપરે" કહીને બેભાન કેમ થઇ ગયા તે બતાવો."

મહી૦—"ઓરડામાં ઉતરી પડયા પછી મેં બારી બારણું શોધવા મહેનત કીધી. ભીંતની એક બાજુ હું કળ શોધવા મહેનત કરતો હતો તે વખતે મારાથી વિરૂદ્ધ બાજુમાં એક આકૃતિએ દેખાવ આપ્યો. તેણે સીસોટી વગાડીને ખડખડ હસવું શરૂ કીધું, મને તે ભૂત લાગ્યું અને તેથી ભયભીત થઇ પડી જવાયું; પડતી વખત મારા મોઢામાંથી "ઓ બાપરે" એવા શબ્દો નીકળી ગયા."

બહા૦—"ત્યારે જરૂર આ ભોંયરામાંથી હજુ શંકરપ્રસાદ નાશી ગયો નથી. તે આપણાથી નિડર રહ્યો છે. તમે જે આકૃતિ જોઇ તે શંકરપ્રસાદની હતી. તમે તેને ભૂત સમજ્યા અને ભય પામ્યા તે મોટી ભૂલ કીધી. જો નિડર રહીને તે તરફ ધસ્યા હોત અને પિસ્તોલનો ખાલી બહાર કર્યો હોત એટલુંજ નહિ પણ તે વખતે તેને જો એમ ચેતવણી આપી હોત કે "ખબરદાર નાઠો છે તો આ

પિસ્તોલથી ઠાર કરીશ, તો કદાચ તે નાસવાને બદલે ત્યાંજ સ્થિર થઇ જાત અને તમારે તેને પકડવો સહેલ થઇ પડત. ”

મહી૦—“ હં, એ ભૂત નહિ પણ શંકરપ્રસાદ હશે. ! મેં મોટી ભુલ કીધી. જો હિંમત આણી તમારા કહેવા મુજબ કીધું હોત તો સારૂં પરિણામ આવત. ખેર ! ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો. જે બાજુ તે આકૃતિએ દેખાવ દીધો હતો ત્યાં અવશ્ય બારણું હોવું જોઇએ. ” બન્ને જણા તે તરફ ગયા.

બહાવદીનખાન ત્યાં બારણું જોવા લાગ્યો પણ બારણા જેવું કાંઈ મળ્યું નહિ લાકડાના પાટીઆ પણ ત્યાં નહોતા. પણ ખાસા પોરબંદરી પત્થરની ભીંત હતી. બહાવદીનખાનને હવે ભૂતનો ભય સાચો લાગ્યો તે વહેમાયો ખરો પણ તુરતજ બીજી પળે જાગૃત થયો. તેણે માની લીધું કે, ભૂત જેવું કંઇ હોતું નથી, માણસોના તે ખાલી વહેમો છે. તે જરૂર શંકરપ્રસાદ હોવો જોઇએ. તેણે ફરીવાર કળ શોધવા મહેનત કીધી તેમાં તેને કળ હાથ આવી કળ દબાવતાની સાથે પત્થરની દીવાલમાંથી એક પત્થર ફરી ગયો અને એક બારણું ખુલું થઇ ગયું તેમાં તેણે ડોકું ઘાલી આગળ જોયું તો એક સુશોભીત રંગ બેરંગી ઓરડો માલુમ પડયો તે ઓરડામાં ગાદી તકીઆ ખુરશી ટેબલો ગોઠવેલા હતા. દીવાબત્તીના માટે ઝુમરો લેમ્પો વિગેરે લટકાવ્યા હતા. સુંદર સુંદર સ્ત્રીઓના ફોટાઓ ટાંગવામાં આવ્યા હતા. બદમાસોના જુદા જુદા અડાઓના નકશાઓ ટાંગવામાં આવ્યા હતા. ઓરડામાં પ્રકાશ પણ સારો પડતો હતો. ડોકું ઘાલીને બહાવદીનખાન આ બધું જોઇ રહ્યો હતો. તેટલા વખતમાં તેની દ્રષ્ટિ સામેની દીવાલ તરફ ઉભા રહેલા એક માણસ તરફ પડી. તે તેને પકડવાને માટે તુરતજ દોડયો. બધું ભાન ભુલીને તે જેવો દોડ્યો

તેવોજ એક ખુરશી સાથે અફળાઇને ભોંય ઉપર પટકાઇ પડયો. તે જ્યારે બારણામાંથી દોડયો ત્યારે કોણ જાણે કેવી રીતે તે બારણું બંધ કરવાની કળ ઉપર હાથ કે પગ આવી ગયો કે તે બારણું બંધ થઇ ગયું અને મહીપતસિંહ જ્યાંનો ત્યાંજ ઉભો રહ્યો. ખુરશી સાથે પટકાઇ પડવાથી બહાવદીનખાનને સખત આઘાત લાગ્યો હતો તેને મુર્છા આવી ગઇ. ઘુંટણમાંથી લોહી વહેવા લાગ્યું, માથામાં પણ સારી ઇજા થઇ હતી. ટેબલનો એક ખુણો માથામાં વાગ્યો હતો અને તેથી ત્યાં મોટો ચીરો પડયો હતો તેમાંથી પણ લોહી વહી રહ્યું હતું, તે બેશુદ્ધ થઇ ગયો હતો.

શંકરપ્રસાદ બહાવદીનખાનની આ સ્થિતિ જોઇને ઘણો ખુશી થયો. તેણે તુરતજ દોડીને તેના મોઢા ઉપર કલોરા ફોર્મવાળો રૂમાલ ઢાંકી દીધો. અને તે પછી તેને એક ગુપ્ત સ્થળમાં લઇ જઇને કેદ કીધો. કેદ કીધા પછીજ કલોરાફોમ દુર કરવામાં આવ્યો.

બહાવદીનખાનને જ્યાં આગળ કેદ કરવામાં આવ્યો હતો તે જગાએ ફકત એકજ જાળીયું હતું તેમાંથી સહેજસાજ પ્રકાશ આવતો હતો. આ ઓરડામાં પેસવાની અને બહાર નીકળવાની જગાઓ ઘણીજ ગુપ્ત હતી. વળી તે ઉપરાંત એ આખા ઓરડામાં અંદર લોઢાના મજબુત સળીઆની ચારે ફરતી જાળી હતી. તેના બારણા ઉપર મજબુત તાળું લગાડવામાં આવ્યું હતું.

કેટલીક મુદત પછી બહાવદીનખાન શુદ્ધિમાં આવ્યો તેણે આંખ ઉઘાડીને જોયું તો પોતે એક સહેજ સાજ પ્રકાશવાળા ઓરડામાં કેદીની સ્થિતિમાં છે. તેને હવેજ ભાન આવ્યું કે ઉતાવળે દોડવાનું કેવું ખરાબ પરિણામ આવે છે. તેણે તે ઓરડામાં પ્રકાશ કરવા માટે મીણબતી કહાડવા ખીસામાં હાથ ઘાલ્યો. તથાપિ મીણબતી હતી

નહિ. તે ભારે અજાયબ થયો. મારા ખીસામાં મીણબતી પુષ્કળ હતી છતાં આ શું થયું ? કેમ તેમાંની એક પણ મીણબતી મારી પાસે નથી ! શું મને મુર્છા આવી ત્યારે તે બદમાસ શંકરપ્રસાદે મારી ઝડતી લીધી હશે. મારી પિસ્તોલ ! અરે તે પણ નથી. ખરેખર એ બદમાસોએ મારૂં સર્વસ્વ હરણ કીધું છે. ખેર ! તેણે મને હૈયાત રાખ્યો છે તો તે સર્વે હું ફરીથી મેળવીશ. હવે જોઉં છું કે, આ કેદખાનું કેટલા દિવસના માટે છે. તે આખો દિવસ બહાવદીનખાને ભુખ્યા અને તરસ્યા કહાડયો. તેને ઉઠવાની અને બહાર નીકળવાનો માર્ગ શોધવાની શક્તિ રહી નહોતી. તે ભોંય ઉપર પથારીમાંજેમ તેમપડયો હતો.

બહાવદીનખાનની પાછળજ મહીપતસિંહ નીકળવાનો હતો પણ એકાએક બારણું બંધ થઇ જવાથી તે અંદરજ રહ્યો બહાવદીનખાનનું શું થયું તે પોતાના જાણવામાં આવ્યું નહિ. હવે તેણે બહાર નીકળવા માટે પ્રયત્ન શરૂ કર્યો. પોરબંદરી પત્થરમાં તેણે પુનઃ કળ શોધવી શરૂ કીધી કેટલીક મહેનત પછી કળ હાથ આવી તે કળ દબાવતાજ પેલો શુશોભીત ઓરડો હાથ આવ્યો મહીપતસિંહને હવે નિરાંત થઇ તે ઓરડામાં કેટલોક વખત સુધી આરામથી બેઠો. તે ઓરડાને ખૂબ નીહાળ્યો તેમાં ભારે શુશોભીત બેઠકો ગોઠવી હતી. ખુરસી ટેબલો બાંકડા વીગેરે જોઇને તેણે માન્યું કે, આ તે લોકોની બેઠક હોવી જોઇએ. તે ઓરડામાં ટહેલવા અને ભીંતે લટકાવેલી છબીઓ જોવા લાગ્યો. એક પછી એક છબીઓ જોતો તે આગળ વધતો જાય છે. તેવામાં તેની એકાએક નજર પોતાના પગ તરફ પડી. તેણે જોયું તો લોહીથી ખરડાએલી તે જગા હતી. એક ખુરસી અને એક ટેબલ ઉથલી પડયા હતા. જુદે જુદે કેટલેક સ્થળે લોહી પુષ્કળ પડયું હતું, કોઇ કોઇ જગોએ તેનાં છાંટા ઉડયા હતા. આ બધું જોઇને મહીપતસિંહ ભારે હેરત

પામી ગયો તેને ભય લાગ્યો કે, જરૂર બદમાસોએ બહાવદીનખાનનું ખૂન કર્યું હોવું જોઇએ અગર તો બહાવદીનખાને બદમાસનું ખૂન કર્યું હોવું જોઇએ. પરંતુ શંકા છે કે, જો બહાવદીનખાને બદમાસનું ખૂન કીધું હોત તો. તે જરૂર ખુશી ખુશી થતો મને પેલા ઓરડામાંથી બહાર કહાડવા આવત અને પોતાની ખુશાલી મારી પાસે પ્રદર્શિત કરત પણ જ્યારે તેમ નથી તો ચોખ્ખસ એમ બની શકે છે કે, બદમાશોએ તેનું ખૂન કર્યું હોવું જોઇએ. મારે જરૂર બહાવદીનખાનની તપાસ કરવી જોઇએ. અને વેર લેવું જોઇએ. હું એ શંકરપ્રસાદને નહિ છોડું, જરૂર તેનો બદલો વાળીશ. ઘણોજ દિલગીર થતો મહીપતસિંહ તે શુશોભીત ઓરડાના દાદરાથી ઉપરના ઓરડામાં આવ્યો અને ત્યાંથી બહાર નીકળ્યો.

## પ્રકરણ ૨૮ મું.

### વીઠુબાનો લાગેલો પત્તો.

મહીપતસિંહ પોતાને ઉતારે ગયો અને વીરસિંહજીને વાત કરી આજના બનાવથી માહિતગાર કીધો. આ વાત સાંભળીને વીરસિંહજીનું લોહી ઉકળી આવ્યું. બહાવદીનખાનની શોધ કરવા માટે તેનું મન અધિરૂં થઇ ગયું. આખી રાત નિદ્રા આવી નહિ, મોટા પરોઢીએ ઉઠીને તે નિત્ય કાર્યથી પરવારીને બહાવદીનખાનની શોધ માટે મહીપતસિંહ સાથે નિકળી પડ્યો.

બરોબર સવારના સાત વાગ્યે બંને ડીટેકટીવો તે મકાન ઉપર આવી પહોંચ્યા. મકાનના દરવાજા ઉઘાડા જોઇને તે વધુ ખુશી થયા તેઓ તુરતજ મકાનની અંદર પેઠા જ્યાં આગળ લોહીથી ખરડાયલી

જમીન હતી. ત્યાં આગળ મહીપતસિંહ વીરસિંહને લઇ ગયો. તે જગા તેણે તેને બતાવી. ખુરશી અને ટેબલો ઉથલાઇ પડેલા જોયા. આ બધું જોઇને વીરસિંહજીને વધુ માઠું લાગ્યું. તેણે આ આખા મકાનમાં કોઇપણ માણસને જોયો નહિ. તે ચાહતો હતો કે, જો કોઇ સાધારણ માણસ પણ મળી જાય તો તેની સાથે વાતચીત કરીને પુરતી માહિતી મેળવી લે. પણ કર્મ સંજોગે તેવું કશુ બન્યું નહિ. આ દીવાનખાનાની એક બેઠક ઉપર બેઠા બેઠા વીરસિંહ વિચાર કરવા લાગ્યો. કેટલોક વખત વિચાર કીધા છતાં તેને કંઇ માર્ગ સૂઝયો નહિ તેથી તેઓ ત્યાંથી એક વખત બહાર નીકળી મકાનના દરવાજા ઉપર આવ્યા, ત્યાં બેશીને વિચારવા લાગ્યા. ક્યાં જવું અને ક્યાં ન જવું, શું કરવું અને શું ન કરવું, તે તેઓને કાંઇ સુઝયું નહિ. દરવાજા ઉપર બેઠા બેઠા તેઓ મકાનની અંદર જોઇ રહ્યા હતા. પણ એક સળી સુદ્ધાં હલતી નહોતી અને જીણામાં જીણો પણ અવાજ આવતો નહોતો તેથી તેઓ ભારે મુંઝવણમાં પડયા હતા. આવી સ્થિતિમાં લગભગ એક કલાક વીતી ગયો હશે. જ્યારે સાડાઆઠનો સમય થયો હશે ત્યારે એક સામેના ઓરડામાં કોઇ માણસ હોય તેવો ભાસ વીરસિંહને થયો. તેણે કંઇક માણસના આકારના પડછાયા રૂપ જોયું તેથી તે મહીપતસિંહ સાથે તે ઓરડા તરફ ગયો. ત્યાં જઇને જોયું તો કોઇ નહોતું પણ જે વખતે પોતે તે ઓરડાના ઉમ્બરામાં પગ મૂક્યો હતો ત્યારે કોઇ ભૂગર્ભમાં પ્રવેશતું હોય તેવું તેમને જણાયું હતું તેથી બંને જણા તે ભોંય–ઓરડામાં નીચે ઉતરી પડયા. બહાવદીનખાન વીરસિંહ અને મહીપતસિંહ હવે બહુ સારી રીતે જાણતા હતા કે આ ભોંય–ઓરડામાં પેસવાનું દ્વાર અને કળ ક્યાં છે! તેથી તે તેમને શોધવાની કડંકુટ

કરવી પડે તેમ નહોતું તેથી બંને જણા નિરવિઘ્ને અંદર ઉતરી પડયા. અંદર ઉતરીને તુરતજ મીણબતી કરવામાં આવી. મીણબતીના પ્રકાશથી ચારે તરફ જોયું તો એક માણસ ઉતાવળે પગે એક દાદર ઉપર ચઢતો હતો. મહીપતસિંહે દોડીને તેનો પગ પકડી નીચે પછાડયો, બંને જણાએ મળીને તેને પ્રથમ તો ખૂબ માર માર્યો. જ્યારે માર મારતા થાકયા ત્યારે તેમને પૂછયું કે, " તું કોણ છે ? અને આ મકાનમાં આમ ગુપ્ત રીતે કેમ સંતાતો અને નાસતો ફરે છે ? "

અજાણ્યો—" હું આ મકાન જોવા માટે અંદર આવ્યો હતો. તથાપિ અંદર આવ્યા પછી હવે બહાર નીકળવાનો માર્ગ નહિ જાણવાથી આમ ઘુમતો ફરૂં છું.

મહી૦—" એમ ! બદમાસ ! તું અમને બેવકુફ બનાવે છે ? તું આ ઘરનો ભોમીઓ છે, તું તે બદમાશોની ટોળી માંહેનો છે, બોલ, સાચું બોલ. તું કોણ છે:? "

અજાણ્યો—" હું જૂઠું નથી બોલતો, હું અજાણ્યો છું, હું તે બદમાશો માંહેનો નથી. મને માર્ગ બતાવો મારે બહાર જવું છે, "

મહીપતસિંહે થોડો માર મારીને કહ્યું—" અમો તને જાણીએ છીએ, જો તું અમને તારો ભેદ નહિ બતાવે તો અમે તને આ જગાએજ ઠાર કરીશું." એમ કહીને મહીપતસિંહે પિસ્તોલ કહાડી તે અજાણ્યા માણસના સામે ધરી.

અજાણ્યો—" સાહેબ મને મારશો નહિ, હું સાચું કહું છું."

મહી૦—" તો બોલ, સાચું કહે તો નહિ મારૂં."

અજાણ્યો—" મેં જે કહ્યું તે સાચુંજ કહ્યું છે. "

મહી૦—વળી બદમાસી કરે છે ? સાચું બોલવું હોય તો બોલ નહિતર હું હવે તારૂં ખુન કરવામાં દયા નહિ ખાઉં, તેમ તારા જ-

વાબની વધુ વખત રાહ નહિ જોઉં." એમ કહીને મહીપતસિંહે ફરીને તેના સામે પિસ્તોલ ધરી અને એવું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું કે, તે અજાણ્યો માણસ ડરી ગયો.

અજાણ્યો—"મારૂંનામ વીઠુબા છે, હું શંકરપ્રસાદનો સોબતી છું."

મહી૦—"શંકરપ્રસાદ કયાં છે? બહાદરદીનખાન કયાં છે?"

વીઠુબા—"આ મકાનમાંજ છે!"

મહી૦—"ચાલ અમને પ્રથમ તું બહાદરદીનખાન બતાવ.

વીઠુબા—"બતાવું છું સાહેબ, ચાલો મારી સાથે" એમ કહીને જ્યાં આગળ બહાવદીનખાનને કેદ કરવામાં આવ્યો હતો તે તરફ લઇ ચાલ્યો.

## પ્રકરણ ૨૯ મું.

### બદમાસોને ફાંસી.

બહાવદીનખાનને સવાર થતા સુધીમાં તો ઘણું સારૂં થઇ ગયું હતું. જુઓ કે જોઇએ તેવું સારૂં નહોતું થયું તોપણ તે કંઇક પ્રયત્નશીલ થઇ શકે તેવો આરામ થયો હતો. તે તે પીંજરાની અંદર સિંહની માફક આમ તેમ ઘુમતો હતો. અને કયાંથી બહાર નીકળવું તેનો માર્ગ શોધતો હતો. આખા પીંજરામાં બારણા સિવાય બીજે કોઇપણ સ્થળેથી બહાર નીકળાય તેમ નહોતું અને જે બારણું હતું ત્યાં મોટું બધું તાળું વાસેલું હતું તેથી તે ભારે વિચારમાં પડયો. તેણે ધાર્યું કે, ભલે બારણે તાળું વાસ્યું છે તથાપિ જરૂર આ કેદખાનામાં પણ ગુપ્ત માર્ગ હોવો જોઇએ જ્યારે એક એક ઓરડામાં તેવા માર્ગ છે તો શું આ ઓરડામાં તેવો માર્ગ નહિ હશે!

જરૂર હશે. હું તેવો માર્ગ શોધવાની તજવીજ કરૂં મને ભરૂસો છે કે, હું મારા પ્રયત્નમાં જરૂર ફતેહમંદ થઇશ. તેણે કેટલોક વખત તે કેદખાનામાંથી બહાર નીકળવાને માર્ગ દર્શક–કળ શોધવામાં કાઢયો પણ તેને કળ જડી નહિ તે નિરાશ થયો, પાછો પોતાને આસને આવી બેઠો. તે પોતાની ભુલના માટે પસ્તાવા લાગ્યો. જો હું ઉતાવળો થઇને દોડયો નહિ હોત તો શું આ વખત આવત ? મેંજ ભુલ કરી છે, હુંજ હાથે કરીને આ સ્થિતિને આધિન થયો છું પણ શું આવી રીતે અફસોસ કરવાથી મારી મુક્તિ થશે ? કદિ નહિ, તો પછી મારે પુનઃ કળ શોધવામાં જોડાવું જોઇએ. એવો વિચાર કરીને તે પાછો ઉઠયો અને કળ શોધવા લાગ્યો. તે વખતે તેના હાથમાં કાંઇક ભરાણું. પુરતું અજવાળું નહોતું તેથી તે તેને બહુ સારી રીતે જોઇ શકયો નહિ પણ તેનો આકાર સર્પની ફેણુ જેવો હતો. તે તેને દબાવવા, મરડવા અને ખેંચવા લાગ્યો. પણ કાંઇ ફળ આવ્યું નહિ, તે કંઇક અમસ્તું હશે. એમ જાણીને તેને પડતું મુકી બીજા ફાંફા મારવા શરૂ કર્યા પણ જે બાજુ તે તપાસ કરતો હતો ત્યાં પણ તેવીજ સર્પાકૃતિ જોઇને તેને પણ દબાવવા, મરડવા અને ખેંચવા લાગ્યો તેનું પણ કાંઇ પરિણામ આવ્યું નહિ. તેથી તે નિરાશ થઇને પાછો પોતાના આસન ઉપર બેઠો. તે જે આસને બેઠો હતો તેની નીચે તો એવું કાંઇ નથી ને ? કે જે માર્ગદ્વારા કેદખાનાથી મુક્તિ મેળવાય ! તેવો વિચાર કરીને તે પોતાની પથારી નીચે જોવા લાગ્યો. ત્યાં જોવાથી તેની નજરમાં કળ જેવું કંઇક આવ્યું. તેણે તેને ખેંચી જોતા કંઇ વિચિત્ર અવાજ થવા લાગ્યો એ બીવરામણો અવાજ થવાથી બહાવદીનખાન બી ગયો નહિ કેમકે તે સારી પેઠે જાણતો હતો કે, તે કળ સિવાય બીજું કાંઇ નથી. જોતજોતામાં

તે જગાએ એક વિશાળ માર્ગ થઇ ગયો અને તે માર્ગ દ્વારા બહાવદીનખાન ભોંય–ઓરડામાં ઉતરી પડયો.

બહાવદીનખાન કળ દબાવતો હતો અને તેથી વિચિત્ર અવાજ થતો હતો તે બાજુના ઓરડામાં બેઠા બેઠા શંકરપ્રસાદે સાંભળ્યું હતું તેથી તે એકદમ દોડી આવ્યો. તેની એવી ઉમેદ હતી કે, બહાવદીનખાન સટકી જવા પામે તે પહેલાજ તેનો પિસ્તોલથી અંત આણવો. તેણે ચોકસ કરી માન્યું હતું કે, બહાવદીનખાનને જતો કરવો એ મોતને આમંત્રણ આપવા બરોબર છે તે ભરી પિસ્તોલે એકદમ દોડતો દોડતો તે કેદખાનાની નીચેના ભોંય–ઓરડામાં દોડી આવ્યો. જે વખતે તેણે ભોંય–ઓરડામાં પગ મૂકયો તેજ વખતે બહાવદીનખાન પણ કેદમાંથી તે ઓરડામાં ઉતરી પડયો. શંકરપ્રસાદે બહાવદીનખાનને જોઇને ચીડાઇ ઉઠતાં તે ભરી પિસ્તોલે એકદમ તેના તરફ ધસી ગયો બહાવદીનખાનને એક ધક્કો માર્યો પણ બહાવદીનખાન કાંઇ નિર્બળ નહોતો. તે જેમનો તેમ લોઢાના થંભની પેઠે ઉભોજ રહ્યો. આ અપમાનથી બહાવદીનખાનનો કોપાગ્નિ સળગી ઉઠયો તેણે શંકરપ્રસાદને વળતો ધકો એવો જોરથી માર્યો કે, તેની બાજુમાં જો દીવાલ નહિ હોત તો તે કયારનોએ ભોંય ઉપર પટકાઇ પડયો હોત. શંકરપ્રસાદનું શરીર ભીંત સાથે ભટકાતાની સાથે હાથ માંહેની પિસ્તોલના ઘોડાને કોણ જાણે કેવી રીતે આંચકો લાગતાં તે પિસ્તોલમાંથી અવાજ થયો અને એક ગોળી છનનનન કરતીને બહાવદીનખાનના માથા ઉપર થઇને સામી ભીંતમાં જઇ વાગી. બહાવદીનખાને તુરતજ તેના હાથમાંથી જોર કરીને પિસ્તોલ ખુંચવી લીધી. અને શંકરપ્રસાદને એક જોરથી લાત મારીને તેને ભોંયપર પાડી દીધો. શંકરપ્રસાદ પડીને પાછો તરતજ ઉભો થયો. અને બહાવ-

દીનખાન તરફ ધસ્યો. બહાવદીનખાન વધુ વખત ટક્કર જીલી શકે તેવું તેનું શરીર નહોતું. કેમકે તે હાલ બિમાર છે, તો પણ આ જગાએ ધિરજ હારી જાય તો કામ આવે તેમ નહોતું તેથી પોતાનું બધું બળ અજમાવતો હતો. હવે શંકરપ્રસાદ અને બહાવદીનખાન બથમબથી આવ્યા એક બીજાને ગડદા પાટુનો સ્વાદ ચખાડવા લાગ્યા.

બહાવદીનખાનને ભય હતો કે, શંકરપ્રસાદ નાશી જશે તો પાછો હાથ આવવો મુશ્કેલ થશે અને બીજા કેટલાક દિવસ સુધી તેની પાછળ વખત-ગુમાવવો પડશે તેથી તે તેને વશ કરવા ચાહતો હતો. જયારે શંકરપ્રશાદ ચાહતો હતો કે જો બહાવદીનખાન જીવતો રહેશે તો જરૂર પોતાને એક દિવસ ફાંસીને લાકડે લટકાવી દેશે માટે તેને અહાંને અહીં પુરો કરવો. આવા હેતુથી તે બંને જણા એક બીજાને છોડીને નાસતા નહોતા કે છુટા પડી સલાહ પણ કરતા નહોતા. જયારે આ પ્રમાણે ગડદા પાટુ અને ઢીકા મુકીને પાઠ ભજવાઇ રહ્યો હતો ત્યારે એકાએક એક બાજુની દીવાલમાંથી કળથી ખુલનારૂં કમાડ ઉઘડયું અને એકી સાથે એક બે નહિ પણ ત્રણ માણસો આવીને ઉભા રહ્યા. બહાવદીનખાન, વીરસિંહ અને મહીપતસિંહજીને જોઇને ખુશી થયો અને તેના બાહુમાં બમણું જોર આવ્યું. ત્યારે વીઠુબાને કેદીની સ્થીતીમાં જોઇને શંકરપ્રસાદનું લોહી સુકાઇ ગયું. ધગધગતું લોહી ઠંડુ થઇ ગયું. તેણે માન્યું કે, હવે જરૂર હાથ આવી ગયા છીએ હવે ખાલી બળ કરવું નકામું છે. તેણે લડાઇ કરવાનું પડતું મૂકી દીધું બહાવદીનખાને તેને કબજે કરી લીધો. આવી રીતે સહેજે સહેજે બંને બદમાસો હાથ આવી ગયા. બહાવદીનખાન શંકરપ્રસાદ અને વીઠુબાને લઇને મકાનના ચોગાનમાં આવ્યો. અને બાજુના થાણાની પોલીસને બોલાવી તેને સોંપી દીધા.

ન્યાયાધીશની કોર્ટમાં એ બન્ને બદમાસોનો ન્યાય કરવામાં આવ્યો. ભાણીની મા સરકારી સાક્ષી થઇને આવી બહાવદીનખાને પોતાને હાથ આવેલા શંકરપ્રસાદના કાગળો રજુ કીધા. બધી બાજુથી શંકરપ્રસાદ અને વીઠુબાના વિરૂદ્ધમાં પુરાવા રજુ થયા જુરીએ પણ ગુન્હેગારોને ફાંસીએ લટકાવવાનો અભિપ્રાય આપ્યો. જડજ જુરીની સાથે મળતા થયા અને તે બદમાસોને ફાંસી દેવામાં આવી.

ગીરધર સોનીની આંખમાં તે વખતે આંસુ આવ્યા તેનું દયાળુ હૃદય પીગળી આવ્યું.

બહાવદીનખાનને રામરાયે મોટું ઇનામ આપ્યું. મહીપતસિંહનો દરજ્જો વધ્યો, અને વીરસિંહજીની પણ રામરાયે સારી કદર કીધી.

સમાપ્ત.

# પોલિટિકલ ભોમીઓ.

## આફીસમાં મળતાં પુસ્તકો.

| | |
|---|---|
| રસુલે અરબી | રૂા. ૨—૮—૦ |
| અરબનો ઇતિહાસ. | ,, ૨—૦—૦ |
| ખુલફાએ રાશેદીન. | ,, ૧—૦—૦ |
| ખાલીદ બીન વલીદ. | ,, ૦-૧૨-૦ |
| મીરાતે એહમદી. | ,, ૫—૦—૦ |
| કુદરતની કારીગીરી. | ,, ૧—૮—૦ |
| મેહબુબે કુરેશ. | ,, ૧—૮—૦ |
| Tragedy of Moharram. | 0 12 0 |
| કરબલાનો કહેર. (કાચું પુઠું) | ૦—૪—૦ |

### નીચેનાં પુસ્તકો ઉમદા ચિત્રોવાળા છે.

| | |
|---|---|
| આફતે ઉલફત. | રૂા. ૧—૮—૦ |
| હસન બેનઝીરના | ,, ૧—૮—૦ |
| કનીઝે ફાતમા. | ,, ૨—૦—૦ |
| ગવહરજાન. | ,, ૧—૮—૦ |
| મોહબ્બતી મલિના | ,, ૧—૪—૦ |
| ભેદી શાહજાદી ભાગ ૧. | ,, ૧-૧૨-૦ |
| ભેદી શાહજાદી ભાગ ૨ | ,, ૨—૦—૦ |
| સ્નેહ સરિતા | ,, ૧—૦—૦ |
| ભેદી લાશ. | ,, ૧—૦—૦ |

ઉપરનાં તમામ પુસ્તકો પાકાં સોનેરી બાઇન્ડીંગ સાથનાં છે. ટપાલ ખર્ચ જુદું.

લખો—મેનેજર પોલિટિકલ ભોમીઓ.

લાલ દરવાજા—અમદાવાદ.